जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)**

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**
Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**
Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના


અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

– જીવ જો જીવને ખરેખર ઓળખતો થઈ જાય તો તેને મુક્તિ મેળવતાં વાર લાગે નહિ. હિંસા અને અહિંસાનો ભેદ જીવની ઓળખાણ થતાં સ્પષ્ટ સમજાઈ જાય છે. જીવ – વિચાર – પ્રકરણ એ ઓળખાણ કરાવવા સમર્થ છે.

આ પ્રકરણ પર લખાયેલી આ પ્રકાશિકા જીવના સ્વરૂપ પર ખરેખર પરમ પ્રકાશ પાથરે છે અને સમ્યગ્ જ્ઞાનની વૃદ્ધિ કરવા પૂર્વક આત્માનું અભીષ્ટ સાધવામાં પ્રબળ નિમિત્ત બને એમ છે.

પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરન્ધર
સૂરીશ્વરજી મહારાજ

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

नम्र सूचन
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જીવ-વિચાર-પ્રકાશિકા

યાને

## જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન

લેખક :

અધ્યાત્મવિશારદ શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

સંશોધકો :

પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરિજી મ.
પ. પૂ. આ. શ્રી વિજય કીર્તિચંદ્રસૂરિજી મ.
પ. પૂ. મુ. શ્રી મહાપ્રભવિજયજી મહારાજ
પ. પૂ. મુ. શ્રી ધર્માનન્દવિજયજી મહારાજ

પ્રસ્તાવના-લેખકો :

સ્વ. શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહ
શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશક :
નરેન્દ્રકુમાર ધીરજલાલ શાહ
મંત્રી :
જૈન સાહિત્ય – પ્રકાશન – મંદિર
લધાભાઈ ગણપત બીલ્ડીંગ,
ચીચબંદર, મુંબઈ–૯

卐

આવૃત્તિ બીજી
વિ. સં. ૨૦૨૮, સને ૧૯૭૨
મૂલ્ય રૂપિયા આઠ
સર્વ હક્ક સુરક્ષિત

卐

મુદ્રક :
કાન્તિલાલ સોમાલાલ શાહ
સાધના પ્રિન્ટરી
ઘીકાંટા રોડ, અમદાવાદ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકાશકીય

જૈન સાહિત્યનું સર્જન, પ્રકાશન તથા પ્રચાર કરવાની દિશામાં એક મક્કમ પગલું ભરવા માટે અધ્યાત્મવિશારદ, શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે વિ. સં. ૨૦૧૪ના શ્રાવણ વદિ ૮ના શુભ દિવસે જૈન સાહિત્ય–પ્રકાશન–મંદિરની સ્થાપના કરી, ત્યારથી તેમની કલમ એક સરખી ચાલી રહી છે અને અમે તેનું નિયમિત પ્રકાશન કરતા આવ્યા છીએ. એટલું જ નહિ પણ તે માટે ખાસ સમારોહોની યોજના કરી તેના પ્રચારને વેગ આપવાનું ચાલુ રાખ્યું છે. પરિણામે પંડિતજીએ લખેલા ગ્રંથોનો સારો એવો પ્રચાર થયો છે અને તે ખૂબ લોકપ્રિયતાને વર્યા છે.

સં. ૨૦૨૧ની સાલમાં પંડિતજીએ ઘણા પરિશ્રમે તૈયાર કરેલ 'જીવ-વિચાર-પ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન' એ નામના સચિત્ર ગ્રંથનું પ્રકાશન કરવામાં આવ્યું. તેણે પ. પૂ. આચાર્ય ભગવંતો, વિદ્વાન મુનિરાજો તથા સારાયે શિક્ષિત સમાજની પ્રશંસા પ્રાપ્ત કરી. વાસ્તવમાં જીવ–વિચાર–પ્રકરણની વિસ્તૃત–વિશદ સમજૂતી આપનારો આ ગ્રંથ માત્ર ગુજરાતીમાં જ નહિ, પણ બધીયે ભાષામાં પહેલો હતો અને તેણે આધુનિક સમાજને પ્રતીતિકર થાય તેવી પ્રચુર સામગ્રી રજૂ કરી હતી. વળી તેનું સંશોધન પ. પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય, તે હાલના પ. પૂ. આ. શ્રી વિજય-ધર્મધુરંધરસૂરિજી મહારાજ, પ. પં. પૂ. શ્રી કીર્તિવિજયજી ગણિવર્ય, તે હાલના પં. પૂ. આચાર્ય શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજ તથા પ. પૂ. સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્યો પ. પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ તથા પ. પૂ. મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મહારાજ પાસે કરાવવામાં આવ્યું હતું, એટલે એ ગ્રંથની ઉપાદેયતામાં અનેકગણો વધારો થયો હતો.

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથની પ્રસ્તાવના શ્રી ફતેહચંદ ઝવેરભાઈ તથા શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ સાથે મળીને લખી હતી, તેમાં શ્રી ફતેહચંદભાઈ આજે સ્વદેહે વિદ્યમાન નથી, તેમને અમે ભાવભરી અંજલિ સમર્પીએ છીએ.

આ ગ્રંથની ૨૦૦૦ પ્રતિઓ ચાર વર્ષમાં ખપી જવા પામી અને છતાં જિજ્ઞાસુઓની માગ ઊભી રહી, પરંતુ અન્ય પ્રકાશનોની યોજના હાથ પર હોઈ તેની બીજી આવૃત્તિ તરત જ પ્રગટ કરવાનું શક્ય ન હતું. એવામાં ગત વર્ષે તાલધ્વજ જૈન વિદ્યાર્થીગૃહના મુખ્ય કાર્યકર્તા સદ્‌ગુણાનુરાગી **શ્રી હલીચંદ પરસોતમ શાહ**ની આ ગ્રંથ પ્રકટ કરવાની પ્રબલ પ્રેરણા થઈ અને તેની કેટલીક જવાબદારી તેમણે પોતાના શિરે લઈ લીધી. તેથી આ બીજી આવૃત્તિ પ્રકાશિત કરવાનું શક્ય બન્યું. તે માટે અમે શ્રી હલીચંદભાઈનો ખાસ આભાર માનીએ છીએ.


જીવ-વિચાર-પ્રકાશિકાની આ બીજી આવૃત્તિ સ્વર્ગસ્થ આચાર્યદેવ **શ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ**ને સમર્પણ કરવાની અનુજ્ઞા આપવા માટે અમો પ. પૂ. શતાવધાની આચાર્યશ્રી **વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજ**નો અંતઃ કરણથી આભાર માનીએ છીએ.

જૈન ધર્મનો પ્રચાર કરવાની ઇચ્છાવાળા સર્વે ભાઈ-બહેનો આ ગ્રંથનો પ્રચાર કરવામાં તન-મન-ધનથી સહાય કરે, એ જ અભ્યર્થના.

પ્રકાશક.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




સ્વ. દક્ષિણદેશોદ્ધારક દક્ષિણદીપક પૂજ્યપાદ

આચાર્યદેવશ્રી

**૧૦૦૮ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



# સમર્પણ

પ્રૌઢ પાંડિત્ય, વેધક વાણી

અને

અપૂર્વ ધગશથી

જૈન શાસનની સુંદર પ્રભાવના

કરનાર

સ્વ. જૈનાચાર્ય શ્રી ૧૦૦૮

શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી

મહારાજને

જીવ-વિચાર-પ્રકાશિકા ગ્રંથની

આ બીજી આવૃત્તિનું

અનેકાનેક વંદનસહ

સમર્પણ

×

વિનીત

**ધીરજલાલ શાહ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# દક્ષિણ દેશોદ્ધારક

## પૂ. પાદ આચાર્યદેવશ્રી વિજયલક્ષ્મણસુરીશ્વરજી મહારાજનું

## જીવન-દર્શન

જૈન સમાજમાં ભાગ્યેજ કોઇ એવું હશે કે જે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજનાં નામથી પરિચિત નહિ હોય ? પ્રતિભાશાળી વ્યક્તિત્વ, ગૌરવર્ણ, ભવ્ય મુખાકૃતિ અને ચમકતા નયનોને લીધે તેઓ પ્રથમ દર્શને જ સહુનું આકર્ષણ કરતા હતા.

તેમની વાણીમાં મધુરતા હતી. તે સાથે સૌજન્ય તથા સહૃદયતાનો પણ સુંદર યોગ હતો. વળી તેમનું હૃદય સાધુજનોચિત સરલતા, ઉદારતા અને પ્રસન્નતાથી પૂર્ણ હતું, એટલે તેમનો થોડો સહવાસ પણ આગંતુકના મન પર ભારે અસર કરતો.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

૭૬ વર્ષની વયે પણ તેઓ એક યુવાન જેવો ઉત્સાહ ધરાવતા હતા અને શાસનસેવાનાં કાર્યોમાં નિરંતર મચ્યા રહેતા હતા.

તેમનું વક્તૃત્વ અત્યંત પ્રભાવશાળી હતું. તેઓ કઠોરતાને કોમલતામાં પલટી શકતા; કૃપણતાને ઉદારતામાં ફેરવી શકતા અને કુટિલતાનું સરળતામાં પરિવર્તન કરી શકતા. ભારતવર્ષના લાખો લોકોએ તેમને સારી રીતે સાંભળ્યા હતા અને તેમાંથી તેમણે જીવન–સુધારણાની પ્રબળ પ્રેરણા મેળવી હતી. તેમણે છેલ્લાં ૩૫ વર્ષમાં આચાર્યપદને અત્યંત શોભાવ્યું હતું.

મનોહર માલવ દેશમાં આવેલું જાવરા તેમની જન્મભૂમિ. તેમના પિતાનું નામ મુળચંદભાઇ, માતાનું નામ ધાપુબાઈ. જન્મ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત ૧૯૫૩. જ્ઞાતિએ ઓસવાલ. તેમનું મૂળ નામ દોલતરામ. તેમને છ–સાત વર્ષે મોટાં રાજકુંવર નામના એક બહેન હતા.

તેમની બાલ્યાવસ્થામાં પિતાએ ધંધાર્થે બીકાનેરમાં કાયમને માટે વસવાટ કર્યો, પરંતુ તેઓ ત્યાં લાંબો સમય જીવ્યા નહિ. માતા પણ લગભગ એ જ અરસામાં મરણ પામ્યા. આથી તેઓ મામાને ત્યાં ઉછરીને મોટા થયા.

તેઓ સ્થાનકવાસી કુટુંબમાં જન્મ્યા હતા અને કટ્ટર સ્થાનકવાસીને ત્યાં ઉછર્યા હતા, એટલે તેમના મન પર મૂર્તિપૂજાની વિરુદ્ધ સંસ્કારો પડ્યા હતા, પરંતુ સોળ વર્ષની ઉમરે પૂજ્ય આત્મારામજી મહારાજકૃત સમ્યક્ત્વ–શલ્યોદ્ધાર નામનો ગ્રંથ વાંચવામાં આવ્યો અને તેમના અંતર્ચક્ષુ ખુલી ગયાં. મૂર્તિપૂજા શાસ્ત્રસિદ્ધ વસ્તુ છે, એ વાત તેમના સમજવામાં આવી. ત્યારથી તેઓ નિત્ય જિનમંદિરે જઇ પ્રભુદર્શન કરવા લાગ્યા. તે સાથે તેમણે નમસ્કારમહામંત્રની ત્રિકાલગણના કરવા માંડી.

जैन साहित्य JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

થોડા વખત બાદ કારણપ્રસંગે દિલ્હી જવાનું થયું. ત્યાં જિનમંદિરે દર્શન કરવા જતાં એક હસ્તપત્ર વાંચ્યું કે આજે "રામા થિયેટરમાં મુનિશ્રી લબ્ધિવિજયજીનું (સ્વ. પૂ. આચાર્ય વિજય લબ્ધિસુરિશ્વરજી મ.નું) જાહેર વ્યાખ્યાન છે." એટલે તેઓ એ વ્યાખ્યાન સાંભળવા રામા થિયેટરમાં ગયા. એ વ્યાખ્યાને તેમના દિલ–દિમાગ પર અદ્ભુત અસર કરી, અને તેઓ વૈરાગ્યરંગે પૂરા રંગાયા.

મુનિશ્રી લબ્ધિવિજયજી કે જેઓ પાછલા જીવનમાં જૈનરત્ન કવિકુલકીરિટ, વ્યાખ્યાન–વાચસ્પતિ શ્રી વિજયલબ્ધિસુરિશ્વરજી મહારાજ તરીકે પ્રસિદ્ધિ પામ્યા, તેઓ મનુષ્યની પરીક્ષા કરવામાં ઘણા ચતુર હતા. તેમણે આ રત્નને તરત પારખી લીધું. દોલતરામે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ ભયાનક ભવાટવીને પાર કરવા માટે તેમના પગ પકડી લીધા. અમારું તો એ દૃઢ માનવું છે કે મનુષ્યનો પ્રબળ પુણ્યોદય હોય તો જ તેને સદ્ગુરુની પ્રાપ્તિ થાય છે.

તેમણે ઘણા વખતસુધી ગુરુદેવ પાસે રહીને ધાર્મિક અભ્યાસ કર્યો. તેમાં વૈરાગ્યનો વિશેષ રંગ ચઢતો જ ગયો. આખરે સં. ૧૯૭૧માં સિકંદરાબાદ આગ્રા ખાતે તેમણે ભવતારિણી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી અને મુનિશ્રી લક્ષ્મણવિજયજી બન્યા.

તેમની સ્મરણશક્તિ સતેજ હતી, વળી દિલમાં વિદ્યાર્જનનો અનેરો ઉમંગ હતો, એટલે શાસ્ત્રાભ્યાસ સારી રીતે થવા લાગ્યો. તેઓ ધર્મશાસ્ત્ર ઉપરાંત વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ તથા મંત્રશાસ્ત્રમાં પણ પ્રવીણ થયા. તે સાથે તેમણે ઉપદેશ આપવાની કળા પણ હસ્તગત કરી. તેમાં ખૂબી એ હતી કે વિષય ગમે તેવો કઠિન હોય તો પણ તેને સરલ, સુગમ્ય બનાવી દેવો. તેમણે થોડાં વર્ષ પહેલાં મુંબઈમાં આત્મા, કર્મ અને ધર્મ પર જે વ્યાખ્યાનો આપ્યાં હતાં તે '**આત્મતત્ત્વવિચાર**' ના બે ભાગરૂપે પ્રકટ થયેલાં છે, તે આ વસ્તુનું પ્રબળ પ્રમાણ પૂરું પાડે છે. તેઓશ્રીના વ્યાખ્યાનોનું બીજું પુસ્તક '**ધર્મતત્ત્વપ્રકાશ**' નામે પ્રસિદ્ધ થયું છે.

પૂજ્ય ગુરુદેવ શ્રીવિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબે તેમને સં. ૧૯૯૧માં ગણીપદ, સં. ૧૯૯૨માં પંન્યાસપદ અને ૧૯૯૩માં ચૈત્ર વદિ ૫ ને રોજ આચાર્યપદ અર્પણ કર્યું. એ વખતે ઉપાધ્યાયજી શ્રી ગંભીરવિજયજી મહારાજને પણ આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા હતા અને પદવીસ્થાનનાં તે સ્થળે અર્થાત્ શિહોર (સૌરાષ્ટ્ર) શહેરમાં આઠ દિવસ સુધી ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો. તે દિવસથી તેઓ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તરીકે પ્રસિદ્ધ થયા અને આજે તો એ નામ સહુનાં હૈયે અને હોઠે ચઢી ખૂબ જ લોકપ્રિય બની ગયું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂજ્ય આચાર્યશ્રીએ સૂરિમંત્રની પાંચે પીઠો સિદ્ધ કરેલી હતી, તેમાં પહેલી અને બીજી પીઠ શેહીડા રાજસ્થાનમાં સિદ્ધ કરેલી હતી, ત્રીજી અને ચોથી પીઠ અંધેરી મુંબઈમાં સિદ્ધ કરેલી હતી અને પાંચમી પીઠ નિપાણીના ચાતુર્માસમાં સોળ આયંબિલ પૂર્વક મૌન પાળી, સ્ત્રીનું મુખ જોયા વિના સિદ્ધ કરેલી હતી. તેનોજ એ પ્રભાવ હતો કે તેમણે ચિંતવેલું દરેક કાર્ય સિદ્ધ થતું અને લોકો પર તેમનો અજબ પ્રભાવ પડતો.

સૂરીશ્વરજીનું વ્યક્તિત્વ વિરલ હતું, એટલે કે લાખો મનુષ્યમાં ભાગ્યેજ જોઈ શકાય તેવું હતું. તેમનામાં પાંડિત્યનો પ્રકાશ હતો, મુત્સદ્દીની કુનેહ હતી, સાધુતાની સુવાસ હતી, ધર્મપ્રચારની ધગશ હતી અને સહુથી મોટી વાત તો એ કે તેઓ જ્યાં જતાં ત્યાં નાનાં કે મોટાં, સ્ત્રી કે પુરુષ, શિક્ષિત કે અશિક્ષિત સહુ કોઈનું પોતાના તરફ આકર્ષણ કરી શકતા. વ્યાખ્યાનપ્રસંગે તેમની વાણી જાહ્નવીના પવિત્ર પ્રવાહની જેમ અસ્ખલિત વહ્યા કરતી. તેમાં સિદ્ધાંતનું છટાદાર નિરૂપણ રહેતું હતું અને યુક્તિઓનું પ્રૌઢ પ્રતિપાદન થતું. તેમજ વીર, અદ્ભૂત, હાસ્ય, કરુણ, ભયાનક આદિ રસોથી ભરેલા વિવિધ દૃષ્ટાંતોની કલામય રજૂઆત પણ થતી. મદારી મોરલી વગાડીને મૃગસમૂહને મુગ્ધ કરી શકે છે, તેમ સૂરીશ્વરજી પોતાની અસાધારણ વક્તૃત્વકલા છેડીને મોટા મોટા માનવસમૂહને ડોલાવી શકતા અને તેમને મંત્રમુગ્ધ બનાવી શકતા. તેમનો વ્યવહાર ઉદાર હતો અને મિજાજ આનંદી હતો, તેથી સહુની પાસેથી સારી રીતે કામ લઈ શકતા.

રાષ્ટ્રભરમાં વિચરતા રહેવું અને લોકોને ધર્મ પમાડવો, એ નિગ્રંથસૂત્રનું આચાર્યશ્રીએ પૂરા ચીવટથી પાલન કર્યું હતું. ગુજરાત સૌરાષ્ટ્ર, કચ્છ, મારવાડ, માળવા, મધ્ય પ્રાંત, મહારાષ્ટ્ર આંધ્ર અને તામીલનાડની ભૂમિ તેમનાં પગલે પાવન બની હતી અને ત્યાંના હજારો સ્ત્રી-પુરુષોએ તેમનાં દર્શન. સહવાસ તથા વ્યાખ્યાન શ્રવણથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કૃતાર્થતા અનુભવી હતી. તેમણે લગભગ વીશ હજાર માઈલનો પગપાળા પ્રવાસ કર્યો હતો.

પૂજ્યશ્રીના ઉપદેશથી હજારો માણસોએ જીવહિંસા છોડેલી હતી. મ્હૈસુર સ્ટેટમાં સંખ્યાબંધ ગામોમાં વર્ષના અમુક દિવસ કતલખાનાઓ બંધ થયાં હતાં અને સંખ્યાબંધ મનુષ્યોએ જુગાર, ચોરી, સુરાપાન તથા વ્યભિચારને કાયમને માટે તિલાંજલી આપેલી હતી. વળી તેમના ઉપદેશથી અનેક જિનમંદિરોની પ્રતિષ્ઠા થઈ હતી, સંઘો નીકળ્યા હતા, ઉપાશ્રયો, પાઠશાળાઓ, જ્ઞાનમંદિરો તથા આયંબિલખાતાઓ સ્થપાયેલાં હતાં અને સાધર્મિકભક્તિ તથા માનવ-રાહતનાં કાર્યો પણ થયેલાં હતાં. અનેક આત્માઓએ તેમના ઉપદેશથી દીક્ષા અંગીકાર કરી હતી.

પૂજ્યશ્રીનાં પ્રવચનનો પ્રભાવ એવો હતો કે જ્યાં બસો-પાંચસો રૂપિયા થવાની ધારણા હોય ત્યાં હજારો રૂપિયાની રકમ ભરાતી અને જ્યાં હજાર-બે હજારની આશા રાખી હોય, ત્યાં આંકડો લાખ પર પહોંચી જતો.

તેઓ જ્ઞાન અને ક્રિયા ઉભયનો પ્રચાર કરવામાં માનનારા હતા, તેથી તેમના હાથે સાહિત્યપ્રકાશન સારા પ્રમાણમાં થયું હતું અને શાન્તિસ્નાત્રો, ઉપધાનતપ તથા ઉજમણાં વગેરે પણ ખૂબ થયેલાં હતાં.

તેમનાં પ્રવચનો, ઉપાશ્રયો ઉપરાંત શાળાઓ, વિદ્યાલયો (કોલેજો) થિયેટરો તથા ટાઉન-હોલોમાં પણ થતાં અને તેના પરિણામે હજારો હૈયાનો પલટો થયો હતો. તેઓ મુમુક્ષુઓએ પૂછેલા ગમે તેવા કૂટ પ્રશ્નોના ઉત્તરો ખૂબ શાંતિપૂર્વક આપતા અને તેથી અનેક મુમુક્ષુઓ અનેકવાર તેમની પાસે આવતા રહેતા.

તેમના ઉપદેશથી મ્હૈસુરનરેશ, ભાવનગરનરેશ, જામનગરનરેશ, ઈડરનરેશ, નોખાનરેશ, સાંગલીનરેશ, મીરજનરેશ, દેલવાડાનરેશ, સાંગલીનરેશ, મીરજનરેશ, દેલવાડાનરેશ, વગેરે રાજવીઓ તથા

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

-ચક્રવર્તી રાજગોપાલાચારી, મદ્રાસ રાજ્યના રીલીજિયન અને એન્ડો-મેન્ટ ખાતાના પ્રધાન શ્રી વૈંકટસ્વામી નાયડુ, મદ્રાસ રાજ્યના ડેપ્યુટી સ્પીકર શ્રી ભક્તવત્સલમ્, મદ્રાસ રાજ્યના ઉદ્યોગમંત્રી શ્રી યુ. કૃષ્ણારાવ, મ્હૈસુર રાજ્યના મુખ્ય મંત્રી શ્રી હનુમંતય્યા, મ્હૈસુર કોંગ્રેસના પ્રમુખ શ્રી ચન્નૈયા, મ્હૈસુર રાજ્યના વિદ્યામંત્રી એ. જી. રામચંદ્ર-રાવ, ભારત સરકારના ઉદ્યોગપ્રધાન શ્રી કે. સી. રેડ્ડી, શ્રી ગોપાલ રેડ્ડી, મેજર જનરલ કરિઅપ્પા, વગેરે જૈન ધર્મ પ્રત્યે સદ્‌ભાવવાળા બન્યા હતા. આ રીતે સહવાસમાં આવીને જૈન ધર્માનુરાગી બનેલા નાના અધિકારીઓ, વકીલો અને શિક્ષકો વગેરેની સંખ્યા ઘણી મોટી છે. તેઓ વર્ષમાં પ્રાયઃ એક વખત તેમના દર્શને આવતા, અને કૃતાર્થ થતા. મહારાષ્ટ્રના ગવર્નર શ્રી શ્રીપ્રકાશ પણ તેમની ઓજસ્વી વ્યાખ્યાન શૈલીથી અત્યંત પ્રભાવિત થયા હતા.

પૂજ્યશ્રી ઉદારતા, મધ્યસ્થતા, ખુશમિજાજ આદિ અનેક ગુણોથી અલંકૃત હતા અને એક સમર્થ જૈનાચાર્યની ખ્યાતિ ધરાવતા હતા. અનેક નગરની નગરપાલિકાઓએ તથા અગ્રેસરોએ તેમને સન્માનપત્ર અર્પણ કર્યાં હતાં અને ભાવભરી અંજલિઓ સમર્પિત કરી હતી. વળી તેમણે દક્ષિણમાં દૂર સુધી વિચરીને જે ભવ્ય લોકો-પકાર કર્યો, તે માટે તેમને ' દક્ષિણદેશોદ્ધારક ' તથા 'દક્ષિણદીપક 'ની પદવીઓ અર્પણ થયેલી હતી.

વક્તા વિદ્વાન હોય, વિમલચારિત્ર–વિભૂષિત હોય અને વક્તૃત્વ કલાવિશારદ હોય—ત્યાં ચમત્કારિક પરિણામો આવે એમાં આશ્ચર્ય શું ? ચારિત્રનાયકની દેશનાએ અનેક હિંસકોની હિંસા છોડાવી હતી, અનેક જૂઠાઓને સાચું બોલતા કર્યા હતા, અનેક ચોરોને પ્રામાણિક જીવન જીવતાં શીખવ્યું હતું. અનેક વિષયલંપટોને સન્માર્ગે આણ્યા હતા, અનેક વ્યસનીઓને વ્યસનમાંથી મુક્ત કર્યા હતા અને જ્યાં ક્લેશ, કંકાસ તથા કુસંપની હોળીઓ સળગી રહી હતી, ત્યાં શાંતિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાજતા અને સંપના ફુવારા ઉડતા કર્યા હતા. આ બધાનું વિગતવાર વર્ણન કરવાનો અહીં અવકાશ નથી, એટલે તેનું દિગ્દર્શન માત્ર એકજ પ્રસંગથી કરાવીશું.

વિ. સં. ૧૯૦૦-૯૧ ની આસપાસનો ઉત્તર ગુજરાતનો આ પ્રસંગ છે. ચાણુસ્માના શ્રાવકોએ વિનંતિ કરી કે 'ગુરુદેવ ! અહીંથી થોડે દૂર રામપુરા નામનું ગામ છે, જ્યાં ચોરોનાં સવાસો જેટલાં ઘર છે. તેઓ લૂંટફાટ ખૂબ કરે છે અને પ્રજાને રંજાડવામાં બાકી રાખતા નથી. જો તેમને આપનો ઉપદેશ લાગે તો કામ થઈ જાય, માટે આપ કૃપા કરીને તેમને ઉપદેશ આપો.'

ચારિત્રનાયકે આ વિનંતિનો તરતજ સ્વીકાર કર્યો અને થોડા શ્રાવકો સાથે તેઓ રામપુરા ગયા. ત્યાં લોકોએ તેમનું સ્વાગત કર્યું અને ઉપદેશ સાંભળવાની ઈચ્છા પ્રગટ કરી. ચરિત્રનાયકે તેમને સાદી અને સરળ ભાષામાં મનુષ્ય તરીકેનું કર્તવ્ય સમજાવ્યું અને હિંસા, જુઠ, ચોરી, બદમાસી વગેરે છોડી દેવા પર ખાસ ભાર મૂકયો. આ ઉપદેશની ભારે અસર થઈ. પચીસ માણસોએ ત્યાંજ ઊભા થઈને પ્રણામપૂર્વક જણાવ્યું કે 'ગુરુમહારાજ ! આજથી અમે હિંસા કરવાનું છોડી દઈએ છીએ, માંસ મદિરા વાપરવાનું બંધ કરીએ છીએ તથા ચોરી નહિ કરવાનો નિર્ણય કરીએ છીએ. તે માટે અમને પ્રતિજ્ઞા કરાવો.' એટલે ચરિત્રનાયકે તેમને પ્રતિજ્ઞા કરાવી અને આ રીતે સારા કામની પહેલ કરવા માટે અભિનંદન પણ આપ્યાં. તે વખતે પેલા માણસોએ કહ્યું : 'બાપજી ! નજીકમાં સુણુસર ગામ છે. ત્યાં ચોરોનાં ચારસો ઘર છે. તેમને પણ આપ ઉપદેશ આપો. અમે આપની સાથે ચાલીશું.' એટલે ચરિત્રનાયક થોડા શ્રાવકો તથા ગામલોકો સાથે સુણુસર પધાર્યા.

લોકોને ખબર પડી કે કોઈ મોટા મહાત્મા પધાર્યા છે, એટલે તેઓ ઢોલ-નગારા લઈને સામે આવ્યા અને ઉમળકાથી સ્વાગત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતાં કહેવા લાગ્યા : ' મહારાજ ! મોટી મહેરબાની કરી આપ અહીં પધાર્યા, તેથી અમને ઘણો આનંદ થયો. હવે આપ ઘોડા પર બિરાજો અને ગામમાં પધારો.' અને તેમણે એક સુંદર શણગારેલો ઘોડો હાજર કર્યો.

ચરિત્રનાયકે કહ્યું : ' અમે હાથી–ઘોડા પર બેસતા નથી, પગે ચાલીને જ બધે જઈએ છીએ અને લોકોને એ શબ્દ સંભળાવીએ છીએ.'

આથી બધા લોકો ખુશ થયા અને તેમના સારા શબ્દો સાંભળવા માટે એક વિશાળ વૃક્ષની છાયામાં બેસી ગયા. ગામના નાના–મોટાં તમામ માણસોએ તેમાં હાજરી આપી. જેવી સભા તેવું વ્યાખ્યાન, જેવું મોં તેવું ટીલું. શ્રોતાઓ સમજી શકે તેવું નહિ બોલવાથી મહાપંડિત કુમુદચંદ્ર–જે પાછળથી શ્રી સિદ્ધસેન દિવાકરનાં નામથી પ્રસિદ્ધ થયા, તે વૃદ્ધવાદી આચાર્ય સાથેના વિવાદમાં હારી ગયા હતા. તે બીના ઈતિહાસપ્રસિદ્ધ છે. તેથી ચરિત્રનાયકે ગામલોકો સમજી શકે તેવી ભાષામાં ઉપદેશ આપ્યો ને જણાવ્યું કે ' જીવહિંસા કરવી નહિ. જેવો આપણો જીવ તેવો બીજાનો જીવ. જૂઠું બોલીને કોઈને ફસાવવા નહિ. આપણે બીજાને ફસાવીએ તો બીજા આપણને ફસાવે. ચોરી મુદ્દલ કરવી નહિ. કોઈનું ઘર ફાડીએ, કોઈની દુકાન તોડીએ, કોઈ વટેમાર્ગુને લુંટી લઈએ કે કોઈના ઢોર–ઢાંખર તગડી લાવીએ તો આપણને તેમનો શાપ લાગે અને પાપનાં પોટલાં બંધાય. એનો ભારે દંડ ભોગવવો પડે. હાથે–પગે લૂલાં થઈએ, બૈરી માંદી પડે કે છોકરો મરી જાય અને આવતે ભવે નરકમાં જવું પડે તે જુદું.'

આ ઉપદેશની જાદુઈ અસર થઈ. ગામના આગેવાનોએ ઊભા થઈને જણાવ્યું કે ' પૂજ્ય મહારાજશ્રીનાં માનમાં એક મહિના સુધી કોઈએ જીવહિંસા કરવી નહિ.' રોજ બસો બસો જનાવરોના શિકાર કરનારાઓએ આ રીતે જીવહિંસા છોડી દીધી અને તેમાંનાં દશ જણા તો એવા નીકળ્યા કે જેમણે જીવનભર હિંસા ન કરવાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિજ્ઞાઓ લીધી. વળી તેમાંનાં કેટલાકે મદિરાપાનનો ત્યાગ કર્યો અને ચોરીના ધંધાને સદાને માટે તિલાંજલી આપી. તે વખતે એક જણે ઊભા થઈને કહ્યું : ' મહારાજ ! હિંસા તો આજથી જ બંધ, પણ લેવાદેવાની છૂટ ! જો એમ ન કરીએ તો અમારાં બૈરાં-છોકરાં ખાય શું ? '

ચરિત્રનાયકે તેના મનનું સમાધાન કર્યું : ' જો સાચા માણસ થવું હોય તો ચોરી છોડયે જ છૂટકો. જેઓ ચોરી નથી કરતા, તે શું ખાય છે ? શું તેમનાં બૈરાં-છોકરાં ભૂખે મરી જાય છે ? માટે એક જ વાત રાખો કે કામ કરીને ખાવું. હરામનું ખાવાની દાનત રાખવી નહિ.'

આ જવાબથી તેમના મનનું સમાધાન થયું. અને તેમણે હિંસાની સાથે ચોરીના ધંધાનો પણ ત્યાગ કર્યો.

પછી સુણસરના ચોરોએ ડાભેડાના ચોરોને જણાવ્યું કે હવે અમે ગુરુના ઉપદેશથી સુધરી ગયા છીએ અને જીવહિંસા કરવાનું તથા ચોરી કરવાનું છોડી દીધું છે. માટે તમે પણ જીવહિંસા કરવાનું તથા ચોરી કરવાની છોડી દો. નહિ તો તમારો અને અમારો સંબંધ તૂટી જશે.

આ અરસામાં પૂ. ગુરુદેવ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ ત્યાં પધાર્યા અને તેમણે એ ચોરોને સારી રીતે ઉપદેશ આપ્યો, એટલે તેમણે પણ જીવહિંસા છોડી દીધી અને ચોરીના ધંધાને તિલાંજલી આપી.

આ રીતે જૈન શાસનની મહાન પ્રભાવના કરનારા સમર્થ આચાર્ય સં ૨૦૨૮ના ફાગણ વદિ ૯, તા. ૧૦-૩-૭૨ શુક્રવારની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહેલી સવારે ૩-૩૦ વાગતાં અત્યંત સમાધિપૂર્વક નશ્વર દેહ છોડી સ્વર્ગે સીધાવતાં જૈન સંઘને મોટી ખોટ પડી છે.

તેઓશ્રીના પટ્ટધર પ. પૂ. શતાવધાની આચાર્ય શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજે ૩૯ વર્ષ સુધી તેમની સાથે રહીને અનન્ય નિષ્ઠાથી તેમની સેવા કરી હતી, અને આજે તેમના પગલે ચાલી જૈન શાસનની સુંદર પ્રભાવના કરી રહેલ છે.

'જીવ-વિચાર પ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણી વિજ્ઞાન' નામના ગ્રંથની આ બીજી આવૃત્તિ સદ્દગત આચાર્યશ્રીને અનેકાનેક પવિત્ર સ્મરણો સાથે સમર્પણ કરી કૃતાર્થ થઇએ છીએ.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



સામિકાય
સતિલક શતાવધાની આચાર્ય
ાયુકાય
શ્રીમ નરપતિકાય .ર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વિષયાનુક્રમ

પ્રસ્તાવના......સ્વ. શ્રી ફત્તેહચંદ ઝવેરચંદભાઈ શાહ તથા
શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા ૧૯
બે બોલ........પ. પૂ. આ૦ શ્રી. વિજયકીર્તિચંદ્રસૂરિજી મ૦ ૨૩

## પહેલો ખંડ

| પ્રકરણ | ભૂમિકા | પૃષ્ઠસંખ્યા |
|---|---|---|
| પહેલું | ......આમુખ | ૩ |
| બીજું | ......આગમ–સાહિત્ય અને પ્રકરણગ્રંથો | ૯ |
| ત્રીજું | .......દ્રવ્યાનુયોગની મહત્તા | ૨૧ |
| ચોથું | ........જીવનું સ્વતંત્ર અસ્તિત્વ | ૩૦ |
| પાંચમું | ......વિજ્ઞાન શું કહે છે ? | ૫૦ |
| છઠ્ઠું | .........જીવ–વિચાર અંગે કિંચિત્ | ૬૦ |
| સાતમું | ......જીવ–વિચાર–પ્રકરણના નિર્માતા | ૬૯ |
| આઠમું | ......પ્રસ્તુત પ્રકરણ પર વૃત્તિઓ વગેરે | ૮૦ |
| નવમું | .......અર્થપદ્ધતિ | ૮૪ |

## બીજો ખંડ

### જીવોનું વર્ગીકરણ

| | | |
|---|---|---|
| [ ૧ ] | મંગલ, અભિધેય આદિ | ૮૯ |
| [ ૨ ] | જીવોના મુખ્ય ભેદો | ૯૬ |
| [ ૩ ] | પૃથ્વીકાય | ૧૦૫ |
| [ ૪ ] | અપ્કાય | ૧૧૫ |
| [ ૫ ] | અગ્નિકાય | ૧૧૯ |
| [ ૬ ] | વાયુકાય | ૧૨૩ |
| [ ૭ ] | વનસ્પતિકાય | ૧૨૭ |
| [ ૮ ] | વનસ્પતિના જીવન પર આછો દૃષ્ટિપાત | ૧૬૦ |
| [ ૯ ] | સર્વવ્યાપી સૂક્ષ્મ જીવો | ૧૭૩ |
| [૧૦] | વિકલેન્દ્રિય જીવો | ૧૮૨ |
| [૧૧] | પંચેન્દ્રિય જીવોના મુખ્ય ભેદો | ૧૯૬ |



જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૨] નારક જીવો ૨૦૭
[૧૩] તિર્યંચ જીવો ૨૧૮
[૧૪] તિર્યંચ જીવોની ઉત્પત્તિ ૨૪૯
[૧૫] મનુષ્યો ૨૫૪
[૧૬] દેવો ૨૬૭
[૧૭] સિદ્ધ જીવો ૨૯૦

## ત્રીજો ખંડ

### પંચ-દ્વાર

[૧] જીવોના વિશેષ જ્ઞાન માટે પાંચ દ્વારની પ્રરૂપણા ૩૦૭
[૨] શરીર-દ્વાર ૩૧૩
[૩] આયુષ્ય-દ્વાર ૩૩૫
[૪] સ્વકાયસ્થિતિ-દ્વાર ૩૫૭
[૫] પ્રાણ-દ્વાર ૩૬૬
[૬] યોનિ-દ્વાર ૩૮૫
[૭] ઉપદેશ અને અંતિમ વચન ૪૦૨

### પરિશિષ્ટ

[૧] જીવોનું વર્ગીકરણ તાલિકારૂપે ... ...
[૨] જીવોનું વર્ગીકરણ [ મુખ્ય ભેદો ] ... ... ૪૧૯
[૩] સંસારી જીવોના ૫૬૩ ભેદો ... ... ૪૨૨
[૪] પંચ-દ્વારનો યંત્ર ... ... ... ૪૨૩
[૫] પંચ-દ્વારની સંક્ષિપ્ત સમજૂતી ... ... ૪૩૦
[૬] શરીરની ઊંચાઈનો ક્રમ ... ... ... ૪૪૩
[૭] આયુષ્યનો ક્રમ ... ... ... ... ૪૪૬
[૮] સ્વકાય-સ્થિતિ ... ... ... ... ૪૪૮
[૯] પ્રાણોની સંખ્યા ... ... ... ... ૪૪૮
[૧૦] યોનિઓનું પ્રમાણ ... ... ... ૪૪૯
[૧૧] આધારભૂત સાહિત્યની યાદી ... ... ૪૫૦

આ ગ્રંથમાં પ્રાણીઓને લગતાં દશ ચિત્રો આપવામાં આવ્યાં છે, તેની સ્વતંત્ર સૂચી આપેલી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રસ્તાવના

શ્રી ઉપમિતિ-ભવપ્રપંચા-કથાકાર શ્રી સિદ્ધર્ષિગણિના કથન મુજબ '**उच्चावचेषु गेहेषु भ्रान्त्वा-भ्रान्त्वा निषीदतः**-આપણા સર્વના આત્માઓ ઉચ્ચ-નીચ ગતિઓમાં ભટકી ભટકીને થાકી ગયેલા છે.' હવે તેમનો ઉદ્ધાર શી રીતે થાય? એ વિચારવાનું છે. જૈન દર્શન આ બાબતમાં ઘણું સ્પષ્ટ માર્ગદર્શન આપે છે. શ્રી ઉમાસ્વાતિ મહારાજવિરચિત તત્ત્વાર્થાધિગમસૂત્રના પ્રારંભમાં જ કહ્યું છે કે '**सम्यग्-दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः**-સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ મોક્ષનો-ભવનિસ્તારનો સાચો માર્ગ છે.' આ જ સૂત્રનો સંક્ષેપ કરતાં અન્યત્ર કહ્યું છે કે '**सम्यग्-ज्ञान-क्रियाभ्यां मोक्षः**। સમ્યગ્ જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ મળે છે.' તાત્પર્ય કે હવે પછી ભવભ્રમણ અટકાવવું હોય તો સુજ્ઞજનોએ સમ્યગ્ જ્ઞાન તથા સમ્યગ્ ક્રિયા ઉભયનો આશ્રય લેવો જોઈએ. કેટલાક માત્ર જ્ઞાનથી જ મુક્તિ માને છે, પણ તે યથાર્થ નથી. પાણીમાં તરવાની ક્રિયા જાણવા છતાં, જો તે ક્રિયા કરવામાં ન આવે તો તરી શકાતું નથી. ઔષધના સેવન વગર તેના જ્ઞાન માત્રથી કે વર્ણન માત્રથી દર્દ મટતું નથી, એટલે ક્રિયાની પણ તેટલી જ આવશ્યકતા છે.

આ જગતમાં જીવ અને અજીવ એ બે જ તત્ત્વો છે. આશ્રવ અને બંધ એ જીવાજીવ-સંયોગનું અર્થાત્ જડ-ચેતનાના સંયોગનું અવસ્થાંતર છે. સંવર અને નિર્જરા એ આત્માની ઉજ્જવલ દશા છે. મોક્ષ જીવનું-આત્માનું પૂર્ણ સ્વરૂપ છે. આ રીતે આશ્રવાદિ પાંચેય તત્ત્વો જીવ-અજીવમાં સમાઈ જાય છે. પુણ્ય-પાપ આત્મસંબંધી કર્મપુદ્ગલો છે, જેથી પુણ્ય-પાપનો બંધમાં અંતર્ભાવ કરીએ તો સાત તત્ત્વો પણ ગણાય. જેમ નવ તત્ત્વોની પરંપરા છે, તેમ સાત તત્ત્વોની પણ પરંપરા છે. આશ્રવ અને બંધ સંસારનાં કારણ અને સંવર તથા નિર્જરા મોક્ષનાં કારણ છે. મોક્ષાર્થીને આત્મવિકાસના માર્ગે આગળ વધવા માટે આ નવ તત્ત્વોનું જ્ઞાન અત્યંત ઉપયોગી છે.

નવ તત્ત્વોમાં જીવતત્ત્વ સૌથી પ્રથમ છે, એટલે મનુષ્યે તેનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વરૂપ બરાબર જાણવું જોઈએ. જીવનું લક્ષણ શું ? તેના કેટલા ભેદો છે ? કેટલા ઉત્તરભેદો છે ? એ બધા જીવો ક્યાં ઉત્પન્ન થાય છે ? કેવા શરીરવાળા હોય છે ? કેટલા આયુષ્યવાળા હોય છે ? તેમને કેટલા પ્રાણ હોય છે ? તે કેટલી યોનિઓમાં ઉત્પન્ન થાય છે ? વગેરે વગેરે પ્રશ્નો જિજ્ઞાસુઓના મનમાં ઊઠે, એ સ્વાભાવિક છે. જૈન મહર્ષિઓએ આ બધા પ્રશ્નોના યથાર્થ ઉત્તરો આપેલા છે અને તે જીવ–વિચાર–પ્રકરણ સંક્ષેપમાં રજૂ કરે છે.

આ જીવ–વિચાર–પ્રકરણ ઉપર '**પ્રકાશિકા**' નામનું વિવેચન શતાવધાની પંડિત શ્રીયુત્ ધીરજલાલ ટોકરશી શાહે અનેક ગ્રંથોમાંથી સારભૂત તત્ત્વો ખેંચી ઘણા પરિશ્રમે તૈયાર કરેલું છે. આ ગ્રંથનું બીજું નામ '**જૈન ધર્મનું પ્રાણી–વિજ્ઞાન**' રાખવામાં આવ્યું છે, તે પણ ઉચિત જ છે; કારણ કે એમાં પ્રાણીઓ સંબંધી વિશિષ્ટ જ્ઞાન ભરેલું છે. અલબત્ત, આ જ્ઞાન આધુનિક પ્રાણીશાસ્ત્રીઓએ આપેલું નથી, પણ સર્વજ્ઞ અને સર્વદર્શી એવા જિનેશ્વર ભગવંતોએ આપેલું છે અને તેથી પરમ શ્રદ્ધેય છે.

જૈન સાઇટ
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

વિશેષ આનંદની વાત તો એ છે કે સમય ઘણો ટૂંકો હોવા છતાં શ્રીબલિ ચિત્રકાર પાસે દશ ચિત્રો તૈયાર કરાવીને આ ગ્રંથમાં દાખલ કરવામાં આવ્યાં છે અને એ રીતે એની ઉપયોગિતામાં ઘણો વધારો કરવામાં આવ્યો છે. અમારો ખ્યાલ પહોંચે છે ત્યાં સુધી જીવ–વિચારની બાબતમાં આટલું વિસ્તૃત અને ઉપયોગી વિવેચન આપનારો ગ્રંથ આપણા સમાજમાં આ પહેલો જ છે અને તેથી અમે તેનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રન્થની ભૂમિકા નવ પ્રકરણો પાડીને લખવામાં આવી છે, જેમાં આગમ અને પ્રકરણ સાહિત્ય, દ્રવ્યાનુયોગની મહત્તા, જીવનું સ્વતંત્ર અસ્તિત્વ, વિજ્ઞાન ( Science ) શું કહે છે? જીવ–વિચાર અંગે કિંચિત્, જીવ–વિચાર–પ્રકરણના નિર્માતા, શ્રી શાન્તિસૂરિજીની ઐતિહાસિકતા, પ્રસ્તુત પ્રકરણ પર વૃત્તિઓ તથા અર્થપદ્ધતિ એ વિષયો લેવામાં આવ્યા છે અને તે દરેક પર વિશદ વિવેચન કરેલું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. વિશેષમાં જીવસંબંધી અનેક પાશ્ચિમાત્ય વિદ્વાનોના અભિપ્રાય ટાંકેલા છે. વનસ્પતિના જીવન અંગે અનેક પ્રમાણો આપી જીવત્વ સિદ્ધ કર્યું છે. મરણ કોને કહેવાય? સંજ્ઞાઓ કેટલી? પ્રાણની સંખ્યા, યોનિઓનું પ્રમાણ વગેરે વિષયોની પણ સુંદર છણાવટ કરી છે અને તે માટે બૃહત્સંગ્રહણી આદિ અનેક ઉચ્ચ ગ્રંથોની સાક્ષી આપી છે.

પ્રાકૃત મૂળ ગાથાઓની સાથે સંસ્કૃત છાયા, દરેક પદના સામાન્ય અને વિશેષ અર્થ, તેમાં ટીકાકાર મહર્ષિઓનાં ઉપયોગી અવતરણો, અન્વય, ભાવાર્થ અને વિસ્તૃત વિવેચન આ પુસ્તકને એક આદર્શ પઠનીય ગ્રન્થ સિદ્ધ કરે છે.

પંડિતશ્રી ધીરજલાલભાઈએ આજ સુધીમાં અનેક ગ્રન્થો રચેલા છે, તેમાં પ્રસ્તુત વિશિષ્ટ ગ્રન્થના સર્જનથી એકનો ઉમેરો થાય છે. જૈન સંઘે આ ગ્રન્થને આવકારી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ–મુંબઈ, શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા–મ્હેસાણા, શ્રી તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ–પૂના, શ્રી રાજનગર–અમદાવાદની પાઠશાળાઓ, શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ–મુંબઈ વગેરે મુખ્ય સંસ્થાઓના અભ્યાસક્રમમાં દાખલ કરવો જોઇએ, એવો અમારો અભિપ્રાય છે. અમે એમ પણ માનીએ છે કે ભૌતિકવાદના રંગે રંગાયેલા આજના યુવક–યુવતીઓને જો આ ગ્રંથ સાંગોપાંગ વંચાવવામાં આવે તો જરૂર તેમનું વલણ આત્મવાદી થાય અને તેઓ પુણ્ય–પાપ તથા આધ્યાત્મિક અનુષ્ઠાનોમાં શ્રદ્ધા ધરાવતા થઈ જાય. એટલે ધર્મપ્રેમી દાનવીર ગૃહસ્થોએ આ પુસ્તકોની વધારે નકલો ખરીદી આ વર્ગમાં અવશ્ય વહેંચવી જોઈએ.

પંડિત શ્રી ધીરજલાલભાઈએ ગત વર્ષમાં પ્રકાશિત કરેલો જિનોપાસના ગ્રંથ પરમાત્માના ભક્તિમાર્ગની વિશિષ્ટતા ધરાવનારો હતો, તેમ હમણાં પ્રકાશિત થઈ રહેલો આ ગ્રંથ જ્ઞાનમાર્ગની વિશિષ્ટતા ધરાવનારો છે. તેમાં જીવોના સૂક્ષ્મ જ્ઞાન ઉપરાંત અહિંસાના આચરણ રૂપ ચારિત્રમાર્ગનો પણ નિર્દેશ કરેલો છે. આ રીતે આ ગ્રંથ જ્ઞાન અને ક્રિયા ઉભયનું સમર્થન કરનારો હોઈ ખરેખર

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભિનંદનને પાત્ર બન્યો છે. અહીં અમે પ્રસંગોપાત્ત શ્રી ધીરજલાલભાઈને એટલી સૂચના કરીશું કે તેઓ નવતત્ત્વ તથા તત્ત્વાર્થસૂત્ર ઉપર પણ આવી જ ઢબે ખાસ વિવેચનો તૈયાર કરે. ધર્મપ્રિય સુજ્ઞજનો તેનો જરૂર સત્કાર કરશે, એમાં અમને શંકા નથી.

**जीवा मुक्ता संसारिणो** એ વાક્યથી જીવના મુક્ત અને સંસારી એવા બે ભેદો સ્પષ્ટ છે. આ બે ભેદોમાં સર્વ જીવો સમાઈ જાય છે. સંસારી જીવો મનુષ્યગતિમાં કર્મથી મુક્ત થવા માટેનું સાધ્યબિંદુ રાખી સન્મતિ અને સદ્‌વીર્ય વડે ગુણસ્થાનક્રમમાં આરોહણ કરતા જાય, તો જન્મજન્માંતરમાં અવશ્ય મુક્તિ મેળવી શકે.

આ પ્રકારની મુક્તિની અમે પણ અભિલાષા કરીએ છીએ અને તેના આંદોલન સાથે મંત્રીશ્વર શ્રી વસ્તુપાલનો નિમ્ન શ્લોક સાદર કરી વિરમીએ છીએ:—

**शास्त्राभ्यासो जिनपदनतिः संगतिः सर्वकार्यैः ।**
**सत्प्रवृत्तानां गुणगणकथा दोषवादे च मौनम् ॥**
**सर्वस्यापि प्रियहितवचो भावना चात्मतत्त्वे ।**
**संपद्यतां मम भवभवे यावदाप्तोऽपवर्गः ॥**

"શાસ્ત્રાભ્યાસ, જિનેશ્વરના ચરણકમળમાં નમસ્કાર, સજ્જનોની સંગતિ, ગુણીજનોના ગુણના સમૂહની પ્રશંસા, વ્યક્તિના દોષ તરફ મૌન, સર્વજનો તરફ પ્રિય અને હિતવચનનો ઉચ્ચાર, આત્મતત્ત્વમાં શ્રદ્ધા—આ સર્વ જ્યાં સુધી મુક્તિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અમોને જન્મ-જન્માંતરમાં મળતાં રહો."

મુંબઈ, તા. ૨૫-૩-૬૫
સં. ૨૦૨૧ના ફાલ્ગુન વદિ અષ્ટમી
શ્રી આદિ. ભ. જન્મ-દીક્ષા-
કલ્યાણક-મંગલ દિન.
લેખકની ૬૦મી વર્ષગાંઠ.

**ફત્તેહચંદ ઝવેરભાઈ શાહ**
**મનસુખલાલ તારાચંદ મહેતા**

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# બે બોલ

લેખક : પૂ. આ. શ્રી. વિજયકીર્તિચંદ્રસૂરિજી મ.

જૈન શ્રુતસાગરમાં અનેક અણુમોલ રત્નો પડેલાં છે, પરંતુ તેમાં ડૂબકી મારીને તેનાં તળિયાં સુધી પહોંચનારા અને તેને બહાર કાઢનારા મરજીવા જોઈએ. **પંડિત શ્રી ધીરજલાલભાઈ** તેમાંના એક છે. તેમણે આજ સુધીમાં જૈન શ્રુતસાગરનાં અનેક અણુમોલ રત્નોને બહાર કાઢ્યાં છે, એટલું જ નહિ પણ તેને પોતાની વિશિષ્ટ પ્રતિભા વડે અનેરો ઓપ આપી જગતના ચોકમાં મૂક્યાં છે. બાળ-ગ્રંથાવળી, ધર્મબોધ-ગ્રંથમાળા, જૈન શિક્ષાવલી, ધાર્મિક પ્રશ્નોત્તરી, શ્રી પ્રતિક્રમણસૂત્રપ્રબોધટીકા, જિનોપાસના વગેરે ગ્રંથો તેની સાક્ષી પૂરે છે. વિશેષ આનંદની વાત તો એ છે કે તેમનો આ વિષયનો ઉત્સાહ જરાય મંદ પડ્યો નથી, ઉલટો વધતો જાય છે અને આજે સાઠ વર્ષની ઉંમરે પણ તેઓ એમાં રાત-દિવસ તલ્લીન રહે છે.

તેમણે જીવ-વિચાર-પ્રકાશિકાની યોજના તૈયાર કરી. મને એ બાબતના સમાચાર આપ્યા, ત્યારે ખૂબ જ આનંદ થયો, પરંતુ એ વખતે કલ્પના ન હતી કે તેના સંશોધક તરીકેની જવાબદારી મારા શિરે આવશે. આમ છતાં થોડા જ સમય બાદ તેની જવાબદારી મારા શિરે આવી અને આ પુણ્યકાર્યનો હું પણ યતકિંચિત્ ભાગી બનું, એ વિચારે તેનો મેં સહર્ષ સ્વીકાર કર્યો.

આ ગ્રંથનાં પ્રકરણો લખાઈને મારી પાસે જેમ જેમ આવતાં ગયાં, તેમ તેમ હું એ વાંચતો ગયો અને તેણે મારા મન પર ખૂબ જ સુંદર છાપ પાડી. રોચક શૈલિ, વિશદ વિવેચન અને અનેક જાતની અવનવી માહિતી, તેની મન ઉપર સુંદર છાપ કેમ ન પડે?

મારે સ્પષ્ટતયા કહેવું જોઈએ કે પંડિત શ્રી ધીરજલાલભાઈએ જીવ-વિચાર-પ્રકરણના અર્થ, ભાવ તથા રહસ્યને બહાર લાવવા માટે આ ગ્રંથમાં ઘણો સારો પુરુષાર્થ કર્યો છે અને વૈદક, વનસ્પતિ તેમજ મંત્રવિષયક તેમના જ્ઞાનનો પણ યોગ્ય ઉપયોગ કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી તેમણે વૈજ્ઞાનિક મંતવ્યોની નોંધ પણ અનેક સ્થળે કરી છે, એટલું જ નહિ પણ જ્યાં તેની ત્રુટિઓ દેખાણી, ત્યાં તેનું નિરસન કરી જૈન સિદ્ધાંતોની શ્રેષ્ઠતા પણ સાબીત કરી છે.

આ ગ્રંથની રચના સુંદર શૈલિથી કરવામાં આવી છે. પ્રથમ ભૂમિકા-ખંડમાં જિનાગમ અને પ્રકરણગ્રંથોનું પ્રામાણ્ય દર્શાવીને આધુનિક વૈજ્ઞાનિક મતનું નિરસન કર્યું છે અને જીવની સિદ્ધિ કરનારાં પ્રમાણોની ખૂબ જ સુંદર રજૂઆત કરી છે. તે સાથે આ પ્રકરણ-ગ્રંથની ખાસ ઉપયોગિતા પણ સમજાવી છે અને તેના રચયિતા વિષે સારો એવો પરામર્શ કરીને વાદિવેતાલ શ્રી શાંતિસૂરિજીનો ઠીક ઠીક પરિચય આપ્યો છે. બીજા ખંડમાં જીવોનું વર્ગીકરણ બતાવવામાં આવ્યું છે અને સાથે સાથે ઘણી ઉપયોગી માહિતી પણ આપવામાં આવી છે. ત્રીજા પંચ-દ્વાર ખંડમાં જીવોના શરીરમાન, આયુષ્ય, સ્વકાયસ્થિતિ, પ્રાણ તથા યોનિઓ સંબંધી નિરૂપણ કર્યું છે અને છેવટે ૧૧ જેટલાં પરિશિષ્ટો આપીને આ ગ્રંથની ઉપયોગિતામાં ઘણો વધારો કર્યો છે.

શિક્ષકોએ, વિદ્યાર્થીઓને જીવ-વિચાર-પ્રકરણનો અભ્યાસ કરાવતાં પહેલાં આ ગ્રંથ ધ્યાનથી વાંચી જવાની જરૂર છે અને ખુદ વિદ્યાર્થીઓએ પણ તેનું પુનઃ પુનઃ વાંચન-મનન કરવા જેવું છે. સંઘો, સંસ્થાઓ તથા પુણ્યશાળી આત્માઓએ આવા સાહિત્યનો પ્રચાર કરવા માટે કટિબદ્ધ થવું જોઈએ. એક સુંદર ગ્રંથની રચના થાય, પણ તેનો જોઈએ તેવો પ્રચાર ન થાય તો શું કામનું? સાહિત્ય-સર્જનનું કર્તવ્ય પંડિતજીએ બજાવ્યું, તો સાહિત્ય-પ્રચારનું કર્તવ્ય શ્રી સંઘો, સંસ્થાઓ તથા પુણ્યશાળી આત્માઓએ બજાવવું જોઈએ. આવા ગ્રંથોનો પ્રચાર જેટલો વિશેષ હશે, તેટલી ધર્મભાવનાની ખીલવણી થશે અને જૈન સિદ્ધાંતોનો જગતભરમાં જયજયકાર થશે.

છેવટે પંડિત શ્રી ધીરજલાલભાઈએ આવી એક સુંદર કૃતિનું નિર્માણ કર્યું, તે માટે તેમને ધન્યવાદ આપી આ લેખની સમાપ્તિ કરું છું.

(પ્રથમ આવૃત્તિમાંથી)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જીવ-વિચાર-પ્રકાશિકા

યાને

## જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

પહેલો ખંડ

## ભૂમિકા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

## પ્રકરણ પહેલું

## આમુખ

ઘણા મંથન પછી ‘ જીવ-વિચાર-પ્રકાશિકા ’ એ નામ નક્કી કર્યું અને લેખનની પ્રવૃત્તિ આરંભી. એ વખતે ખ્યાલ ન હતો કે અમે અમારા ત્રીશ વર્ષ પુરાણા એક વિચારને સંજીવન કરી રહ્યા છીએ ! પરંતુ તે અંગે જરૂરી સાહિત્ય એકત્ર કરતાં ‘ જીવ-વિચાર-પ્રવેશિકા ’ નામની પુસ્તિકા હાથ પર ચડી અને તેણે અમારા મનઃપ્રદેશમાં ભૂતકાળનાં અનેક સંસ્મરણો તાજાં કરી દીધાં.

અમે એ વખતે અમદાવાદમાં શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયમાં મુખ્ય શિક્ષક હતા અને ધર્મ તથા ચિત્રકલાનું શિક્ષણ આપતા હતા. આજે તો ધાર્મિક શિક્ષણ ઘણી ખરી શાળાઓમાંથી નીકળી ગયું છે અને જે થોડી શાળાઓમાં રહ્યું છે, ત્યાં પણ તેને માટે અઠવાડિયામાં બે કે ત્રણથી વધારે સમય (Periods) રાખવામાં આવતા નથી. પણ અમારા વર્ચસ્વવાળા આ વિદ્યાલયમાં અમે ધર્મશિક્ષણને પ્રથમ વિષય ગણ્યો હતો, તે માટે દરેક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધોરણમાં રોજનો એક સમય (Period) ગોઠવ્યો હતો અને જે વિદ્યાર્થી આ વિષયમાં ઉત્તીર્ણ ન થાય, તેને ઉપલા ધોરણમાં ચડાવવો નહિ, એ નિયમનો બરાબર અમલ કર્યો હતો.

પરિસ્થિતિ આ પ્રકારની હોવાથી ધાર્મિક શિક્ષણ અંગે સારી એવી તૈયારી કરવી પડતી અને તે અંગે મંથન પણ ખૂબ થતું. મુખ્ય પ્રશ્ન એ હતો કે આ શિક્ષણને રસ-પ્રદ કઈ રીતે બનાવવું? તે અંગે જે પાઠ્ય પુસ્તકો પ્રાપ્ત થતાં હતાં, તે બહુ સામાન્ય કોટિનાં હતાં, એટલે અમે નવી નવી રીતો અજમાવતા હતા. તેમાંથી '**જીવ-વિચાર-પ્રવેશિકા**'નો જન્મ થયો. અમારી લેખક તરીકેની કાર-કિર્દીનું આ પહેલું પુસ્તક હતું, છતાં તે સારો આદર પામ્યું હતું અને ત્રણ વર્ષ બાદ તેની બીજી આવૃત્તિ થઈ હતી.

આ પુસ્તિકા તો માત્ર ૨૦ પાનાંની જ હતી અને તે એકદમ પ્રારંભના વિદ્યાર્થીઓ માટે નિર્માણ થયેલી હતી, પણ તેના અનુસંધાનમાં એવો વિચાર ઉદ્ભવ્યો હતો કે જીવ-વિચાર અંગે હવે પછી એક મોટું પુસ્તક લખવું અને તે માટે નોંધો પણ તૈયાર કરવા માંડી હતી; પરંતુ એ મોટું પુસ્તક લખવાનો સંયોગ સાંપડ્યો નહિ અને તે અંગે ૬૦ થી ૭૦ ફુલસ્કેપ કાગળ જેટલી જે અગત્યની નોંધો તૈયાર કરી હતી, તે પણ અસ્તવ્યસ્ત થઈ ગઈ.

ત્યાર પછી થોડાં વર્ષે વિદ્યાલય છોડ્યું અને આજે

जैन साइट JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લેખક તથા પ્રકાશકના વ્યવસાયમાં પડ્યા, પણ અમારી દૃષ્ટિ તો જૈન ધર્મ અને જૈન સાહિત્ય પરત્વે જ કેન્દ્રિત થયેલી હતી. બાળગ્રંથાવળીનાં ૧૨૦ પુસ્તકો, જૈન જ્યોતિ માસિક, જૈન જ્યોતિ સાપ્તાહિક વગેરે તેનાં પ્રત્યક્ષ ફળો હતાં.

આ વ્યવસાયમાં વિઘ્નો આવ્યાં, પરિસ્થિતિ અનુસાર નવું કામ સ્વીકારવું પડ્યું, પણ જ્યાં સંયોગો અનુકૂળ લાગ્યા કે પાછા મૂળ ક્ષેત્રમાં આવી ગયા.

છેલ્લાં પાંત્રીશ–ચાલીશ વર્ષથી જૈન ધર્મવિષયક પુસ્તકો લખવાની–પ્રચારવાની પ્રવૃત્તિ એકધારી ચાલી રહી છે અને તેણે અમને સારો એવો યશ આપ્યો છે.

ગયા વર્ષે* '**જિનોપાસના**'નું પ્રકાશન થયું અને તેના વાંચનથી હજારો હૈયાં હરખાયાં. ત્યારબાદ આ વિષયની સ્ફુરણા થવા લાગી, મંથન થવા લાગ્યું અને ઉપર જણાવ્યું તેમ '**જીવ–વિચાર–પ્રકાશિકા**' નામ નક્કી કરીને લેખનની પ્રવૃત્તિ આરંભી દીધી.

અહીં એ સ્પષ્ટતા કરવી જોઈએ કે આજકાલ તો પુસ્તકોનાં નામો બાળકોનાં નામોની જેમ–ગમે તે પ્રકારનાં પાડવામાં આવે છે, પછી તેમાં વિષય ગમે તે ચર્ચ્યો હોય; પરંતુ આ નામ એવું કલ્પિત નથી. અન્ય શબ્દોમાં કહીએ તો આ નામ ગુણસંપન્ન છે, સાર્થક છે. '**જીવ–વિચાર**' નામના પ્રકરણ–ગ્રંથની '**પ્રકાશિકા**' નામની વૃત્તિ, તે **જીવ–વિચાર–પ્રકાશિકા.**'

અલબત્ત, આમાં સ્વતંત્ર મૌલિક વિવેચન પણ છે,

* સં. ૨૦૨૦માં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તે સારા પ્રમાણમાં છે, પરંતુ તેનો મુખ્ય આશય તો જીવ-વિચારના અર્થ-ભાવ-રહસ્યનો પ્રકાશ કરવાનો જ છે, એટલે આ નામ પસંદગી પામ્યું છે.

વૃત્તિ, સામાન્ય રીતે ગાથાઓને અનુસરીને લખવામાં આવે છે અને તે સળંગ લખાય છે, પરંતુ અમે આ પદ્ધતિમાં થોડું પરિવર્તન કરીને પ્રસ્તુત ગ્રંથના ત્રણ ખંડો પાડ્યા છે. તેમાં પ્રથમ ખંડનું નામ **'ભૂમિકા'** રાખ્યું છે, કારણ કે તે આ વિષયની તાત્ત્વિક-ઐતિહાસિક-સાહિત્યિક ભૂમિકા પૂરી પાડે છે. બીજા ખંડનું નામ **'જીવોનું વર્ગીકરણ'** રાખ્યું છે, કારણકે તેમાં સમસ્ત જીવરાશિના વર્ગો અને પેટાવર્ગો દર્શાવ્યા છે. [જીવ-વિચાર-પ્રકરણની પચીશમી ગાથા સુધીનું વિવેચન અહીં પૂરું થાય છે.] અને ત્રીજા ખંડનું નામ **'પંચદ્વાર'** રાખ્યું છે, કારણકે તેમાં જીવોનાં શરીર, આયુષ્ય, સ્વકાયસ્થિતિ, પ્રાણ અને યોનિ, એ પાંચ દ્વારની રજૂઆત કરવામાં આવી છે.

આ વૃત્તિ લગભગ લખાઈ રહેવા આવી, ત્યારે કેટલાક વિદ્વાન મિત્રોએ એવું સૂચન કર્યું કે આ ગ્રંથ સામાન્ય વાચક વર્ગને પણ અતિ ઉપયોગી હોઈ તેનું સ્વતંત્રનામ રખાય તે ઈચ્છવા યોગ્ય છે, તેથી તેનું અપરનામ **'જૈનધર્મનું પ્રાણીવિજ્ઞાન'** રાખવામાં આવ્યું કે જે વિષયનો સ્પષ્ટ બોધ કરાવનારું છે.

અહીં એ પણ જણાવી દેવું જોઈએ કે આ વિષય ઘણો ગહન છે અને તેના વિષે જેટલું લખીએ તેટલું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓછું છે, પરંતુ વર્તમાનકાલના વિદ્યાર્થીઓ, અભ્યાસીઓ કે મુમુક્ષુઓને આ વિષયનો એકંદર સારો બોધ થાય એટલી સામગ્રી આમાં આપી છે અને તે અમારા મનનો મોટો સંતોષ છે.

કેટલાક કહે છે કે પ્રારંભિક લખાણ બહુ લાંબું હોય તે ઠીક નહિ, એથી મૂળ વિષય વચ્ચે અંતર પડી જાય છે. પરંતુ અમારું મંતવ્ય એવું છે કે જ્યાં સુધી કોઈ પણ વિષય અંગે વિદ્યાર્થીના મનમાં યોગ્ય ભૂમિકા તયાર થતી નથી, ત્યાં સુધી તે વિષયને યથાર્થપણે ગ્રહણ કરી શકતો નથી અને ઘણી વાર બધો ય પરિશ્રમ નિષ્ફળ જાય છે; એટલે અમે વસ્તુનું મૂળ પકડયું છે અને ક્રમે ક્રમે ભૂમિકા તૈયાર કરવાની યોજના ઘડી છે.

પાઠકોને અમે પૂછીએ છીએ કે શાલિમાર અથવા નિશાદ જેવા બગીચાઓમાં[1] બે–ચાર ચક્કર વધારે મારીએ તો શું કંટાળો આવે છે ખરો ? અથવા ગુલાબનો હાર લાંબો હોય તો પહેરવાથી અસુવિધા થાય છે ખરી ? અથવા અમૃતના ઘૂંટડા બે–ચાર વધારે ભરાઈ ગયા હોય તો તેથી ખેદ થાય છે ખરો ? જો એનો જવાબ નકારમાં હોય તો જ્ઞાનની ખુશબો ફેલાવનાર, ગુલાબથી પણ અધિક સૌરભને ધારણ કરનાર અને અમૃતપાનથી પણ વધુ સ્વાદિષ્ટ એવી વ્યવસ્થિત વિચારધારાનું વાંચન કરતાં કંટાળો કે ખેદ શા માટે આણવો ?

૧. આ બંને કાશ્મીરના પ્રસિદ્ધ બગીચાઓ છે, તે શ્રીનગરની સમીપમાં આવેલા છે અને તેનું સૌન્દર્ય અપ્રતિમ ગણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમારા અન્ય ગ્રન્થોની જેમ આ ગ્રંથનું સંશોધન પણ વિદ્વાન્ મુનિરાજો પાસે કરાવ્યું છે, એટલે તેની ઉપાદેયતા બાબતમાં કોઈએ કશી શંકા કરવાનું કારણ નથી.

આટલા પ્રારંભિક વક્તવ્ય સાથે અમે પાઠકોને અનુરોધ કરીએ છીએ કે તેઓ હવે આ ગ્રંથના વાંચનમાં આગળ વધે અને તેમાંથી સારભૂત બાબતો ગ્રહણ કરીને તથા તેનું વારંવાર મનન કરીને જીવનમાં ઉતારવા યોગ્ય વસ્તુ જીવનમાં ઉતારે અને પોતાનું આત્મકલ્યાણ સાધે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ બીજું

# આગમ-સાહિત્ય અને પ્રકરણ-ગ્રંથો

વ્યવહારમાં માતપિતા, વડીલો કે ગુરુજનોનું વચન પ્રમાણભૂત ગણાય છે, તેમ ધાર્મિક અને તાત્ત્વિક નિર્ણયોમાં આપ્તપુરુષનું વચન પ્રમાણભૂત ગણાય છે.

આપ્તપુરુષ એટલે વિશ્વસનીય પુરુષ, જેના વચનમાં પરસ્પર વિસંવાદ (Contradiction) ન હોય તેવી વ્યક્તિ. રાગદ્વેષનો સદંતર નાશ કર્યા વગર વચનમાં અવિસંવાદિપણું આવી શકતું નથી, માટે જૈન શાસ્ત્રો શ્રી જિન ભગવંત, અર્હદ્દેવ કે તીર્થંકર પરમાત્માને આપ્તપુરુષ માને છે અને તેમણે ધર્મ કે તત્ત્વવિષયક જે પ્રરૂપણાઓ કરી છે, તેને પ્રમાણભૂત લેખે છે.

વધારે સ્પષ્ટ કહીએ તો તેઓ સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાનાં કારણે સર્વ વસ્તુઓનું સાચું સ્વરૂપ જાણી-જોઈ શકે છે અને રાગદ્વેષથી સર્વથા રહિત હોઈને કોઈ પણ લોભે કે કોઈ પણ કારણે અન્યથા (અસત્ય) બોલતા નથી. વળી તેમનું અંતર પરમાર્થવૃત્તિથી પરિપૂર્ણ હોઈને જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન્યાયયુક્ત હોય, જે હિતકર હોય, જે કલ્યાણકારી હોય, તેનું જ તેઓ પ્રતિપાદન કરે છે. આ સંયોગોમાં તેમણે જે કંઈ કહ્યું હોય, પ્રરૂપ્યું હોય, તે આપણા માટે છેલ્લો શબ્દ જ સમજવો જોઈએ.

વર્તમાન વ્યવહારની પરિભાષામાં કહીએ તો નીચલી કોર્ટના ફેંસલાને અવગણી શકાય છે, હાઈકોર્ટના ફેંસલાને પણ અવગણી શકાય છે, પરંતુ સુપ્રીમ કોર્ટના ફેંસલાને અવગણી શકાતો નથી. તેમ ધર્મ અને તત્ત્વવિષયક બાબતોમાં શ્રી તીર્થંકર ભગવાનનું વચન છેલ્લા ફેંસલારૂપ હોઈને તેને અવગણી શકાતું નથી.* જેઓ તીર્થંકર પરમાત્માના વચનને અવગણે છે, એટલે કે તેની સત્યતા બાબત શંકા ધરાવે છે, તેઓને સમ્યક્ત્વની-સમ્યગ્દર્શનની સ્પર્શના થતી નથી; અથવા થઈ હોય તો પણ ચાલી જાય છે અને તેથી તેઓ મોક્ષના અધિકારી રહી શકતા નથી. જૈન શાસ્ત્રોમાં સ્પષ્ટ કહ્યું છે કે—

नादंसणिस्स नाणं, नाणेण विना न हुंति चरणगुणा ।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ॥

'જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી, તેને સમ્યગ્-જ્ઞાન પ્રાપ્ત થતું નથી, જેને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થયું નથી

* ભલે સુપ્રિમ કોર્ટનો ચૂકાદો અવગણી શકાતો નથી, છતાં તે સત્ય જ હોય છે તેમ નથી. તે કોઈ નિર્દોષને પણ મારનાર ને તેથી અસત્ય પણ હોઈ શકે છે, જ્યારે જિનેશ્વરદેવનું વચન તો કદિ પણ અસત્ય હોઈ શકતું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેને ચારિત્રના ગુણો પ્રકટતા નથી; જેને ચારિત્રના ગુણો પ્રકટતા નથી, તે કર્મબંધનમાંથી મુક્ત થતા નથી; અને જેઓ કર્મબંધનમાંથી મુક્ત થતા નથી, તેઓ નિર્વાણ પામી શકતા નથી.' તાત્પર્ય કે મોક્ષમાર્ગની સાધનામાં સમ્યકત્વ કે સમ્યગ્દર્શન પહેલું જોઈએ. તે સિવાય એ સાધના સફલ થઈ શકતી નથી.

અહીં અમને શાસ્ત્રકાર ભગવંતોનાં નિમ્ન વચનો યાદ આવે છે :

जिणवयणे अणुरत्ता, जिणवयणं जे करेंति भावेणं ।
अमला असंकलिट्ठा, ते हुंति परित्तसंसारा ।।

'જે આત્માઓ જિનવચનમાં અનુરક્ત છે-શ્રદ્ધાવંત છે અને જિનવચનમાં પ્રરૂપાયેલાં ધર્માનુષ્ઠાનો ભાવપૂર્વક કરે છે, તે મલરહિત અને સંક્લેશરહિત એવા મર્યાદિત સંસારવાળા બને છે.' તાત્પર્ય કે જિનવચનમાં પરમ શ્રદ્ધાન્વિત થવું, એ મુમુક્ષુ આત્માઓનું મુખ્ય કર્તવ્ય છે.

આપ્તપુરુષના વચનને આગમ કહેવામાં આવે છે, કારણકે તેનાથી વસ્તુનો સ્ફુટ બોધ થાય છે. 'आगम्यते वस्तुतत्त्वमनेनेति आगमः ।'

આગમને અનુસરનારી ગણધર ભગવંત કે શ્રુતસ્થવિરોની જે શાસ્ત્રરચના તે પણ ઉપચારથી આગમ જ કહેવાય છે. આવાં આગમો પીસ્તાલીશ છે. તેને સૂત્ર, સિદ્ધાંત, શ્રુત, જિનવાણી, જિનવચન, નિર્ગ્રંથ-પ્રવચન વગેરે નામે ઓળખવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલાક કહે છે કે 'જિનાગમો તો ચોરાશી સાંભળ્યાં છે[1] અને અહીં પીસ્તાલીશની વાત કેમ કરો છો ?' તેનો ઉત્તર એ છે કે 'એક કાળે જિનાગમો ચોરાશી હતાં, પણ કાળબળે તેમાંનાં ઓગણુચાલીશ આગમો લુપ્ત થયાં, એટલે અહીં પીસ્તાલીશની વાત કરી છે.'

કેટલાક કહે છે કે 'ખરાં જિનાગમો તો બત્રીશ જ છે, છતાં પીસ્તાલીશનો નિર્દેશ કેમ ?'

પરંતુ આ કથન અનુચિત છે, તે નીચેનાં વિવેચનથી સમજી શકાશે :

જેઓ શ્રી જિનશાસનની નીતિ, રીતિ અને પરંપરાથી પરિચિત છે, તેમને તો સ્વપ્ને પણ આવો કુત્સિત વિચાર આવે નહિ, આમ છતાં પંચમકાલના વિષમ યોગે, આગમ-રચના થયા બાદ સેંકડો વર્ષે, જૈનસંઘની એક વ્યક્તિને મૂર્તિપૂજાના વિરોધના કારણે, આવો વિચાર આવ્યો અને 'જૈસે કો તૈસા મિલે' એ ન્યાયે તેને કેટલાક એવા અનુ-યાયીઓ મળી ગયા કે જે આવું બોલવા તથા પ્રચારવા લાગ્યા. એક કવિએ કહ્યું છે કે—

प्रस्तुतं हेतुसंयुक्तं, शुद्धं साधुजनप्रियम् ।
यो वक्तुं नैव जानाति, स जिह्वां किं न रक्षति ? ॥

"જે પુરુષ વિષયને અનુરૂપ, હેતુસહિત, શુદ્ધ અને મહાજનોને પ્રિય લાગે એવું બોલવાનું જાણતો નથી, તે

---

૧. નંદીસૂત્રમાં ૮૪ આગમોનો ઉલ્લેખ આવે છે. તેમાં ૩૪ સૂત્રો અને ૫૦ પ્રકીર્ણક પયન્ના મળી ૮૪ આગમો ગણાવેલાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાની જીભને કાબૂમાં કેમ રાખતો નથી ?' અર્થાત્ આવા પુરુષોએ મૌન સેવવું જ ઉચિત છે.

અમે તો એમ કહીએ છીએ કે જે આત્માઓ ભવભીરુ છે, તેમણે તટસ્થ ભાવે સમગ્ર વસ્તુસ્થિતિનો વિચાર કરવો જોઈએ અને પછી જ અભિપ્રાય ઉચ્ચારવો જોઈએ. તેમાં યે દેવ, ગુરુ તથા શાસ્ત્ર જેવા પવિત્ર વિષયનો અવર્ણવાદ થતો હોય તો પોતાનો અભિપ્રાય પ્રકટ કરતાં પહેલાં સો વાર વિચાર કરવો જોઈએ.

જો પીસ્તાલીશ આગમમાં બત્રીશ ખરાં છે અને તેર ખોટાં છે, એમ કહીએ તો બત્રીશની પ્રામાણિકતા વિષે પણ સંશય ઊભો થાય છે અને એ રીતે બધું આગમ-સાહિત્ય અપ્રામાણિક છે, એમ માનવાનો પ્રસંગ આવી પડે છે, જે બત્રીશની માન્યતાવાળાને પણ ઇષ્ટ નથી. તાત્પર્ય કે પીસ્તાલીશ આગમો ગણધર આદિ મહાપુરુષોએ રચેલાં હોઈ બધાં જ એક સરખા પ્રામાણિક છે, એટલે તેમાંનાં કોઈની પણ સત્યતા બાબત શંકા ઉઠાવવા જેવું નથી.

આ માન્યતાવાળાઓ તરફથી એવો પણ પ્રચાર થાય છે કે 'મૂલસૂત્રો પર રચાયેલ નિર્યુક્તિઓ, ચૂર્ણિઓ, ભાષ્યો તથા ટીકાઓમાં ઘણું કલ્પિત આવી ગયેલું છે, માટે તે માનવા યોગ્ય નથી' પરંતુ આ તો 'પાડાના વાંકે પખાલીને ડામ' દેવા જેવી વિચિત્ર નીતિ છે. ઉક્ત સાહિત્યમાં મૂર્તિ-પૂજાનાં વર્ણનો આવે છે અને તે આ મહાશયોને ઇષ્ટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી, એટલે તેઓ સમગ્ર સાહિત્યને કલ્પિત જાહેર કરી રહ્યા છે.

મૂલસૂત્રો પર નિર્યુક્તિઓ વગેરે રચનારા કોઈ સામાન્ય કોટિના પુરુષો ન હતા. તેઓ જૈન શ્રુતના પારગામી અને ઉચ્ચ-પદસ્થ મહાત્માઓ હતા. વળી ભવભીરુતા તેમની રગેરગમાં વ્યાપેલી હતી. તેમને કોઈ પણ પ્રકારનું અસત્ય બોલવાનો ત્યાગ હતો. તેઓ દૃઢતાપૂર્વક એમ માનતા હતા કે સત્યની આજ્ઞામાં સ્થિર થયેલ આત્મા જ મૃત્યુને તરી જાય છે. આવા મહાપુરુષો કંઈ કલ્પિત એટલે અસત્ય બોલે કે લખે ખરા? જેને આ જગતમાં કંચન કે કામિનીનો લોભ છે અથવા સત્તાની લોલુપતા છે કે કીર્તિની કામના છે, તે કંઈ પણ અસત્ય બોલવા કે લખવા તત્પર થાય, પણ જે કંચન-કામિનીના ત્યાગી છે, જેને કોઈ પણ પ્રકારની સત્તાની લોલુપતા નથી કે કીર્તિની કામના નથી, તે કંઈ પણ અસત્ય બોલે કે લખે શા માટે?

અહીં એ પણ સ્પષ્ટ કરી દઈએ કે મૂલસૂત્રોના અર્થને વિશેષ સ્ફુટ કરવા માટે તથા તેની આનુષંગિક બાબતો પર વધુ પ્રકાશ પાડવા માટે ઉક્ત મહાપુરુષોએ જે કંઈ લખ્યું, તે તેમને સુવિહિત ગુરુઓની પરંપરા દ્વારા પ્રાપ્ત થયેલું હતું. વિશેષ વિચારવાનું એ પણ છે કે જૈન સંઘ એક પણ સૂત્રની વિકૃત પ્રરૂપણાને સાંખી લેતો ન હતો, અને ખુદ ભગવાન મહાવીરે પોતાના જમાઈ જમાલિને ઉત્સૂત્ર બોલતાં સંઘ બહાર કરવાની અનુજ્ઞા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપી હતી, તે કલ્પિત વસ્તુઓનો સ્વીકાર શી રીતે કરે? તાત્પર્ય કે એ નિર્યુક્તિઓ વગેરે સંઘમાન્ય હતી, એ જ એની પ્રામાણિકતાનો પ્રબલ પુરાવો છે.

હજી પણ થોડું વધારે. મૂલસૂત્રોનું રહસ્ય સમજવા માટે આ ટીકા-સાહિત્ય ઘણું ઉપયોગી છે. અન્ય શબ્દોમાં કહીએ તો આ સાહિત્યને દૂર રાખવાથી મૂલસૂત્રોનો ખરો અર્થ-પ્રકાશ લાધે તેમ નથી. જેમણે આ સાહિત્યને દૂર રાખીને મૂલસૂત્રોનો અર્થ પ્રકાશવા પ્રયત્ન-પ્રયાસ કર્યો, તે એને ન્યાય આપી શક્યા નથી, એટલું જ નહિ પણ અનેક બાબતમાં છબરડા વાળીને વિદ્વજ્જનોની હાંસીને પાત્ર બન્યા છે. તાત્પર્ય કે નિર્યુક્તિઓ વગેરે ટીકા-સાહિત્ય પણ આગમ-સાહિત્ય જેટલું જ પ્રામાણિક છે, એટલે તેના પ્રત્યે અશ્રદ્ધા કે ઉપેક્ષા કરી શકાય નહિ.

પીસ્તાલીશ આગમોનાં નામ આ પ્રમાણે સમજવાં :

**૧૧ અંગો** : (૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪) સમવાયાંગ, (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (શ્રી ભગવતી સૂત્ર), (૬) જ્ઞાતાધર્મકથાંગ, (૭) ઉપાસકદશાંગ, (૮) અંતકૃતદશાંગ, (૯) અનુત્તરૌપપાતિક, (૧૦) પ્રશ્નવ્યાકરણ અને (૧૧) વિપાકસૂત્ર.

બાર અંગોમાંથી દૃષ્ટિવાદ નામનું એક અંગ લુપ્ત થતાં ૧૧ અંગો રહેલાં છે. દૃષ્ટિવાદ ઘણું મોટું હતું અને તેમાં અનેક વિદ્યા-કલાનો સંગ્રહ હતો. ચૌદ પૂર્વ એ તેનો જ એક મહત્ત્વનો ભાગ હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૨ ઉપાંગો : (૧) ઔપપાતિક, (૨) રાજપ્રશ્નીય, (૩) જીવાભિગમ, (૪) પ્રજ્ઞાપના, (૫) સૂર્યપ્રજ્ઞપ્તિ, (૬) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, (૭) ચંદ્રપ્રજ્ઞપ્તિ, (૮) કલ્પિકા, (૯) કલ્પાવતંસિકા, (૧૦) પુષ્પિકા, (૧૧) પુષ્પચૂલિકા અને (૧૨) વૃષ્ણિદશા.

આમાં ૮ થી ૧૨ સુધીનાં સૂત્રો 'નિરયાવલી સુત્રો'નાં નામે ઓળખાય છે.

૪ મૂલસૂત્રો : (૧) આવશ્યક, (૨) દશવૈકાલિક, (૩) ઉત્તરાધ્યયન અને (૪) પિંડનિર્યુક્તિ કે ઓઘનિર્યુક્તિ.

સર્વ સાધુઓને મૂળમાં એટલે સહુથી પહેલાં પઠન કરવા યોગ્ય હોઈ આ ચાર મૂલસૂત્રો કહેવાય છે.

૨ સૂત્રો : (૧) નંદીસૂત્ર અને (૨) અનુયોગદ્વારસૂત્ર.

૬ છેદસૂત્રો : (૧) નિશીથ, (૨) બૃહત્કલ્પ, (૩) વ્યવહાર, (૪) દશાશ્રુતસ્કંધ, (૫) પંચકલ્પ અને (૬) મહાનિશીથ.

૧૦ પ્રકીર્ણક (પયન્ના) : (૧) ચતુઃશરણ, (૨) આતુરપ્રત્યાખ્યાન, (૩) ભક્તપરિજ્ઞા, (૪) સંસ્તારક, (૫) તંદુલવૈચારિક, (૬) ચંદ્રવેધ્યક, (૭) દેવેન્દ્રસ્તવ, (૮) ગણિવિદ્યા, (૯) મહાપ્રત્યાખ્યાન અને (૧૦) વીરસ્તવ.

આ દશ પ્રકીર્ણકોમાં કોઈ દેવેન્દ્રસ્તવ અને વીરસ્તવને જોડકાં મૂકે છે અને સંસ્તારકને ગણતા નથી; તેના બદલે મરણસમાધિ અને ગચ્છાચારની ગણના કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન શ્રમણોની પરિચર્યા શ્રુત અને સંયમની આરાધના પર કેન્દ્રિત થયેલી હતી, એટલે તેઓ ઉપાધ્યાય પાસે સૂત્રની અને આચાર્ય પાસે અર્થની વાચના લેતા, તેને લગતા પ્રશ્નો પૂછતા, તેનું નિયમિત પરાવર્તન કરતા અને તેનું સૂક્ષ્મ ચિંતન પણ કરતા કે જેને જૈન પરિભાષામાં 'અનુપ્રેક્ષા' કહેવામાં આવે છે.

આ પ્રકારનો શ્રુતાભ્યાસ થયા પછી તેઓ મુમુક્ષુઓ સાથે ધર્મસંબંધી વાર્તાલાપ કરતા કે ધર્મસંબંધી ઉપદેશ આપતા. અથવા તો શ્રુતાનુસારી કેટલુંક સાહિત્ય રચીને તેનું અધ્યયન કરાવતા. આ રીતે જૈન શ્રમણોએ રચેલું સાહિત્ય ઘણું વિશાળ છે અને તે માત્ર ભારતીય સંસ્કૃતિનો જ નહિ, પણ સમસ્ત માનવસંસ્કૃતિનો મહાન વારસો છે. તે સંબંધમાં ડૉ. ભગવાનલાલ ઈન્દ્રજી, ડૉ. ભાઉ દાજી, ડૉ. ભાંડારકર, ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણ આદિ ભારતીય વિદ્વાનોએ ઘણો ઊંચો મત પ્રદર્શિત કરેલો છે અને ડૉ. હર્મન યાકોબી, લૉયમાન, કલાટ, બુહ્લર, હોર્નલે, વિન્ડશ, રાઈસ, હુલ્સે, કીલ્હોર્ન, પીટર્સન, ફર્ગ્યુસન, બર્જેસ, શુબ્રિંગ, હર્ટલ, ગેરિનો, એલ. પી. ટેસીટોરી વગેરે વિદેશી વિદ્વાનોએ પણ મુક્ત કંઠે વખાણ કરેલાં છે.

જે શ્રમણ, સૂત્ર અને અર્થના સારા અભ્યાસી હોય તેને ગીતાર્થ કહેવાય છે. આવા ગીતાર્થ શ્રમણોએ-મુનિવરોએ શાસ્ત્રના એક દેશથી સંબદ્ધ એવી જે કૃતિઓ અલ્પ બોધવાળાને વિશેષ બોધ પમાડવા માટે રચી, તે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકરણગ્રન્થો કે પ્રકરણોની સંજ્ઞા પામી છે. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે લોકપ્રકાશમાં કહ્યું છે કે–

सृष्टान्यज्ञोपकाराय, तेभ्योऽप्यर्वाक्तनर्षिभिः ।
शास्त्रैकदेशसंबद्धान्येवं प्रकरणान्यपि ॥

—દ્રવ્યલોક, ગાથા ૭૯૯.

"તેમના કરતાં (અનંગપ્રવિષ્ટ શ્રુતના રચયિતાઓ કરતાં) વધારે સાંપ્રત ઋષિઓએ અજ્ઞજનોના ઉપકાર માટે શાસ્ત્રના એકદેશથી સંબંદ્ધ થયેલાં પ્રકરણો પણ રચ્યાં."

અહીં એટલું સ્પષ્ટ કરવાની આવશ્યકતા છે કે જિનાગમોમાં કહેવાયેલા એક એક વિષય અને એક એક વચન પર પ્રકરણો રચાયેલાં છે અને તેણે જૈન શ્રુતની ભવ્યતા તથા ઉપકારિતા પર ઘણો પ્રકાશ પાડેલો છે. શ્રી ઉમાસ્વાતિ મહારાજે ૫૦૦ પ્રકરણો રચ્યાં, શ્રી હરિભદ્રસૂરિએ ૧૪૪૪ પ્રકરણોની રચના કરી, બીજા પણ અનેક મહાપુરુષો પ્રકરણોની રચના કરતા જ રહ્યા, એટલે તેની સંખ્યા ઘણી મોટી હોય, એમાં આશ્ચર્ય શું ?

પરંતુ 'સર્જન ત્યાં વિનાશ' એ ન્યાયે તેમાંનાં ઘણાં પ્રકરણો નામશેષ થયાં છે અને આજે તો અમુક ભાગ જ અવશિષ્ટ રહ્યો છે. આમ છતાં જૈનધર્મનો મર્મ સમજવવા માટે તે ઘણો ઉપયોગી છે. આવા પ્રકરણોમાં તત્ત્વાર્થાધિગમસૂત્ર, નવતત્ત્વપ્રકરણ, દંડક, લઘુસંગ્રહણી, ક્ષેત્રસમાસ, છ કર્મગ્રંથ, ત્રણ ભાષ્ય અને જીવ-વિચારની મુખ્યતા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## જીવવિષયક કેટલાંક પ્રકરણોની યાદી

જિનાગમોમાં અનેક સ્થળે જીવનું વર્ણન આવે છે. જીવાભિગમ અને પ્રજ્ઞાપનાસૂત્રમાં તેનું વિસ્તારથી વર્ણન છે, ઉત્તરાધ્યયન સૂત્રનું છત્રીશમું અધ્યયન જીવના સ્વરૂપ તથા ભેદાનુભેદનું ક્રમબદ્ધ વર્ણન આપે છે તથા દશવૈકાલિક સૂત્રનું ચોથું અધ્યયન ષડ્જીવનિકા પણ જીવના સ્વરૂપનો સંક્ષિપ્તમાં બોધ કરાવે છે.

આ સાહિત્યના આધારે ગીતાર્થ મુનિવરોએ જીવ-વિષયક અનેક પ્રકારણો રચેલાં છે, તેમાંથી ઉપલબ્ધ પ્રકરણોની યાદી નીચે મુજબ છે:

(૧) જીવ-વિચાર-પ્રકરણ
(૨) જીવ-વિચાર-સ્તવ
(૩) જીવાજીવ-વિભક્તિ-પ્રકરણ.
(૪) જીવ-સંખ્યા-કુલક
(૫) જીવ-સંબોધ
(૬) જીવ-સમાસ-સૂત્ર
(૭) જીવ-સિદ્ધિ
(૮) જીવ-સ્થાપના-કુલક
(૯) જીવ-સ્વરૂપ-ચતુર્વિંશિકા
(૧૦) જીવાજીવ-વિચાર-વિવરણ
(૧૧) જીવાજીવ-વિભૂતિ
(૧૨) જીવાનુશાસન


જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૩) જીવાનુશાસન–સન્ધિ
(૧૪) જીવાનુશિષ્ટ–કુલક
(૧૫) જીવાનુસિદ્ધિ
(૧૬) જીવાભિગમ–સંગ્રહણી

આમાંની કેટલીક કૃતિઓ પ્રકટ થઈ છે અને કેટલીક કૃતિઓ હજી અપ્રકટ છે. તેની મૂલ કૃતિઓ કયા ભંડારમાં સુરક્ષિત છે, તે પૂનાના ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટે બહાર પાડેલા 'જિનરત્નકોષ–ભાગ પહેલા'માં જોઈ શકાય છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ત્રીજું

# દ્રવ્યાનુયોગની મહત્તા

જૈન સાઈટ
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

આગમ-સાહિત્ય તથા પ્રકરણ-ગ્રન્થોમાં દ્રવ્યનો અનુયોગ છે, ગણિતનો અનુયોગ છે, ધર્મકથાનો અનુયોગ છે અને ચરણ-કરણનો પણ અનુયોગ છે. અન્ય શબ્દોમાં કહીએ તો તેમાં ષડ્દ્રવ્યનું વિવેચન છે, ખગોળ તથા ભૂગોળને લગતા ગણિતનું નિરૂપણ છે, ધર્મનો બોધ કરાવે તેવી સરસ કથાઓ છે, ચારિત્રનું ઉત્તમ પ્રકારે નિર્માણ કરવાનો ઉપદેશ છે અને વિવિધ ધર્માનુષ્ઠાનો અંગે ઉપયોગી માર્ગદર્શન છે.

અનુયોગ એટલે સૂત્રના અર્થની વ્યાખ્યા કે સૂત્રના અર્થનું વિવેચન. 'અનુયોગ-દ્વાર-સૂત્ર' એ નામમાં અનુયોગનો અર્થ વ્યાખ્યા છે અને શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજે પણ અભિધાન-ચિન્તામણિ-કોષના દેવાધિદેવ-કાંડમાં 'अनुयोगकृत् उपाध्यायः' એ પદની વૃત્તિમાં અનુયોગનો અર્થ વ્યાખ્યા કરેલો છે.

દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચરણ-કરણાનુયોગમાં વધારે મહત્તા દ્રવ્યાનુયોગની છે, કારણ કે ષડ્દ્રવ્યનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના આત્મવાદ, કર્મવાદ, પુરુષાર્થવાદ તથા મોક્ષવાદમાં પ્રવેશ થઈ શકતો નથી. જીવનું લક્ષણ, જીવના ભેદો વગેરે પણ દ્રવ્યાનુ-યોગને જ આધીન છે.

વર્તમાન યુગના એક સમર્થ ચિંતક કહે છે કે 'આત્માનું વિશિષ્ટ કલ્યાણ સાધવાનું સમર્થ સાધન કોઈ હોય તો તે દ્રવ્યાનુયોગની વિચારણા છે. જ્યાં સુધી આત્માએ એ વિચારણા કરી નથી, અથવા કરી છે તો સ્થિર થઈ નથી, ત્યાં સુધી ચારિત્રની આરાધના વિશિષ્ટ ફલ આપી શકતી નથી. ચરણ-કરણ એટલે ચારિત્રની આરાધના. તેનું વિશિષ્ટ ફલ કેવલજ્ઞાન છે. તે પ્રાપ્ત કરવા માટે શુક્લ ધ્યાન જોઈએ. શુક્લ ધ્યાન ધ્યાતો આત્મા દ્રવ્યાનુયોગની વિચારણા કરે. જેને દ્રવ્યાનુયોગની વિચારણા ન હોય, તે આત્મા શુક્લ ધ્યાન માટે સમર્થ બની શકે નહિ.'[1]

ન્યાયવિશારદ-ન્યાયાચાર્ય-મહોપાધ્યાય શ્રી યશો-વિજયજી મહારાજે દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસમાં કહ્યું છે કે-

શુદ્ધ આહારાદિક તનુયોગ,
મોટો કહીએ દ્રવ્ય-અનુયોગ.

'શુદ્ધ આહાર-પાણી વાપરવા, વિધિ પૂર્વક નિયમિત

---

૧. દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસ પર પં. શ્રી (વર્તમાનમાં આચાર્ય શ્રી) ધુરન્ધરવિજયજી મહારાજનું વિવેચન પૃષ્ઠ ૧-૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્રિયાઓ કરવી, વિવિધ તપશ્ચર્યામાં પ્રવૃત્ત થવું એ ચારિત્ર-યોગ છે, પણ તે દ્રવ્યાનુયોગની વિચારણાને તોલે આવી શકે નહિ. તાત્પર્ય કે એ યોગ નાનો છે અને આ યોગ મોટો છે.'

ન્યાયના પ્રકાણ્ડ વિદ્વાન શ્રી સિદ્ધસેન દિવાકરે તો ત્યાં સુધી કહ્યું છે કે "ચરણ–કરણમાં ઘણા આગળ વધેલા હોય, પણ જેઓ સ્વસમય અને પરસમય જાણતા નથી, એટલે કે દ્રવ્યાનુયોગમાં નિષ્ણાત નથી, તેઓ નિશ્ચય શુદ્ધ ચારિત્રનો સાર જાણતા નથી.'

અન્ય મહાપુરુષોએ પણ દ્રવ્યાનુયોગનું મહત્ત્વ ખૂબ જ આંક્યું છે, એટલે મુમુક્ષુઓએ દ્રવ્યાનુયોગની વિચારણામાં પ્રવૃત્ત થવું આવશ્યક છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

જેને આપણે વિશ્વ, જગત્ કે દુનિયા કહીએ છીએ, તેના બે વિભાગ છે : એક લોક અને બીજો અલોક. તેમાં લોક જીવ અને અજીવથી વ્યાપ્ત છે, જ્યારે અલોકમાં માત્ર આકાશ સિવાય બીજું કંઈ નથી. આનો અર્થ એમ સમજવાનો કે સર્વત્ર આકાશ ફેલાયેલું છે, તેના એક ભાગમાં લોક આવેલો છે અને તેમાં ચેતન તથા જડ પદાર્થો રહેલા છે.

ચેતન તથા જડ પદાર્થોનું વર્ગીકરણ કરીએ તો ષડ્દ્રવ્ય—છ પ્રકારનાં દ્રવ્યો પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે :

(૧) જીવ ( Soul or Consciousness )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) ધર્મ ( Medium of motion )
(૩) અધર્મ ( Medium of rest )
(૪) આકાશ ( Space )
(૫) કાલ ( Time )
(૬) પુદ્‌ગલ ( Matter )

આમાં કાલ સિવાયનાં બાકીનાં પાંચ દ્રવ્યોને અસ્તિ-કાય કહેવામાં આવે છે, કારણ કે તેમાં પ્રદેશોનો સમૂહ હોય છે. કાલમાં પ્રદેશોનો સમૂહ હોતો નથી.

ધર્મ, અધર્મ અને આકાશ એક એક છે અને કાલ, પુદ્‌ગલ તથા જીવ આ ત્રણ દ્રવ્યો અનંત છે. કાલ સિવાયનાં પાંચે ય દ્રવ્ય ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે, અર્થાત્ તે કોઈનાં ઉત્પન્ન કરેલાં નથી કે તેનો કદી પણ નાશ થવાનો નથી. અલબત્ત, તેના પર્યાયોમાં—તેની અવસ્થાઓમાં અવશ્ય પરિવર્તન થતું રહે છે. અન્ય શબ્દોમાં કહીએ તો આ દ્રવ્યો મૂળમાં સનાતન હોવા છતાં અવસ્થાવિશેષથી પરિવર્તનશીલ છે.

વિશેષમાં આ દ્રવ્યો સમાન અવગાહમાં સાથે રહી શકે એવાં છે અને વ્યવસ્થિત હોવાનાં કારણે તેની સંખ્યામાં કદી વધારો કે ઘટાડો થતો નથી.

જીવદ્રવ્યનું મુખ્ય લક્ષણ ચેતના છે. તે સંબંધી વિસ્તૃત વિવેચન હવે પછીના પ્રકરણમાં આવશે.

ધર્મદ્રવ્યનું મુખ્ય લક્ષણ ગતિસહાયકતા છે, એટલે

જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે સ્વભાવાનુસાર સ્વયં ગતિ કરી રહેલા ચેતન અને જડ પદાર્થોને ગતિમાન થવામાં તે સહાય કરે છે. અહીં સ્વાભાવિક જ એવો પ્રશ્ન થવા સંભવ છે કે, 'જ્યારે એક દ્રવ્ય સ્વભાવથી ગતિશીલ છે, તો અન્ય દ્રવ્યની સહાયતાની આવશ્યકતા શી?' તેનું સમાધાન એ છે કે માછલીમાં તરવાની સ્વાભાવિક શક્તિ છે, છતાં જલ વિના તે તરી શકતી નથી, તેમ ચેતન અને જડ પદાર્થોમાં સ્વયં ગતિ કરવાની શક્તિ છે, પણ તેઓ ધર્માસ્તિકાયની સહાય વિના ગતિ કરી શકતા નથી. આધુનિક વૈજ્ઞાનિકોએ પણ આ વાતનો સ્વીકાર કર્યો છે કે કોઈ પણ પદાર્થ આકાશમાં ગતિ કરે છે, તે ઈથર નામના એક અદૃશ્ય પદાર્થના આધારે કરે છે. ઈથરના સ્વરૂપ બાબત વૈજ્ઞાનિકોમાં મતભેદ પ્રવર્તે છે, પણ ધીમે ધીમે તેઓ ધર્માસ્તિકાયની નજીક આવી રહ્યા છે, એમાં કોઈ શંકા નથી.+

અધર્મદ્રવ્યનું મુખ્ય લક્ષણ સ્થિતિસહાયકતા છે, એટલે કે સ્વભાવાનુસાર સ્થિતિ–સ્થિરતા કરી રહેલા ચેતન અને જડ પદાર્થોને સ્થિર થવામાં તે સહાય કરે છે. અહીં પણ ઉપર જેવો પ્રશ્ન થવાનો કે જ્યારે પદાર્થો પોતાના

---

+ ધર્માસ્તિકાય વગેરે પદાર્થો કેવળજ્ઞાન સિવાય જાણી શકાય એવા નથી. છદ્મસ્થનું જ્ઞાન–વિજ્ઞાન તેને જાણી ન જ શકે. માત્ર આગમ–આણભાવો બુદ્ધિઆણ થઈ શકતા જ નથી, એટલે વિજ્ઞાનની કલ્પનામાં આવતો ઈથર પદાર્થ ધર્માસ્તિકાય સાથે સંબંધ ધરાવે છે, એમ માનવાની જરૂર નથી, પણ આ ચરાચર સૃષ્ટિનું સંચાલન કોઈ એવા પદાર્થને આધારે છે, એ હકીકત ધર્માસ્તિકાયની પોષક છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વભાવાનુસાર સ્થિતિ-સ્થિરતા કરે છે, ત્યારે તેને સ્થિર થવામાં સહાયની અપેક્ષા શી ?' તેનું સમાધાન એ છે કે મનુષ્યમાં સ્થિર થવાનો સ્વભાવ હોવા છતાં જેમ શય્યા, આસન વગેરે તેમાં સહાયભૂત થાય છે, તેમ અહીં પણ સમજવું.

આ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય લોકના એક છેડાથી બીજા છેડા સુધી વ્યાપેલા છે, એટલે ચેતન અને જડ પદાર્થોની ગતિ-સ્થિતિ લોકના એક છેડાથી બીજા છેડા સુધી થાય છે, પણ તેથી બહાર થતી નથી.

આકાશદ્રવ્યનું મુખ્ય લક્ષણ અવકાશ છે, એટલે કે તે બધાં દ્રવ્યોને પોતાની અંદર રહેવાનું સ્થાન આપે છે.

કાલદ્રવ્યનું મુખ્ય લક્ષણ વર્તના છે, એટલે કે તેનાથી દરેક દ્રવ્યની વર્તના-વિદ્યમાનતા જાણી શકાય છે. આ પદાર્થ હતો, આ પદાર્થ છે, આ પદાર્થ હશે, વગેરે જ્ઞાન કાલ સિવાય થઈ શકતું નથી. અહીં એ પણ સમજી લેવું આવશ્યક છે કે કોઈ પણ ક્રિયા કે પરિવર્તન થવામાં કાલ એ મુખ્ય કારણ છે. અન્ય શબ્દોમાં કહીએ તો કાલની સહાય વિના કોઈ પણ ક્રિયા કે કોઈ પણ પ્રકારનું પરિવર્તન થઈ શકતું નથી. ગર્ભમાંથી બાળક થવામાં, બાળકથી યુવાન થવામાં અને યુવાનથી વૃદ્ધ થવામાં કાલની આવશ્યકતા રહે છે, તેજ રીતે સ્વાધ્યાયાદિ કોઈ પ્રવૃત્તિ કરવી હોય તો તે પણ કાલને આધીન જ થાય છે.

કાલ એ અરૂપી અદૃશ્ય દ્રવ્ય છે, એટલે તે પકડી શકાતું

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી, પણ સંકેતના આધારે તેનું પરિમાણ કાઢી શકાય છે. જૈન શાસ્ત્રોમાં આ પરિમાણ નીચે મુજબ બતાવ્યું છે.

| | |
|---|---|
| કાલનો નિર્વિભાજ્ય ભાગ | = સમય |
| અસંખ્ય સમય | = આવલિકા |
| સંખ્યાત આવલિકા | = શ્વાસ |
| બે શ્વાસ | = પ્રાણ |
| સાત પ્રાણ | = સ્તોક |
| સાત સ્તોક | = લવ |
| સીત્તોત્તેર લવ | = મુહૂર્ત |
| ત્રીશ મુહૂર્ત | = અહોરાત્ર (દિવસ અને રાત્રિ) |
| પંદર અહોરાત્ર | = પક્ષ |
| બે પક્ષ | = માસ |
| બે માસ | = ઋતુ |
| ત્રણ ઋતુ | = અયન |
| બે અયન | = વર્ષ |
| પાંચ વર્ષ | = યુગ |
| વીશ યુગ | = શતાબ્દી |
| દશ શતાબ્દી | = સહસ્રાબ્દી |
| ચોરાશી સો સહસ્રાબ્દી | = પૂર્વાંગ |
| ચોરાશી લાખ પૂર્વાંગ | = પૂર્વ |

આનાથી પણ વધારે બીજાં પરિમાણો બતાવેલાં છે, જેમાં શીર્ષ પ્રહેલિકાનું પરિમાણ ૧૯૪ અંક જેટલાં વર્ષોનું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેની આગળ અસંખ્યાતની ગણના થાય છે, તેમાં પલ્યોપમ, સાગરોપમની મુખ્યતા છે. આનો અધિકાર આ જ ગ્રંથમાં આગળ ઉપર આવશે.

તેનાથી આગળ અનંતની ગણના થાય છે, તેમાં પુદ્ગલપરાવર્તની સંજ્ઞા આવે છે. અનંતની ગણનામાં અનંતાનંત એ છેવટની કક્ષા છે.

પુદ્ગલનું મુખ્ય લક્ષણ વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ છે. આ જગતમાં આપણી નજરે જે કોઈ પદાર્થો પડે છે, તે આ પુદ્ગલની જ રચના છે. બાકીનાં દ્રવ્યો અરૂપી હોઈ દૃષ્ટિનો વિષય બની શકતાં નથી. શબ્દ (ધ્વનિ), અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ, એ પણ પુદ્ગલનાં જ પરિણામો છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

લોકના આકાર સંબંધી દ્રવ્યાનુયોગમાં જણાવેલું છે કે તે કેડે બંને હાથ રાખીને બે પગ પહોળા કરીને ટટ્ટાર ઊભેલા પુરુષ જેવો છે. તેમાં પગથી કેડ સુધીનો ભાગ તે 'અધોલોક' છે, નાભિસ્થાન તે 'તિર્યગ્ લોક' છે; અને તે ઉપરનો ભાગ તે 'ઊર્ધ્વલોક' છે.

તેની તમામ ઊંચાઈના ચૌદ સરખા ભાગ પાડવા, તે ચૌદ રાજ કહેવાય છે, અને તેવા ચૌદરાજવાળો જે લોક, તે ચૌદ રાજલોક કહેવાય છે. રાજનું માપ અસંખ્ય યોજનો છે.

ચૌદ રાજલોકમાં ગોઠવાયેલી વસ્તુનો ક્રમ નીચે મુજબ છે:

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૌથી ઉપર સિદ્ધશિલા, તેની નીચે પાંચ અનુત્તર વિમાનો, તેની નીચે નવ ગ્રૈવેયક, તેની નીચે બાર દેવલોક, તેની નીચે ચંદ્ર-સૂર્યાદિ જ્યોતિષચક્ર અને તેની નીચે મનુષ્યલોક. આટલાં સ્થાનો સાત રાજલોકમાં સમાયેલાં છે. તેની નીચે અનુક્રમે વાણવ્યંતર, વ્યંતર, અને ભવનપતિ દેવોનાં અને ઘમ્મા પૃથ્વીનાં પ્રતરો પરસ્પર એકબીજાને આંતરે છે અને તેની નીચે વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા અને માઘવતી નામના વિભાગો છે, જેમાં અનુક્રમે સાત નરકો સમાયેલાં છે. ઘમ્મામાં પહેલું નરક છે અને માઘવતીમાં સાતમું નરક છે.

દ્રવ્યાનુયોગનો આટલો સંક્ષિપ્ત ખ્યાલ મનમાં રહેવાથી આગળ પર જીવનું સ્વરૂપ સમજવામાં ઘણી અનુકૂળતા રહેશે.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ચોથું

# જીવનું સ્વતંત્ર અસ્તિત્વ

જિનાગમોમાં જીવનું સ્વતંત્ર અસ્તિત્વ માનવામાં આવ્યું છે, એ તેનું સહુથી મોટું પ્રમાણ છે અને તેથી શ્રદ્ધાસંપન્ન આત્માઓને જીવના સ્વતંત્ર અસ્તિત્વ વિષે કશી શંકા રહેતી નથી. આમ છતાં જેઓ તેને યુક્તિથી જાણવા ઇચ્છે છે, તેમને માટે જીવનાં લક્ષણો વગેરે બતાવવામાં આવ્યાં છે અને તે જીવના સ્વતંત્ર અસ્તિત્વનો નિર્ણય કરવામાં ઘણાં ઉપયોગી છે.

હરેક દ્રવ્ય પોતાનાં વિશિષ્ટ લક્ષણથી ઓળખાય છે, તેમ જીવદ્રવ્ય–જીવ પણ પોતાનાં વિશિષ્ટ લક્ષણથી ઓળખાય છે. જીવનું વિશિષ્ટ લક્ષણ ચેતના છે. કહ્યું છે કે 'चेतनालक्षणो जीवः ।' ચેતના, ચૈતન્ય, ચિત્‌શક્તિ એ બધા પર્યાયશબ્દો છે.

આનો અર્થ એમ સમજવાનો કે જ્યાં જ્યાં ચેતના, ચૈતન્ય કે ચૈતન્યવ્યાપાર જણાય, ત્યાં ત્યાં જીવ સમજવો. આપણામાં ચેતના જણાય છે, માટે આપણામાં જીવ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાયમાં ચેતના જણાય છે, માટે ગાયમાં જીવ છે. કબૂતરમાં ચેતના જણાય છે, માટે કબૂતરમાં જીવ છે. કીડીમાં ચેતના જણાય છે, માટે કીડીમાં જીવ છે. વનસ્પતિમાં ચેતના જણાય છે, માટે વનસ્પતિમાં જીવ છે.

જ્યાં ચેતના નથી, ત્યાં જીવ નથી. તાત્પર્ય કે તે અજીવ છે, જડ છે. ટેબલમાં ચેતના નથી, માટે તેમાં જીવ નથી; એ અજીવ છે, જડ છે. કાચના ટુકડામાં ચેતના નથી, માટે તેમાં જીવ નથી; એ અજીવ છે, જડ છે. લોખંડના સળિયામાં ચેતના નથી, માટે તેમાં જીવ નથી. એ અજીવ છે, જડ છે.

જૈન શાસ્ત્રોમાં એમ કહ્યું છે કે 'जीवो उवओग-लक्खणो-જીવ ઉપયોગ લક્ષણવાળો છે.' ઉપયોગ એટલે ચેતનાનું સ્ફુરણ, બોધવ્યાપાર કે જાણવાની પ્રવૃત્તિ. આ ઉપયોગ નિરાકાર અને સાકાર એમ બે પ્રકારનો હોય છે. તેમાં વસ્તુનો સામાન્ય કે અસ્ફુટ બોધ થવો, તેને નિરાકાર ઉપયોગ કહેવાય છે અને વિશેષ કે સ્ફુટ બોધ થવો, તેને સાકાર ઉપયોગ કહેવાય છે. આ બે પ્રકારના ઉપયોગને અનુક્રમે દર્શન તથા જ્ઞાન કહેવામાં આવે છે.

જે જાણે છે, તેને સુખ-દુઃખનું સંવેદન થાય છે; જે જાણતો નથી, તેને સુખ-દુઃખનું સંવેદન થતું નથી. મનુષ્યને થોડો તાપ લાગે તો દુઃખનું સંવેદન થાય છે, જ્યારે સગડીમાં હર વખત કોલસા સળગતા હોય છે અને અગ્નિ ભભૂકતો હોય છે, પણ તે કશું જાણતી નથી, એટલે

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેને દુઃખનું સંવેદન થતું નથી. આપણી જીભને કોઈ મીઠા પદાર્થનો સંસર્ગ થાય તો સુખનું સંવેદન થાય છે, પણ કડછી દૂધપાકના તપેલામાં ત્રણ કલાક રહે તો પણ તેને જરાય સુખનું સંવેદન થતું નથી, કારણ કે તે ઉપયોગ-વાળી નથી, કશું જાણતી નથી.

જૈન શાસ્ત્રોમાં જીવનાં લક્ષણો અન્ય પ્રકારે પણ બતાવ્યાં છે. જેમકે—

यः कर्ता कर्मभेदानां, भोक्ता कर्मफलस्य च ।
संसर्ता परिनिर्वाता, स ह्यात्मा नान्यलक्षणः ॥

"જે વિવિધ પ્રકારનાં કર્મોનો કર્તા છે અને એ કર્મનાં ફળોનો ભોક્તા છે, તથા જે સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે અને તેમાંથી મુક્ત થવાના સ્વભાવવાળો છે, તે જ આત્મા છે, જીવ છે. તેનું લક્ષણ બીજું નથી."

જૈનાં સાઈટ JAINSITE જૈનામ્ જયતિ શાસનમ્

થોડા વિવેચનથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે. જીવ અન્ય દ્રવ્યની જેમ અનાદિ-નિધન છે, એટલે કે તેની આદિ પણ નથી અને તેનું નિધન પણ નથી. જે દ્રવ્ય નિત્ય, શાશ્વત કે સનાતન હોય, તેની આદિ શી રીતે હોઈ શકે? જો તેની આદિ માનીએ તો તે પૂર્વે તેનું અસ્તિત્વ ન હતું, એમ સિદ્ધ થાય અને જો એવું સિદ્ધ થાય તો તેને નિત્ય, શાશ્વત કે સનાતન કહી શકાય નહિ.

આ જીવ મિથ્યાત્વ, મોહ વગેરે કારણે કર્મ ઉપાર્જે છે અને તેના બંધનમાં સપડાય છે. આ કર્મબંધનને લીધે તેને જુદી જુદી ગતિઓમાં જવું પડે છે અને તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુરૂપ શરીર ધારણ કરીને પૂર્વના કર્મોનું સારું કે ખોટું ફળ ભોગવવું પડે છે.

કેટલાક કહે છે કે 'અમને ફલાણાએ સુખી કર્યા અને ફલાણાએ દુ:ખી કર્યા.' આમ કહેવું ઉપચારથી ઠીક છે, પણ તાત્ત્વિક રીતે તો આત્મા જેવું કર્મબીજ રોપે છે, તેવું જ તેનું ફલ ભોગવે છે; એટલે આપણે સુખ–દુ:ખનો જે ઉપભોગ કરીએ છીએ, તે આપણી પોતાની જ પેદાશ છે, તે માટે બીજો કોઈ જવાબદાર નથી.

જીવ સત્પુરુષાર્થના યોગે કર્મનાં બંધન તોડી શકે છે અને તેમાંથી સર્વથા મુક્ત થઈ શકે છે. તાત્પર્ય કે બંધ અને મુક્તિ જીવની સંભવે છે, પણ અન્યની નહિ.

કેટલાક કહે છે કે 'જીવ તો દેખાતો નથી, એટલે ખરેખર તેનું સ્વતંત્ર અસ્તિત્વ છે કે કેમ? એ શંકાસ્પદ છે. વળી ચેતનાનો અનુભવ શરીર દ્વારા થાય છે, માટે ચેતનાને શરીરનું લક્ષણ માનો તો કેમ?' પરંતુ તેમનું આ કથન ઉચિત નથી. જો ચેતના શરીરનું લક્ષણ હોય તો તે સદા ચૈતન્યયુક્ત રહેવું જોઈએ, પણ મરણાવસ્થામાં તે ચૈતન્ય–રહિત બની જાય છે. વળી ચેતના શરીરનું લક્ષણ હોય તો મોટા શરીરવાળામાં વધારે ચેતના હોવી જોઇએ અને તેના લીધે તેનામાં જ્ઞાન પણ વધારે હોવું જોઈએ. તે જ રીતે નાના શરીરવાળામાં ઓછી ચેતના હોવી જોઈએ અને તેના લીધે તેનામાં જ્ઞાન પણ ઓછું હોવું જોઈએ; પરંતુ ઘણી વાર મોટા શરીરમાં ઓછું જ્ઞાન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને નાના શરીરમાં વધારે જ્ઞાન જોવામાં આવે છે. એક પહેલવાન અને સંત પુરુષની સરખામણી કરીએ તો આ વસ્તુ વધારે સ્ફુટ થાય છે. પહેલવાન કદ્દાવર શરીરનો હોવા છતાં તેનામાં જ્ઞાન ઓછું હોય છે અને સંતપુરુષ દુબળા-પાતળા હોવા છતાં તેમનામાં જ્ઞાન વધારે હોય છે. હાથી અને બળદની સરખામણીમાં મનુષ્ય એ નાનું પ્રાણી છે, છતાં તે બંને કરતાં વિશેષ જ્ઞાન ધરાવે છે, એટલે ચેતનાને શરીરનું લક્ષણ માની શકાય નહિ. એ તો જીવનનું જ લક્ષણ છે અને જીવમાં જ હોય છે.

જીવ અને શરીર જુદા છે, તેથી જ મૃત્યુ સમયે જીવ શરીરને છોડી જાય છે અને કર્મ અનુસાર નિયત થયેલી ગતિમાં ઉત્પન્ન થાય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જીવ અને શરીર જુદા છે, પણ એક નથી, એ વસ્તુની પ્રતીતિ કરાવનારું એક સુંદર કથાનક રાયપસેણીય સૂત્રમાં આપેલું છે. તે પાઠકોની જાણ માટે અહીં રજૂ કરવામાં આવે છે.

## પ્રદેશી રાજાનું કથાનક

શ્વેતમ્બિકા નગરીના રાજાનો પરમ વિશ્વાસુ મિત્ર ચિત્ર નામનો સારથિ એક વાર કામપ્રસંગે શ્રાવસ્તી નગરીમાં આવ્યો. ત્યાં શ્રમણ કેશિકુમારનો ઉપદેશ સાંભળી પ્રતિબોધ પામ્યો અને તેણે શ્રાવકનાં સમ્યક્ત્વમૂળ બાર વ્રતો ધારણ કર્યાં. પછી તેણે આચાર્યશ્રીને વિનંતિ કરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે 'હે ભગવન્ ! શ્વેતમ્બિકા નગરી પ્રાસાદિક છે, દર્શનીય છે અને રમણીય છે, માટે ત્યાં પધારવા કૃપા કરશો.'

ચિત્રસારથિએ આમ બે–ત્રણવાર વિનંતિ કરી, ત્યારે આચાર્યશ્રીએ કહ્યું : 'જેવી ક્ષેત્ર–સ્પર્શના.'

આચાર્યશ્રીના ઇંગિત પરથી ચિત્ર એટલું સમજ્યો હતો કે તેઓ એક વાર શ્વેતમ્બિકા નગરીને જરૂર પાવન કરશે, એટલે તેણે શ્વેતમ્બિકા પહોંચીને ઉદ્યાનપાલકને કહી રાખ્યું હતું કે 'જ્યારે શ્રમણ કેશિકુમાર અહીં પધારે, ત્યારે મને ખબર આપજે.'

અનુક્રમે આચાર્યશ્રી શ્વેતમ્બિકા પધાર્યા, ઉદ્યાન–પાલકે ચિત્રસારથિને વધામણી આપી, ચિત્રસારથિએ ઉદ્યાનપાલકને યથેષ્ટ દાન આપી વિદાય કર્યો અને સ્નાનાદિથી શુદ્ધ થઈ, યોગ્ય વસ્ત્રાલંકારો ધારણ કરી, આચાર્યશ્રીના દર્શને ગયો. ત્યાં આચાર્યશ્રીનો ઉપદેશ સાંભળ્યા પછી કહેવા લાગ્યો કે 'હે ભગવન્ ! અમારો રાજા પ્રદેશી અધાર્મિક છે. તે કોઈ શ્રમણ, બ્રાહ્મણ કે ભિક્ષુનો આદર કરતો નથી અને સર્વ કોઈને હેરાન કરે છે; માટે આપ તેને ધર્મોપદેશ કરો.'

આચાર્યશ્રીએ કહ્યું : 'જો તે અહીં આવશે, તો અમે તેને ધર્મોપદેશ કરીશું.'

ચિત્રે કહ્યું : 'હું તેને કોઇ પણ ઉપાયે આપની પાસે લઇ આવીશ.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી એક દિવસ ઘોડાની પરીક્ષા કરવાના નિમિત્તે રાજાને રથમાં બેસાડી નગરી બહાર દૂર લઇ ગયો અને ત્યાં રાજાએ પાછા ફરવાનું સૂચન કરતાં તેણે રથને મૃગવન-ઉદ્યાન આગળ લાવીને ઊભો રાખ્યો કે જ્યાં આચાર્યશ્રીનો મુકામ હતો.

ચિત્રે કહ્યું : ‘ મહારાજ ! આ મૃગવનઉદ્યાન છે. ત્યાં ઘોડાઓને થોડો થાક ખવડાવીએ અને આપણો શ્રમ પણ દૂર કરીએ. ’

રાજાએ હા પાડતાં રથને તે અંદર લઈ આવ્યો અને શ્રમણ કેશિકુમારના ઉતારાથી થોડે દૂર ઘોડાઓને છોડી નાખી, તેની સારસંભાળ કરવા લાગ્યો. રાજા પણ રથથી નીચે ઉતર્યો અને ઘોડાઓના શરીર પર હાથ ફેરવવા લાગ્યો. એમ કરતાં તેણે સભાની વચ્ચે ઉપદેશ કરી રહેલા શ્રમણ કેશિકુમારને જોયા.

એમને જોતાં જ પ્રદેશી રાજાને વિચાર આવ્યો કે ‘ આ વળી જડ-મુંડિયો અહીં બેઠો છે ? અને લોકોને તે એવું શું આપે છે કે જેથી આવડી મોટી માનવ-મેદની અહીં એકત્ર થઈ છે ? ’

તેણે કહ્યું : ‘ ચિત્ર ! જો તો ખરો કે આ બધું શું ચાલી રહ્યું છે ? પેલો મોટો જડ બરાડા પાડીને અન્ય જડ લોકોને સમજાવી રહ્યો છે ? આવા નફ્ફટ લોકોને લીધે આપણે આવી સુંદર ઉદ્યાનભૂમિમાં પણ યથેષ્ટ વિચરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શકતા નથી! આપણે વિશ્રાંતિ લેવા અહીં આવ્યા, તો એ મોટા બરાડા પાડીને આપણું માથું પકવી રહ્યો છે!'

ચિત્રે કહ્યું: 'હે સ્વામિન્! હું ભૂલતો ન હોઉં તો એ શ્રમણ કેશિકુમાર છે કે જે પાર્શ્વનાથ ભગવાનની પરંપરામાં ઉતરી આવેલ છે. એમને ઉચ્ચ કોટિનું અવધિજ્ઞાન થયેલું છે.'

રાજાએ કહ્યું: 'ત્યારે તો એની પાસે જવા જેવું ખરૂં.' પછી બંને શ્રમણ કેશિકુમારની સામે જોઈને ઊભા રહ્યા.

રાજાએ પૂછ્યું: 'હે ભંતે! તમે શું ઉચ્ચ કોટિનું અવધિજ્ઞાન ધરાવો છો?'

આચાર્યશ્રીએ કહ્યું: 'હે રાજન્! દાણચોરો દાણમાં-થી છટકી જવા માટે કોઈને ખરો રસ્તો પૂછતા નથી, પણ આડાઅવળા માર્ગે ચાલે છે, તેમ વિનયના માર્ગથી છટકી જવાને લીધે તને પ્રશ્ન પૂછતાં પણ આવડતો નથી. વારુ, મને જોઈને તને એવો વિચાર આવેલો ખરો કે 'આ મોટો જડ અન્ય જડ લોકોને શું સમજાવી રહ્યો છે? અને મારા ઉદ્યાનમાં મોટા બરાડા પાડીને મને શાન્તિ લેવા દેતો નથી!'

રાજાએ કહ્યું: 'આ વાત સાચી છે, પણ તમે આ શાથી જાણ્યું?'

આચાર્યશ્રીએ કહ્યું: 'અમારા શ્રમણ-સમુદાયમાં પાંચ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારનાં જ્ઞાનો મનાય છે : (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન તથા (૫) કેવલજ્ઞાન. તેમાંનાં પહેલાં ચાર જ્ઞાન મને થયેલાં છે, તેના લીધે તારા મનનો સંકલ્પ હું જાણી શક્યો છું.'

રાજા : 'હે ભંતે ! તમારા શ્રમણ-નિર્ગ્રંથોમાં એવી સમજ છે ખરી કે જીવ જુદો છે અને શરીર પણ જુદું છે ?'

આચાર્યશ્રી : 'હા. અમારી સમજ એવી છે.'

રાજા : 'તો પછી જીવ અને શરીર જુદા નથી, પણ એક જ છે, એવી મારી માન્યતાનું કારણ સાંભળો. મારો દાદો આ નગરીનો જ રાજા હતો. તે ઘણો અધાર્મિક હતો અને પ્રજાની સારસંભાળ બરાબર રાખતો ન હતો. તે તમારા મત પ્રમાણે તો મરીને નરકમાં ગયેલો હોવો જોઈએ. મારા દાદાને મારા પર ઘણું હેત હતું. હવે તે જો મરીને નરકમાં ગયો હોય તો અહીં આવીને મને એટલું તો જણાવે ને કે 'તું કોઈ પ્રકારનો અધર્મ કરીશ નહિ, કારણ કે તેનાં ફલરૂપે તારે નરકમાં જવું પડશે.' પણ તે હજી સુધી મને કહેવા આવ્યો નથી; એટલે મેં નિશ્ચય કર્યો કે જીવ અને શરીર જુદા નથી, પણ એક જ છે અને પરલોક જેવી કોઈ વસ્તુ નથી.'

આચાર્યશ્રી : 'હે રાજન્ ! તારો દાદો પરતંત્રપણે નરકનાં દુઃખો ભોગવી રહ્યો છે, એટલે તને કહેવા શી રીતે આવે ? નારકીમાં ઉત્પન્ન થયેલો તાજો અપરાધી મનુષ્યલોકમાં આવવા તો ઘણું ઇચ્છે છે, પણ ચાર કારણોથી તે આમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી શકતો નથી. પ્રથમ તો નરકની ભયંકર વેદના તેને વિહ્વળ કરી નાખે છે. બીજું નરકના કઠોર સંત્રીઓ કે જે પરમાધામી કહેવાય છે, તે એને ક્ષણમાત્ર પણ છૂટો મૂકતા નથી. ત્રીજું વેદનીય કર્મ પૂરું ભોગવાયેલું હોતું નથી. અને ચોથું તેના આયુષ્યનો ક્ષય થયેલો હોતો નથી. તાત્પર્ય કે મરીને નરકમાં ગયેલો આત્મા અહીં આવી શકતો નથી, તેનું કારણ તેની પરતંત્ર અવસ્થા છે, નહિ કે નરક નામની કોઈ ગતિ નથી એ.'

રાજા : 'મારી ઉપર્યુક્ત માન્યતા દૃઢ કરનારો બીજો દાખલો સાંભળો. આ જ નગરીમાં મારી દાદી હતી. તે ઘણી ધાર્મિક અને શ્રમણોપાસિકા હતી. મારી આ દાદી મરણ પામીને આપના મત પ્રમાણે સ્વર્ગમાં ગયેલી હોવી જોઈએ. હું તેનો વહાલસોયો પૌત્ર હતો. તે મને જોઈને રાજી રાજી થઈ જતી. તેણે સ્વર્ગમાંથી આવીને મને કહેવું જોઈતું હતું કે 'હે પૌત્ર! તું પણ મારા જેવો ધાર્મિક થજે, જેથી તને સ્વર્ગનાં સુખો પ્રાપ્ત થશે.' પણ હજી સુધી તે મને એવું કહેવા આવી નથી, એટલે જીવ અને શરીર જુદા નથી, પણ એક જ છે, એવી મારી માન્યતા દૃઢ બનેલી છે.'

આચાર્યશ્રી : 'હે રાજન્! સ્વર્ગની સરખામણીમાં આ મનુષ્યલોક ઘણો ગંદો છે, એટલે દેવ થયેલી તારી દાદી અહીં કેમ આવે? તે અહીં આવવાને ઇચ્છે, તો પણ ચાર કારણે આવી શકે નહિ. એક તો દેવો સ્વર્ગના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિવ્ય કામભોગોમાં ખૂબ મશગુલ બની જાય છે અને માનવીય સુખોમાં તેમની રુચિ રહેતી નથી; બીજું એ દેવનો મનુષ્ય સાથેનો સંબંધ તૂટી ગયો હોય છે અને દેવ-દેવીઓ સાથે નવો પ્રેમ સંક્રમેલો હોય છે; ત્રીજું દિવ્ય સુખમાં પડેલો એ દેવ 'હમણાં જાઉં છું, હમણાં જાઉં છું,' એમ વિચારે છે, ત્યાં તો કેટલોય કાળ વહી જાય છે અને મનુષ્ય લોકના અલ્પાયુષી સંબંધીઓ મરી પરવાર્યા હોય છે; ચોથું મનુષ્યલોકની દુર્ગંધ ઘણી હોય છે. તે દુર્ગંધ પુદ્ગલોથી વાસિત થઈ ને ચારસો-પાંચસો યોજન ઊંચે પહોંચે છે. તેથી પણ દેવો આ મનુષ્યલોકમાં આવતા નથી. તાત્પર્ય કે સ્વર્ગમાંથી તારી દાદી સંદેશો આપવા ન આવી, તેનું કારણ સ્વર્ગીય સુખોની આસક્તિ છે, નહિ કે સ્વર્ગ નામની ગતિ નથી એ.'

રાજા : 'જીવ અને શરીર જુદા નથી, પણ એક છે, તેનાં થોડાં વધારે પ્રમાણ સાંભળો. એક વાર પ્રાણદંડની શિક્ષા પામેલા ચોરના શરીરના નાના નાના ટુકડા કરાવીને જોયું કે તેમાં જીવ ક્યાં રહેલો છે? પરંતુ તેમાંના કોઈ પણ ટુકડામાં જીવ મળ્યો નહિ. એટલે મેં નિશ્ચય કર્યો કે જીવ અને શરીર જુદા નથી, પણ એક છે.

બીજી વાર એક ચોરને લોઢાની કુંભીમાં પૂરીને તેના પર સજ્જડ ઢાંકણું બેસાડ્યું અને ફરતી ચોકી મૂકી. પછી થોડા દિવસ બાદ ઉઘાડીને જોયું તો પેલો ચોર મરણ પામેલો હતો, પણ કુંભીમાં કોઈ જગાએ તિરાડ કે નાનું

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સરખું કાણું પડેલું ન હતું. જો જીવ શરીરથી જુદો હોય અને તે શરીર છોડીને ચાલ્યો ગયો તો કુંભીમાં કોઈ સ્થળે તો તિરાડ કે કાણું પડે ને ? માટે મેં નિશ્ચય કર્યો કે જીવ અને શરીર જૂદા નથી, પણ એક છે.

ત્રીજી વાર એક ચોરનું જીવતાં વજન કર્યું અને મારીને વજન કર્યું તો તેમાં કંઈ પણ ફેર પડચો નહિ. જો જીવ અને શરીર જુદા હોય તો થોડું પણ વજન ઓછું તો થાય ને ? એટલે મેં નિશ્ચય કર્યો કે જીવ અને શરીર જૂદા નથી અને પરલોક જેવી કોઈ વસ્તુ નથી.

આચાર્યશ્રી : 'રાજન્ ! તારી વાત પરથી જણાય છે કે તેં જીવનો નિર્ણય કરવા માટે પ્રયત્નો તો ઘણા કર્યા છે, પણ એ પ્રયત્નો જોઈએ તે પ્રકારના ન હતા, એટલે તેનું પરિણામ જોઈએ તેવું આવ્યું નહિ. હે રાજન્ ! અરણીનાં લાકડામાં અગ્નિ હોય છે, એ વાત જગપ્રસિદ્ધ છે, પરંતુ એ લાકડાના નાના નાના ટૂકડા કરવામાં આવે અને પછી તપાસવામાં આવે કે એ અગ્નિ કયાં રહેલો છે, તો દેખી શકાય ખરો ? હવે એ રીતે અગ્નિ ન દેખાય તો એમ કહી શકાય ખરું કે અરણીના લાકડામાં અગ્નિ જ નથી ? જો કોઈ એવું કહે તો એ વચન અવિશ્વસનીય જ ઠરે. આ જ રીતે દેહના નાના નાના ટૂકડા કરી તેમાં જીવ જોવાનો પ્રયત્ન કરવો અને જીવ ન દેખાય તો એમ કહેવું કે જીવ નામની કોઈ વસ્તુ જ નથી, એ વચન પ્રામાણિક કેમ ઠરે ?

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમ અવાજ જડ વસ્તુઓને ભેદીને ચાલ્યો જાય છે, તેમ જીવ પણ જડ વસ્તુઓને ભેદીને ચાલ્યો જાય છે, એટલે કુંભીમાં તિરાડ કે કાણું ક્યાંથી પડે? વળી વજન તો પુદ્ગલનો-જડ પદાર્થનો ગુણ છે, જ્યારે જીવ તો પુદ્ગલથી ભિન્ન એવો અરૂપી પદાર્થ છે, એટલે તેનું વજન ક્યાંથી હોય? માટે જીવ એ શરીરથી જુદો સ્વતંત્ર પદાર્થ છે અને તે મર્યા પછી પરલોકમાં જાય છે.'

આ ઉત્તરોથી પ્રદેશી રાજાના મનનું સમાધાન થયું અને તે શ્રમણ કેશિકુમારને નમી પડ્યો. પછી તેમનો ઉપદેશ સાંભળીને તેણે સમ્યક્ત્વમૂલ શ્રાવકનાં બાર વ્રતો ગ્રહણ કરી આત્માનું કલ્યાણ સાધ્યું.

કોઈ એમ કહેતું હોય કે આ તો બહુ પુરાણા જમાનાની વાત છે. આજે તો વિજ્ઞાન ઘણું આગળ વધ્યું છે અને લોકોના મનમાં અનેક જાતના તર્ક થાય છે. તો આ જાતના તર્કોનું સમાધાન કરે એવો એક સંવાદ અમે અહીં રજૂ કરીએ છીએ.

## શરીર અને ચેતના વિષે રસિક સંવાદ×

એક વાર અમે એક વિદ્વાન્ મિત્રને પૂછ્યું કે, 'તમે શરીરને શું માનો છો?'

× 'દક્ષિણમાં દિવ્ય પ્રકાશ' નામના ગ્રંથના બીજા પ્રકરણમાં 'વિજ્ઞાનવાદીનું દૃષ્ટિબિન્દુ' એ નામથી અમે કેટલીક હકીકત રજૂ કરી હતી. તે પ્રાસંગિક જાણીને અહીં ઉચિત ફેરફાર સાથે સાભાર રજૂ કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે તરત જ જવાબ આપ્યો : 'એક પ્રકારનું યંત્ર. જેમ વરાળયંત્ર વરાળના જોરે કામ કરે છે, ડીઝલ એંજિન તેલની શક્તિથી કામ કરે છે અને પેટ્રોલ-મશીન પેટ્રોલની શક્તિથી ગતિમાન થાય છે, તેમ આ યંત્ર કાર્બન વગેરે દ્વારા થતી દહનક્રિયા વડે ચાલતું રહે છે, એટલે એક પ્રકારનું દહનયંત્ર છે.'

અમે પૂછ્યું : 'વરાળયંત્ર, ડીઝલ એંજિન કે પેટ્રોલ-મશીન વચ્ચે અને મનુષ્યના શરીરરૂપી યંત્ર વચ્ચે કંઈ ફેર ખરો ?'

તેમણે કહ્યું : 'એ પણ એક જાતનાં યંત્રો છે અને આ પણ એક જાતનું યંત્ર છે. એમાં ફેર શો ?'

અમે કહ્યું : 'વારુ, આપણે વરાળયંત્ર, ડીઝલ એંજિન કે પેટ્રોલ-મશીનને કહીએ કે તમે અમુક સ્થળે જઈ આવો, તો તે જઈ-આવી શકે ખરા ?'

તેમણે કહ્યું : 'એ પોતાની મેળે અમુક સ્થળે જઈ-આવી શકે નહિ.'

અમે કહ્યું : 'તેમને કોઈ સવાલ પૂછીએ તો તેનો જવાબ આપે ખરાં ?'

તેમણે કહ્યું : 'એ પ્રશ્નનો ઉત્તર ક્યાંથી આપી શકે ? એમને જીભ થોડી જ હોય છે ?'

અમે કહ્યું : 'તો એ યંત્રો શું કોઈ વસ્તુ સંબંધી વિચાર કરી શકે ખરાં ?'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે કહ્યું : ના, ભાઈ! ના. એ કંઈ વિચાર કરી શકે નહિ. વિચાર કરવા માટે તો મગજ જોઈએ અને તેને સંદેશો પહોંચાડવા માટે જ્ઞાનતંતુઓનું જબ્બર જૂથ જોઇએ.'

અમે કહ્યું : 'સાથે સાથે એ પણ જણાવી દો કે એ યંત્રો શ્વાસ લઇ શકે કે નહિ?'

તેમણે કહ્યું : 'એ યંત્રો શ્વાસ ક્યાંથી લે? તેમને ફેફસાં થોડાં હોય છે?'

અમે કહ્યું : 'આપના ઉત્તરથી તો એમ જણાય છે કે વરાળયંત્ર વગેરેમાં અને મનુષ્યના શરીરરૂપી યંત્રમાં ઘણી બાબતનો ફેર છે અને તે બહુ મોટો છે. એક યંત્ર પોતાની મેળે બિલકુલ-હાલી-ચાલી શકતું નથી અને બીજું યંત્ર પોતાની મેળે હાલી-ચાલી શકે છે તથા સેંકડો-સહસ્રો માઇલનો પ્રવાસ કરીને ધારેલા સ્થળે પહોંચી જાય છે. એક યંત્ર જરાયે બોલી શકતું નથી અને બીજું યંત્ર પોતાની મેળે જેટલું બોલવું હોય તેટલું બોલી શકે છે, વિવિધ પ્રકારનો વાર્તાવિનોદ કરી શકે છે, ગાવાની ઇચ્છા થાય તો જુદા જુદા સ્વરે અનેક પ્રકારનાં ગીતો ગાઈ શકે છે અને રોવાનું મન થાય તો ભેંકડો તાણીને કે મોટી પોક મૂકીને કલાકો સુધી રોઈ પણ શકે છે. વળી એક યંત્ર કોઈ પણ વસ્તુનો વિચાર કરી શકતું નથી, જ્યારે બીજું યંત્ર નાની કે મોટી, સુંદર કે અસુંદર, સમીપમાં રહેલી કે દૂર રહેલી અથવા દૃશ્ય કે અદૃશ્ય એવી સર્વ વસ્તુઓનો

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચાર કરી શકે છે, સારી–ખોટી લાગણીઓનો અનુભવ કરી શકે છે અને અનેક પ્રકારની ઇચ્છાઓ કરી તેને અમલમાં પણ મૂકી શકે છે. આ કંઈ જેવો–તેવો ફેર નથી! તે જ રીતે એક યંત્રમાં શ્વાસ લેવાની કે મૂકવાની જરાયે શક્તિ નથી; ત્યારે બીજું યંત્ર ગમે તેટલો દીર્ઘ શ્વાસ લઈ શકે છે, તેને રોકી પણ શકે છે અને મૂકી પણ શકે છે. એટલે બંને યંત્રો વચ્ચે અતિ મોટો અને અસાધારણ ફેરફાર છે. હવે અમારા વિદ્વાન્ મિત્ર! અમને એટલું જ કહો કે આ અસાધારણ ફેર શેને આભારી છે?'

તેમણે થોડી વાર વિચાર કરીને કહ્યું: 'પ્રથમ યંત્ર જડ છે અને બીજું યંત્ર ચેતનાવાળું છે, તેના લીધે આવો અસાધારણ ફેર જણાય છે.'

અમે કહ્યું: 'તો આપ જડ અને ચૈતન્ય એવા બે પ્રકારના પદાર્થોનો સ્વીકાર કરો છો ને?'

તેમણે કહ્યું: 'જરૂર. અમે લાકડા, લોઢા, પથ્થર, કાચ વગેરેને જડ માનીએ છીએ અને મનુષ્ય, પશુ, પક્ષી, જંતુ વગેરેને ચેતનાવાળા માનીએ છીએ. જે વસ્તુ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ હોય તેને માનવાનો ઇન્કાર શા માટે કરીએ?'

અમે કહ્યું: 'તમે હમણાં જેનો ઉલ્લેખ કર્યો, એ ચેતના શું છે?'

તેમણે કહ્યું: 'વરાળ જેમ એક પ્રકારની શક્તિ છે, વિદ્યુત્ જેમ એક પ્રકારની શક્તિ છે, તેમ ચેતના પણ એક પ્રકારની શક્તિ છે.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમે કહ્યું : 'એ શક્તિ મનુષ્ય, પશુ, પક્ષી વગેરેમાં જણાય છે અને બીજામાં કેમ જણાતી નથી ?'

તેમણે કહ્યું : 'જ્યાં તેની ઉત્પત્તિ થતી હોય, ત્યાં જણાય. બીજે ક્યાંથી જણાય ?'

અમે કહ્યું : 'કૃપા કરીને એ જણાવશો કે ચેતનાની ઉત્પત્તિ શી રીતે થાય છે ?'

તેમણે કહ્યું : 'અમુક તત્ત્વો મળે એટલે ચેતનાની ઉત્પત્તિ થાય છે.'

અમે કહ્યું : 'જો વસ્તુસ્થિતિ એવી જ હોય તો કાપડ, લોખંડ અને બીજી વસ્તુઓનાં કારખાનાંની જેમ ગાય, ભેંસ, હાથી, ઘોડા, મનુષ્ય વગેરે અનેક જીવંત પ્રાણીઓ બનાવવાનાં કારખાનાં કાઢી શકાય અને તેમને મનગમતો આકાર પણ આપી શકાય. શું કોઈ વૈજ્ઞાનિકે આવો પ્રયોગ કરી બતાવ્યો છે ખરો ? અને તેનું કોઈ નિશ્ચિત સમીકરણ ઘડ્યું છે ખરું ?'

અહીં અમારા વિદ્વાન્ મિત્ર વિચારમાં પડ્યા. તેમણે અનેક વૈજ્ઞાનિકોનાં નામ યાદ કર્યાં, પણ કોઈએ તત્ત્વ-સંયોજનથી ચેતના ઉત્પન્ન કરી હોય અને જીવંત પ્રાણીઓ બનાવ્યાં હોય, એવું યાદ આવ્યું નહિ. તેમની આ મુંઝવણ તરત જ અમારા સમજવામાં આવી ગઈ, એટલે અમે કહ્યું : 'મુરબ્બી ! જીવંત પ્રાણીઓ બનાવવાનું તો દૂર રહ્યું, પણ સ્વયં કામ કરી શકે એવું મગજ કે સ્વયં જોઈ શકે એવી આંખ કોઈએ બનાવી છે ખરી ? અરે ! એ વાત પણ જવા

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હો ! તેમાં જે સ્નાયુ અને પડદા છે, ગ્રંથીઓ અને શિરાઓ છે, તેના જેવા જીવંત સ્નાયુઓ અને પડદાઓ કે જીવંત ગ્રંથીઓ અને શિરાઓ કોઈ બનાવી શક્યું છે ખરું ? જો આ બધું બની શકતું હોય તો આ જગત્ પર રહેલા મનુષ્યો કે પશુ-પક્ષીઓને મૃત્યુના મુખમાં જતાં જરૂર બચાવી શકાય, કારણકે તેનામાં જે અંગ, અવયવ કે શક્તિની ખામી હોય, તે આ સાધનોથી પૂરી પાડી શકાય અને એ રીતે તેમનું શરીરયંત્ર ચાલતું રાખી શકાય, પણ હજી સુધી કોઈ વૈજ્ઞાનિક મૃત્યુને ખાળી શક્યો નથી કે પોતાના આયુષ્યમાં બસો-પાંચસો વર્ષનો ઉમેરો કરીને અતિ દીર્ઘાયુ થયો નથી, એ શું બતાવે છે ?'

વિદ્વાન્ મિત્ર અમારું વક્તવ્ય એકચિત્તે સાંભળી રહ્યા હતા, પરંતુ તેમના મુખ પર વિષાદ તથા હર્ષની મિશ્રિત લાગણીઓ વારંવાર તરી આવતી હતી, એ અમે સ્પષ્ટપણે જોઈ શક્યા હતા. તેમને વિષાદની લાગણી થવાનું મુખ્ય કારણ એ હતું કે પોતે આજ સુધી અનેક પુસ્તકો વાંચ્યાં હતાં, અનેક માસિકો અને સાપ્તાહિકોનું અવલોકન કર્યું હતું અને નામાંકિત ગણાતા પ્રાધ્યાપકોની (પ્રોફેસરોની) વ્યાખ્યાનમાળાઓમાં પણ હાજરી આપી હતી. આ રીતે તેમણે જે જ્ઞાન મેળવ્યું, તેને કિંમતી ખજાનો સમજતા હતા, પરંતુ આજે તેમણે જોયું કે એ ખજાનામાં સાચા સિક્કા દાખલ થવાને બદલે સંખ્યાબંધ ખોટા સિક્કાઓ દાખલ થઈ ગયા હતા અને ખજાનાની કિંમત નહિવત્ થઈ ગઈ હતી. તેમને હર્ષની લાગણી થવાનું મુખ્ય કારણ એ હતું કે આજે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક વસ્તુની-નવી જ દૃષ્ટિની પ્રાપ્તિ થઈ રહી હતી કે જેનું મૂલ્ય કોઈ પદાર્થથી થઈ શકે તેવું ન હતું.

અમે કહ્યું: 'આપ તો વિદ્વાન્ છો, દરેક વસ્તુનો તટસ્થતાપૂર્વક વિચાર કરી શકો તેવા છો; તેથી એ વિચારવું જોઈએ કે જો જડ તત્ત્વોના સંયોજનથી ચેતના ઉત્પન્ન થતી હોય તો કારખાનામાં બનેલા માલની માફક બધામાં તે એક જ પ્રકારની હોવી જોઈએ અને તેનું પરિણામ પણ સરખું જ આવવું જોઈએ. એટલે એક મનુષ્ય અતિ ચપળ અને બીજો મંદ, એક મનુષ્ય અત્યંત કાર્યશીલ અને બીજો પ્રમાદી, એક મનુષ્ય બહુ બુદ્ધિશાળી અને બીજો મૂર્ખ એમ બનવું ન જોઈએ. તે જ રીતે હાથી, ઘોડા, ઊંટ, વાનર, માછલાં, સાપ અને મનુષ્ય વગેરેની શક્તિમાં પણ ફેર ન પડવો જોઈએ, કારણ કે તે બધા ચેતના નામની એક પ્રકારની શક્તિથી જીવંત બનેલા છે. પરંતુ આપણે જોઇએ છીએ કે તે બધાની શક્તિમાં, વિકાસમાં અને સ્વરૂપમાં ફેર દેખાય છે, તો તેનું કારણ શું? આવા તો બીજા પણ સંખ્યાબંધ પ્રશ્ન વિચારવા યોગ્ય છે કે જેનો ખુલાસો જીવ અથવા આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ માન્યા વિના થતો નથી. તે માટે જ્ઞાની પુરુષોએ જે છ સિદ્ધાન્તોની પ્રરૂપણા કરી છે, તે તમારે ખાસ જાણવા જેવી છે.'

વિદ્વાન્ મિત્રે કહ્યું: 'જો એમ જ હોય તો મને એ સિદ્ધાન્તો જરૂર જણાવો, હું તેનું ચિંતન-મનન કરીને આનંદ પામીશ.'

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમે કહ્યું : 'જ્ઞાનીઓએ પ્રરૂપેલા છ સિદ્ધાન્તોમાં પ્રથમ સિદ્ધાન્ત એ છે કે ચૈતન્ય એ જીવનું—આત્માનું લક્ષણ છે, એટલે જ્યાં જ્યાં ચૈતન્ય દેખાય, ત્યાં ત્યાં આત્મા અવશ્ય છે. બીજો સિદ્ધાન્ત એ છે કે આત્મા અનાદિ છે, એટલે કોઈએ તેને બનાવેલો નથી. અને અવિનાશી છે, એટલે કોઈ કાળે નાશ પામવાનો નથી. તે નિત્ય છે, શાશ્વત છે, અમર છે. ત્રીજો સિદ્ધાન્ત એ છે કે આત્મા જ કર્મનો કર્તા છે, એટલે તેને જે કર્મબંધન પ્રાપ્ત થયેલું છે. તેની જવાબદારી તેની પોતાની છે. ચોથો સિદ્ધાન્ત એ છે કે આત્મા જ કર્મફલનો ભોક્તા છે, એટલે જે કર્મો તેણે બાંધેલાં છે, તેનાં ફળો તેને પોતાને જ ભોગવવાં પડે છે. પાંચમો સિદ્ધાન્ત એ છે કે આત્મા પુરુષાર્થના યોગે આ કર્મોનો નાશ કરી શકે છે અને તેના બંધનમાંથી સર્વથા મુક્ત થઈ પોતાના મૂળ સ્વરૂપમાં પ્રકાશી શકે છે. અને છઠ્ઠો તથા છેલ્લો સિદ્ધાન્ત એ છે કે 'એવો પુરુષાર્થ કરવાની સર્વ સામગ્રી વિશ્વમાં વિદ્યમાન છે.'

કહેવાની ભાગ્યે જ જરૂર છે કે એ વિદ્વાન્ મિત્રે આ છયે સિદ્ધાન્તો અક્ષરશઃ પોતાની નોંધપોથીમાં ઉતારી લીધા અને અમારા પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી પ્રકટ કરતાં કહ્યું : 'આજે તમે મને એવી વસ્તુની ભેટ કરી છે કે જે હું જીંદગીપર્યંત ભૂલી શકીશ નહિ.'



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ પાંચમું

# વિજ્ઞાન શું કહે છે?

વિજ્ઞાન શબ્દ પહેલાં પણ વપરાતો અને આજે પણ વપરાય છે, પરંતુ બંનેના અર્થમાં ઘણું અંતર પડી ગયું છે.

શ્રી ભગવતીસૂત્રના બીજા શતકના પાંચમા ઉદ્દેશકમાં આવતા 'सवणे नाणे विन्नाणे पच्चक्खाणे य संजमे' એ વચનો પરથી એમ સમજાય છે કે વિનયપૂર્વક સદ્ગુરુના ઉપદેશનું શ્રવણ કરતાં જીવ-અજીવ, પુણ્ય-પાપ, ધર્મ કે મોક્ષ સંબંધી જે બોધ પ્રાપ્ત થતો તેને '**જ્ઞાન**' કહેવાતું અને સત્સંગ તથા સ્વાધ્યાયના યોગે એ જ્ઞાન વિશિષ્ટ કોટિનું બનતું, ત્યારે '**વિજ્ઞાન**'ની સંજ્ઞા પામતું. એ વિજ્ઞાનના ફલરૂપે **પ્રત્યાખ્યાન**'ની પ્રાપ્તિ થતી, એટલે કે પાપી પ્રવૃત્તિઓનો પરિહાર કરવાની વૃત્તિ જાગતી અને પરિણામે '**સંયમમાર્ગ**'માં પદાર્પણ થતું. આ સંયમમાર્ગ છેવટે મુક્તિપુરીમાં પહોંચાડતો, એટલે માનવજીવનનું મહાન ધ્યેય પરિપૂર્ણ થતું.

આજે વિજ્ઞાન શબ્દથી ભૌતિક પદાર્થોનું વિશિષ્ટ જ્ઞાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલો જ અર્થ સમજવામાં આવે છે અને તેનું ફલ પૌદ્ગલિક સુખોનો વિસ્તાર છે. વધારે સ્પષ્ટ કહીએ તો તેના લીધે ભૌતિક સુખો વધારે ને વધારે પ્રમાણમાં ભોગવવાની ઇચ્છા-અભિલાષા પ્રકટે છે અને તે માટે ગમે તેવી પાપકારી પ્રવૃત્તિમાં જરાયે સંકોચ થતો નથી. જૈન પરિભાષામાં કહીએ તો આ ભૌતિક વિજ્ઞાનના પરિણામે મહા આરંભ-સમારંભની પ્રવૃત્તિઓ શરૂ થાય છે કે જે આગળ જતાં દુર્ગતિનાં દ્વારો ખોલી અકથ્ય વેદનાઓનો અનુભવ કરાવે છે. પરંતુ 'આ ભવ મીઠો, તો પરભવ કોણે દીઠો ?' એવી નાસ્તિક માન્યતામાં રાચનારાઓને આ વાત સૂઝતી નથી. જેમ પતંગિયું રૂપની લાલસાને લીધે જ્યોતમાં પડીને ખાખ થઈ જાય છે, તેમ ભૌતિકવાદીઓ ધન-સંપત્તિ-અધિકાર-કીર્તિ વગેરેની લાલસામાં સપડાઈને ખતમ થઈ જાય છે. તેમને અભીષ્ટ શાન્તિની પ્રાપ્તિ કદી પણ થતી નથી. ખાસ કરીને તેમના જીવનનો અંતિમ ભાગ તો નિરાશા, નાસીપાસી કે માનસિક વ્યથામાં જ પસાર થાય છે.

ધર્મનું અંતિમ ધ્યેય પરમ શાન્તિ છે. વિજ્ઞાનનું અંતિમ ધ્યેય પરમ શક્તિ છે. તેમાં પરમ શાન્તિનું પરિણામ તો નિતાન્ત શુભ જ આવે છે, પણ પરમ શક્તિ વિષે આવું કહી શકાય એમ નથી. તેનું પરિણામ શુભ પણ આવે અને અશુભ પણ આવે. જો શક્તિનો સદુપયોગ થાય તો પરિણામ શુભ આવે અને દુરુપયોગ થાય તો પરિણામ અશુભ આવે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સદુપયોગ અને દુરુપયોગમાં વિવેકની જરૂર પડે છે અને તે આત્માર્થીને જ યથાર્થરૂપે પ્રાપ્ત થાય છે. તેઓ પોતાના નાના કે મોટા સ્વાર્થ માટે વિજ્ઞાનનો કદી દુરુપયોગ કરતા નથી, પરંતુ જેઓ અનાત્મવાદી છે, પુણ્ય-પાપમાં માનતા નથી અને જેનું મુખ્ય ધ્યેય પણ ભોગ-વિલાસ છે, તેના હાથમાં વિજ્ઞાનનું હથિયાર સલામત નથી. તેઓ નાના સ્વાર્થ માટે પણ તેનો ઉપયોગ કરવાના અને તેમાં લાખો-ક્રોડો-અબજો જીવોની હિંસા થઈ જાય, તેની પરવા કરવાના નહિ.

દારૂડિયાના હાથમાં દારૂનો બાટલો આપીએ અને કહીએ કે તારે માત્ર આ બાટલો જોઈને રાજી થવાનું છે, પણ તેનો ઉપયોગ કરવાનો નથી, તો એ બની શકે ખરૂં ? અથવા ભૂખ્યા માણસની આગળ વિવિધ વાનીઓ ભરેલો થાળ મૂકીએ અને તેને માત્ર ટગર ટગર જોવાનું જ કહીએ તો એ બની શકવાનું ખરૂં ? જો એનો ઉત્તર 'ના' માં હોય તો વિજ્ઞાનનું પણ તેમજ સમજવાનું છે. આજે વિજ્ઞાનનો દોર અનધિકારી લોકોના હાથમાં આવી ગયો છે, એટલે તેનો ઘણો જ દુરુપયોગ થઈ રહ્યો છે અને હિંસાનું પ્રમાણ એકદમ વધી ગયું છે.

આજે ઘણા લોકો આધુનિક વિજ્ઞાનથી પ્રભાવિત થઈ ગયા છે અને 'વિજ્ઞાન કહે તે જ સાચું, બાકી બધું ખોટું' એમ માનવા તથા કહેવા લાગ્યા છે. આ લોકોને અમે શું કહીએ ? જો અંધશ્રદ્ધા ધર્મના ક્ષેત્રમાં ઇચ્છવા યોગ્ય નથી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો વિજ્ઞાનના ક્ષેત્રમાં શું ઇચ્છવા યોગ્ય છે ખરી? 'વિજ્ઞાન કહે તે જ સાચું અને બાકી બધું ખોટું' એમ માનવું એ એક પ્રકારની અંધશ્રદ્ધા જ છે.

આમ માનનારે જાણી લેવાની જરૂર છે કે વિજ્ઞાને ગઈ કાલે જે કહ્યું હતું, તે આજે બદલાયું છે અને આજે કહેશે તે આવતી કાલે બદલાવાનો સંભવ છે. તાત્પર્ય કે વિજ્ઞાનનાં કોઈ પણ મંતવ્ય સ્થિર નથી; એટલે તેના સિદ્ધાન્તોને છેવટ-નો શબ્દ માની શકાય નહિ. ખુદ વૈજ્ઞાનિકો શું કહી રહ્યા છે? તે સાંભળો : 'We are beginning to appreciate better and more thoroughly, how great is the range of our ignorance. અર્થાત્ આપણા અજ્ઞાનનો વિસ્તાર કેટલો મોટો છે, તે આપણે વધુ સારી અને સ્પષ્ટ રીતે સમજવા લાગ્યા છીએ.'

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE .com

સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક જેમ્સ જીને 'મીસ્ટીરિયસ યુનિવર્સ' (રહસ્યપૂર્ણ વિશ્વ) નામના ગ્રંથમાં કહ્યું છે કે "Science should leave off making pronouncement the river of knowledge has too often turned back on itself-અર્થાત્ વિજ્ઞાને નિત્ય નવી ઘોષણા કરવાનું છોડી દેવું જોઈએ, કારણ કે જ્ઞાનની સરિતા ઘણી વાર પોતાના મૂળસ્રોત તરફ પાછી વળી છે.' કહેવાનું તાત્પર્ય એ છે કે એક બાજુ આપણે નવી નવી શોધોની જાહેરાત કરીએ છીએ, જ્યારે બીજી બાજુ આપણી મૂળ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભૂત માન્યતાઓ અંગે નવેસરથી વિચાર કરવો પડે એવી સ્થિતિ પેદા થઈ છે.'

આ વૈજ્ઞાનિકે એ જ પુસ્તકમાં આગળ પર જણાવ્યું છે કે—The outstanding achievement of twentieth century physics is not theory of relativity with its wielding together of space and time, of the theory of quantum with its present apparent negation of the laws of causation, of the dissection of the atom with the resultant discovery that things are not what they seem. It is the general recognition that we are not yet in contact with ultimate reality. અર્થાત્ વીસમી સદીના પદાર્થ-વિજ્ઞાનનો મહાન આવિષ્કાર આકાશ અને કાલને એક કરતાં સાપેક્ષવાદ કે કાર્ય-કારણના સિદ્ધાન્તનો ખુલ્લો ઈનકાર કરતો ક્વોન્ટમ સિદ્ધાન્ત નથી, તેમજ પરમાણુ-વિભાજન પણ નથી કે જે 'વસ્તુઓ દેખાય છે એક પ્રકારની અને છે બીજા પ્રકારની' એવું પ્રતિપાદન કરે છે. આ સદીનો મહાન અવિષ્કાર તો એ છે કે આપણે અત્યાર સુધી પરમ વાસ્ત-વિકતાની પાસે પહોંચ્યા નથી.'

આ શબ્દો સાંભળ્યા પછી ક્યો સુજ્ઞ વિજ્ઞાનમાં આંધળી શ્રદ્ધા રાખવાનું ઉચિત સમજશે ?

પક્ષપાતથી ખરાબ વસ્તુ પણ સારી લાગે છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખોટા પૂર્વગ્રહથી સારી વસ્તુને પણ ખરાબ માનવાનું વલણ પેદા થાય છે, એટલે સત્યશોધનની અભિરુચિ ધરાવનારે આ બંને વસ્તુ છોડવા જેવી છે. તેણે તો તટસ્થભાવે વસ્તુનું નિરીક્ષણ કરવું જોઈએ અને તેમાં જે અંશો સત્ દેખાય, તેને સત્ તથા અસત્ દેખાય, તેને અસત્ માનવાની તૈયારી રાખવી જોઈએ.

વિજ્ઞાનનું મુખ હજી સુધી ભૌતિકવાદ તરફ રહ્યું છે, એટલે તેને જીવ કે આત્માની અચિંત્ય શક્તિનું ભાન થયું નથી, પરંતુ હવે વૈજ્ઞાનિકો ધીમે ધીમે એ તરફ ઢળવા લાગ્યા છે.

પ્રો. આલ્બર્ટ આઇન્સ્ટીન કહે છે : 'I believe that intelligence is manifested throughout all nature. અર્થાત્ હું માનું છું કે સમસ્ત પ્રકૃતિમાં ચેતના કામ કરી રહી છે.'

સર એ. એસ. એડિંગ્ટન કહે છે : 'Something unknown is doing, we do not know what.... I regard consciousness as fundamental. I regard matter as directive from consciousness. The old atheism is gone. Religion belongs to the realm of the spirit and mind and cannot be shaken. અર્થાત્ કોઈ અજ્ઞાત શક્તિ કામ કરી રહી છે. આપણે જાણતા નથી કે એ શું છે? હું ચૈતન્યને મુખ્ય માનું છું, ભૌતિક પદાર્થોને ગૌણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરાણો નાસ્તિકવાદ હવે ચાલ્યો ગયો છે. ધર્મનું વિચાર-ક્ષેત્ર આત્મા તથા મન છે અને તેને કોઈ પણ પ્રકારે ચલિત કરી શકતા નથી.'

સર જે. એ. થોમસન કહે છે : 'Throughout the world of animal life there are expressions of something akin to the mind in ourselves. There is from Amoeba upwards a stream of inner and subjective life. It may be only a slender rill, but some times it is a strong current. It includes feeling, imagining, purposing. It includes unconscious. અર્થાત્ અખિલ પ્રાણીજગતમાં એવી પ્રક્રિયાઓ છે કે જે આપણા મન સાથે સંબંધ ધરાવે છે. અમીબા (વૈજ્ઞાનિક દૃષ્ટિએ સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુ) થી માંડીને બધા પ્રાણીઓમાં આંતરિક તથા વૈયક્તિક જીવનનું ઝરણું વહે છે. કોઈક સ્થળે તેનો સ્રોત પાતળો છે, તો કોઈક સ્થળે બળવાન પણ છે. તેમાં લાગણીઓ, કલ્પના, સંજ્ઞા અંતર્ગત છે. બેશુદ્ધ અવસ્થાનો પણ તેમાં જ સમાવેશ થાય છે.'

એ જ વૈજ્ઞાનિક અન્યત્ર કહે છે કે : ' How did living cretaures begin to be upon the earth? In point of science, we do not know. અર્થાત્ પૃથ્વી પર જીવતાં પ્રાણીઓ શી રીતે આવ્યાં? તેનો વિજ્ઞાનની દૃષ્ટિએ કોઈ ઉત્તર નથી.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે. બી. એસ. હેલ્ડન કહે છે: 'The truth is that, not matter, not forces, not any physical thing, but mind, personality is the central fact of the universe. અર્થાત્ સત્ય એ છે કે પુદ્ગલ (matter) નહિ, બળ (force) નહિ, ભૌતિક પદાર્થ નહિ, પણ મન અને વ્યક્તિત્વ એ વિશ્વનાં મુખ્ય તત્ત્વો છે.'

આર્થર એચ. કોમ્પટન કહે છે: 'A conclusion which suggests....the possibility of concious-ness after death.......the flame is distinct from the log of wood which serves it temporarily as fuel. અર્થાત્ કેટલાક પ્રયોગો પરથી દોરાયેલું અનુમાન બતાવે છે કે મૃત્યુ બાદ પણ ચેતનાનો સંભવ છે. અગ્નિ લાકડાથી જુદો છે. લાકડા તો થોડા વખત માટે એને પ્રકટ થવા માટે ઇંધનનું કામ આપે છે.'

સર ઓલિવર લોજ કહે છે: 'The time will assuredly come when these avenues into unknown region will be explored by science. The universe is a more spiritual entity than we thought. The real fact is that we are in the midst of a spiritual world which dominates the material. અર્થાત્ એ સમય અવશ્ય આવશે કે જ્યારે વિજ્ઞાન દ્વારા અજ્ઞાત વિષયના દ્વારોનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અન્વેષણ થશે. આપણે ધાર્યું હતું તેના કરતાં આ વિશ્વ વધારે આત્મમય છે. વાસ્તવિકતા તો એ છે કે આપણે એવા આત્મમય જગતની અંદર છીએ કે જે ભૌતિકતા પર વર્ચસ્વ ભોગવે છે.'

પ્રો. ડબ્લ્યૂ મેકડુગલ કહે છે : 'For no single organic function has yet been found explicable in purely mechanical terms, even such relatively simple processes as the secretion of the tear or the exudation of a drop of sweat continue to elude all attempts of complete explanation in terms of physical and chemical science. અર્થાત્ એવું કોઈ શારીરિક કાર્ય હજી સુધી માલુમ પડયું નથી કે જે યાંત્રિક પરિભાષાથી સમજાવી શકાય. પ્રમાણમાં ઘણી નાની કહી શકાય એવી બાબતો, જેમકે-આંસુ નીકળવા, પરસેવો ટપકવો વગેરે પણ કેવળ પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્રની પરિભાષાથી બરાબર સમજાવી શકાતા નથી.'

ડૉ. ગાલ કહે છે : 'In my opinion there exists but one single principle which sees, hears, feels, loves, thinks, remember etc. But this principle requires the aid of various material instruments in order to menifest its respective functions. અર્થાત મારા અભિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાયથી તો કેવલ એકજ વસ્તુ મુખ્ય છે કે જે જુએ છે, સાંભળે છે, લાગણીનો અનુભવ કરે છે, પ્રેમ કરે છે, વિચાર કરે છે, યાદ કરે છે વગેરે. પરંતુ આ વસ્તુને પોતાનું ભિન્ન ભિન્ન કાર્ય કરવા માટે ભિન્ન ભિન્ન પ્રકારનાં ભૌતિક સાધનોની જરૂર પડે છે.'

ગ્રેટ ડીઝાઈન નામના પુસ્તકમાં આવાં બીજાં અનેક મંતવ્યોને આધારે એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે 'આ દુનિયા આત્મા વિનાનું યંત્ર નથી. તેમાં ચેતનાશક્તિ અવશ્ય કામ કરી રહી છે, પછી તેનું નામ ગમે તે આપવામાં આવે.'

કહેવાનું તાત્પર્ય એ છે કે હવે વિજ્ઞાન પણ જીવનું—આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારવા લાગ્યું છે અને નજીકના ભવિષ્યમાં તેને સાર્વભૌમ માન્યતા પ્રાપ્ત થશે.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ છઠ્ઠું

# જીવ-વિચાર અંગે કિંચિત્

જો જીવ એ કોરી કલ્પના હોત કે કોઈ મનસ્વીનો તુક્કો હોત અને એ નામની કોઈ વસ્તુ આ વિશ્વમાં ખરેખર હસ્તી ધરાવતી જ ન હોત, તો તેના વિષે વિચાર કરવાનું ભાગ્યે જ વ્યાજબી ગણાત. આપણે અસત્ એટલે અવિદ્યમાન વસ્તુઓનો વિચાર કરતા નથી, કારણકે તેથી આપણું કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. યદિ કોઈ આ પ્રકારનો વિચાર કરે અને તેમાં રાચવા લાગે તો આપણે શું કહીએ છીએ ? 'ભાઈનું જરા ખસ્યું છે' એ જ કે કંઈ બીજું ?

પરંતુ જીવ એ કોરી કલ્પના નથી, કોઈ મનસ્વીનો તુક્કો નથી, પણ આગમસિદ્ધ વસ્તુ છે અને તેને યુક્તિ એટલે તર્કશુદ્ધ દલીલો તથા અનુભૂતિ એટલે સર્વ કોઈને સામાન્ય રીતે થતા અનુભવનો પૂરેપૂરો ટેકો છે. તાત્પર્ય કે તે એક નક્કર હકીકત (Solid fact) હોઈને તેના સ્વરૂપ પરત્વે વિચાર થયેલો છે.

કોઈ એમ કહેતું હોય કે 'જીવ તો નજરે દેખાતો

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી, તેના વિષે વિશેષ વિચાર શો હોઇ શકે ?' તો આમ કહેવું ઉચિત નથી. વાયુ નજરે દેખાતો નથી, ઈથર નજરે દેખાતો નથી અને વિદ્યુતશક્તિ પણ નજરે દેખાતી નથી, તો શું એના વિષે વિશેષ વિચાર થઈ શકતો નથી ? એક વસ્તુ દૃશ્ય હોય કે અદૃશ્ય, પણ તેના વિષે વિચાર થઈ શકે છે અને તેના ગુણ-ધર્મ નક્કી કરી શકાય છે; પરંતુ આ વાત તો સામાન્ય મનુષ્યોને અનુલક્ષીને થઈ. જેઓ સર્વજ્ઞ અને સર્વદર્શી છે, તેમને તો બધું હસ્તામલકવત્ એટલે હાથમાં રહેલા આંબળાની જેમ સ્પષ્ટ દેખાય છે, તેથી તેમને માનસિક ભૂમિકા પર કશો વિચાર કરવાની આવશ્યકતા રહેતી નથી. તેઓ તો જ્ઞાનદૃષ્ટિએ જે કંઈ જુએ છે-જાણે છે, તે જ પ્રમાણ છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

તત્ત્વની વિચારણા જીવથી શરૂ થાય છે. જેમકે—

जीवाऽजीवा पुण्णं, पावासव संवरो य निज्जरणा ।
बंधा मुक्खा य तहा, नव तत्ता हुंति नायव्वा ॥

'નવ તત્ત્વો જાણવા યોગ્ય છે. તે આ પ્રમાણે : (૧) જીવ, (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આશ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બંધ અને (૯) મોક્ષ.'

અમે પાઠકોને પૂછીએ છીએ કે સો અથવા હજારની સંખ્યામાંથી એકડો લઇ લઈએ તો બાકી શું રહે છે ? એ જ સ્થિતિ તત્ત્વજ્ઞાનની છે. જો તેમાંથી જીવતત્ત્વ લઇ લઇએ તો બાકી કંઈ રહેતું નથી.

અહીં કોઇ એમ કહેતું હોય કે અજીવ બાકી રહે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો એ નગણ્ય વસ્તુ છે. જો જીવ ન હોય તો અજીવનો વિચાર શા માટે કરવો ? સુખ-દુઃખનું સંવેદન જીવને થાય છે અને સકલ દુઃખમાંથી મુક્તિ મેળવવા માટે જ તત્ત્વની વિચારણા છે, એટલે જીવ ન હોય તો તત્ત્વજ્ઞાનની આવશ્યકતા રહેતી નથી.

આ વિવેચન તો જીવ સંબંધી વિચાર કરવા પરત્વે થયું, પણ જીવ-વિચારમાં વિચાર શબ્દ ક્યા અર્થમાં યોજાયેલો છે, તે જાણવાની જરૂર છે.

એક વાર અમે પાઠશાળાના એક હોંશિયાર ગણાતા વિદ્યાર્થીને પૂછ્યું કે 'જીવ-વિચારનો અર્થ શો ?'

તેણે કહ્યું : 'જીવ સંબંધી વિચાર, તે જીવ-વિચાર.'

અમે કહ્યું : 'આ તો તમે સમાસ છોડ્યો, પણ જીવ-વિચારનો વાસ્તવિક અર્થ શો છે ?'

તેણે કહ્યું : 'જીવ નામની વસ્તુ પરત્વે વિચાર કરવો તે જીવ-વિચાર.'

અમે કહ્યું : 'ભાષાના ધોરણે તમારો અર્થ ઠીક છે. પણ અહીં તે ક્યા સંદર્ભમાં વપરાયેલો છે ? શું આપણે અહીં જીવ સંબંધી વિચાર કરવાનો છે ? તર્કો કરવાના છે ?'

તેણે કહ્યું : 'પાઠ્ય પુસ્તકમાં તો એમ જ લખ્યું છે કે 'જીવ સંબંધી વિચાર કરવો, તે જીવ-વિચાર.' અને તેણે પુસ્તક દેખાડ્યું.

અમે કહ્યું : 'એ ઠીક છે; પણ જ્યારે આપણે

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક વસ્તુનો અભ્યાસ કરવા બેઠા હોઈએ, ત્યારે તે અંગે વિચારણા કરવી જોઈએ અને તેમાં જે કોઈ પ્રશ્નો સ્ફુરે તે શિક્ષકને પૂછવા જોઈએ. પરંતુ આપણે તે અંગે કંઈ વિચારણા જ ન કરીએ તો પ્રશ્ન ક્યાંથી સ્ફુરે? આપણા જૈન શાસ્ત્રોમાં સ્વાધ્યાય પાંચ પ્રકારનો કહ્યો છે: (૧) વાચના એટલે ગુરુ આગળ સૂત્ર અને અર્થનો પાઠ લેવો. (૨) પૃચ્છના એટલે સૂત્ર અને અર્થ સંબંધી પ્રશ્ન કરવા. (૩) પરાવર્તના એટલે જે કંઈ શીખી ગયા હોઈએ તેનું પુનરાવર્તન કરવું. (૪) અનુપ્રેક્ષા એટલે તે પર ખૂબ ઊંડાણથી વિચાર કરવો. અન્ય લોકો એને માટે નિદિધ્યાસન શબ્દનો પ્રયોગ કરે છે. અને (૫) ધર્મકથા એટલે સ્વાધ્યાયના ફળરૂપે ધર્મ કે તત્ત્વનું જે સ્વરૂપ સમજાયું હોય, તે કલ્યાણબુદ્ધિથી બીજાને સમજાવવું. વારુ, અહીં વિચાર શબ્દ ત્રણ અર્થમાં યોજાયેલો છે.

વિચારનો પ્રથમ અર્થ મત કે અભિમત છે. શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં આ અર્થ જણાવેલો છે. એટલે જીવ સંબંધી જ્ઞાની ભગવંતોએ જે મત કે અભિમત દર્શાવેલો છે, તે જીવ-વિચાર.

વિચારનો બીજો અર્થ તત્ત્વનિર્ણય છે. 'શબ્દસ્તોમ-મહાનિધિ' આદિ પ્રસિદ્ધ સંસ્કૃત કોષોમાં આ અર્થ આપેલો છે; એટલે જીવ સંબંધમાં જ્ઞાની ભગવંતોએ કરેલો જે તાત્ત્વિક નિર્ણય તે જીવ-વિચાર.

વિચારનો ત્રીજો અર્થ ભેદપૂર્વકનું કથન છે અને તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. એટલે જીવના સ્વરૂપ, શરીર, આયુ, કાયસ્થિતિ, પ્રાણ, યોનિ, વગેરેના ભેદપૂર્વક જેમાં કથન કરાયું છે, તે જીવ-વિચાર.

કહેવાની ભાગ્યે જ જરૂર છે કે જીવ-વિચારનો આ અર્થ સાંભળતાં વિદ્યાર્થીના આનંદ અને આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે બોલી ઉઠ્યો કે 'ખરેખર ! શબ્દની શક્તિ અગાધ છે. જો તેનાથી પરિચિત થઈએ તો કેટલું બધું જ્ઞાન મળે છે ?'

ધાર્મિક અભ્યાસક્રમમાં જીવ-વિચાર શા માટે શીખવાય છે ? તે પણ સ્પષ્ટતયા સમજી લેવું જોઈએ. જૈન શાસ્ત્રમાં કહ્યું છે કે-

× किं सुरगिरिणो गरुयं ? जलनिहिणो किंव होज्ज गंभीरं ? ।
किं गयणाउ विसालं ? कोव्व अहिंसासमो धम्मो ? ॥

'આ જગતમાં મેરુ પર્વત કરતાં મોટું શું છે ? સાગર કરતાં ગંભીર શું છે ? આકાશ કરતાં વિશાળ શું છે ? અને અહિંસા સમાન ધર્મ કયો છે ?' અર્થાત બીજો કોઈ નથી.

* कल्लाणकोडिजणणी, दुरंतदुरियारिवग्गणिठ्ठवणी ।
संसारजलहितरणी, एकच्चिय होइ जीवदया ॥

"ક્રોડો કલ્યાણને જન્મ આપનાર, વિવિધ પ્રકારનાં

× (પુષ્પમાલા શ્લોક ૬)
* (પુષ્પમાલા શ્લોક ૭)

જૈન સાઈટ JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરણ દુઃખોનો નાશ કરનાર અને સંસારસમુદ્રને તારનાર એક જીવદયા જ છે."

एवं खु नाणिणो सारं, जं न हिंसइ किंचण ।
अहिंसा समयं चेव, एयावन्त वियाणिया ॥

'જ્ઞાનીઓના કહેવાનો સાર એ જ છે કે કોઈપણ જીવની હિંસા કરો નહિ. અહિંસાને જ શાસ્ત્રોમાં કહેલો શાશ્વત ધર્મ સમજો.'

ભારતના અન્ય ઋષિ-મહર્ષિઓએ તથા સાધુ-સંતોએ પણ "दया धर्म को मूल है" એ જાહેરાત એકી અવાજે કરેલી છે.

'અઢાર પાપસ્થાનકોમાં પ્રાણાતિપાતને પહેલું મૂકવાનું કારણ શું?' કારણ એ જ કે તે સહુથી મોટું પાપ છે. પ્રાણાતિપાત એટલે પ્રાણનો અતિપાત, જીવહિંસા. પોતાનું હિત ઇચ્છનારે જીવહિંસા છોડવી જ જોઈએ, કારણ કે તે વેરને વધારનારી છે તથા ભારે કર્મબંધન કરાવનારી છે.

કેટલાક કહે છે કે 'જીવદયા બહુ સારી વસ્તુ છે, પણ તેનું પાલન તો સાધુ, સંત કે ત્યાગી પુરુષોથી જ થઈ શકે. આપણાથી તેનું પાલન થઈ શકે નહિ.' પરંતુ આમ કહેવું યોગ્ય નથી. જો હૃદયમાં દયાના પરિણામ હોય તો જીવદયાનું પાલન ઓછા કે વત્તા અંશે જરૂર થઈ શકે છે. જો ગૃહસ્થોથી જીવદયાનું પાલન ન થઈ શકતું હોત, તો ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુએ ગૃહસ્થ-ધર્મનું નિરૂપણ કરતાં સ્થૂલ-પ્રાણાતિપાત-વિરમણ-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાને પ્રરૂપ્યું જ ન હોત અને દયાધર્મનો ઉપદેશ દેતાં અભયદાનની આટલી જોરદાર હિમાયત પણ કરી ન હોત. તાત્પર્ય કે ગૃહસ્થો પણ જીવદયાનું પાલન કરી શકે છે અને પોતાના ચારિત્રનું ઉત્તમ પ્રકારે ઘડતર કરીને આત્મ-વિકાસના માર્ગે આગળ વધી શકે છે.

જીવદયા એટલે જીવોની દયા, જીવરાશિની દયા. આ વિશ્વમાં જીવોનો જે સમૂહ વ્યાપેલો છે, તેને જીવરાશિ કહેવાય છે. રાશિ એટલે સમૂહ. હવે જીવરાશિના સ્વરૂપનું જ જ્ઞાન ન હોય, તો જીવોની દયા કઈ રીતે પળે? શાસ્ત્ર-કાર ભગવંતોએ તો સ્પષ્ટ ફરમાવ્યું છે કે—

पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।
अन्नाणी किं काही ? किंवा नाहीइ छेअ-पावगं ? ॥

'પ્રથમ જ્ઞાન અને પછી દયા. આ પ્રમાણે સર્વ સંયત પુરુષો સ્થિત છે—માને છે. અજ્ઞાની શું કરે? તે શ્રેય અને પાપનો માર્ગ કેમ કરીને જાણે?'

અહીં સાધુધર્મનો વિષય ચાલી રહ્યો છે. તેને ઉદ્દેશીને એમ કહેવાયું છે કે જેણે પ્રથમ એટલે પ્રારંભમાં જીવ સંબંધી જ્ઞાન મેળવી લીધું હોય, તે જ દયાનું સારી રીતે પાલન કરી શકે છે. જે અજ્ઞાની છે, એટલે કે જીવનું સ્વરૂપ જાણતો નથી, એ શું કરવાનો? એ કેમ કરીને જાણવાનો કે આ શ્રેયસ્નો માર્ગ છે અને આ પાપમાર્ગ છે?'

આગળ તેમણે જણાવ્યું છે કે—

जैन साईट JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जो जीवे वि वियाणेई, अजीवे वि वियाणेई ।
जीवाजीवे वियाणंतो, सो हु नाहीइ संजमं ॥

'જે જીવને સારી રીતે જાણે છે, તે અજીવને પણ સારી રીતે જાણે છે. આ રીતે જીવ અને અજીવ બંનેને જાણનારો સંયમને સારી રીતે જાણી શકે છે.'

જીવને સારી રીતે જાણવો, એટલે તેનાં લક્ષણ, ભેદ, સ્વરૂપ વગેરેનો યથાર્થ બોધ પ્રાપ્ત કરવો. જ્યારે આ પ્રકારનો બોધ પ્રાપ્ત થાય છે, ત્યારે તેના પ્રતિપક્ષી અજીવને ઓળખી કાઢવાનું કામ સાવ સહેલું બની જાય છે. અન્ય શબ્દોમાં કહીએ તો 'આ જીવ' એવો નિશ્ચયપૂર્વક બોધ થયો કે 'આ અજીવ' એવો બોધ પણ નિશ્ચયપૂર્વક જ થવાનો. જેને જીવનાં લક્ષણો લાગુ પડતાં નથી, તે અજીવ.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

અહીં એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે તદ્દન નીચલા થરના જીવો અને અજીવ વચ્ચે ભેદરેખા દોરવાનું કામ સહેલું નથી, પણ ત્યાં જ્ઞાનીના શબ્દો કે શાસ્ત્રવચનો સહાય રૂપ થાય છે અને તેથી જીવને અજીવ માની તેનું ઉપમર્દન કરવાનો પ્રસંગ આવતો નથી.

જેણે જીવ–વિચારનું શિક્ષણ લીધું છે, તે પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ, કીડા, જંતુ, પક્ષી, પશુ, મનુષ્ય વગેરેમાં જીવ માનવાનો અને તેથી તેના આરંભ–સમારંભથી જરૂર બચવાનો. કદાચ પ્રમાદવશાત્ તેમ ન બન્યું તો પણ તેના દિલમાં તો દયાની ભાવના રહેવાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ અને તેથી તેનાં પરિણામો કોમળ રહેવાના. જૈનો દયાળુ ગણાયા, તેનું ખરૂં કારણ એ છે કે તેમની દયાનો વિસ્તાર જીવ-વિચારના શિક્ષણને લીધે ઘણો મોટો થઈ ગયો.

અન્ય સમાજોની હાલત જુઓ કે જ્યાં જીવન સંબંધી વિશિષ્ટ શિક્ષણ નથી, તેઓ અનેક જીવોની હિંસા કરવા છતાં પોતે હિંસા કરી હોય એમ સમજતા નથી. પછી તેમાંથી બચવાની કોશીશ તો કરે જ શી રીતે? તાત્પર્ય કે દયાધર્મના યથાર્થ પાલન માટે જીવ-વિચારનું શિક્ષણ આવશ્યક છે અને તેથી જ જૈન સંઘમાં આજે તેનું પદ્ધતિસર શિક્ષણ અપાઈ રહ્યું છે.

જીવ-વિચારના શિક્ષણ માટે આજે પ્રાયઃ જીવ-વિચાર-પ્રકરણની જ પસંદગી થાય છે, તેનું કારણ એ છે કે તેની પ્રાકૃત ભાષા સહેલી છે, તેની શૈલિ સુગમ છે, તેમાં જીવના ભેદો વગેરેનું વ્યવસ્થિત નિરૂપણ છે અને તે માત્ર એકાવન જ ગાથાઓનું હોઈને થોડા જ વખતમાં કંઠસ્થ કરી શકાય એવું છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ સાતમું

# જીવ-વિચાર-પ્રકરણના નિર્માતા

એક કૃતિ સંઘમાન્ય હોય અને સુવિહિત ગુરુ દ્વારા તેનું અધ્યયન કરાવવામાં આવતું હોય, ત્યારે સામાન્ય રીતે શ્રદ્ધાળુ આત્માઓને તેના કર્તા કે નિર્માતા સંબંધી પ્રશ્ન ઉઠતો નથી. તેઓ તો 'પાડા-પાડીનું કામ છે કે બળી ખાવાનું કામ છે?' એમ વિચારી સીધા અધ્યયનમાં જ પ્રવૃત્ત થાય છે; પરંતુ બુદ્ધિપ્રધાન-તર્કશાલી મનુષ્યોની સ્થિતિ જુદા પ્રકારની છે. તેમના જિજ્ઞાસુ મનમાં એ પ્રશ્ન અવશ્ય ઉઠે છે કે 'આ કૃતિ કોણે રચી છે? ક્યારે રચી છે? શા માટે રચી છે?' વગેરે. જો તેમના આ પ્રશ્નોનું યોગ્ય સમાધાન કરવામાં આવે છે, તો તેમને આનંદ થાય છે અને કૃતિનું અધ્યયન કરવાનો ઉત્સાહ વધે છે. આ વસ્તુસ્થિતિ ખ્યાલમાં રાખીને જ અમોએ પ્રસ્તુત પ્રકરણનું આલેખન કર્યું છે.

પ્રથમ એવી પ્રથા હતી કે કોઈ પણ ગ્રંથ, પ્રકરણ કે સ્તવન-સ્વાધ્યાય (સજ્ઝાય)ની રચના થાય, ત્યારે તેના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્તા કે નિર્માતા ઘણા ભાગે એ કૃતિના છેડે ગર્ભિત રીતે અને કેટલીક વાર સ્પષ્ટતયા પોતાના નામનું સૂચન કરતા. આથી તે કૃતિ કોની છે ? એ સમજાઈ જતું. આ રીતે જીવ–વિચાર–પ્રકરણની પચાસમી ગાથામાં 'સિરિ–સંતિ–સૂરિ–સિટ્ઠે' એ શબ્દો વડે પ્રકરણ–કર્તાએ પોતાનું 'શ્રીશાન્તિ-સૂરિ' એવું નામ સૂચવ્યું છે.

અહીં એ પ્રશ્ન થવા સંભવ છે કે 'આ શાન્તિસૂરિજી મહારાજ કયા ?' કારણ કે જૈન પરંપરામાં અનેક શાન્તિ-સૂરિજી થયેલા છે, જેમકે—

(૧) ઉત્તરાધ્યયનસૂત્ર–બૃહદ્વૃત્તિના રચનાર થારાપદ્ર-ગચ્છીય[1] શ્રીશાન્તિસૂરિ કે જે વાદિવેતાલની પદવીથી વિભૂષિત હતા.

(૨) તિલકમંજરી–કથા–ટિપ્પનના રચયિતા પૂર્ણ–તલ્લગચ્છીય શ્રીશાન્તિસૂરિ.

(૩) વાર્તિકવૃત્તિવિધાયક ચન્દ્રકુલીય શ્રી વર્ધમાન–સૂરિશિષ્ય શ્રીશાન્તિસૂરિ.

(૪) ધર્મરત્નપ્રકરણ, પૃથ્વીચન્દ્રચરિત્ર આદિના કર્તા શ્રી નેમિચન્દ્રસૂરિશિષ્ય શ્રીશાન્તિસૂરિ.

(૫) ભક્તામરસ્તોત્રની વૃત્તિના પ્રણેતા ખંડેલગચ્છીય શ્રી શાન્તિસૂરિ.

(૬) પ્રમાણપ્રમેયકલિકાવૃત્તિના નિર્માતા શ્રીશાન્તિસૂરિ.

૧. સ્થિરાપદ એવું નામ પણ પ્રાપ્ત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૭) ઘટખર્પર, રાક્ષસવૃન્દાવનકાવ્યાદિવિવૃત્તિના રચયિતા શ્રીશાન્તિસૂરિ.

(૮) પિંડૈષણાશતકના રચયિતા શ્રીશાન્તિસૂરિ.

(૯) બૃહચ્છાન્તિના રચયિતા શ્રીશાન્તિસૂરિ.

(૧૦) પર્વપંચાશિકાના રચયિતા શ્રીશાન્તિસૂરિ.

(૧૧) ચૈત્યવંદનમહાભાસના રચયિતા શ્રીશાન્તિસૂરિ.

(૧૨) જીવ-વિચાર-પ્રકરણના નિર્માતા શ્રીશાન્તિસૂરિ.

એટલે આ પ્રશ્નનો ઉત્તર સહેલાઈથી આપી શકાય એમ નથી. એમાં સાધક-બાધક અનેક પ્રમાણો વિચારવા પડે એમ છે. પરંતુ અહીં એટલું તો સ્પષ્ટ જણાવી દઈએ કે બૃહચ્છાન્તિ અને પર્વપંચાશિકાના રચયિતા તો વાદિ-વેતાલ શ્રી શાન્તિસૂરિ જ છે; કારણ કે આવા સ્પષ્ટ શબ્દો ભાંડારકર ઈન્સ્ટીટ્યુટની પ્રતિ નં ૪૫૯/૧૮૮૨-૮૩, પ્રતિ નં. ૩૫૦/A/૨/૪૪૨-૪૩ તથા અન્ય એક પ્રતિમાં લખાયેલા છે.[૧]

કેટલાક ચૈત્યવંદનભાસને પણ તેમની કૃતિ માને છે, પણ તે માટે કોઈ પુષ્ટ પ્રમાણ નથી. ચૈત્યવંદનભાસ એ શ્રી શાન્તિસૂરિની કૃતિ છે, એવો નિર્ણય માત્ર એક પ્રતિના છેડે લખાયેલા નામ પરથી થયો છે. ખુદ એ કૃતિમાં તેનો ક્યાંય ઉલ્લેખ નથી. વળી મો અભ્યયનો વિશિષ્ટ ઉપયોગ એ જો વાદિવેતાલ શ્રી શાન્તિસૂરિજીનો ખાસ સંકેત હોય

૧. આના વિવેચન માટે જુઓ શ્રીપ્રતિક્રમણસૂત્ર-પ્રબોધટીકા ભાગ ત્રીજો, પૃષ્ઠ ૬૪૭-૪૮-૪૯-૫૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો તે પણ આમાં ગેરહાજર છે. અમને તો એમ લાગે છે કે જીવ-વિચાર-પ્રકરણની રચના કરનાર શ્રી શાન્તિસૂરિજી પછીના કોઇ શ્રી શાન્તિસૂરિજીએ તેની રચના કરી હશે. જીવ-વિચાર-પ્રકરણની પ્રથમ ગાથા આ પ્રમાણે છે :

भुवणपईवं वीरं, नमिऊण भणामि अबुह-बोहत्थं ।
जीवसरूवं किंचि वि, जह भणियं पुव्वसूरीहिं ॥

અને ચેઇયવંદણમહાભાસની છેલ્લી ગાથા નીચે મુજબ છે :

भुवणभवणपईवो, तियसिंद-नरिंदविंदकयसेवो ।
सिरिवद्धमाणवीरो, होउ सया मंगलं तुम्ह ॥

અહીં શ્રી વીરની સ્તુતિ અને તેમને ભુવનપ્રદીપની ઉપમા એ બંને સમાન છે.

'જો બંને ગાથામાં આટલું સામ્ય છે, તો તે એક જ કર્તાની કૃતિ કેમ ન હોય ?' એ પ્રશ્ન થવો અહીં સ્વાભાવિક છે, પણ અમે ઉપર જણાવ્યું તેમ આ છેલ્લી ગાથામાં કે તેની ઉપરની ગાથામાં તેમનો નામનિર્દેશ નથી અને એ પદ પણ જણાતું નથી.

હવે આવીએ જીવ-વિચાર-પ્રકરણ ઉપર. પ્રવાદ તો એવો છે કે આ પણ વાદિવેતાલ શ્રી શાન્તિસૂરિજીની કૃતિ છે; પરંતુ તે માટે પુષ્ટ પ્રમાણ ક્યાં ? વળી આ પ્રકરણ પરના ટીકાકારો પૈકી કોઈ પણ તેમનો કશો પરિચય આપતા નથી. જો તેમને એ પ્રવાદમાં સત્ય લાગ્યું હોત તો સંભાવના રૂપે પણ તેમનો ઉલ્લેખ કરત, પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવો ઉલ્લેખ કરેલો નથી. વિશેષમાં આ કૃતિ વાદિ-વેતાલની હોય તો તેની રચના પછી પાંચસો વર્ષ સુધીમાં તેના પર કોઈ પણ વૃત્તિ કેમ ન રચાઈ? તેમનું શિષ્ય-મંડલ વિદ્વાન હતું અને તેની પરંપરા અમુક સદી સુધી તો ચાલેલી જ છે. આ પ્રકરણ પરની પ્રથમ ટીકા છેક વિક્રમની સત્તરમી સદીના પ્રારંભમાં દૃષ્ટિગોચર થાય છે. શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મ્હેસાણા કે જેના તરફથી આ કૃતિ વાદિ-વેતાલ શ્રી શાન્તિસૂરિજીની હોવા બાબત વિશેષ પ્રચાર થયો છે, તે આ પ્રકરણની પ્રસ્તાવનામાં તે માટેનું પુષ્ટ પ્રમાણ રજૂ કરી શકેલ નથી, અને તેણે જે પ્રમાણ રજૂ કર્યું છે, તે વિચારણીય છે. તે જે નિર્દેશ માટે તપાગચ્છ પટ્ટાવલીનો હવાલો આપે છે, તેમાં આવો ઉલ્લેખ છે જ નહિ. તેમના તરફથી પાઠક રત્નાકરજીની સંસ્કૃત ટીકા સાથે જે જીવ-વિચાર-પ્રકરણ સને ૧૯૧૫માં બહાર પડયું, તેના ઉપોદ્ઘાતમાં તો એમ જ લખ્યું હતું કે 'अनेकगुणगणालङ्कृता श्रीमच्छान्तिसूरिपादाः प्रकृतप्रकरणं रचितवन्त इयन्मात्रं पञ्चाशत्तमगाथायाः प्रकटमेवावगम्यते, तेषां सत्ता-समयादिगतो निर्णयोऽस्माकं स्मृतिपथे नास्ति ।'

આ વિષયમાં પાછળથી પ્રમાણ મળી આવ્યું હોય એ બનવા યોગ્ય છે, પણ એ પ્રમાણ એવું હોવું જોઈએ કે જે પાઠકોને પૂરી પ્રતીતિ કરાવી શકે. અસ્તુ.

હવે જે એક પ્રમાણ આ કૃતિ વાદિવેતાલ શ્રી શાન્તિ-સૂરિજીની હોવાનું સૂચવે છે, તેનો અહીં નિર્દેશ કરીશું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉક્ત શ્રી શાન્તિસૂરિજીએ ઊત્તરાધ્યયસૂત્રની બૃહદ્‌વૃત્તિના છેડે પોતાની પ્રશસ્તિ આપી છે અને છેવટની પંક્તિમાં જણાવ્યું છે કે 'तद्‌भो भव्याः त्रिदोषप्रशमकरतो गृह्यतां लिख्यतां च ।' અને બૃહચ્છાન્તિના પ્રારંભમાં જણાવ્યું છે કે 'भो भो भव्या शृणुत वचनं प्रस्तुतं सर्वमेतद्' એ જ પાઠમાં આગળ પર 'भो भो भव्यलोका' પદ પણ તેમના भो અવ્યયની પ્રીતિનું સૂચન કરે છે. હવે જીવ-વિચાર-પ્રકરણની પચાસમી ગાથામાં 'करेह भो उज्जमं धम्मे ।' આવાં પદો આવે છે, જે એમની શૈલિનું આબેહૂબ દર્શન કરાવે છે. આ સંયોગોમાં હાલ આ કૃતિને વાદિવેતાલ શ્રી શાન્તિસૂરિજીની માનીને જ ચાલીએ, પરંતુ તે માટે હજી પુષ્ટ પ્રમાણો પ્રાપ્ત કરવાનાં બાકી રહે છે.

જૈન સાઇટ JAINSITE.com

વાદિવેતાલ શ્રી શાન્તિસૂરિજીનો પરિચય શ્રી પ્રભાચન્દ્રસૂરિવિરચિત શ્રીપ્રભાવકચરિત વગેરે પરથી આ પ્રમાણે પ્રાપ્ત થાય છે:

## વાદિવેતાલ શ્રી શાન્તિસૂરિજી

તેમનો જન્મ ઉત્તર ગુજરાતમાં રાધનપુર પાસે ઊણુ ગામમાં થયો હતો. તેમનું સંસારી નામ ભીમ હતું, તેમના પિતાનું નામ ધનદેવ અને માતાનું નામ ધનશ્રી હતું, તેઓ શ્રીમાલ વંશના હતા.

આ વખતે પાટણમાં થારાપદ્રગચ્છીય શ્રી વિજયસિંહસૂરિ નામના ચૈત્યવાસી આચાર્ય વિદ્યમાન હતા. તેઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક વખત ઊંઝુ પધાર્યા. ત્યાં ભીમ તેમના જોવામાં આવ્યો. તે અનેક શુભ લક્ષણોથી યુક્ત હોઈને આચાર્યશ્રીએ વિચાર્યું કે 'જો આ કિશોર સાધુ થાય તો શ્રી જિનેશ્વરદેવના શાસનની અવશ્ય પ્રભાવના કરે.'

તેમણે ધનદેવ શેઠ પાસે ભીમની માગણી કરી. ધર્મપરાયણ પતિ–પત્નીએ સંઘના કલ્યાણ કાજે એ માગણીનો સ્વીકાર કર્યો અને પોતાના વ્હાલસોયા પુત્રને આચાર્યશ્રીના ચરણે મૂકયો. આચાર્યશ્રીએ તેને શુભ મુહૂર્તે દીક્ષા આપી અને '**મુનિ શાન્તિભદ્ર**' નામથી પોતાનો શિષ્ય કર્યો.[1] પછી તેમને સૂત્ર–સિદ્ધાન્ત, ન્યાય, વ્યાકરણ, કાવ્ય, કોષ, જ્યોતિષ તથા મંત્રશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કરાવ્યો અને અનુક્રમે આચાર્યપદ આપ્યું, ત્યારથી તેઓ '**શ્રી શાન્તિ-સૂરિજી**' તરીકે પ્રસિદ્ધ થયા. છેવટે ગચ્છનો ભાર તેમને સોંપી શ્રી વિજયસિંહ આચાર્યે સ્વર્ગગમન કર્યું.

આ વખતે પાટણની જાહોજલાલી ઘણી હતી. તેના પર મહારાજા ભીમદેવનું આધિપત્ય હતું. તેમનો દરબાર અનેક નામાંકિત પંડિતોથી શોભતો હતો. આચાર્યશ્રીએ આ દરબારમાં પોતાની અદ્ભુત કવિત્વશક્તિ અને અનેરી વાદકળાનો પરિચય આપ્યો. આથી મહારાજા ભીમદેવે પ્રસન્ન

૧. ગુજરાતમાં પાલનપુર નજીક રામસીણ (રામસેણ) નામનું ગામ છે. ત્યાંના જિનમંદિરમાં પ્રતિમાજીના પબાસણ ઉપર ૧૦૮૪માં થારાપદ્રગચ્છના શ્રી શાન્તિભદ્રસૂરિએ પ્રતિષ્ઠા કરાવી એવો ઉલ્લેખ છે. આ ઉપરથી તેમનું સાધુ અવસ્થાનું નામ શ્રી શાન્તિભદ્ર હોય એમ સંભવે છે, કારણ કે ગચ્છ, નામ અને સમય લગભગ મળતાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈને તેમને 'કવીન્દ્ર' અને 'વાદિચક્રવર્તી' નામનાં માનવંતા બિરુદો આપ્યાં.

કસ્તૂરીની લોકોત્તર સુગંધ જેમ થોડીવારમાં સર્વત્ર ફેલાઈ જાય છે, તેમ સમર્થ મહાપુરુષોની ખ્યાતિ થોડા જ સમયમાં દેશ-દેશાન્તરમાં ફેલાઇ જાય છે. આ આચાર્યશ્રીની સમર્થ કવિ અને વાદી તરીકેની ખ્યાતિ સાંભળીને મહાકવિ ધનપાળે તેમને ધારાનગરીમાં પધારવાનું આમંત્રણ આપ્યું કે જે માલવદેશની રાજધાનીનું પદ ભોગવતી હતી અને દિગ્ગજ પંડિતોના નિવાસને લીધે સરસ્વતીની ક્રીડાભૂમિ બનેલી હતી.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

આચાર્યશ્રીએ મહાકવિ ધનપાળના આમંત્રણનો સ્વીકાર કરી ધારાનગરી તરફ વિહાર કર્યો. છેલ્લા મુકામે રાજા ભોજ સામે આવ્યો અને તેણે આચાર્યશ્રીને આવકાર આપીને જણાવ્યું કે 'ધારાની સભામાં ઉદ્ભટ વાદીઓ છે, તેમાંના જેટલા વદીઓને તમે જીતશો, તેટલા લાખ માલવી દ્રમ્મ તમને આપીશ. મારે જોવું છે કે ગુજરાતના જૈન સાધુઓમાં વિદ્વત્તાનું કેટલું સામર્થ્ય છે ?'

આચાર્યશ્રીએ આ પડકાર ઝીલી લીધો અને ધારાનગરી પહોંચ્યા પછી રાજસભામાં વાદ આરંભ્યો. તેમાં એક પછી એક ચોરાશી વાદીઓને જિતી લીધા. આ રીતે આચાર્યશ્રી રાજા ભોજની સભાના વાદીઓ માટે વેતાલ સમ નીવડ્યા, એટલે રાજા ભોજે તેમને 'વાદિવેતાલ' બિરુદ આપ્યું તથા શરત પ્રમાણે ૮૪ લાખ માલવી દ્રમ્મ અર્પણ કર્યા. તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વખતના ગુજરાતના ધોરણે તેની કિંમત ૧૨,૬૦૦૦૦ બાર-લાખ ને સાઠ હજાર રૂપિયા થતી હતી.

આચાર્યશ્રીએ તેમાંના ૧૨ લાખ રૂપિયા ધારાનગરીમાં સુંદર જિનમંદિર નિર્માણ કરવા માટે આપી દીધા અને બાકીના ૬૦૦૦૦ રૂપિયા ગુજરાતના થારાપદ્રનગરે (હાલના થરાદ ગામે) મોકલી આપ્યા કે જેમાંથી શ્રીઆદિનાથ–મંદિરમાં મૂળનાયકની ડાબી બાજુએ એક દહેરી બાંધવામાં આવી તથા રથ વગેરે કરાવવામાં આવ્યા.

કહેવાય છે કે શ્રી શાન્તિસૂરિજી મહારાજની વાદ–વિષયક ખ્યાતિ સાંભળીને આ વખતે ધારાનગરીમાં ૫૦૦ વાદીઓ શાસ્ત્રાર્થ કરવા માટે આવી પહોંચ્યા હતા, પરંતુ સૂરિજીએ એ બધાને જીતી લઈને જૈનધર્મનું તેમજ ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

સૂરિજી આ દિગ્વિજય કર્યા પછી પાટણ પધાર્યા ત્યારે રાજા અને મંત્રીમંડલ સહિત પાટણની તમામ પ્રજાએ તેમનું અપૂર્વ સ્વાગત કર્યું હતું.

આચાર્યશ્રી પાટણમાં પોતાના ૩૨ શિષ્યોને ન્યાયનો અભ્યાસ કરાવતા હતા. આ વખતે વડગચ્છીય શ્રીમુનિ–ચન્દ્રસૂરિ નાડોલથી વિહાર કરીને ચૈત્યપરિપાટી–નિમિત્તે પાટણ પધાર્યા. એકદા તેઓ ભગવાન શ્રી ઋષભદેવનાં દર્શન કરીને નજીકના ઉપાશ્રયમાં વિરાજમાન આ આચાર્યશ્રીને મળવા આવ્યા, પરંતુ એ વખતે બૌદ્ધ દર્શનના પ્રમેયનો પાઠ ચાલતો હતો, એટલે તેમને નમસ્કાર કરીને ચુપચુપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બેસી ગયા. તેમણે પોતાની તીવ્ર ધારણા શક્તિથી એ આખો પાઠ અવધારી લીધો. બીજા દિવસે, ત્રીજા દિવસે પણ આમ જ બન્યું. આ રીતે કુલ દશ દિવસ રહીને તેમણે દશેય દિવસના દશ પાઠ અવધારી લીધા. પરંતુ આચાર્યશ્રીના કોઈ શિષ્ય આ પાઠ અવધારી શક્યા નહિ. આથી તેઓ ઘણો ખેદ પામ્યા. આ વખતે શ્રીમુનિચન્દ્રસૂરિએ તેમની આજ્ઞા લઈ દશેય દિવસના પાઠ અણિશુદ્ધ કહી બતાવ્યા. આથી આચાર્યશ્રીની પ્રસન્નતાનો પાર રહ્યો નહિ. તેઓ એકદમ ઊભા થયા અને તેમને આલિંગન કરતાં બોલ્યાઃ ' તું તો ધૂળમાં ઢંકાયેલું રત્ન છે. મારી પાસે રહીને અભ્યાસ કર.'

આ વખતે પાટણમાં ચૈત્યવાસીઓનું પ્રભુત્વ હતું અને કોઈ સંવેગી સાધુને ઉતરવા માટે સ્થાન મળતું ન હતું. આચાર્યશ્રીએ આ વસ્તુનો ખ્યાલ કરી શ્રીમુનિચન્દ્રસૂરિજીને ઉતરવા માટે ટંકશાળ પાછળની એક ઓરડી અપાવી અને તેમને છયે દર્શનનો અભ્યાસ કરાવ્યો. કહેવાય છે કે આ સમયથી પાટણમાં ચૈત્યવાસીઓ તરફથી સંવેગીઓને વસતિ મળવા લાગી.

હવે સૂરિજીની શાસનપ્રભાવનાના અન્ય અંગ તરફ એક આછો દૃષ્ટિપાત કરી લઈએ. એકવાર તેમણે ધૂલિકોટ (ધૂળિયો કોટ) પડવાની સચોટ આગાહી કરીને ૭૦૦ શ્રીમાળ કુટુંબોને બચાવી લીધા હતા અને તેમને જૈન ધર્મના દૃઢ અનુરાગી કર્યા હતા. તેઓ રાજકુમારોને પણ

जैन साईट JAINSITE .com जनम् ज्योति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છૂટથી ધર્મનો પ્રતિબોધ કરતા. આ રીતે કુલ ૪૧૫ રાજકુમારો જૈન ધર્મની છત્રછાયા નીચે આવ્યા હતા અને તેના આચાર-વિચારનું પાલન કરી રહ્યા હતા.

એક વાર એક શ્રેષ્ઠિપુત્રને સર્પદંશ થતાં તેને મૃત માનીને જમીનમાં દાટી દીધો હતો. આચાર્યશ્રીને ખબર પડતાં તેને જમીનમાંથી બહાર કઢાવ્યો અને મંત્રશક્તિથી નિર્વિષ કર્યો. આ રીતે તેને નવીન જીવન પ્રાપ્ત થતાં સૂરિજીની એક મહામાંત્રિક તરીકેની ખ્યાતિ વિસ્તાર પામી.

સર્વતોમુખી પ્રતિભાને વરેલા આ આચાર્યશ્રીએ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની બૃહદ્વૃત્તિ ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ રચેલી છે, જે વાદશક્તિ માટે કિલ્લા સમાન મનાય છે. મહારાજા સિદ્ધરાજની સભામાં શ્રી વાદિદેવસૂરિએ આ ટીકાના આધારે જ દિગમ્બરાચાર્ય કુમુદચંદ્રને પરાજય આપ્યો હતો. તેમની અન્ય કૃતિઓમાં અર્હદ્-અભિષેક-વિધિ તથા બૃહચ્છાન્તિપાઠ (મોટી શાંતિ) ની ગણના નિશ્ચિત છે. આ ઉપરાંત બીજી કૃતિઓ પણ સંભવે છે, પરંતુ તે સંબંધી વિશેષ શોધખોળ થવાની આવશ્યકતા છે.

આ આચાર્યશ્રીએ પોતાના શિષ્યસમુદાયમાંથી શ્રી વીરમુનિ, શ્રીશાલિભદ્રમુનિ તથા શ્રીસર્વદેવમુનિને આચાર્યપદવી આપી ગચ્છની વ્યવસ્થા કરી હતી અને પોતાનું આયુષ્ય અલ્પ જાણીને યશશ્રાવકના પુત્ર સોઢે કાઢેલા ગિરનારતીર્થના યાત્રાસંઘ સાથે પ્રયાણ કર્યું હતું. ત્યાં ગિરનારતીર્થની યાત્રા કર્યા પછી અણસણવ્રતનો સ્વીકાર કર્યો હતો અને ૨૫ દિવસ સુધી તેનું પાલન કરીને સં. ૧૦૯૬ના જેઠ સુદ ૯ને મંગળવારે કૃત્તિકા નક્ષત્રમાં સમાધિપૂર્વક દેહનો ત્યાગ કરી સ્વર્ગગમન કર્યું હતું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ આઠમું

# પ્રસ્તુત પ્રકરણ પર વૃત્તિઓ વગેરે.

ગ્રન્થરચનાઓ કે પ્રકરણરચનાઓ તો ઘણી થાય છે, પરંતુ તે બધા પર વૃત્તિ કે ટીકા રચાતી નથી. તેમાંની જે રચના અસાધારણ વિશેષતા ધરાવતી હોય, અતિશય ઉપયોગી હોય કે એક યા બીજા કારણે લોકપ્રિય થયેલી હોય, તેના પર વૃત્તિ કે ટીકા રચાય છે. પ્રસ્તુત જીવ–વિચાર–પ્રકરણ પર વૃત્તિઓ કે ટીકાઓ રચાઈ, તેનું કારણ તેની ખાસ ઉપયોગિતા તથા લોકપ્રિયતા છે.

આ પ્રકરણ પર સુખબોધિકા નામની સંસ્કૃત ટીકા ખરતરગચ્છીય વાચક શ્રીમેઘનંદનના શિષ્ય પાઠક રત્નાકરજીએ સં. ૧૬૧૦માં રચેલી છે. પ્રશસ્તિમાં સાલ ઉપરાંત આશો વદિ ૮ અને 'ઘલ્લૂ' નામના સ્થાનનો નિર્દેશ છે.

આ વૃત્તિ શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા મહેસાણા તરફથી સં. ૧૯૭૧માં પત્રકારે પ્રસિદ્ધ થયેલી છે.

અહીં પ્રાસંગિક એ પણ જણાવી દઈએ કે ભાંડારકર ઈન્સ્ટીટયુટે પ્રકાશિત કરેલા શ્રી જિન–રત્નકોષ–ભાગ પહેલામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવ-વિચાર પરની ટીકાઓમાં જણાવ્યું છે કે પહેલી ટીકા વિ. સં. ૧૬૧૦માં રત્નસૂરિએ (રત્નસાધુએ) રચી અને બીજી સં. ૧૬૧૦માં ખરતરગચ્છીય ચન્દ્રવર્ધનગણિના શિષ્ય મેઘનંદનગણિએ રચી. પણ આમાં ગરબડ થઈ ગઈ છે. આ બે ટીકાઓ જૂદી નથી, પણ એક જ છે. શ્રી ચન્દ્રવર્ધનગણિને શ્રી મેઘનંદન, શ્રી દયાનંદન અને શ્રી વિજયનંદન એ નામના ત્રણ શિષ્યો હતા. તેમાં મેઘનંદનના શિષ્ય પાઠક રત્નાકરજીએ આ વૃત્તિ રચી, એવી સ્પષ્ટતા પ્રસ્તુત વૃત્તિની નિમ્ન પંક્તિઓમાં થયેલી છેઃ—

सुगुणगणिस्तृतीयः सरलमतिः कुशलसिंहनामान्यः ।
विख्यातचन्द्रवर्धनगणिरप्यासीत् क्रमेण ततः ॥९॥
तेषां शिष्यत्रितयं समजनि जगतीतले विदितविद्यम् ।
श्रीमेघनन्दनदयानन्दनविजयनामानः ॥१०॥
श्रेष्ठश्रेठिकुलोत्तंसा, वाचका मेघनन्दनाः ।
वृत्तिं जीवविचारस्याकार्षीद्रत्नस्तदन्तिषत् ॥११॥

આ પ્રકરણ પર બીજી સંસ્કૃત ટીકા ખરતરગચ્છીય શ્રીસમયસુંદર ગણિએ સં. ૧૬૯૮માં અમદાવાદમાં હાજા પટેલની પોળમાં રહીને રચી હતી, આવી માહિતી જૈન સાહિત્યના ઈતિહાસ પૃ. ૫૮૯ પર સાક્ષરવર્ય શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈએ આપી છે અને તે માટે ભાવનગરના શ્રી ભક્તિવિજયજી ભંડારની સૂચીનો હવાલો આપ્યો છે; પરંતુ આ વૃત્તિ હજી સુધી પ્રસિદ્ધ થયેલી નથી. આ સંબંધમાં બીકાનેરનિવાસી સુપ્રસિદ્ધ સાક્ષર શ્રી અગરચંદજી નાહટા સાથે પત્રવ્યવહાર કરતાં તેમણે એવો ખુલાસો કર્યો છે કે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'जीव-विचार पर समयसुन्दरजी की टीका वास्तवमें है ही नहीं।' એટલે આ વસ્તુ વિચારણીય બને છે.

આ પ્રકરણ પર ત્રીજી સંસ્કૃત ટીકા ખરતરગચ્છીય શ્રીજિનલાભના શિષ્ય શ્રીઅમૃતધર્મના શિષ્ય ઉપાધ્યાય શ્રીક્ષમાકલ્યાણકજીએ વિ. સં. ૧૮૫૦ના ભાદ્રપદ શુકલ-પક્ષની સપ્તમીના દિવસે બીકાનેરમાં પૂર્ણ કરેલી છે. આ વૃત્તિ પ્રમાણમાં નાની છે, એટલે કે અવચૂરિ જેવી છે, પણ વિષયનો બોધ કરાવવા માટે સારી છે. એનું પ્રકાશન સં. ૧૯૬૨માં ગુજરાતી અનુવાદ સાથે શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર તરફથી થયેલું છે.

શ્રી મો. દ. દેશાઈએ જૈન સાહિત્યના ઈતિહાસમાં તેની નોંધ લીધેલી છે અને તેનો રચનાસંવત ઉપર પ્રમાણે ૧૮૫૦ જણાવ્યો છે. શ્રી જિનરત્નકોષ ભાગ-પહેલામાં પણ તેનો રચનાસંવત્ આ જ આપેલો છે, પરંતુ જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા તરફથી પ્રગટ થતા જીવ-વિચાર-પ્રકરણની પ્રસ્તાવનામાં તેનો સં. ૧૭૮૫ છપાયે જાય છે ! અનેક આવૃત્તિઓ થવા છતાં આ ભૂલ સુધરી નથી, એ ખરેખર! ખેદનો વિષય છે.

આ સિવાય શ્રીજિનરત્નકોષ-ભાગ પહેલામાં બે વિશેષ ટીકાઓનો ઉલ્લેખ થયેલો છે, એક ઈશ્વરાચાર્યકૃત અક્ષરાર્થ-દીપિકાનો અને બીજો તેના આધારે શ્રી ભુવનસુંદરે રચેલી ટીકાનો. પરંતુ તેનો વિશેષ પરિચય હજી પ્રાપ્ત થયો નથી. તેની મૂળ પ્રતિઓ જોયા પછી જ ખબર પડે કે ખરેખર એમાં શું છે?'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવ-વિચાર-પ્રકરણનું પ્રથમ પ્રકાશન મુંબઈવાળા શ્રાવક ભીમશી માણેકે સં. ૧૯૫૯માં લઘુપ્રકરણસંગ્રહમાં કર્યું હતું. ત્યાર બાદ ૧૨ વર્ષે મહેસાણાવાળા શ્રાદ્ધરત્ન શ્રી વેણીચંદ સુરચંદે ઉપર્યુક્ત શ્રીરત્નાકરજીની સંસ્કૃત ટીકાનું પ્રકાશન કર્યું હતું. તે પછી તેની ગુજરાતી આવૃત્તિ શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા તરફથી પ્રકટ થવા લાગી કે જે આજે* સાતમી આવૃત્તિ સુધી પહોંચી છે.

આ પ્રકરણ શિક્ષણોપયોગી હોઈ અન્ય સંસ્થાઓએ પણ તેની ગુજરાતી-હિંદી આવૃત્તિઓ મૂલમાત્ર કે અર્થ સાથે પ્રગટ કરેલી છે, પણ તે બધાનો અહીં વિગતવાર ઉલ્લેખ કરવાની આવશ્યકતા નથી.

આ પ્રકરણનો ફ્રેન્ચ અનુવાદ ડૉ. ગેરિનોએ જર્નલ એશિયાટિકમાં સને ૧૯૦૨માં પ્રકટ કર્યો હતો.

આ પ્રકરણનો અંગ્રેજી અનુવાદ કોઈ વિદેશી સુપ્રસિદ્ધ વિદ્વાને કર્યાનું જાણમાં નથી; પરંતુ અમદાવાદથી શ્રી જૈન સિદ્ધાન્ત સોસાયટીએ મુનિશ્રી રત્નવિજયજી પાસે સંપાદિત કરાવીને સને ૧૯૫૦માં પાઠક રત્નાકરવૃત્તિ સાથે તેનો અંગ્રેજી અનુવાદ પ્રકટ કરેલો છે.

પ્રસ્તુત જીવ-વિચાર-પ્રકાશિકા આ વિષયમાં એક નવું પ્રસ્થાન છે અને તે તાત્ત્વિક ભૂમિકાથી માંડીને જીવ-વિચારના તમામ વિષય પર સારો એવો પ્રકાશ ફેંકી પોતાનું નામ સાર્થક કરે છે. આજનો શિક્ષિત વર્ગ કે જે આ વિષયમાં અનેક શંકાઓથી ઘેરાયેલો છે, તેના મનનું સમાધાન કરવામાં આ વૃત્તિ અનેરો ભાગ ભજવશે, એવી અમારી આંતરિક શ્રદ્ધા છે.

* સં. ૨૦૨૧ સુધીમાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ નવમું

# અર્થપદ્ધતિ

જીવ-વિચાર-પ્રકરણનો અર્થ પ્રકાશવા માટે પ્રસ્તુત વૃત્તિમાં ષડંગ પદ્ધતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે, તે આ પ્રમાણે :

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૧) **મૂળ ગાથા.**

(૨) **સંસ્કૃત છાયા.** પ્રાકૃતની સાથે સંસ્કૃત છાયા આપવાથી તેનો અર્થનિર્ણય કરવામાં સુગમતા પડે છે. ખાસ કરીને સંસ્કૃતના અભ્યાસીઓ આ વસ્તુની અપેક્ષા રાખે છે, તેથી બીજા અંગ તરીકે તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

(૩) **પદાર્થ.** દરેક પદના અર્થ જાણ્યા વિના સમગ્ર અર્થની સંકલના થઈ શકતી નથી, એટલે આ અંગ આવશ્યક છે. તેમાં પ્રથમ સામાન્ય અર્થ અને પછી વિશેષ અર્થ એ ક્રમને અપનાવવાથી બોધ ઘણો સ્પષ્ટ થાય છે, તેથી અહીં દરેક પદના સામાન્ય અને વિશેષ અર્થ આપ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વામાં આવ્યા છે. જે પદોમાં સામાન્ય અર્થથી જ કામ ચાલે એવું છે, ત્યાં વિશેષ અર્થ આપવામાં આવ્યો નથી.

(૪) **અન્વય.** અર્થની સંકલના કરવા માટે અતિ ઉપયોગી હોઈ ચોથા અંગ તરીકે તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

(૫) **ભાવાર્થ.** માત્ર ભાષાંતરથી ભાવ સુધી પહોંચાતું નથી, એટલે ભાવાર્થનો પણ એક આવશ્યક અંગ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે.

(૬) **વિવેચન.** ગાથાના પ્રયોજન આદિ સંબંધમાં વિશેષ વક્તવ્યની અપેક્ષા રહે છે, તેથી છઠ્ઠા અંગ તરીકે વિવેચનને અપનાવ્યું છે.

આશા છે કે આ પદ્ધતિ અભ્યાસીઓને અતિ ઉપયોગી થઈ પડશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જીવ-વિચાર-પ્રકાશિકા

યાને

## જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન

卐

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

બીજો ખંડ

## જીવોનું વર્ગીકરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ૧ ]

## મંગલ, અભિધેય આદિ

### મૂળ

भुवण-पईवं वीरं, नमिऊण भणामि अबुह-बोहत्थं ।
जीवसरूवं किंचि वि, जह भणियं पुव्व-सूरीहिं ॥ १ ॥

### સંસ્કૃત છાયા

भुवन-प्रदीपं वीरं, नत्वा भणामि अबुध-बोधार्थम् ।
जीव-स्वरूपं किंचिदपि, यथा भणितं पूर्वसूरिभिः ॥

### પદાર્થ

भुवणपईवं—ભુવનમાં પ્રદીપ જેવા.

ભુવન એટલે લોક. જૈન દૃષ્ટિએ તેના ત્રણ પ્રકારો છે : (૧) ઊર્ધ્વલોક, જે સામાન્ય રીતે સ્વર્ગ તરીકે ઓળખાય છે. (૨) તિર્યગ્લોક, જે સામાન્ય રીતે મર્ત્યલોક કે મનુષ્યલોક તરીકે ઓળખાય છે. અને (૩) અધોલોક, જે સામાન્ય રીતે પાતાળ તરીકે ઓળખાય છે. લોક શબ્દથી આ ત્રણે લોક સમજવાના છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈનેતર શાસ્ત્રોમાં આ ત્રણે પ્રકારો ઉપરાંત તેના ચૌદ પ્રકારો પણ વર્ણવેલા છે અને તેથી ભુવન શબ્દ ચૌદના સંકેત તરીકે વપરાય છે.

દીપ એટલે દીવો, પ્રદીપ એટલે મોટો દીવો, અથવા ઉત્કૃષ્ટ દીવો. તેનું મુખ્ય કાર્ય અંધકારનો નાશ કરવાનું છે, એટલે લક્ષણથી તેનો અર્થ 'પ્રકાશ કરનાર' એવો થાય છે.

આ રીતે ભુવન-પ્રદીપનો અર્થ ત્રણે ય લોકમાં રહેલા જીવાજીવરૂપ સમસ્ત પદાર્થનો પ્રકાશ કરનારા એમ સમજવાનો છે.

वीरं—વીરને, શ્રી મહાવીર સ્વામીને.

કહ્યું છે કે 'विशेषेण ईरयति प्रेरयति कर्माणि इति वीरः-જે વિશેષતાથી કર્મોને પ્રેરે છે-દૂર કરે છે, એટલે કે આત્માથી છૂટા પાડે છે, તે વીર.' પૂર્વાચાર્યોએ તેનું નિરુક્ત આ પ્રમાણે કર્યું છે:

विदारयति यत् कर्म, तपसा च विराजते।
तपोवीर्येण युक्तश्च, तस्माद् वीर इति स्मृतः॥

'જે કર્મનું વિદારણ કરે છે, તપથી વિરાજમાન છે અને તપોવીર્યથી યુક્ત છે, તે વીર કહેવાય છે.'

ચરમ તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામી આવા ગુણોથી યુક્ત હતા, એટલે તેઓ 'વીર' કહેવાયા. શાસ્ત્રોમાં અનેક સ્થળે તેમનો ઉલ્લેખ શ્રી વીરસ્વામી, શ્રી વીર-પ્રભુ કે શ્રી વીર પરમાત્મા તરીકે આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नमिऊण—નમીને, નમસ્કાર કરીને.

ભાવપૂર્વક હસ્તપાદાદિ અવયવોનો સંકોચ કરવો, નમસ્કાર–સૂચક શબ્દ બોલવા અને નમસ્કાર્ય પ્રત્યે માનસિક એકાગ્રતા, વિચારણા, શ્રદ્ધા, આદર, બહુમાનની લાગણી કે શુદ્ધ પરિણતિ રાખવી, તેને નમસ્કાર કહે છે.

भणामि—કહું છું.

अबुह–बोहत्थं—અબુધોના બોધાર્થે; જેઓ બોધ પામેલા નથી, તેમને બોધ પમાડવા માટે.

અહીં બોધ શબ્દથી સામાન્ય બોધ કે વ્યાવહારિક જ્ઞાન નહિ, પણ તત્ત્વબોધ સમજવાનો છે. તાત્પર્ય કે જેનો હજી તત્ત્વજ્ઞાનમાં પ્રવેશ થયો નથી કે જેણે જીવ–અજીવ વગેરેનું સ્વરૂપ જાણ્યું નથી, તે અબુધ છે. અહીં કેટલાક 'અજ્ઞાની' એવો અર્થ કરે છે અને તેવો અર્થ થઈ શકે ખરો, પણ તે પ્રસ્તુત નથી. પાઠક રત્નાકરજીએ પણ 'अबुधा :—अविदितजीवाजिवादितत्त्वार्थास्तेषां बोधार्थं–बद् विज्ञानाय' એવો અર્થ કરેલો છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

जीवसरूवं—જીવના સ્વરૂપને.

જીવ એટલે આત્મા. જીવનશક્તિ ધારણ કરવાના ગુણને લીધે તેને જીવ કહેવામાં આવે છે. કહ્યું છે કે 'जीवितवान्, जीवति, जीविष्यतीति जीवः—જે જીવનવાળો છે, જે જીવે છે અથવા તો જે જીવવાનો છે, તે જીવ.' ઉપયોગ અનાદિનિધનત્વ, શરીરપૃથકત્વ, કર્મકર્તૃત્વ, કર્મભોક્તૃત્વ, અરૂપિત્વ આદિ અનેક લક્ષણોથી તે યુક્ત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવનની ક્રિયા જેના વડે શકય બને છે, એ જીવંત શરીરને પણ ઉપચારથી જીવ કહેવામાં આવે છે. છેદન, ભેદન, તાડન, મારણ વગેરે શરીર તરીકે માનેલા આ જીવનું થાય છે, પણ તેનું સંચાલન કરનાર આત્માનું થતું નથી. એ તો સ્વભાવે અજ-અમર છે, એટલે કે જન્મતો પણ નથી અને મરતો પણ નથી.

સ્વરૂપ શબ્દના ઘણા અર્થો થાય છે, તેમાંથી લક્ષણ કે પ્રકાર અહીં અભિપ્રેત છે.

किंचि वि—કંઈક, થોડું, સંક્ષેપથી.

जह—જેમ.

भणियं કહેલું છે.

पुव्वसूरिहिं—પૂર્વના સૂરિઓએ, પૂર્વાચાર્યોએ.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## અન્વય

અહીં भणामि એવું ક્રિયાપદ છે, એટલે अहं પદ અધ્યાહારથી લેવાનું છે.

अहं वीरं नामिऊण किंचि वि जीवसरुवं भणामि—હું શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર કરીને જીવનું કંઈક એવું સ્વરૂપ કહું છું.

'એ વીર કેવા છે?' તો भुवणपईव—ત્રણેય લોકના સમસ્ત પદાર્થોનો પ્રકાશ કરવામાં પ્રદીપ જેવા.

'હું શા માટે જીવનું સ્વરૂપ કહું છું?' તો अबुह-बोहत्थं—જેઓને જીવ-અજીવ વગેરેનો બોધ ઘણો અલ્પ છે, તેમને વિશેષ બોધ પમાડવા માટે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'હું તે કેવી રીતે કહું છું?' તો जह भणियं पुव्व-सुरीहिं—જેમ પૂર્વાચાર્યોએ કહ્યું છે, તેમ; પરંતુ મારી મતિથી નહિ.

## ભાવાર્થ

ત્રણ લોકના સમસ્ત પદાર્થોનો પ્રકાશ કરનાર એવા શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર કરીને, જીવ–અજીવ વગેરેનો અલ્પ બોધ ધરાવનારાઓને વિશેષ બોધ પમાડવા માટે, પૂર્વાચાર્યોના કથન અનુસાર હું જીવનું કંઈક સ્વરૂપ કહું છું.

## વિવેચન

ભયાનક ભવસાગરમાં ભ્રમણ કરનાર પ્રાણીઓના ઉપકાર માટે પ્રવહણ સમાન તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપવાની ઇચ્છા રાખનારા શ્રીમાન્ શાન્તિસૂરિજી મહારાજે શિષ્ટાચારના પરિપાલન અર્થે પ્રારંભમાં ઇષ્ટદેવને પ્રણામ કરવાના હેતુથી તથા ગ્રંથના અભિધેય એટલે વિષયને સૂચવવાના આશયથી આ પ્રથમ ગાથા કહી છે.

વિશેષતાથી કહેવું હોય તો એમ પણ કહી શકાય કે મંગલાચરણ, વિષય, સંબંધ, પ્રયોજન અને અધિકારી એ પાંચેયનું સૂચન કરવા માટે તેઓશ્રીએ આ પ્રથમ ગાથા રજૂ કરી છે.

અહીં 'ત્રણ લોકના સમસ્ત પદાર્થોનો પ્રકાશ કરનાર એવા શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર કરીને' આ શબ્દો મંગલાચરણરૂપ છે.

જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'જીવનું કંઈક-અલ્પ એવું' આ શબ્દો પ્રસ્તુત પ્રકરણના **અભિધેય** કે **વિષયને** જણાવનારા છે. 'પૂર્વાચાર્યોના કથન અનુસાર' આ શબ્દો ગુરુપરંપરા સાથેનો **સંબંધ** સૂચવનારા છે.

'અલ્પ બોધ ધરાવનારાઓને વિશેષ બોધ પમાડવા માટે' આ શબ્દો પ્રકરણ-રચનાનું **પ્રયોજન** સૂચવનારા છે, તેમજ તેના **અધિકારી** અંગે પણ નિર્દેશ કરનારા છે. તાત્પર્ય કે આ પ્રકરણ મેં તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં પ્રવેશ કરનારાઓ માટે રચ્યું છે, નહિ કે પંડિતો અથવા અભ્યાસીઓ માટે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

ગ્રંથરચનાના પ્રારંભમાં ઇષ્ટદેવનું મંગલાચરણ કરવાથી ગ્રંથકારની પરમ આસ્તિકતા પ્રકટ થાય છે અને તેથી અધ્યયન-અધ્યાપન માટે નિઃસંકોચ પ્રવૃત્તિ કરી શકાય છે. વળી ઇષ્ટદેવના નામસૂચનથી આ ગ્રંથ કયા ધર્મનો કે સંપ્રદાયનો છે, એ પણ જાણી શકાય છે.

ગ્રંથના પ્રારંભમાં જ અભિધેય કે વિષયનું સૂચન કરી દેવાથી આ ગ્રંથમાં શેનું વર્ણન આવશે, તે પાઠકો સમજી શકે છે અને તેથી તેના અધ્યયન-અધ્યાપનની પ્રવૃત્તિ કરવી કે નહિ? તેનો નિર્ણય કરી શકે છે.

સંબંધનો નિર્દેશ કરવાથી આ ગ્રંથને કેટલો પ્રમાણભૂત ગણવો? તેનો ખ્યાલ પાઠકોને આવી શકે છે. દાખલા તરીકે અહીં પ્રકરણકર્તાએ એમ કહ્યું છે કે 'હું પૂર્વાચાર્યોના કથન અનુસાર કહું છું, પણ મારી મતિથી કહેતો નથી.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે પૂર્વાચાર્યોના કથન પર અટલ વિશ્વાસ રાખનારા એવા શ્રદ્ધાળુ આત્માઓને તે ગ્રાહ્ય બને છે. અહીં આવું કોઈ સ્પષ્ટીકરણ ન હોય તો સંભવ છે કે પાઠકો તેને સ્વતંત્ર મતનિરૂપણ માની લે અને તેથી તેના અધ્યયન-અધ્યાપનની પ્રવૃત્તિ કરવી કે નહિ? એના વિચારમાં પડે.

ગ્રંથરચનાનું પ્રયોજન જણાવવાથી પાઠકને ગ્રંથ-રચનાના હેતુ પરત્વે કંઈ શંકા કરવાનું કારણ રહેતું નથી અને અધિકારીનું સૂચન કરવાથી જેઓ તેના અધિકારી છે, તે જ તેના પઠનમાં પ્રવૃત્ત થાય છે.

પ્રાચીનકાળમાં લગભગ બધા જ દર્શનવાળાઓ આ પદ્ધતિનું અનુસરણ કરતા અને તેથી જ્ઞાન-સંપાદનના ક્ષેત્રમાં સુંદર વ્યવસ્થા જળવાઈ રહેતી.

આ આખી રચનામાં ગાહા છંદનો જ ઉપયોગ થયેલો છે કે જેનું લક્ષણ સંસ્કૃત ભાષાની આર્યાને મળતું છે.



जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[२]

## જીવોના મુખ્ય ભેદો

મૂળ

जीवा मुत्ता संसारिणो य तस थावरा य संसारी ।
पुढवि-जल-जलण-वाऊ-वणस्सई थावरा नेया ॥२॥

जैन साईट
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

સંસ્કૃત છાયા

जीवा मुक्ताः संसारिणश्च त्रसाः स्थावराश्च संसारिणः ।
पृथ्वी-जल-ज्वलन-वायु-वनस्पतयः स्थावराः ज्ञेयाः ॥

પદાર્થ

जीवा—જીવો.

અહીં જીવની બહુલતા સૂચવવા માટે जीवा એવો બહુવચનનો પ્રયોગ છે. જીવો દ્રવ્યથી અનંત છે, ક્ષેત્રથી સમસ્ત લોકવર્તી છે, કાલથી ત્રણે કાલમાં રહેનાર છે અને ભાવથી ઉપયોગાદિ લક્ષણવાળા છે.

જો બધાં જ શરીરમાં એક અખંડ જીવ હોત તો અહીં जीवा એવો બહુવચનનો પ્રયોગ કરત નહિ, પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિગોદ× સિવાય દરેક શરીરમાં જુદો જીવ છે, કારણકે તેને સુખદુ:ખનો અનુભવ જુદા જુદા પ્રકારે થાય છે અને દરેકનું વ્યક્તિત્વ ( Individuality ) જૂદા પ્રકારનું છે, તેથી અહીં બહુવચનનો પ્રયોગ સાર્થક છે.

मुत्ता—મુક્ત, પારંગત, સિદ્ધ.

જે જીવો કર્મથી સર્વથા મૂકાયેલા છે, તે મુક્ત કહેવાય છે. આવા જીવો દેહ છોડયા પછી લોકના અગ્ર-ભાગે આવેલી સિદ્ધશિલા ઉપર પહોંચે છે અને ત્યાં સ્થિર થાય છે. આવા જીવો સંસારસાગરનો પાર પામી ગયેલા હોવાથી પારગત કહેવાય છે અને તેમનું સર્વ પ્રયો-જન સિદ્ધ થયેલું હોવાથી સિદ્ધ પણ કહેવાય છે.

जैन साईट JAINSITE .com सम्यग् ज्ञान शासनम्

संसारिणो—સંસારી.

' संसरणं संसार: ' જેમાં એક ગતિમાંથી બીજી ગતિમાં સરી જવાનું કામ નિરંતર ચાલી રહ્યું છે, તે સંસાર કહેવાય છે. આવા સંસારમાં રહેલા જીવો, તે સંસારી.

य—અને.

तस—ત્રસ.

કહ્યું છે કે ' शीतोष्णभयाद्यैरभितप्तास्तन्नाशाय त्रस्यन्तीति त्रसा: ।' જે જીવો ઠંડી, તાપ, ભય વગેરેથી ત્રાસ પામીને દુ:ખી થઈને તેનો નાશ કરવાની એટલે કે પ્રતિકાર કરવાની ચેષ્ટા કરે છે, તે ત્રસ કહેવાય છે. અહીં त्रस्यन्तिનો અર્થ

× નિગોદમાં એક શરીરમાં અનંત જીવો રહે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચેષ્ટન્તે કરવાનો છે. તાત્પર્ય કે જે જીવો સુખ-દુઃખનું સંવેદન થતાં તેને અનુકૂળ હલન-ચલનાદિ પ્રવૃત્તિ કરી શકે છે, તે ત્રસ કહેવાય છે. ત્રસનામકર્મના ઉદયથી જીવો આવું ત્રસપણું પામે છે.

थावरा—સ્થાવર.

કહ્યું છે કે 'तिष्ठन्त्युष्णाद्यभितापिता अपि तत्परिहारासमर्थाः स्थावरनामकर्मोदयवशवर्तिनः स्थावराः ।' જે જીવો ઠંડી, તાપ વગેરેથી પીડા પામવા છતાં તેનો પરિહાર કરવાને અસમર્થ હોઈ, જેવી હાલતમાં હોય તેવી જ હાલતમાં પડ્યા રહે છે, તે સ્થાવર કહેવાય છે. સ્થાવર-નામકર્મના ઉદયથી જીવો આવું સ્થાવરપણું પામે છે.

य—અને.

संसारी—સંસારી જીવો.

पुढवि-जल-जलण-वाऊ-वणस्सई—પૃથ્વી, જલ, જ્વલન, વાયુ અને વનસ્પતિ.

પૃથ્વી એટલે માટી, જલ એટલે પાણી કે અપ્, જ્વલન એટલે અગ્નિ કે તેજસ્, વાયુ અને વનસ્પતિ પ્રસિદ્ધ છે. આ પાંચેયમાં જીવોનો વાસ હોય છે. અન્ય શબ્દોમાં કહીએ તો કેટલાક જીવો આ પાંચેયને પોતાની કાયા બનાવીને અંદર રહેલા છે. આ જીવોને અનુક્રમે પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય (તેજસ્કાય), વાયુકાય અને વનસ્પતિકાય કહેવામાં આવે છે.

थावरा—સ્થાવર.

नेया—જાણવા યોગ્ય છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com જૈન साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### અન્વય

जीवा मुत्ता संसारिणो य—જીવો સિદ્ધ અને સંસારી એમ બે પ્રકારના છે. તેમાં संसारी—સંસારી જીવો तस थावरा य—ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારના છે. તેમાં थावरा पुढवी-जल-जलण-वाऊ-वणस्सई नेया—સ્થાવર જીવો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એમ પાંચ પ્રકારે જાણવા યોગ્ય છે.

### ભાવાર્થ

જીવોના સિદ્ધ અને સંસારી એવા બે મુખ્ય ભેદો છે. તેમાં સંસારી જીવો ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારમાં વહેંચાયેલા છે. તેમાં સ્થાવર જીવો પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય એમ પાંચ પ્રકારના છે.

जैन साइट JAINSITE.com

### વિવેચન

આ લોકમાં અનંતાનંત જીવો રહેલા છે. આ બધા જીવોમાં ચેતના કે ઉપયોગાદિ લક્ષણો સમાન છે, પણ તેમની અવસ્થા સમાન નથી. કેટલાક જીવો કર્મબંધનમાંથી મુક્ત થઈ, સંસારસાગરનો પાર પામી, સિદ્ધ થયેલા છે, એટલે સમગ્ર જીવોના '**સિદ્ધ**' અને '**સંસારી**' એવા બે ભેદો પડે છે.

સિદ્ધ અને સંસારી જીવોમાં આપણો સંપર્ક-સમાગમ સંસારી જીવો સાથે જ રહે છે અને દયાનો વિષય તે જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બની શકે, તેથી પ્રથમ વર્ણન સંસારી જીવોનું કરેલું છે. સંસારી જીવો પણ અવસ્થાવિશેષથી બે પ્રકારના છે: કેટલાક જીવો ભય, ત્રાસ કે દુઃખનો અનુભવ થતાં તેના પ્રતિકાર માટે ચેષ્ટાઓ કરી શકે છે, જ્યારે કેટલાક જીવો એવી ચેષ્ટાઓ કરી શકતા નથી. એટલે સમગ્ર સંસારી જીવોના 'ત્રસ' અને 'સ્થાવર' એવા બે પ્રકારો પડે છે.

હાલના વૈજ્ઞાનિકોએ એમ માન્યું છે કે જ્યાં પ્રતિક્રિયા—Response દેખાય, ત્યાં જીવન—(Life) માનવું; એટલે કે આપણે કોઈને સ્પર્શ કરીએ કે કોઈ પ્રકારનો આઘાત કરીએ અને સામી કંઈ પણ પ્રતિક્રિયા થાય તો સમજવું કે આમાં જીવન છે અને પ્રતિક્રિયા ન થાય તો સમજવું કે આમાં જીવન નથી; પરંતુ આ લક્ષણ અપૂર્ણ છે, અધૂરું છે; કારણ કે કેટલાક જીવો તથાપ્રકારની સામગ્રીના અભાવે દુઃખનું સંવેદન થવા છતાં પ્રતિક્રિયા કરી શકતા નથી, એટલે 'चेतनालक्षणो जीवः' એમ માનવું જ યોગ્ય છે. આ પ્રમાણે માનવાથી સ્થાવર જીવો જીવ-રાશિમાંથી બાકાત થતા નથી.

ત્રસ અને સ્થાવરમાં પણ સ્થાવરનું સ્વરૂપ વિશેષ પ્રકારે જાણવા યોગ્ય હોવાથી તેનું વર્ણન પ્રથમ કરે છે. સ્થાવર જીવો પાંચ પ્રકારના છેઃ (૧) પૃથ્વીકાય, (૨) અપ્કાય (૩) અગ્નિકાય (તેજસ્કાય–તેઉકાય), (૪) વાયુકાય અને (૫) વનસ્પતિકાય. આનો અર્થ એમ સમજવાનો છે કે કેટલાક જીવો પોતાના શરીરને પૃથ્વી રૂપે પરિણમાવે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, કેટલાક જીવો અપ્ એટલે પાણી કે જલને પોતાના શરીર રૂપે પરિણમાવે છે, કેટલાક જીવો પોતાના શરીરને અગ્નિરૂપે પરિણમાવે છે, કેટલાક જીવો વાયુને પોતાના શરીરરૂપે પરિણમાવે છે અને કેટલાક જીવો વનસ્પતિરૂપે પરિણમાવે છે.

અહીં એ સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે એક પરંપરા પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય એ ત્રણને સ્થાવર અને અગ્નિકાય, વાયુકાય તથા બૃહત્ શરીરવાળા જીવોને ત્રસ માનવાની હતી. નીચેની પંક્તિઓ તેના પ્રમાણરૂપ છે :

पुढवी आउजीवा य, तहेव य वणस्सई ।
इच्चेते थावरा तिविहा, तेसिं भेए सुणेह मे ॥

ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૬૯.

"પૃથ્વીકાય, અપ્કાય તેમજ વનસ્પતિકાય એમ સ્થાવરો ત્રણ પ્રકારના છે. તેના ભેદો મારાથી સાંભળો."

तेउ वाउ अ बोधव्वा, उराला य तसा तहा ।
इच्चेए तसा तिविहा, तेसिं भेए सुणेह मे ॥

ઉત્ત૦ અ૦ ૩૬, ગા૦ ૧૦૭.

"તેજસ્કાય, વાયુકાય અને ઉદાર—બૃહત્ શરીરવાળા ત્રસો, એમ ત્રસો ત્રણ પ્રકારના છે. તેના ભેદો મારાથી સાંભળો."

અહીં પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય એ ત્રણને સ્થિર માની તેનો સમાવેશ સ્થાવરમાં કર્યો છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અગ્નિકાય, વાયુકાય તથા બે ઇન્દ્રિય આદિ જીવોમાં ગતિ હોવાથી તેનો સમાવેશ ત્રસમાં કર્યો છે. આમ છતાં પ્રથમ એને ગતિત્રસ અને બે ઇન્દ્રિય આદિને પ્રધાનત્રસ કહ્યા છે, એટલે આ અપેક્ષાકૃત ભેદ છે; પરંતુ સામાન્ય વ્યવહાર તો પૃથ્વીકાય આદિ પાંચેયને સ્થાવર માનવાનો છે, એટલે પ્રકરણકારે તેની ગણના સ્થાવરમાં કરેલી છે.

કેટલાક કહે છે કે 'જીવંત શરીરો સામાન્ય રીતે કંઈક પોચા-કંઈ નરમ હોય છે, તે પૃથ્વીકાય જેવા કઠિન કેમ હોઈ શકે?' પણ આમ કહેવું યોગ્ય નથી. પ્રાણીઓનાં હાડકાં, શીંગડાં, નખ વગેરે કઠિન હોવા છતાં તેમાં જીવ હોય છે, તેમ પૃથ્વી કઠિન હોવા છતાં તેમાં જીવ હોઈ શકે છે. અહીં એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે જેમ માદક દ્રવ્ય પીવાથી મનુષ્ય મૂર્છિત દશામાં પડ્યો રહે છે અને તેમાં હલન-ચલનાદિ વ્યવહાર જોવામાં આવતો નથી, તેમ પૃથ્વી સચેતન હોવા છતાં તેમાં રહેલું ચૈતન્ય અમુક અંશે મૂર્છિત હોવાથી તે જોઈએ તેવું વ્યક્ત થતું નથી અને આપણા અનુભવમાં આવી શકતું નથી, પણ શાસ્ત્ર અને યુક્તિનો આધાર લઈએ તો આપણી બુદ્ધિમાં ઉતરી શકે એવું છે.

જેઓ એમ કહે છે કે 'जले विष्णुः स्थले विष्णुः' તેઓ તો પૃથ્વી વગેરેમાં ચૈતન્ય હોવાનો ઈન્કાર કેમ કરી શકે? જો સ્થલમાં-પૃથ્વીમાં વિષ્ણુનો વાસ હોય તો ચૈતન્યનો વાસ કેમ ન હોય?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવંત શરીર અમુક સંયોગોમાં વૃદ્ધિ પામે છે, તેમ ખાણમાં રહેલા લવણ, પત્થર વગેરે વૃદ્ધિ પામે છે. કેટલીક વાર પત્થરના પાળિયાઓ ક્રમશઃ વધતા જોવામાં આવે છે, તેનું કારણ એ હોય છે કે તે અંદરથી સચેતન પૃથ્વી સાથે જોડાયેલા હોય છે.

કેટલાક કહે છે કે 'પાણી તો પ્રવાહી છે અને આમ તેમ ફેલાઈ જાય છે. આ સ્થિતિમાં તે કોઈ જીવનું શરીર કેમ હોઈ શકે?' પરંતુ આ કથન ઊંડા અનુભવ વિનાનું છે. ઈંડામાં જરદી એટલે પીળો પ્રવાહી રસ હોય છે, તે જીવંત હોય છે, કારણ કે તેમાંથી આગળ જતાં પક્ષીનો જન્મ થાય છે. અથવા હાથીની ઉત્પત્તિ સમયે તે કલલ એટલે એક જાતના પ્રવાહી પદાર્થરૂપ હોય છે અને તેમાંથી જ આગળ જતાં હાથીનો જન્મ થાય છે, એટલે પ્રવાહી પદાર્થ પણ જીવનું શરીર બની શકે છે.

અહીં એમ કહેવામાં આવે છે કે 'પ્રવાહીનો અમુક જથ્થો જીવનું શરીર બની શકે, પણ અત્યંત નાનું બિંદુ જીવનું શરીર શી રીતે બની શકે?' તો આમ કહેવું યુક્તિ-યુક્ત નથી; કારણ કે જીવો અત્યંત નાના બિંદુ અને તેથી પણ અધિક નાના ભાગને પણ શરીર તરીકે ધારણ કરનારા હોય છે. તે સંબંધી આધુનિક વૈજ્ઞાનિકો શું કહે છે? તે સાંભળો : 'એક વાળમાં ૪૦૦૦ જંતુઓ સમાઈ શકે તેવા સૂક્ષ્મ જંતુઓ છે. ટીકીટ પર ફોટાલ્યા કટેરિયા જંતુઓ ૨૫૦૦૦૦૦૦૦ (પચીસ ક્રોડ) રહી શકે છે.' ડો. એ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીચ કહે છે કે ‘ એક રતલ ચેરીફ્રુટ પર ૧૨૦૦૦૦૦૦ જંતુઓ, એક રતલ કાળી દ્રાક્ષ પર ૧૧૦૦૦૦૦૦ જંતુઓ અને એક રતલ લીલી દ્રાક્ષ પર ૮૦૦૦૦૦૦ જંતુઓ સમાઈ શકે છે.’ વળી એક વૈજ્ઞાનિક કહે છે કે ‘ સૂક્ષ્મ-દર્શક યંત્રથી એવાં ઝીણાં જંતુઓ દેખાય છે કે એક સોયના અગ્રભાગ પર ૯ ક્રોડનો સમાવેશ થઈ શકે.’ હવે પાણીના અતિ સૂક્ષ્મબિંદુને જીવ શરીર તરીકે ધારણ કરી શકે કે નહિ ? તે વિચારી જુઓ. અહીં એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે જીવ દેહપરિણામી છે, એટલે મોટા દેહમાં મોટો, નાના દેહમાં નાનો અને અતિ નાના દેહમાં અતિ નાનો થઈને રહે છે. તાત્પર્ય કે જલનું અત્યંત નાનું બિંદુ પણ સચેતન હોય છે અને અપ્કાયજીવોના અસંખ્યાત શરીરોના સમૂહ-રૂપ હોય છે ને તેમાં પ્રત્યેક શરીર દીઠ જુદો જુદો જીવ હોય છે.

અગ્નિ તથા વાયુમાં પણ આ રીતે ચૈતન્ય હોય છે અને વનસ્પતિમાં તો તેની નિશાનીઓ બહુ સ્પષ્ટ દેખાય છે. તેનો વિચાર આગળ આઠમા પ્રકરણમાં આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## [ ૩ ]

## પૃથ્વીકાય

### મૂળ

फलिह-मणि-रयण-विद्दुम-हिंगुल-हरियाल-मणसील-रसींदा ।
कणगाइ-धाऊ सेढी-वन्नेय-अरणेट्टय-पलेवा ॥ ३ ॥

अब्भय-तूरी-ऊसं, मट्टी-पाहाण जाइओ णेगा ।
सोवीरंजण-लूणाइ-पुढविभेयाइ इच्चाइ ॥ ४ ॥

### સંસ્કૃત છાયા

स्फटिक-मणि-रत्न-विद्रुम-हिङ्गुल-हरिताल-मनःशिला-रसेन्द्राः ।
कनकादि धातवः खटिका-वर्णिका-अरणेटक-पलेवकाः ॥३॥
अभ्रकं तूर्यूषं मृत्तिका-पाषाणजातयोऽनेकाः ।
सौवीराञ्जन-लवणादयः पृथ्वीभेदा इत्यादयः ॥४॥

### પદાર્થ

ફલિહ—સ્ફટિક.

ઉત્તરાધ્યયનસૂત્રના જીવાજીવવિભક્તિપ્રકરણમાં ' ગોમે-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वज्जए य रुयगे अंके फलिहे य लोहियक्खे य ' આદિ પદોથી સ્ફટિકની ગણના ચૌદ રત્નોમાં કરેલી છે; એટલે સ્ફટિક નામનું એક રત્ન પણ થાય છે, પરંતુ તેનો સમાવેશ રત્નમાં સમજવો. અહીં સ્ફટિક શબ્દથી પારદર્શક અને કિંમતી એવા પથ્થરની જાતિ સમજવી કે જેની મૂર્તિઓ, માળા વગેરે બને છે. અંગ્રેજીમાં જેને ' Crystal and quartz ' કહે છે, તે આ વસ્તુ સમજવી.

**मणि–મણિ.**

ઉત્તરાધ્યયનસૂત્રમાં ' मणिविहाणे ' એ પદથી ચૌદ પ્રકારનાં રત્નો જ ગ્રહણ કરેલાં છે, એટલે મણિ અને રત્ન એ એક બીજાના પર્યાયશબ્દો છે. છતાં વ્યવહારમાં તેની ગણના જુદી થાય છે, એટલે અહીં તેનો જુદો પ્રકાર સમજવાનો છે. ચન્દ્રકાન્ત, સૂર્યકાન્ત વગેરે સમુદ્રોત્પન્ન રત્નોને આ વિભાગમાં ગણવાના છે.

**रयण–રત્ન.**

પ્રાચીન શાસ્ત્રકારોએ રત્નના ચૌદ પ્રકારો માન્યા છે, તે આ પ્રમાણે : (૧) ગોમેદક, (૨) રુચક, (૩) અંક, (૪) સ્ફટિક અને લોહિતાક્ષ, (૫) મરકત અને મસારગલ્લ, (૬) ભુજમોચક, (૭) ઈન્દ્રનીલ, (૮) ચન્દન, ગૈરિક અને હંસગર્ભ, (૯) પુલક, (૧૦) સૌગન્ધિક, (૧૧) ચન્દ્રપ્રભ, (૧૨) વૈડૂર્ય, (૧૩) જલકાન્ત અને (૧૪) સૂર્યકાન્ત.

આજે રત્ન શબ્દથી મુખ્યત્વે માણેક, પોખરાજ, નીલમ, પન્ના, ગોમેદ (લસણિયું), શનિ વગેરે સમજાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યોતિષીઓ નવરત્નમાં મુક્તા એટલે મોતી અને પ્રવાલનો પણ સમાવેશ કરે છે.

विद्रुम–પ્રવાલ, પરવાળાં.

પરવાળાં દરિયાઈ બેટમાંથી પ્રાપ્ત થાય છે. તે લાલ-રંગના હોય છે અને માળા બનાવવા માટે, વીંટીઓમાં નંગ તરીકે જડવા માટે તથા ઔષધિપ્રયોગ માટે વપરાય છે.

આજના શોધકો પરવાળા માટે નીચેની હકીકત રજૂ કરે છે. 'ઉષ્ણુકટિબંધના દરિયામાં અસંખ્ય ઝીણા જંતુઓ રહે છે; તે મરી જાય છે, ત્યારે તેના કઠણ હાડપિંજરો એક બીજાની સાથે બાઝી જાય છે, એટલે એ રીતે દરિયામાં એક જાતના ટાપુ બને છે. આવા ટાપુને પરવાળાના ટાપુ (Coral–iland) કહે છે. પરવાળાના ટાપુ પર ખાસ કરીને નાળિયેરીના ઝાડ વિશેષ થાય છે. વેસ્ટ ઇંડીઝમાં બાહામાનો ટાપુ છે, તે પરવાળાનો ટાપુ છે.'

પરવાળાંને હિન્દીમાં 'મૂંગા' ફારસીમાં 'મિરજાન' અને અગ્રેજીમાં 'રેડ કોરલ' કહે છે.

हिंगुल–હિંગળોક.

લાલરંગનો ખનીજ પદાર્થ છે. તેનો ઉપયોગ સૌભાગ્યવતી સ્ત્રીઓ સેંથો પૂરવામાં કરે છે અને રસાયણ-શાસ્ત્રીઓ પારો મેળવવા માટે કરે છે. હિંદી ભાષામાં તેને ઈંગુર, ફારસી ભાષામાં સીંગરફ અને અંગ્રેજી ભાષામાં સલ્ફ્યુરેટ ઓફ મર્ક્યુરી (Sulphurate of Mercury) કહે છે. બજારમાં હિંગળોકના ગાંગડા વેચાય છે, તેમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'રૂમી સીંગરફ' સહુથી સારો ગણાય છે અને ૧ શેર જેટલા આ હિંગળોકમાંથી પોણા શેર જેટલો પારો નીકળે છે.

हरियाल—હરતાલ.

આ પણ એક જાતનો ખનીજ પદાર્થ છે કે જે ગંધક અને સોમલના મિશ્રણથી થાય છે. હરતાલના અનેક પ્રકારો છે, તેમાં પત્રી હરતાલ ઉત્તમ ગણાય છે. તે રંગે પીળી હોય છે અને રંગ, રસાયણ તથા ઔષધિમાં વપરાય છે. અંગ્રેજી ભાષામાં તેને ઓર્પિમેન્ટ (Orpiment) કહેવામાં આવે છે.

मणसिल—મનશીલ, મણશીલ.

આ એક જાતનો ઝેરી પદાર્થ છે અને ઔષધિ તથા રસાયણોમાં વપરાય છે. કેટલાક તેને હરતાલનો જ એક પ્રકાર માને છે. હિન્દીમાં તેને 'मैनसील' અને અંગ્રેજીમાં 'રિઅલગાર' (Realgar) કહે છે.

रसींदा—રસેન્દ્ર, પારો.

रसींद એ મૂળ શબ્દ છે. બહુવચનમાં दा એવો પ્રયોગ થયેલો છે. બધા રસોમાં ઉત્તમ હોવાથી તેને રસેન્દ્ર કહેવામાં આવે છે. પારદ, પારો એ તેના પર્યાયશબ્દો છે. પારો ખાણમાંથી નીકળે છે અને વજનમાં ખૂબ ભારે હોય છે. ઔષધિમાં તથા રસાયણમાં તેનો ઘણો ઉપયોગ થાય છે. અનાજ સડી ન જાય તે માટે તેમાં પારાની થેપલીઓ (માટીમાં મિશ્રણ કરેલી) મૂકવામાં આવે છે. તેને હિન્દીમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પારા અને અંગ્રેજીમાં મરક્યુરી (Mercury) કહેવામાં આવે છે.

હાલ પારાની વિશેષ ઉત્પત્તિ સાઈબિરિયામાં થાય છે કે જે સોવિયેટ રશિયાનો એક ભાગ છે અને ઉત્તર પ્રદેશમાં ઘણે દૂર આવેલો છે.

**कणगाइ धाऊ**—કનકાદિ ધાતુઓ, સોનું વગેરે સાત પ્રકારની ધાતુઓ.

કનક એટલે સોનું. બધી ધાતુઓમાં શ્રેષ્ઠ હોવાથી તેને અહીં મુખ્યતા આપવામાં આવી છે. આદિ શબ્દથી બાકીની છ ધાતુઓ સમજવાની છે, તે આ પ્રમાણે : રૌપ્ય-રૂપું, તામ્ર-તાંબું, લોહ-લોઢું, ત્રપુ-તરવું-કલાઈ, સીસક-સીસું અને જસદ-જસત. પાઠક શ્રી રત્નાકરજીએ ટીકામાં ‘चामीकर–रूप्य–ताम्र–त्रपु–खर्पर–सीसक–लोहानि’ એ ક્રમ આપ્યો છે, પણ તેમાં કોઈ તાત્ત્વિક તફાવત નથી. खर्पर એટલે જસત.

जैन साइट JAINSITE.com

ઉપા૦ શ્રી ક્ષમાકલ્યાણજીએ લઘુવૃત્તિમાં એટલું સ્પષ્ટ કર્યું છે કે ‘एषामग्निसंयोगात्पूर्वं पृथ्वीकायत्वं अग्नि-संयोगे तु अग्निकायत्वं’ આ સાતે ય ધાતુ અગ્નિનો સંયોગ થયા પહેલાં એટલે ખાણમાંથી નીકળી હોય તે સ્વરૂપમાં પૃથ્વીકાય ગણાય છે અને જ્યારે તેનો અગ્નિ સાથે સંયોગ થાય છે, ત્યારે તે અગ્નિમય થઈ જવાથી તેની ગણના અગ્નિકાયમાં થાય છે. અહીં વિશેષ સ્પષ્ટતા એટલી કે ધાતુઓ ઠરી જાય છે, ત્યારે અજીવ ગણાય

છે, કારણ કે એ વખતે તેમાં કોઈ પણ પ્રકારનું જીવન રહેતું નથી.

સેઢી—ખડી.

ટીકાઓમાં 'सेढि त्ति' खटिका એવી સ્પષ્ટતા કરવામાં આવી છે, એટલે તેનો અર્થ ખડી સમજવાનો છે કે જે ઘરને ધોળો રંગ આપવામાં, તેમ સ્લેટ વગેરે પર અક્ષરો લખવામાં વપરાય છે.

वन्निय—રમચી, સોનાગેરુ.

ટીકાઓમાં વર્ણિકાનો અર્થ रक्तमृत्तिका એટલે એક પ્રકારની લાલ માટી કરવામાં આવ્યો છે કે જેને વર્તમાન ભાષામાં રમચી અથવા સોનાગેરુ કહે છે. વાસણો વગેરેને લાલ રંગ ચડાવવા માટે તેનો ખાસ ઉપયોગ થાય છે.

अरणेट्टय—અરણેટક.

ઉપા૦ શ્રીક્ષમાકલ્યાણકજીએ વૃત્તિમાં કહ્યું છે કે 'अरणेट्टकः पाषाणखंडमिश्रितश्वेतमृत्तिकारूपो देशप्रसिद्धः' તે પત્થરના ટુકડાથી મિશ્રિત શ્વેત માટીરૂપ હોય છે અને અમુક દેશમાં अरणेट्टक નામથી પ્રસિદ્ધ છે.

पलेवा—પલેવક, એક જાતનો પોચો પત્થર.

पलेव એ મૂળ શબ્દ છે. બહુવચનમાં पलेवा એવો પ્રયોગ થયેલો છે. વૃત્તિકારોના અભિપ્રાયથી તે પાષાણની એક જાતિ છે. સંસ્કૃત ભાષામાં पेलव શબ્દ પોચાના અર્થમાં વપરાય છે. તેમાં માત્રાનો વ્યત્યય થવાથી पलेव

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બન્યો હોય એ સંભવિત છે. એ રીતે તેનો અર્થ એક જાતનો પોચો પત્થર થાય છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે ઉત્તરાધ્યયન-સૂત્ર આદિમાં પૃથ્વીકાયની ગણના પ્રસંગે सेढी, वन्निय, अरणेट्टय કે पल्लेवનો ઉલ્લેખ આવતો નથી, પણ પ્રકરણ-રચનાકાલે આ વસ્તુઓ પ્રસિદ્ધ હોવાથી અને તેનો પૃથ્વી સાથે ખાસ સંબંધ હોવાથી તેની ગણના પૃથ્વીકાયમાં કરેલી છે.

अब्भय–અભ્રક, અબરખ.

પડવાળો ચમકદાર એક પ્રકારનો ખનીજ પદાર્થ છે. તે રસાયણ તથા ઔષધિમાં વપરાય છે અને પાંચેય પ્રકારના રંગમાં મળી આવે છે. અંગ્રેજીમાં તેને મીકા (Mica) કહે છે.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

तूरी–તુરી, ફટકડી.

ટીકાકારોએ તૂરીનો અર્થ 'વસ્ત્રોને રંગનો પાશ આપનારી એક જાતની માટી' કર્યો છે: 'तूरी वस्त्राणां पाशहेतुर्मृत्तिकाविशेषः।' જો તૂરીનો અર્થ તુવરી કરીએ તો ફટકડીનો એ પર્યાયશબ્દ છે અને ખનીજ હોવાથી પૃથ્વીકાયનો જ એક પ્રકાર છે. વળી કપડાને રંગ ચડાવવા માટે પણ તેનો ઉપયોગ થાય છે.

કેટલાક તૂરીનો અર્થ તેજંતુરી પણ કરે છે કે જેનો ઉલ્લેખ કથાસાહિત્યમાં લોઢાનું સુવર્ણ બનાવનારી એક પ્રકારની માટી તરીકે આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ऊसं**—ખારાવાળી માટી, ખારો.

ટીકાકારોએ ऊसंનો અર્થ ક્ષારવાળી ભૂમિ કર્યો છે કે જેમાં અંકુરાની ઉત્પત્તિ થતી નથી. 'ऊषः क्षारभूमिः यत्रांकुरोत्पत्तिर्न भवति।' આવી ભૂમિ પર જે ખારો જામે છે, તેને પણ ઊસ જ કહેવાય છે. ગુજરાતી ભાષામાં 'ખારું ખારું ઊસ' કહેવાય છે, તે આ ખારાને ઉદ્દેશીને જ કહેવાય છે.

કેટલાક ऊसंનો અર્થ ખારો કરે છે, પણ તેમાં દાખલા જુદા જુદા ક્ષારના આપે છે. જેમકે-સાજીખાર, નવસાર, ધોવાનો પાપડિયા ખાર, જવખાર વગેરે. આમાં સાજીખાર અને પાપડિયો ખાર તો ઉપરના વર્ગમાં ચાલી શકે, પણ નવસાર મનુષ્યની વિષ્ટા અને મૂત્રમાંથી તૈયાર થતો હોઈને[1] તેમજ જવખારની ઉત્પત્તિ જવનું પંચાંગ બાળીને થતી હોઈને[2] આ વર્ગમાં આવી શકે નહિ.

**मट्टी-पाहाण-जाइओ** ણેગા—માટી અને પાષાણની અનેક જાતિઓ—જાતો.

કેટલીક માટી પનક એટલે સૂક્ષ્મ રજરૂપ હોય છે, તો કેટલીક પીંડ એટલે ઢેફાંરૂપે હોય છે. વળી કેટલીક માટીનો રંગ કાળો, તો કેટલીક માટીનો રંગ લાલ, પીળો, આછો પીળો, ધોળો, ભૂખરો એમ અનેક પ્રકારનો હોય

૧. જુઓ આર્યભિષગ્—રસવૈદ વિભાગ. પૃ. ૬૮૧
૨. ,, ,, ,, ,, પૃ. ૬૭૫

આ પૃષ્ઠનો ક્રમાંક નવમી આવૃત્તિ મુજબ સમજવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. વિશેષમાં કેટલીક માટી ઘણી ચીકણી, તો કેટલીક સામાન્ય ચીકાશવાળી અને કેટલીક ખરબચડી પણ હોય છે. આમ માટીની અનેક જાતો હોય છે, તે બધી પૃથ્વીકાયમાં ગણાય છે.

પથ્થરમાં પણ આરસ, અકીક, કસોટી, ચિરોડી, કાંકરા, શિલા વગેરે અનેક જાતો હોય છે. તે ખાણમાં હોય છે, ત્યાં સુધી જીવનશક્તિથી યુક્ત હોવાને લીધે પૃથ્વીકાયમાં ગણાય છે.

सोवीरंजण–સૌવીરાંજન, સૂરમો.

આ એક પ્રકારનો ખનીજ પદાર્થ છે કે જેનું બારીક ચૂર્ણ આંખમાં અંજન કરવા માટે વપરાય છે. તેના ધોળો અને કાળો એવા બે પ્રકારો છે. તેમાં કાળો વધારે ગુણકારી મનાય છે.

JAINSITE.com जैन साइट જૈનમ્ જયતિ શાસનમ્

लूणाइ–લૂણ વગેરે.

લૂણ એટલે લવણ કે મીઠું. તે દરિયાના ખારા પાણીને સૂકવીને બનાવવામાં આવે છે તથા જમીનમાંથી પણ નીકળે છે. સિંધવ, સંચળ, બીડલૂણ વગેરેની ગણના પણ લૂણમાં થાય છે.

पुढविभेयाइ–પૃથ્વીકાયના ભેદો.

इच्चाइ–ઇત્યાદિ.

### અન્વય

આ બે ગાથાઓમાં વસ્તુઓનાં નામ અનુક્રમે આપેલાં હોવાથી અન્વય કરવાની આવશ્યકતા રહેતી નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ભાવાર્થ

સ્ફટિક, મણિ, રત્ન, પરવાળાં, હિંગળોક, હરતાલ, મણસીલ, પારો, સોનું વગેરે સાત ધાતુઓ, ખડી, રમચી, અરણેટ્ટક, પલેવક, અબરખ, તૂરી, ખારો, માટી અને પત્થરની અનેક જાતો, સૂરમો તથા મીઠું વગેરે પૃથ્વી-કાયના ભેદો છે.

## વિવેચન

સ્થાવર જીવોમાં પ્રથમ નિર્દેશ પૃથ્વીનો–પૃથ્વીકાયનો કરેલો છે, એટલે તેનું સ્વરૂપ પ્રથમ વર્ણવ્યું છે.

સ્ફટિક, મણિ, રત્ન, પ્રવાલ આદિ વસ્તુઓ જ્યારે પૃથ્વીના પેટમાં હોય છે, ત્યારે સચિત્ત હોય છે, જીવન-શક્તિથી યુક્ત હોય છે, તેથી તેની ગણના પૃથ્વીકાયમાં કરેલી છે. આ વસ્તુઓ ખાણમાંથી બહાર નીકળ્યા પછી શસ્ત્ર, અગ્નિ, રસાયણ વગેરેના પ્રયોગથી જીવરહિત બને છે, એટલે એની ગણના અચિત, અજીવ કે જડમાં થાય છે.

આ પરથી એમ પણ સમજવાનું છે કે પૃથ્વીને ખોદતાં અનેક પ્રકારના અસંખ્યાત પૃથ્વીકાય જીવો હણાય છે, તેથી તેની જયણા કરવી જોઈએ. જયણા એટલે યતના, દયા પાળવાનો પ્રયત્ન.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ૪ ]

## અપ્કાય

### મૂળ

भोमंतरिक्खमुदगं, ओसा–हिम–करग–हरितणू महिया ।
हुंति घणोदहिमाई, भेदा णेगा य आउस्स ॥५॥

### સંસ્કૃત છાયા

भौमान्तरीक्षमुदकं, अवश्यायो हिमं करको हरितनुर्महिका ।
भवन्ति घनोदध्यादयो भेदा अनेके चाप्कायस्य ॥५॥

### પદાર્થ

भोमंतरिक्खमुदगं—ભૂમિનું અને આકાશનું પાણી.

भोम અને अंतरिक्ख તે भोमंतरिक्ख. भोम એટલે ભૂમિ સંબંધી, ભૂમિમાંથી નીકળતું. अंतरिक्ख એટલે અંતરીક્ષ સંબંધી, આકાશમાંથી પડતું. કૂવા, વાવ વગેરેમાં પાણીની જે સરવાણીઓ તળિયેથી ફૂટે છે, તે ભૌમ કે ભૂમિનું પાણી ગણાય છે અને જે પાણી વરસાદમાં પડે છે, તે આંતરીક્ષ કે આકાશનું ગણાય છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ओसा—ઓકળ.

हिम—બરફ.

करग—કરા.

વરસાદમાં બરફના નાના ગોળ ટુકડા પડે છે, તેને કરા કહેવામાં આવે છે.

हरितणु—દર્ભ કે ઘાસ પરનાં જલબિંદુઓ.

ટીકામાં કહ્યું છે કે 'हरितणू त्ति' स्नेहकाले दर्भाग्रेषु जलबिन्दवः—હરિતણુ એટલે પ્રાતઃકાળમાં દર્ભ કે (કે ઘાસ)ના અગ્રભાગ પર દેખાતાં જલબિંદુઓ.

महिया—ધુમ્મસ.

हुंति—છે.

घणोदहिमाई—ઘનોદધિ આદિ.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પૃથ્વી તથા વિમાનો ઘનોદધિના આધારે ટકેલા છે. ઘનોદધિ એટલે ઘન થઈ ગયેલા-જામી ગયેલા પાણીનો સમૂહ. ઘનોદધિ ઘનવાતના આધારે અને ઘનવાત તનુવાતના આધારે ટકી રહેલ છે.

આદિ પદથી બીજા પણ આવા પ્રકારો ગ્રહણ કરવા.

भेआणेगा—અનેક ભેદો.

य—અને.

आउस्स—અપ્‌ના, અપ્‌કાયના.

**અન્વય**

**भोम-अन्तरिक्खं उदगं ओसा-हिम-करग-हरितणू महिया य घणोदहिमाई, आउस्स (अ)णेगा भेया हुंति ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ભાવાર્થ

ભૂમિનું પાણી, આકાશનું પાણી, ઝાકળ, બરફ, કરા, દર્ભ કે ઘાસ પરનાં જલબિંદુઓ, ધુમ્મસ અને ઘનોદધિ આદિ અપ્કાયના અનેક ભેદો છે.

## વિવેચન

પૃથ્વીકાય પછી અપ્કાયનો પરિચય ક્રમપ્રાપ્ત છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં 'सुद्धोदए य उस्से, हरतणू महिया हिमे' એ પદોથી અપ્કાય જીવોના પાંચ પ્રકારો બતાવેલા છે: (૧) શુદ્ધોદક, (૨) ઝાકળ, (૩) ઘાસ પરનાં જલબિંદુઓ, (૪) ધુમ્મસ અને (૫) બરફ. અહીં ભૌમ અને આંતરીક્ષ એવા બે ભેદો બતાવ્યા છે, તે શુદ્ધોદકના જ સમજવા. કરાનો સમાવેશ બરફમાં સમજવો. ઘનોદધિ અને હિમમાં અપેક્ષાવિશેષથી ભેદ નથી, એટલે તેની ગણના પાંચ પ્રકારમાં કરેલી નથી.

કેપ્ટન સ્કોર્સબીએ સૂક્ષ્મદર્શકયંત્ર વડે પાણીના એક ટીપામાં ૩૬૪૫૦ હાલતાચાલતા સૂક્ષ્મ જીવો જોયા, એવું વર્ણન કેટલાક આધુનિક વિજ્ઞાનના પુસ્તકોમાં આવે છે, પણ તે પાણીથી જુદા સમજવા. પાણી પોતે સ્થાવર છે અને તેમાં ઉત્પન્ન થતા આ જીવો ત્રસ છે, એટલે કે બે ઇન્દ્રિયવાળા છે.

કેટલાક કહે છે કે, 'પાણી તો ઓક્સિજન અને હાઈડ્રોજન નામના બે વાયુ મળવાથી થાય છે, પછી તેમાં જીવ શી રીતે હોઈ શકે?' તાત્પર્ય કે તે એક પ્રકારનો ભૌતિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પદાર્થ જ છે. પરંતુ આમ કહેવું ઉચિત નથી. એ કે તેથી અધિક દ્રવ્યો વડે ભલે પાણીની ઉત્પત્તિ થતી હોય, પણ જ્યારે તે પાણીરૂપ બને છે, ત્યારે તે અસંખ્ય જીવોની કાયારૂપ જ હોય છે. કેટલાક પદાર્થોના સંયોગોથી વીંછી, દેડકા, માછલાં વગેરે બને છે, પણ તેમાંનું જીવતત્ત્વ તો જુદું જ હોય છે, તેમ અહીં પણ સમજવું. અહીં એ જણાવવું પણ ઉચિત ગણાશે કે ભગવતીસૂત્ર આદિમાં વાતયોનિક જલનો ઉલ્લેખ આવે છે, એટલે વાયુના સંયોગથી જલ બનવાની વાત નવી નથી.

પાણીને ગરમ કરતાં ત્રણ ઉકાળા આવે, એટલે અપ્કાયના જીવો ચ્યવી જાય છે અને અચિત્ત પાણી રહી જાય છે. તે ઉનાળામાં પાંચ પ્રહર સુધી, શિયાળામાં ચાર પ્રહર સુધી અને ચોમાસામાં ત્રણ પ્રહર સુધી અચિત્ત રહે છે. પછી પાછું સચિત્ત બને છે, એટલે કે અપ્કાય જીવો ઉત્પન્ન થઈ જાય છે. જો આ રીતે પાણી સચિત્ત થતાં પહેલાં તેમાં ચૂનો નાખવામાં આવે તો બીજા ચોવીશ પ્રહર સુધી અચિત રહી શકે છે. આ વસ્તુ લક્ષમાં રાખીને જીવદયાપ્રેમીઓ ઉકાળેલા પાણીનો ઉપયોગ કરે છે, તેમજ ચૂનાવાળું પાણી પણ રાખે છે, જે સચિત્ત પાણીનો સર્વથા ત્યાગ કરનાર સાધુ-સાધ્વીઓને ખપમાં આવે છે.

૬

जैन साईट JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ૫ ]

## અગ્નિકાય

### મૂળ

इंगाल–जाल–मुम्मुर–उक्कासणि–कणग–विज्जुमाईया ।
अगणि–जियाणं भेया, नायव्वा निउण–बुद्धीए ॥६॥

जैन साईट
जैनम् जयति शासनम्

### સંસ્કૃત છાયા

अङ्गार–ज्वाला–मुर्मुर–उल्काशनि–कणक–विद्युदादयः ।
अग्नि–जीवानां भेदा ज्ञातव्या निपुणबुद्ध्या ॥६॥

### પદાર્થ

इंगाल–અંગાર.

જે અગ્નિ જ્વાલારહિત હોય, તે અંગાર સમજવો. 'अङ्गारो ज्वालारहितः ।' કાષ્ઠ વગેરેના અગ્નિમાંથી જ્વાલા શમી જતાં અંગારા રહે છે. વ્યાવહારિક ભાષામાં સળગતા કોલસાને અંગાર કહેવામાં આવે છે, પણ આ પરિભાષા અનુસાર જ્યારે તે જ્વાલારહિત હોય, ત્યારે જ તેને અંગાર સમજવાનો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जाल—જ્વાલા.

અગ્નિમાંથી જે શિખા પ્રકટે કે ભડકો થાય, તેને જ્વાલા કહે છે. 'ज्वाला अग्निसम्बद्धार्चिर्विशेषः ।'

मुम्मुर—ભાઠાનો અગ્નિ, ભરસાડ.

છાણાં વગેરે બળી ગયા પછી તેના પર રાખ વળી જાય છે, તેને ભાઠો કે ભરસાડ કહે છે. તેમાં અગ્નિના નાના કણ હોય છે, એટલે તેની ગણના અગ્નિકાયમાં કરેલી છે. ટીકામાં કહ્યું છે કે 'मुर्मुरा विरलाग्निकणभस्मः लोके कारिषोऽग्निरिति प्रसिद्धः ।' મુર્મુર એટલે થોડા અગ્નિકણવાળી ભસ્મ કે જે લોકોમાં કારિષ-અગ્નિ તરીકે પ્રસિદ્ધ છે. કારિષ એટલે સૂકાયેલું છાણુ, તેમાંથી બનાવેલાં છાણાં.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

उक्कासणि—ઉલ્કાનો અગ્નિ.

ક્વચિત્ ક્વચિત્ આકાશમાંથી જે અગ્નિ ઝરે છે અને જેના મોટા લીસોટા પડે છે, તેને ઉલ્કા સમજવાની છે. અશનિ એટલે અગ્નિ.

कणग—આકાશમાંથી ખરતા અગ્નિકણો.

કેટલીક વાર આકાશમાંથી અગ્નિના કણો ખરે છે, તેનો ઉલ્લેખ અહીં કણગરૂપે કરાયો છે.

કેટલાક ઉલ્કા અને અશનિનાં સ્વરૂપો જુદાં માને છે અને ઉલ્કા રેખારૂપ હોય છે, જ્યારે અશનિ કણકરૂપ હોય છે એમ જણાવે છે; પણ એમ કરતાં કણગનો અર્થ બંધબેસતો નથી. ત્યાં 'આકાશમાંથી તારાની જેમ કણિયા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂપે પડતો અગ્નિ' એવો અર્થ કરવામાં આવે છે, પણ તેથી વસ્તુસ્થિતિ સ્પષ્ટ થતી નથી. એ તો અશનિનું જ એક સ્વરૂપ થયું, એટલે उक्कासणिनो અર્થ ઉલ્કાનો લીસોટારૂપ અગ્નિ અને कणगनो અર્થ આકાશમાંથી ખરતા અગ્નિકણો એમ કરવો સમુચિત છે. ઉત્તરાધ્યયનસૂત્ર તથા જીવસમાસ વગેરેમાં ઉલ્કા આદિનો સ્પષ્ટ ઉલ્લેખ નથી, પણ તે અગ્નિનું એક પ્રકારનું સ્વરૂપ હોઈને અહીં વર્ણવાયેલું છે.

विज्जुमाईया—વિદ્યુત્ આદિ, વીજળી વગેરે.

વરસાદના દિવસોમાં આકાશમાં જે વીજળી થાય છે, તેમાં એક પ્રકારનો અગ્નિ હોય છે. વીજળીના દીવામાં પણ સૂક્ષ્મ તારો એકદમ તપવાથી અગ્નિ પ્રકટ થાય છે; જ્યારે વીજળીનો દીવો બુઝાતો હોય, ત્યારે તે સ્પષ્ટ જોઈ શકાય છે.

આદિ શબ્દથી બીજા નહિ કહેલા ભેદો પણ સમજવા. જેમકે અરણીનાં લાકડાં ઘસવાથી ઉત્પન્ન થતો અગ્નિ, જંગલમાં વાંસ પરસ્પર ઘસાવાથી ઉત્પન્ન થતો અગ્નિ, સૂર્યકાન્ત મણિના પ્રયોગથી ઉત્પન્ન થતો અગ્નિ, દીવાસળી ઘસવાથી ઉત્પન્ન થતો અગ્નિ વગેરે.

अगणि—जियाणं—અગ્નિકાય જીવોના.

भेया—ભેદો, પ્રકારો.

नायव्वा—જાણવા યોગ્ય છે.

निउण—बुद्धीए—નિપુણ બુદ્ધિ વડે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### અન્વય

इंगाल–जाल–मुम्मुर–उक्कासणि–कणग–विज्जुमाईया अगणि–जियाणं भेया निउणबुद्धिए नायव्वा ॥

### ભાવાર્થ

અંગારા, જ્વાલા, ભાઠાનો અગ્નિ, ઉલ્કાનો અગ્નિ, આકાશમાંથી વરસતા અગ્નિના કણ, વીજળી વગેરે અગ્નિ-કાયના જીવોના ભેદ નિપુણબુદ્ધિ વડે જાણવા યોગ્ય છે.

### વિવેચન

અપ્કાય પછી અગ્નિકાયનું વર્ણન ક્રમપ્રાપ્ત છે. તેમાં અગ્નિના ભિન્ન ભિન્ન પ્રકારોનો પરિચય કરાવવામાં આવ્યો છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

અગ્નિનું જે સ્વરૂપ આપણે જોઈએ છીએ, તે અંગારરૂપ હોય છે, અથવા જ્વાલારૂપ હોય છે, અથવા ભાઠા કે ભરસાડરૂપ હોય છે. તે ત્રણેયનો અહીં નિર્દેશ કરેલો છે. તે સિવાય આકાશમાં જે ભિન્ન ભિન્ન પ્રકારના અગ્નિ પ્રકટ થાય છે, તેમાંના ઉલ્કા, કણગ અને વિદ્યુતનો અહીં વિશિષ્ટ નિર્દેશ કરેલો છે. આ વિષયના ખાસ અભ્યાસીઓ તેના વિશેષ પ્રકારો પાડવા ઈચ્છે તો પાડી શકે છે, પણ અહીં તો સૂચન માત્ર છે. આકાશમાં જે વીજળી થાય છે, તે સચિત્ત હોવાથી જ તેની ગણના અગ્નિકાયમાં કરેલી છે.

卐

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## [ ६ ]

## વાયુકાય

### મૂળ

उब्भामग–उक्कलिया, मंडलि–मह–सुद्ध–गुंज–वाया य ।
घण–तणु–वायाईया, भेया खलु वाउकायस्स ॥७॥

### સંસ્કૃત–છાયા

उद्भ्रामक–उत्कलिकौ, मण्डलि–मह–सुद्ध–गुञ्ज–वाताश्च ।
घनवात–तनुवातादिका भेदाः खलु वायुकायस्य ॥७॥

### પદાર્થ

उब्भामग—ઉદ્ભ્રામક વાયુ, સંવર્તક વાયુ.

उब्भामग અને उक्कलिय તે उब्भामग–उक्कलिया. જે વાયુ, તણખલાં વગેરેને ઊંચે ચડાવીને ભમાવે તેને ઉદ્ભ્રામક વાયુ કહેવાય છે. 'उद्भ्रामक—वातःयस्तृणादिकमूर्ध्वं भ्रामयति ।' આને સંવર્તક વાયુ પણ કહે છે. 'उद्भ्रामक—वातोऽपरनामः संवर्तकः ।'

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उक्कलिय—ઉત્કલિક વાયુ.

જે રહી રહીને વાય અને જેનાથી ધૂળમાં રેખાઓ પડે છે, તે ઉત્કલિક વાયુ કહેવાય છે. 'उत्कलिकावातः यः स्थित्वा वाति येन धूलिषु रेखाः समुत्पद्यन्ते ।'

मंडलि—મંડલિક વાયુ.

જે મંડલાકારે વાય અને પાંદડાં વગેરેને મંડલાકારે એટલે ગોળ ગોળ ચક્રાવો લેતાં ભમાવે તેને મંડલિક વાયુ કહેવાય છે. 'मंडलीवातः यो मंडलया वाति पत्रादिकं मंडलाकारेण भ्रामतीत्यर्थः ।'

मह—મહાવાયુ, વંટોળિયો.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

અહીં मुह એવો પાઠ પણ જોવામાં આવે છે. તેનો અર્થ મુખવાસમાંથી ઉચ્છ્વાસરૂપે નીકળતો વાયુ એવો થાય, પરંતુ શાસ્ત્રોમાં વાયુકાયનો આવો ભેદ પ્રાયઃ આવતો નથી, એટલે ઉપરના પાઠને જ શુદ્ધ માન્યો છે.

सुद्ध—શુદ્ધ વાયુ.

જે વાયુ મંદમંદ વહેતો હોય, તે શુદ્ધ વાયુ કહેવાય છે. 'शुद्धवातो मन्दवातः ।'

गुंज—ગુંજારવ કરતો વાયુ.

वाया—વાયુઓ.

य—અને.

घण-तणु-वायाईया—ઘનવાત, તનુવાત વગેરે.

જે વાયુ ઘન-ઘાટો હોય, તે ઘનવાત કહેવાય અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તનુ-પાતળો હોય તે તનુવાત કહેવાય. આ વાયુઓ ઘનોદધિની નીચે હોય છે. આદિ શબ્દથી નહિ કહેલા એવા અન્ય ભેદો પણ સમજી લેવા.

भेया—ભેદો, પ્રકારો.

खलु—નિશ્ચયપૂર્વક.

वाउकायस्स—વાયુકાયના.

## અન્વય

उब्भामग...वाया य घण-तणु-वायाईया खलु वाउ-कायस्स भेया ।

## વિવેચન

પૃથ્વીકાય, અપ્કાય અને અગ્નિકાય પછી વાયુકાયનો પરિચય ક્રમપ્રાપ્ત છે. વાયુ, પવન, હવા વગેરે એકાર્થી શબ્દો છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે પૃથ્વી, પાણી, અગ્નિ અને વનસ્પતિ નજરે દેખાય છે, પણ વાયુ નજરે દેખાતો નથી. એ તો તેના કાર્યથી જ જાણી શકાય છે. દાખલા તરીકે ડાળીઓ હાલતી હોય કે ધજા ફરફરતી હોય તે પરથી વાયુ વહી રહ્યો છે, એમ આપણે જાણી શકીએ છીએ.

અહીં જેને શુદ્ધ વાયુ કહેવામાં આવ્યો છે, તેમાં પણ અંતર્ગત અનેક જાતના વાયુ હોય છે. આધુનિક વૈજ્ઞાનિકોના કથન મુજબ સૂકી હવામાં ૭૮ ટકા નાઈટ્રોજન, ૨૧ ટકા ઓક્સિજન, ·૦૯ ટકા આરગન અને ·૦૪

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાર્બન ડાયોક્સાઇડ વગેરે વાયુઓ હોય છે. આ ઉપરાંત પાણીની વરાળ અને બીજા ઘન પદાર્થોની રજકણો અને સૂક્ષ્મ જીવજંતુઓ પણ હોય છે.

વાયુ નજરે દેખાતો નથી, આમ છતાં તેને વજન પણ હોય છે અને તેનું અમુક પ્રકારનું દબાણ પણ હોય છે. દાખલા તરીકે ૧૦ સેન્ટીમીટર લાંબો, ૧૦ સેન્ટીમીટર પહોળો અને ૧૦ સેન્ટીમીટર ઊંચો ખાલી ડબ્બો હોય તો તેની અંદર ૧ લિટર હવા હોય અને તેનું વજન ૧.૩ ગ્રામ હોય. એક કાચના વાસણમાંથી હવા ખેંચી લઈને વજન કરવામાં આવે અને પછી હવા ભરાવા દઈને વજન કરવામાં આવે તો હવાવાળું કાચનું વાસણ વધારે વજનદાર હોય છે. તે પરથી આ માપ નક્કી કરવામાં આવ્યું છે. વળી બેરોમીટર વગેરે સાધનોથી હવાનું દબાણ કેટલું છે ? તે જાણી શકાય છે.

ટૂંકમાં, વાયુના અનેક પ્રકારો છે અને તેમાં ચેતન-તત્ત્વ હોઈ તેને શરીરરૂપે ધારણ કરનાર જીવોને વાયુકાયિક જીવો કહેવામાં આવે છે. વાયુ વિના જીવન ધારણ કરવું મુશ્કેલ છે, આમ છતાં તેની દયા પાળવાની ભાવના રાખવી અને તે પ્રમાણે યથાશક્તિ વર્તવું, એ જીવદયાપ્રેમીઓનું કર્તવ્ય છે.

卐

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ૭ ]

## વનસ્પતિકાય

### મૂળ

साहारण -पत्तेया, वणस्सइ-जीवा दुहा सुए भणिया ।
जेसिमणंताणं तणू एगा साहारणा ते उ ॥ ८ ॥

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

### સંસ્કૃત છાયા

साधारण-प्रत्येका वनस्पतिजीवा द्विविधाः श्रुते भणिताः
येषामनन्तानां तनुरेका साधारणास्ते तु ॥८॥

### પદાર્થ

साहारण-पत्तेया—સાધારણ અને પ્રત્યેક.

साधारण-અને पत्तेया તે साहारण-पत्तेया. साहारण એટલે સાધારણ અને पत्तेय એટલે પ્રત્યેક. અહીં 'સાધારણ' અને 'પ્રત્યેક' આ બંને પારિભાષિક શબ્દો છે, એટલે તેનો અર્થ પરિભાષાના ધોરણે સમજવાનો છે; નહિ કે સામાન્ય ભાષાના ધોરણે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

वणस्सइ-जीवा—વનસ્પતિકાયના જીવો.

वणस्सइના જીવા તે वणस्सइ-जीवा. वणस्सइ—વનસ્પતિ-વનસ્પતિકાય. વનસ્પતિ એટલે ઝાડપાન. તેને શરીર તરીકે ધારણ કરનારા જીવો તે વનસ્પતિકાય.

दुहा—બે પ્રકારના.

सुए—શ્રૂતમાં, સૂત્રોમાં, આગમોમાં.

શ્રુતનો સામાન્ય અર્થ સૂત્ર કે આગમ છે. તે અંગે બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે કે—

सुय-सुत्त-गंथ-सिद्धंत-सासणे आण-वयण-उवएसो ।
पण्णवण आगम इव, एगट्ठ पज्जवा सुत्ते ॥११॥

'શ્રુત, સૂત્ર, ગ્રન્થ, સિદ્ધાન્ત, શાસન, આજ્ઞા, વચન, ઉપદેશ, પ્રજ્ઞાપના અને આગમ આ બધા સૂત્રોમાં વપરાયેલા એકાર્થી પર્યાયશબ્દો છે.'

આવશ્યકસૂત્રની વૃત્તિમાં શ્રુતનો વિશેષ અર્થ સામાયિકથી માંડીને બિન્દુસાર પૂર્વ સુધીની રચના કરવામાં આવ્યો છે. ' श्रुतं सामायिकादि-बिन्दुसारान्तम् । '

તાત્પર્ય કે અહીં શ્રુત શબ્દથી આપણા સિદ્ધાન્ત-ગ્રંથો કે આગમગ્રંથો સમજવાના છે.

भणिया—કહેલા છે.

जेसिं—જેમાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**સાધારણ વનસ્પતિકાય :** (૧) બટાટા, (૨) શક્કરિયા, (૩) આદુ, (૪) લીલી હળદર, (૫) બીટ, (૬) લસણ, (૭) ડુંગળી (૮) ગાજર, (૯) મૂળા અને (૧૦) સૂરણ. પૃ. ૧૩૨ થી ૧૪૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




બેઇન્દ્રિય જીવો : (૧) કાષ્ઠકીડો, (૨) કોડા-કોડી, (૩) શંખ, (૪) અળસિયાં, (૫) મામણમૂંડા (૬) આરિયા, (૭) છીપ અને (૮) વાળા.

પૃ. ૧૮૨ થી ૧૮૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અણંતાણં—અનંત જીવોનું.

જૈન શાસ્ત્રકારોએ સંખ્યાત, અસંખ્યાત અને અનંત એમ ત્રણ પ્રકારની સંખ્યાઓ માની છે. તેમાંના અનંતનો અહીં નિર્દેશ છે. ભૂમિકાખંડના ત્રીજા પ્રકરણમાં જીવ દ્રવ્ય અનંત છે, એવું શાસ્ત્રપ્રમાણથી નિરૂપણ કરવામાં આવ્યું છે.

तणू—તનુ, શરીર.

एग—એક.

साहारणा—સાધારણ.

ते—તે.

उ—તો, વળી.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## અન્વય

एए वणस्सइजीवा दुहा साहारण-पत्तेया भणिया, जेसिं अणंताणं तणू ते साहारणा।

## ભાવાર્થ

આગમોમાં વનસ્પતિકાયના જીવો 'સાધારણ' અને 'પ્રત્યેક' એમ બે પ્રકારના કહેલા છે. તેમાં અનંત જીવોનું જે એક શરીર, તે સાધારણ કહેવાય છે.

## વિવેચન

પૃથ્વીકાયનું સ્વરૂપ અનેક પ્રકારનું છે; અપ્કાય, અગ્નિકાય અને વાયુકાયનું સ્વરૂપ પણ અનેક પ્રકારનું છે; તેમ વનસ્પતિકાયનું સ્વરૂપ પણ અનેક પ્રકારનું છે. વધારે સ્પષ્ટ કહીએ તો પ્રકારો પરત્વે વનસ્પતિકાયનું સ્થાન સર્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાવરોમાં ચડિયાતું છે. ધાન્યના કેટલા પ્રકાર છે? શાક-ભાજીના કેટલા પ્રકારો છે? ફળ-ફૂલના કેટલા પ્રકારો છે? અને વનૌષધિ તથા જડીબુટ્ટીઓના પણ કેટલા પ્રકારો છે? આ બધાનો વિચાર કરીએ તો કહેવું જ પડે કે પ્રકારોની બાબતમાં કોઈ પણ પ્રાણી વનસ્પતિકાયની હરિફાઈ કરી શકે એમ નથી.

જેમ સમગ્ર જીવોના સિદ્ધ અને સંસારી એવા બે મુખ્ય પ્રકારો છે, તેમ સમગ્ર વનસ્પતિકાયના (૧) સાધારણ અને (૨) પ્રત્યેક, એવા બે વિભાગો છે. તેમાં સાધારણનું મુખ્ય લક્ષણ અનંતકાયિત્વ છે; એટલે કે એક જ શરીરમાં અનંત જીવોનું સાથે રહેવાપણું છે. આ લક્ષણને લીધે સાધારણ વનસ્પતિકાયને અનંતકાય એવા બીજા નામે પણ ઓળખવામાં આવે છે.

અહીં કદાચ પ્રશ્ન થશે કે 'દરેક દેહ કે શરીરમાં એક જીવ રહી શકે, પણ અનંત જીવો શી રીતે રહી શકે?' તેનો ઉત્તર એ છે કે ઓરડામાં જેમ એક દીવાનો પ્રકાશ રહી શકે છે અને અનેક દીવાઓનો પ્રકાશ પણ રહી શકે છે, તેમ એક શરીરમાં એક જીવ પણ રહી શકે છે અને અનેક જીવો પણ રહી શકે છે. જેમ દીવાના અનેક પ્રકાશો સાથે રહેવા છતાં એક બીજા સાથે ટકરાતા નથી, પણ અંદરઅંદર સમાઈ જાય છે, તેમ અનંત જીવો સાથે રહેવા છતાં એક-બીજા સાથે ટકરાતા નથી, પણ અંદરોઅંદર સમાઈ જાય છે. વળી અનેક દીવામાંથી એક

Jain Education International www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દીવો બહાર લઈ જઈએ તો તેનો પ્રકાશ પણ તેની સાથે જાય છે, તેમ આ અનંત જીવોમાંથી કોઈ જીવ છૂટો પડે તો તેનું વ્યક્તિત્વ પણ સાથે જ જાય છે. તાત્પર્ય કે અનંત જીવો સાથે રહેવા છતાં તેમનું વ્યક્તિત્વ લય પામતું નથી.

પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે—

समगं वक्कंताणं, समगं तेसिं सरीरनिप्फत्ती ।
समगमाहारगहणं, समगं उसासनिस्सासा ॥१॥
एगस्स उ जं गहणं, बहूणं साहारणाण तं चेव ।
जं बहुआणं गहणं, समासओ तंपि एगस्स ॥२॥
साहारणमाहारो, साहारणमाणपाणगहणं च ।
साहारणजीवाणं, साहारण लक्खणं एयं ॥३॥

'સાધારણ વનસ્પતિકાયમાં ઉત્પન્ન થનારા જીવો પ્રથમની યોનિમાંથી વ્યુત્ક્રમીને સાથે જ આવે છે અને તેમની શરીરનિષ્પત્તિ પણ સાથે જ થાય છે. તેઓ આહાર સાથે જ ગ્રહણ કરે છે અને શ્વાસોચ્છ્વાસ પણ સાથે જ લે છે.

એકનું જે ગ્રહણ છે, તે જ બહુ એવા સાધારણનું ગ્રહણ છે. અથવા જે બહુનું ગ્રહણ છે, તે સમાસથી એકનું જ ગ્રહણ છે.

સાધારણ આહાર અને સાધારણ શ્વાસોચ્છ્વાસ એ સાધારણ જીવોનું સાધારણ લક્ષણ છે.'

તાત્પર્ય કે સાધારણ જીવોની જીવનક્રિયા ભિન્નભિન્ન હોતી નથી, પણ એકી સાથે અને એક પ્રકારે જ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધાન્તગ્રંથોમાં સાધારણ વનસ્પતિકાયને માટે નિગોદ સંજ્ઞા વપરાયેલી છે અને તેને અનંત જીવોની ખાણ માનવામાં આવી છે.

હવે સાધારણ વનસ્પતિકાયનો નામપૂર્વક પરિચય કરાવવા માટે આગળની બે ગાથાઓ કહે છે :

મૂળ

कंदा--अंकुर--किसलय--पणगा सेवाल--भूमिफोडा य।
अल्लयतिग-गज्जर-मोत्थ-वत्थुला--थेग पल्लंका ॥९॥
कोमलफलं च सव्वं, गूढसिराइ सिणाइ--पत्ताइ।
थोहरि--कुंआरि-गुग्गुलि--गलोय--पमुहाइ छिन्नरुहा॥१०॥

JAINSITE .com

સંસ્કૃત છાયા

कन्दा अङ्कुर--किशलय--पनकाः शेवाल--भूमिस्फोटाश्च।
आर्द्रकत्रिक--गर्ज्जर--मुस्ता--वस्तूल--थेग--पल्लयंका ॥९॥
कोमलफलं च सर्वं गूढशिराणि सिनादिपत्राणि।
थोहरि--कुमारी--गुग्गुलि--गडूची--प्रमुखाश्च छिन्नरुहा॥१०॥

પદાર્થ

कंदा--બધી જાતના કંદો.

ટીકામાં કહ્યું છે કે 'कन्दा भूमध्यगा वृक्षावयवास्ते चार्द्रा एव ग्राह्याः शुष्काणां तु निर्जीवत्वादनन्तकायिकत्वं न संभवति--કંદ એટલે ભૂમિની મધ્યમાં ગયેલાં વૃક્ષનાં અવયવો, તે અહીં લીલાં જ ગ્રહણ કરવાં, કારણ કે સૂકાં નિર્જીવ હોવાથી તેમાં અનંતકાયિકપણું સંભવતું નથી.

**कन्दो** એટલે બધી જાતના કંદો. કેટલાક **कंदा** નો અર્થ કાંદા કરે છે, તે યોગ્ય નથી; કારણ કે તેનો પ્રસિદ્ધ અર્થ ડુંગળી (પ્યાજ) છે અને અહીં તમામ જાતિના કંદોનો જે નિર્દેશ કરવો છે, તેનું નિરસન થઈ જાય છે.

**अंकुर**—અંકુર, કોંટા, ફણગા.

**अंकुर, किसलय** અને **पणग** તે **अंकुर-किसलय-पणगा.** 'अङ्कुरा उद्गमनावस्थायामव्यक्तपत्राद्यवयवाः।' અંકુર એટલે વનસ્પતિને ઉગવાની એ અવસ્થા કે જ્યારે પાંદડાં વગેરે અવયવો ફૂટેલાં હોતાં નથી. તેને ગુજરાતી ભાષામાં કોંટા કે ફણગા કહે છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**किसलय**—કુંપળ.

'किशलयानि उद्गच्छन्नूतनकोमलदलानि'—કિશલય એટલે ઉગી રહેલાં નૂતન કોમળ પાંદડાં, તેને ગુજરાતી ભાષામાં કુંપળ કહેવામાં આવે છે. 'પીંપળ પાન ખરંત, હસતી કુંપળિયાં' આ ઉક્તિમાં કુંપળિયાં શબ્દ કિશલયને સૂચવનારો છે.

**पणग**—પંચવર્ણી ફુગ.

'पनका पञ्चवर्णा फुल्लिः'—પનક એટલે પંચવર્ણી ફુગ. પંચવર્ણમાં લાલ, પીળો, વાદળી, કાળો અને ધોળો એ પાંચ વર્ણની-રંગની ગણના થાય છે. જ્યાં ભેજ હોય ત્યાં ફુગ બાઝે છે અને તે જુદા જુદા પાંચે ય રંગમાં જોવામાં આવે છે.

કેટલાક પનકનો અર્થ લીલ-ફુગ કરે છે, પરંતુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીલનો અર્થ સ્પષ્ટતયા શેવાળ છે અને તેનો નિર્દેશ સ્વતંત્ર રીતે કરાયેલો હોવાથી અહીં માત્ર ફુગ એવો અર્થ કરવો ઉચિત છે. ટીકાકાર મહર્ષિઓએ પણ અહીં માત્ર પંચવર્ણી ફુગ એટલો જ અર્થ કરેલો છે.

**सेवाल**—શેવાળ.

**सेवाल** અને **भूमिफोडा** તે **सेवाल-भूमिफोडा**. શેવાળ પ્રસિદ્ધ છે. તે સરોવર, તળાવ, ખાબોચિયા વગેરેનાં પાણી પર જામે છે, ખૂબ ચીકણી હોય છે અને મુખ્યત્વે લીલા રંગની હોવાથી લીલ તરીકે ઓળખાય છે.

**भूमिफोडा**—બિલાડીના ટોપ.

'भूमिस्फोटानि ग्रीष्मवर्षाकालभावीनि छत्राकृतीनि लोकप्रतीतानि वा ।' ભૂમિફોડા એટલે ગ્રીષ્મ તથા વર્ષાકાલમાં ઉત્પન્ન થનારી છત્રાકાર વનસ્પતિવિશેષ અથવા તો એ લોકોમાં પ્રસિદ્ધ છે. લોકભાષામાં તેને બિલાડીના ટોપ કહે છે.

**य**—અને.

'**अल्लयतिय**—લીલું આદું, લીલી હળદર અને કચૂરો.

અહીં **अद्दयतिय** એવો પણ પાઠ છે. 'अद्दयतिय त्ति आर्द्रकत्रिकं आर्द्रकः शृङ्गबेरः, आर्द्रहरिद्रा, कर्च्चूरकस्तिक्तद्रव्यविशेषः ।' અદ્દયતિય એટલે આર્દ્રકત્રિક. તેમાં આર્દ્રકનો અર્થ આદુ (લીલી સૂંઠ) છે, તેની સાથે લીલી હળદર અને લીલો કચૂરો કે જે એક જાતની તીખી વનસ્પતિ છે, તેને ગ્રહણ કરવાથી આર્દ્રકત્રિક બને છે. હિંદીમાં

जैन साईट JAINSITE.com जयतु शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેને कचूर के काली हलदी કહે છે. તે પરથી તે હળદરનો જ એક વિશેષ પ્રકાર હોય એમ જણાય છે. બંગાળીમાં પણ તેને માટે काचा हलुद એવો શબ્દ પ્રસિદ્ધ છે, એટલે તે હલદરની જ એક જાતિ હોવા વિષે શંકા રહેતી નથી.

કચૂરાના છોડ હળદરના છોડ જેવા જ થાય છે અને તેનાં પાંદડાં પણ હળદરનાં પાંદડાં પ્રમાણે જ હોય છે. વળી તેના કંદ પણ હળદર પ્રમાણે જમીનમાં જ થાય છે.

વનૌષધિમાં કહ્યું છે કે 'કચૂરાનો ક્ષુપ (નાનો છોડ) થાય છે. એની નીચે આંબાહળદર જેવા ગાંઠિયા થાય છે. એનો પ્રતિનિધિ આદુ અને અંજીર કે શતાવરી છે.' તે પરથી તેના ગુણો આદુને મળતા હોય એમ જણાય છે.

આર્દ્રકત્રિકમાં કચૂરાને કેમ લીધો? તેના ઉત્તરમાં આટલું નિવેદન પર્યાપ્ત છે.

गज्जर—ગાજર.

ગાજર અતિ પ્રસિદ્ધ છે. હિંદી અને મરાઠી ભાષામાં પણ તેને ગાજર જ કહે છે. અંગ્રેજીમાં તેને કેરોટ (Carrot) કહે છે. ગાજર જમીનમાં થાય છે, લાંબા શંકુ આકારનાં હોય છે અને રંગે રાતાં કે ધોળાં હોય છે. તેના છોડ લગભગ સવા હાથ ઊંચા વધે છે. ગાજરમાં સાકરનું પ્રમાણ ઠીક ઠીક હોવાથી તે સ્વાદમાં ગળ્યા લાગે છે. સામાન્ય રીતે તેનું શાક અને અથાણું થાય છે. દુષ્કાળ જેવા સમયમાં ગરીબ લોકો તેના પર નિર્વાહ કરે છે. શેરડીની જેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાજરમાંથી પણ સાકર બનાવવાનો ઉદ્યોગ કેટલાક દેશોમાં ચાલે છે.

मोत्थ—મોથ.

નદી કે જલાશયના કિનારે થાય છે. મોથની સળી હાથની આંગળી જેવડી મોટી અને ત્રણધારી હોય છે કે જેને ડીલો અથવા ચીઢો કહેવામાં આવે છે. મોથનાં મૂળને સામાન્ય રીતે નાગરમોથ કહેવામાં આવે છે અને તેનો ઉપયોગ ઔષધમાં ઘણો થાય છે. બંગાળી ભાષાનો સંબંધ પ્રાકૃત સાથે વિશેષ રહ્યો છે. તેમાં મોથને માટે મુત્તા શબ્દ છે, જે મોત્થનો જ અપભ્રંશ જણાય છે. હિંદીમાં તેને નાગરમોત્થા કહે છે. મોથના ભદ્રમોથ, ક્ષુદ્રમોથ, જળમોથ વગેરે પ્રકારો વૈદકમાં પ્રસિદ્ધ છે. સંસ્કૃત ભાષામાં તેને માટે वराहिप्रिया એવો શબ્દ યોજાયેલો છે, કારણ કે તેનાં પાંદડાં વરાહ-ભુંડને ઘણા પ્રિય હોય છે.

वत्थुला—ટાંકાની ભાજી.

વર્તમાન પાઠ્યપુસ્તકોમાં वत्थुला નો અર્થ એક પ્રકારનું શાક એટલો કર્યો છે, પણ वत्थुला નો અર્થ ગુજરાતીમાં ટાંકાની ભાજી અને હિંદીમાં बथुआ થાય છે.

પાઠક શ્રી રત્નાકરજીએ ટીકામાં ' वक्कवात्थुलः शाक-विशेषः । ' એમ જણાવ્યું છે; તે પરથી ટાંકાની ભાજી કે જે વત્થુલા તરીકે ઓળખાય છે, એમ સમજવાનું છે; કારણ કે ટાંકાની એક બીજી જાત પણ થાય છે કે જેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાતો ટાંકો કે ચિલ્લીની ભાજી કહેવામાં આવે છે. ઉત્તર હિંદુસ્તાનમાં ગરીબ લોકોનું એ પ્રિય શાક છે.

ટાંકાની ભાજી ઘણા સ્થળે થાય છે. તેના છોડ શુમારે હાથ ભર ઊંચા વધે છે, અને તેનાં પાંદડાં ઘણાં નાનાં તથા અતિ કોમળ હોય છે, એટલે તેની ગણના સાધારણ વનસ્પતિકાયમાં કરેલી છે.

થેગ—થેગ.

'क्षीरिंशुकथेगावपि कन्दौ' એ શબ્દથી થેગ એ એક પ્રકારનો કંદ છે, એમ સમજવાનું છે. ચોમાસામાં થેગીપોંક નામથી તે ઘણા ઠેકાણે વેચાય છે.

पल्लंक—પાલખની ભાજી.

પાઠક રત્નાકરજીએ 'पल्यङ्कः शाकभेदः' પલ્યંક એ એક પ્રકારનું શાક છે, એમ જણાવ્યું છે; એટલે કે પલ્લંકનો સંસ્કૃત અનુવાદ પલ્યંક આપ્યો છે અને તેનો ઉપયોગ શાક તરીકે થતો હોવાનું જણાવ્યું છે. ઉપા૦ શ્રી ક્ષમા-કલ્યાણકજીએ 'पल्लंक शाकविशेषः' એમ જણાવ્યું છે, એટલે તેને માટે કોઈ વિશેષ સંસ્કૃત શબ્દ આપ્યો નથી. પરંતુ અન્ય ગ્રન્થો પરથી એમ જાણી શકાયું છે કે સંસ્કૃત ભાષામાં તેને पालक्य કે मधुसूदनी કહે છે, કર્ણાટકી ભાષામાં પાલક્ય કહે છે, હિંદી અને મરાઠીમાં પાલેક કહે છે અને ગુજરાતીમાં પાલખ કહે છે. અંગ્રેજીમાં તેને સ્પાઈનેઝ (Spinez) કહે છે.

પાલખની ભાજીનો છોડ વેંતભર ઊંચો થાય છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેનાં પાંદડાં ઘણાં કોમળ તથા પાતળાં હોવાથી તેની ગણના સાધારણ વનસ્પતિમાં થાય છે.

**कोमलफलं**—કોમળ ફળ, કૂણાં ફળ.

જેમાં ગોટલી વગેરે બંધાયાં ન હોય, તેવાં ફળોને કોમળ ફળ કે કૂણાં ફળ કહે છે. 'कोमलं फलं अनिबद्धास्थिकम्।'

**च**—અને.

**सव्वं**—સર્વ પ્રકારનાં.

**गुढसिराइ**—ગુપ્ત નસોવાળાં.

ગુઢ એટલે ગુપ્ત છે જેની સિરાઇ એટલે શિરાઓ-નસો, તે ગુઢસિરાઇ. તાત્પર્ય કે જેની નસો સ્પષ્ટ ન દેખાતી હોય તેવાં.

**सिणाइ-पत्ताइ**—ખારી જાળ વગેરેનાં પાંદડાં.

ઉપા૦ શ્રી ક્ષમાકલ્યાણકજીએ અહીં ખુલાસો કર્યો છે કે 'सिनादिपत्राणि सिनशब्देन देशविशेषे क्षारपीलु-वृक्ष उच्यते।' સિન શબ્દથી કોઈ દેશવિશેષમાં ક્ષારપીલુનું વૃક્ષ કહેવાય છે. પીલુને ગુજરાતી ભાષામાં જાળ કહેવાય છે. ગુજરાત, સૌરાષ્ટ્ર વગેરેમાં તેનાં વૃક્ષો ઘણાં થાય છે. આ પીલુમાં ખારી જાત અને મીઠી જાત, એમ બે જાતો છે, તેમાં ખારી જાતને સિન કહેવામાં આવે છે. તેનાં પાન ટુંકાં અને પહોળાં હોય છે, તેની નશો સ્પષ્ટ જોઈ શકાતી નથી, એટલે તેની ગણના સાધારણ વનસ્પતિકાયમાં કરેલી છે.

**थोहरि**—થુવર, થોર.

'थोहरि स्नुहीतरुः' થોહર એટલે સ્નુહીતરુ. તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હિંદી ભાષામાં થુહર કે સેહુંડ, બંગાળી ભાષામાં સીજ-વૃક્ષ અને ગુજરાતી ભાષામાં થુવર કે થોર કહે છે. અંગ્રેજીમાં તેને માટે મીલ્કસ હેજ (Milks hedge) એવો શબ્દ વપરાય છે. થોરના અનેક પ્રકારો છે. તેમાં ડાંડલિયા થોરને કાંટાવાળી ડાંડીઓ હોય છે, પણ પાંદડાં હોતાં નથી. હાથલા થોરને પહોળાં પાંદડાં હોય છે, તે પર તીક્ષ્ણ કાંટા ઉગેલા હોય છે અને તેને લાલ ફળો આવે છે. આ સિવાય નાગફની થુવર, ખરસાણી થુવર, ચોધારો થુવર વગેરે પ્રકારો પણ પ્રસિદ્ધ છે.

થોરનો મુખ્ય ઉપયોગ વાડ બનાવવામાં થાય છે. તેનું દૂધ ઝેરી હોય છે, જે ઔષધિ તરીકે ઉપયોગમાં લેવાય છે. કેટલાક નીચલા થરના લોકો હાથલા થોરના કાંટા વગેરે કાઢી નાખી તેનું શાક તથા અથાણું કરે છે.

**કુમારિ**—કુંવાર, કુંવારપાઠું, કુંવારના લાબરા.

'**कुमारि मांसलप्रणालाकारपत्रा**' કુમારી એટલે જેનાં પાંદડાં ગર્ભવાળા અને પરનાળના જેવા અર્ધ વર્તુલ તથા જાડા હોય છે તેવી વનસ્પતિવિશેષ. તેને હિંદી ભાષામાં ઘીગુવાર કે કુંવારપટ્ટા અને બંગાળી ભાષામાં ઘૃતકુમારી કહે છે. ગુજરાતી ભાષામાં તેને કુંવાર, કુંવાર પાઠું કે કુંવારના લાબરા કહે છે.

**ગુગ્ગુલિ**—એક અજ્ઞાત વનસ્પતિ.

પાઠક શ્રી રત્નાકરજીએ ગુગ્ગુલિનો પરિચય ટીકામાં આપેલો નથી અને ઉપા. શ્રી ક્ષમાકલ્યાણકજી એ 'ગુગ્ગુલઃ

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રસિદ્ધઃ ' એટલું જ કહ્યું છે. પરંતુ ગુગળનાં વૃક્ષોનું જે વર્ણન પ્રાપ્ત થાય છે, તે પરથી ગુગ્ગુલિ એ ગુગળ નહિ પણ કોઈ બીજી જ વનસ્પતિ હોય એમ લાગે છે.

આર્યભિષેકમાં કહ્યું છે કે 'ગુગળનાં ઝાડો રેતાળ તથા ડુંગરાળ જમીનમાં થાય છે. પાંદડાં નાનાં નાનાં લીમડાનાં પાંદડાં જેવાં પણ અણી વગરનાં હોય છે. ફૂલ રાતા રંગના, અતિશય ઝીણાં પાંચ પાંખડીવાળાં મંજરીની વચમાં થાય છે. ફળ નાનાં બોર જેવડાં પણ ત્રણ ધારા થાય છે, તેને ગુગળિયા કહે છે. એ ફળો ઉદરની પીડા દૂર કરે છે. એ ઝાડના ગુંદરને ગુગળ કહે છે, ધૂપ કરવાના કામમાં એનો ઘણો ઉપયોગ થાય છે. વાતનાશક ઔષધ તરીકે પણ એ સારું કામ આપે છે.

આ પરથી ગુગળ પોતે તો સાધારણ ઠરી શકતો નથી કે તેનું વૃક્ષ પણ સાધારણની કોટિમાં આવતું નથી. ઘણો યત્ન કરવા છતાં આ વનસ્પતિ કઈ છે? તેનો નિર્ણય થઈ શક્યો નથી, એટલે અહીં 'એક અજ્ઞાત વનસ્પતિ' એટલો જ અર્થ આપ્યો છે.

ગલોય—ગળો.

એક પ્રકારની વેલ છે. તે ખડક તથા વૃક્ષના આશ્રયે ચડે છે. તેમાં લીમડાના વૃક્ષ પર ચડનારી ગળોને ઉત્તમ ગુણવાળી માનવામાં આવે છે. ગળોને સંસ્કૃત ભાષામાં ગડૂચી, હિંદી ભાષામાં ગિલોય તથા મરાઠી ભાષામાં ગુળવેલ કહે છે. ઔષધિમાં તેનો બહોળો ઉપયોગ થાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પમુહા—પ્રમુખ, વગેરે.

જેનાં નામો મુખ્યપણે લેવાય, તે પ્રમુખ કહેવાય. અહીં બાકીનાં બધાં નામો અધ્યાહારથી સમજી લેવાનાં છે. અરબ્બી ભાષાના વગૈરહ—વગેરે શબ્દથી પણ આવો જ અર્થ સમજાય છે અને તે ગુજરાતી ભાષામાં પ્રચલિત હોવાથી અહીં પર્યાયશબ્દ તરીકે આપેલો છે.

છિન્નરુહા—છેદાયેલા હોય તો પણ ફરી ઉગે એવા.

થોર, કુંવાર, ગુગ્ગુલિ, ગળો વગેરે આ જાતની સાધારણ વનસ્પતિ છે.

## અન્વય

વસ્તુઓનો ક્રમશઃ નિર્દેશ હોવાથી આવશ્યક નથી.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## ભાવાર્થ

બધી જાતના કંદો, ફણગા, કુંપળો, પંચવર્ણી ફુગ, શેવાળ, બિલાડીના ટોપ, લીલું આદું, લીલી હળદર, લીલો કચૂરો, ગાજર, મોથ, ટાંકાની ભાજી, થેગ, પાલખની ભાજી, સર્વ પ્રકારનાં કુણાં ફળો, જેની નસો ગુપ્ત હોય, એવાં ખારી જાળ વગેરેનાં પાદડાં, છેદાયા છતાં ફરી ઉગે તેવા થોર, કુંવાર, ગુગ્ગુલિ, ગળો વગેરે સાધારણ વનસ્પતિ–કાયના પ્રકારો જાણવા.

## વિવેચન

સાધારણ વનસ્પતિના ઘણા પ્રકારો છે. તેમાંના કેટલાકનો અહીં નિર્દેશ કર્યો છે કે જેના પરિચય–સંસર્ગમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપણે વિશેષ આવીએ એવો સંભવ છે. બાકીના પ્રકારો લક્ષણ વગેરે પરથી સ્વયં જાણી લેવાના છે.

આમ છતાં આ વિષયમાં વિશેષ માર્ગદર્શન મળે તે માટે અહીં જૈન પરંપરામાં સુપ્રસિદ્ધ એવા બત્રીશ અનંતકાયનો ટુંક પરિચય આપીએ છીએ.

(૧) **સર્વ જાતિના કંદ.** બત્રીશ અનંતકાયમાંના કેટલાકનો સમાવેશ આ વિભાગમાં થઈ જાય છે, પરંતુ તેનો સ્પષ્ટ બોધ થાય એ હેતુથી તેનો સ્વતંત્ર નિર્દેશ કરેલો છે.

(૨) **સૂરણ.** હિંદી ભાષામાં તેને જમીનકંદ કહેવામાં આવે છે. આ કંદ ચૈત્ર-વૈશાખમાં વવાય છે અને માગસર પોષમાં તેને ખોદીને કાઢવામાં આવે છે. કોઈ કોઈ મોટું થવા માટે તેને ત્રણ વરસ સુધી જમીનમાં રાખે છે. સૂરણની આકૃતિ ગોળ ચક્કર જેવી હોય છે અને તે ૧૫ કીલોથી ૨૦ કીલો જેટલું વજનમાં હોય છે. સામાન્ય રીતે તેનો ઉપયોગ શાક તરીકે થાય છે. તે અર્શરોગ-નાશક હોવાથી સંસ્કૃત ભાષામાં અર્શોઘ્ન કહેવાય છે.

(૩) **વજ્રકંદ.** જંગલી સૂરણ.

પાઠક શ્રી રત્નાકરજીએ ટીકામાં 'वज्रोऽपि कन्दविशेषः' એટલું જ કહ્યું છે, પણ અન્ય ગ્રંથો પરથી જાણી શકાયું છે કે જંગલી સૂરણને વજ્રકંદ કહેવામાં આવે છે.* સૂરણની સાથે જંગલી સૂરણનો નિર્દેશ સંગત છે.

*જુઓ બૃહત્ હિન્દી કોષ, પૃ ૧૧૫૫. વજ્રકન્દ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) **લીલું આદું.** ×

(૫) **લીલી હળદર.**

(૬) **લીલો કચ્ચૂરો.**

(૭) **શતાવરી.** હિંદી ભાષામાં શતાવર અને બંગાળી ભાષામાં શતમૂલી કહેવાય છે.

શતાવરીના છોડ વેલી જેવા હોય છે. સામાન્ય રીતે એથી ત્રણ ફુટ જેટલાં ઊંચા વધે છે અને તેને કાંટા હોય છે. એનાં પાંદડાં ઘણાં ઝીણાં અને પુષ્કળ હોવાથી તે કેશિકા, સૂક્ષ્મપત્રા કે બહુપત્રા પણ કહેવાય છે. શતાવરીના એક છોડને સો કે તેથી પણ વધારે મૂળ હોય છે, તેથી તે શતમૂલી કે શતપદી કહેવાય છે. આ મૂળો લીલાં હોય, ત્યારે તેને છોલીને સૂકવવામાં આવે છે અને બજારમાં તે જ 'શતાવરી' ના નામથી વેચાય છે.

(૮) **વિરાલિકા**–એક જાતની વેલી.

ટીકામાં કે અન્ય ગ્રન્થોમાં તેનો વિશેષ પરિચય પ્રાપ્ત થતો નથી, પણ તે શતાવરીની જેમ અમુક પ્રદેશમાં ઔષધિ તરીકે વપરાતી હશે, એમ લાગે છે.

(૯) **કુંવર.**

(૧૦) **થોર.**

(૧૧) **ગળો.**

(૧૨) **લશુન–લસણ.**

હિંદી ભાષમાં લહસન અને બંગાળી ભાષામાં રસુન કહેવાય છે.

---

× જેનું વર્ણન ઉપર આવી ગયું છે, તે સંબંધી અહીં કંઈ લખ્યું નથી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે એક પ્રકારની કંદની જાતિ છે. તેમાં આઠથી દશ કળિયો હોય છે. બીજું લસણુ માત્ર એક કળીનું પણ થાય છે. લસણુની વાસ તીવ્ર હોવાથી ઘણા તેને પસંદ કરતા નથી; પરંતુ ઔષધિમાં તેનો ઘણો ઉપયોગ થાય છે.

(૧૩) **વાંસકારેલાં**–વાંસની કૂંપળો.

ટીકામાં કહ્યું છે કે 'वंसकरेल्ला त्ति कोमलानि नव-वंशावयवरूपाणि करेल्लकतया प्रतीतानि–।' નવા વાંસની કૂંપળો જે કોમળ હોય છે અને કારેલાના આકારની લાગે છે, તેને વાંસકારેલાં સમજવા.

(૧૪) ગાજર.

(૧૫) **લવણુ**–લાણો કે પલીઓ.

ટીકાકારે કહ્યું છે કે 'लवणको वनस्पतिविशेषः येन दग्धेन सर्जिका स्यात् ।' લવણુક એક જાતની વનસ્પતિ છે કે જેને બાળવાથી સર્જિકા થાય છે. સર્જિકા એટલે એક જાતનો ક્ષાર કે જે વનસ્પતિના પંચાંગને બાળવાથી પ્રાપ્ત થાય છે.

કેટલાક લવણુકનો અર્થ લૂણીની ભાજી કરે છે, પણ લૂણીની ભાજી સાધારણ નથી. વળી તેને બાળવાથી ક્ષાર પણ પ્રાપ્ત થતો નથી; એટલે લવણુકનો અર્થ લાણો કે પલીઓ કરવો જોઈએ.

લાણાના છોડ ચણાના છોડ જેટલા ઊંચા થાય છે, તે ગુચ્છાકાર હોય છે અને તેમાં શાખા-પ્રશાખાઓ પુષ્કળ

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. તેનાં પાન ચણાનાં પાનનાં આકારનાં પણ કાંગરી વિનાના હોય છે. આ પાન એટલા સઘન હોય છે કે તેનાથી શાખાઓ ઢંકાઈ જાય છે. લાણાને બાળવાથી સર્જિકા પ્રાપ્ત થાય છે.

ઘણાનું માનવું એવું છે કે આ લાણો તે જ રુદન્તિ છે કે જે પારાને બાંધવામાં અતિ ઉપયોગી છે. શિશિર ઋતુમાં લાણામાંથી પાણીના બિંદુઓ ટપક્યાં કરે છે, એટલે તેની નીચેની જમીન ભીની થઈ જાય છે અને રુદંતી એવું નામ સાર્થક બને છે.

(૧૬) **લોઢ.** પદ્મિનીકંદ.

તેનો વિશેષ પરિચય પ્રાપ્ત થતો નથી.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૧૭) **ગરમર.**

પ્રસિદ્ધ છે. તેનું અથાણું થાય છે. સંસ્કૃત ભાષામાં તેને ગિરિકર્ણિકા કહે છે.

(૧૮) **કિશલય.**

(૧૯) **ખીરિંશુક**–ખીરસુઓ કંદ.

વિશેષ પરિચય પ્રાપ્ત થતો નથી.

(૨૦) **થેગ.**

(૨૧) **મોથ.**

(૨૨) **લવણ વૃક્ષની છાલ.**

(૨૩) **ખિલ્લુઢ**–એક જાતનો કંદ.

(૨૪) **અમૃતવેલ**–જે તંતુ આકારે હોય છે.

(૨૫) **મૂળો.** (મૂળાનો કંદ.)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૬) બિલાડીના ટોપ.

(૨૭) વિરુઢ-અંકુરા ફૂટેલું કઠોળ.

કઠોળને અમુક વખત પલાળી રાખતાં તેમાંથી અંકુર ફૂટે છે. આવું કઠોળ મુંબઈ વગેરે શહેરોમાં છૂટથી વેચાય છે અને પૂરી-પકોડીવાળા ભૈયાઓ પણ તેનો ઉપયોગ કરે છે. પરંતુ તે અનંતકાય હોવાથી ઉપયોગ કરવા યોગ્ય નથી.

(૨૮) ઢક્ક-વત્થુલાની ભાજી.

(૨૯) સૂઅરવલ્લી-જંગલમાં થતી એક પ્રકારની મોટી વેલ.

(૩૦) પાલખની ભાજી.

(૩૧) કોમલ આંબલી.

જ્યાં સુધી તેમાં કચૂકો ન બાઝે ત્યાં સુધી અનંતકાય ગણાય છે.

(૩૨) ધોળું અને લાલ રતાળુ.

પાઠક રત્નાકરજીએ જીવવિચારની આ ગાથાની ટીકામાં બત્રીશ અનંતકાયનો ટૂંક પરિચય આપ્યો છે. તેમાં જણાવ્યું છે કે 'आलुकपिण्डालुकौ कन्दविशेषौ'-આલુ અને પિંડાલુ એક પ્રકારના કંદ છે. હવે કોશો તથા વનસ્પતિશાસ્ત્રોનાં અન્ય પુસ્તકો જોતાં એમ જાણી શકાય છે કે જેને સંસ્કૃત તથા હિંદી ભાષામાં पिंडालु કહેવામાં આવે છે, તેને જ ગુજરાતી ભાષામાં રતાળુ કહેવામાં આવે છે અને તેની ધોળી તથા લાલ એમ બે જાતો હોવાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રથમને માટે માત્ર આલુ અને બીજાને માટે રક્તાલુ-રતાળુ એવો શબ્દપ્રયોગ થતો હશે. અહીં બંનેનો સાથે નિર્દેશ છે, એટલે તે એકજ જાતિના હોવા વિષે કંઈ શંકા રહેતી નથી.

હિંદી અને બંગાળી ભાષામાં બટાટાને આલૂ કહેવામાં આવે છે, પણ તે અર્થ અહીં સંગત નથી; કારણ કે બટાટા એ મૂળ તો દક્ષિણ અમેરિકાની પેદાશ છે અને સર વોલ્ટર રેલે તેને સને ૧૬૪૫ ની સાલમાં ઇંગ્લાંડ લાવ્યો એ નિશ્ચિત છે. ત્યાર પછી તે હિંદુસ્તાનમાં આવ્યા છે, એટલે પ્રાચીન ગાથાઓમાં તેનો ઉલ્લેખ સંભવી શકતો નથી. પરંતુ અહીં પ્રસંગવશાત્ એ જણાવી દઈએ કે બટાટા પણ અનંતકાય જ છે, કારણ કે તેને કાપતાં સરખા ગોળ કકડા થાય છે, તેમાં તાંતણા નથી અને તેનો એક ભાગ વાવીએ તો ઉગે છે. થોડા વર્ષ પહેલાં 'બટાકા અને તેનું વિજ્ઞાન' નામની એક પુસ્તિકા પ્રકટ થઈ હતી અને તેમાં બટાટા કંદમૂળ નથી, પણ ડાળી પર થાય છે અને એક જાતનાં ફળ છે, માટે તે ખાવામાં હરકત નથી, એવું પ્રતિપાદન કરવામાં આવ્યું હતું; પરંતુ સાધારણ કે અનંતકાયની વ્યાખ્યા ઘણી વ્યાપક છે અને તેમાં કંદમૂળ ઉપરાંત બીજા પણ અનેક પ્રકારોનો સમાવેશ થાય છે. અમે ઉપર જણાવી ગયા તેમ બટાટાને સાધારણનાં લક્ષણો લાગુ પડે છે, એટલે તે એક જાતની સાધારણ કે અનંત-કાય વનસ્પતિ છે અને તેથી ત્યાગ કરવા યોગ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વિવેચન સમાપ્ત કરતાં પહેલાં એટલું જણાવી દઈએ કે એક કાળે એક દેશમાં કેટલીક વસ્તુઓનો ઉપયોગ વિશેષ થતો હોય છે અને તેથી તે પ્રસિદ્ધ હોય છે, જ્યારે બીજા કાળે કે બીજા દેશમાં તેનો ખાસ ઉપયોગ નહિ હોવાથી તેની પ્રસિદ્ધિ હોતી નથી, એટલે આજે ઉપર્યુક્ત કેટલાક પ્રકારો ઓળખવાનું મુશ્કેલ બન્યું છે. વળી કાલના પ્રવાહ સાથે કેટલીક નવી સાધારણ વનસ્પતિ આ દેશમાં દાખલ થયેલી છે. જેમ કે-બટાટા, બીટ વગેરે; એટલે તેનો સમાવેશ લક્ષણ પરથી સાધારણવર્ગમાં કરી લેવો જોઈએ.

આ બન્ને ગાથાના વિવરણમાં અમે વૈદક દૃષ્ટિએ કોઈ કોઈ વાતો લખી છે, તે કેવળ જાણવા માટે છે. બાકી અનન્તકાયના ઉપયોગમાં અનન્ત જીવોનો ધ્વંસ થાય છે; એટલે એ હેયકોટિમાં છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

### મૂળ

इच्चाइणो अणेगे, हवंति भेया अणंतकायस्स ।
तेसिं परिजाणणत्थं, लक्खणमेयं सुए भणियं ॥११॥

### સંસ્કૃત છાયા

इत्यादयोऽनेके भवन्ति भेदा अनन्तकायस्य ।
तेषां परिज्ञानार्थं, लक्षणमेतत् श्रुते भणितम् ॥११॥

### પદાર્થ

**इच्चाइणो**—ઈત્યાદિ, આ તથા બીજા પણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अणेगे—અનેક, ઘણા.

हवंति—છે.

भेया—ભેદો, પ્રકારો.

अणंतकायस्स—અનંતકાયના.

અહીં પ્રકરણકારે સાધારણના પર્યાય તરીકે અનંત-કાય શબ્દનો પ્રયોગ કરેલો છે.

तेसिं—તેઓના.

परिजाणणत्थं—પરિજ્ઞાન અર્થે, વિશેષ જ્ઞાન માટે.

लक्खणं—લક્ષણ.

एयं—આ. હવે પછી તરત જ કહેવાશે તે.

सुए—શ્રુતને વિષે, શાસ્ત્રોમાં.

भणियं—કહેલું છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## અન્વય

इक्खाइणो अणंतकायस्स अणेगे भेया भवंति तेसिं परिजाणणत्थं सुए एयं लक्खणं भणियं ।

## ભાવાર્થ

અનંતકાયના આટલા ભેદો તો નામપૂર્વક કહ્યા, પરંતુ બીજા પણ ઘણા ભેદો છે. તેનું વિશેષ જ્ઞાન થવા માટે સૂત્રોમાં આ પ્રમાણે લક્ષણ કહેલું છે.

## વિવેચન

આ પ્રકરણમાં જીવનું સ્વરૂપ સંક્ષેપથી કહેવાનું છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે વધારે વિસ્તાર ન કરતાં માત્ર બે ગાથાઓ વડે જ સાધારણ વનસ્પતિનો નામપૂર્વક પરિચય કરાવ્યો. હવે તેનો ઉપસંહાર કરીને અનંતકાયના બીજા ભેદો પણ બરાબર જાણી શકાય, તે માટે તેનું સૂત્રોક્ત લક્ષણ દર્શાવે છે, તે આ પ્રમાણે :

### મૂળ

**गूढ-सिर-संधि-पव्वं, समभंगमहीरुगं च छिन्नरुहं ।**
**साहारणं सरीरं, तं विव्वरीयं तु पत्तेयं ॥ १२ ॥**

### સંસ્કૃત છાયા

गूढ-शिरा-सन्धि-पर्व-समभङ्गमहीरकं च छिन्नरुहम् ।
साधारणं शरीरं तद्विपरीतं च प्रत्येकम् ॥१२॥

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

### પદાર્થ

ગુઢ-સિર-સંધિ-પવ્વં—જેની નસો, સંધિસ્થાનો તથા પર્વો સ્પષ્ટ જણાતાં નથી.

ગૂઢ છે જેના સિર, સંધિ અને પવ્વં, તે ગૂઢ-સિર-સંધિ-પવ્વં. આ પદ શરીરનું વિશેષણ છે. ગૂઢ એટલે ગુપ્ત, અપ્રકટ, સ્પષ્ટ ન જણાય તેવું. સિર-શિરાઓ, નસો. સંધિ-સંધિસ્થાનો. પવ્વ-પર્વો. એક ગાંઠાથી બીજા ગાંઠા સુધીના ભાગને પર્વ કહેવાય છે. કેટલીક વાર ગાંઠને માટે પણ પર્વ શબ્દનો ઉપયોગ થાય છે. અહીં જીવસમાસના વૃત્તિકાર મલ્લધારગચ્છીય શ્રી હેમચન્દ્રસૂરિએ તથા જીવ-વિચારના વૃત્તિકાર પાઠક શ્રી રત્નાકરજીએ 'पत्रकाण्ड-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાલશાખાદેઃ ' એ શબ્દોથી સ્પષ્ટતા કરી છે કે આ વસ્તુ તેનાં પાંદડાં, સ્કંધ, દાંડી તથા શાખા વગેરે પરત્વે સમજવી. એટલે જેનાં પાંદડાંની નસો સ્પષ્ટ જણાતી ન હોય તથા થડ, ડાળ વગેરેનાં સાંધાઓ અને પર્વો સ્પષ્ટ જણાતાં ન હોય, તેને સાધારણ વનસ્પતિનું પ્રથમ લક્ષણ સમજવાનું છે.

સમભંગ—જેને ભાંગતાં સરખા ભાગ થતા હોય. 'સમોઽદંતુરો ભઙ્ગઃ છેદો ભવતિ તત્સમભઙ્ગમ્ ।' જેનાં પાંદડાં વગેરેને તોડવાથી સમ એટલે સરખો, ભંગ એટલે છેદ કે ભાગ થતો હોય તે સમભંગ કહેવાય.

અહીરગ—જે તાંતણા વગરનું હોય.

' તથા છિદ્યમાનસ્ય ન વિદ્યતે હીરકાઃ તન્તુલક્ષણા મધ્યે યસ્ય તદહીરકમ્ ।' તથા જેને છેદતાં વચમાં હીરક એટલે તાંતણા ન હોય તે અહીરક કહેવાય.

છિન્નરુહં—જેને છેદવા છતાં ઉગે તેવું હોય.

સાહારણં—સાધારણ.

શરીરં—શરીર.

તવ્વિરીયં—તેનાથી વિપરીત લક્ષણવાળું.

ચ—અને.

પત્તેયં—પ્રત્યેક.

## અન્વય

આવશ્યકતા નથી.

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ભાવાર્થ

જેની નસો, સંધિસ્થાનો તથા પર્વો સ્પષ્ટ જણાતાં નથી, જેને ભાંગતાં સરખા ભાગ થાય છે, જેને ભાંગતાં તાંતણાં જણાતાં નથી તથા જેને છેદીને વાવતાં ફરી ઉગે છે, તે સાધારણ વનસ્પતિકાયનું શરીર જાણવું. તેથી વિપરીત લક્ષણવાળું હોય, તે પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર જાણવું.

## વિવેચન

સાધારણ વનસ્પતિકાયનું પ્રમુખ લક્ષણ અનંત-કાયિત્વ છે, એ પ્રથમ જણાવ્યું છે. હવે શાસ્ત્રમાં તેનાં જે અન્ય લક્ષણો દર્શાવ્યાં છે, તે અહીં કહે છે.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જીવ-સમાસ-પ્રકરણ કે જે આ પ્રકરણની પૂર્વે કેટલોક સમયે ૨૮૬ ગાથાપ્રમાણ રચાયેલું છે અને જેના પર મલ્લધારગચ્છીય શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજે વિ. સં. ૧૧૬૪માં ૭૦૦ શ્લોકપ્રમાણ વૃત્તિ રચેલી છે,* તેમાં સાડત્રીસમી ગાથા તરીકે આ ગાથા નજરે પડે છે. આ પ્રકરણમાં ઘણી ગાથાઓ પ્રાચીન શાસ્ત્રોમાંથી ઉદ્ધરેલી છે, એટલે સંભવ છે કે આ ગાથા પણ કોઈ પ્રાચીન શાસ્ત્રમાંથી ઉદ્ધરેલી હોય. તે ઘણી પ્રસિદ્ધ અને પ્રમાણભૂત હોવાનાં કારણે જીવ-વિચાર-પ્રકરણકારે પણ તેને અહીં અક્ષરશઃ ઉદ્ધરેલી જણાય છે.

* જૈન સાહિત્યનો ઇતિહાસ, પૃ-૨૪૭.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમાં પ્રથમ લક્ષણ એ કહ્યું છે કે જેનાં પાંદડાંની નસો વગેરે સ્પષ્ટ દેખાતી ન હોય કે જેના થડ અથવા ડાળીઓનાં સંધિસ્થાન—એટલે સાંધા અને પર્વો સ્પષ્ટ જણાતાં ન હોય, તેને સાધારણ શરીર સમજવું. દાખલા તરીકે કુંવારપાઠું સાધારણ છે, તો તેમાં કોઈ નસ સ્પષ્ટ-તયા જણાતી નથી; અને ભૂમિફોડાનો વર્ગ સાધારણ છે, તો તેમાં સંધિસ્થાન, પર્વ આદિ નજરે પડતાં નથી.

અહીં બીજું લક્ષણ એ કહ્યું છે કે જેને ભાંગતાં સરખા ભાગ થાય, તે પણ સાધારણનું જ લક્ષણ જાણવું. દાખલા તરીકે મૂળાનો કંદ, ગાજર કે શકરિયાને ભાંગીએ તો તેના સરખા ભાગ થાય છે, પણ ખાંચાવાળા ભાગ થતા નથી. આ જ રીતે ખારી જાળના પાંદડાંને ભાંગીએ તો એ સરખા કકડા થાય છે, પણ એરંડા વગેરેનાં પાંદડાંની જેમ વાંકાચૂંકા કે ખાંચાવાળા ભાગ થતા નથી; એટલે આ બધાની ગણતરી સાધારણમાં થાય છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ જયતિ શાસનમ્

અહીં ત્રીજું લક્ષણ એ કહ્યું છે કે જેને ભાંગતાં તાંતણા ન હોય તે પણ સાધારણનું શરીર જાણવું. દાખલા તરીકે મૂળાનો કંદ, ગાજર, શકરિયા કે બટાટાને છેદવામાં આવે તો તેમાં તાંતણાં જણાતાં નથી, માટે તેમને સાધારણનું લક્ષણ લાગુ પડે છે. અંકુર અને કિસલયમાં પણ આ જ સ્થિતિ હોય છે; એટલે તેમને પણ સાધારણ ગણવામાં આવે છે.

અહીં ચોથું લક્ષણ એ કહ્યું છે કે જેને છેદવા છતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફરી ઉગે એ સાધારણનું શરીર જાણવું. દશમી ગાથામાં તેના દાખલા રૂપે થોર, કુંવાર, ગુગ્ગુલિ વનસ્પતિ અને ગળોનાં ઉદાહરણો આપવામાં આવ્યાં છે.

અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઈએ કે કેટલીક સાધારણ વનસ્પતિ તેનો આગળનો ભાગ વાવવાથી ઉગે છે, કેટલાક તેનાં મૂળ વાવવાથી ઊગે છે, કેટલીક તેની ડાળો રોપવાથી ઉગે છે, કેટલીક તેની ગાંઠો વાવવાથી ઉગે છે, કેટલીક તેના બીજ વાવવાથી ઉગે છે, તો કેટલીક વગર વાવ્યે માત્ર અમુક વસ્તુઓનું સંયોજન થવાથી પણ ઉગે છે.

પ્રત્યેકનાં લક્ષણો આનાથી વિપરીત હોય છે, એટલે કે તેનાં પાંદડાની નસો તથા તેનાં સ્કંધ-શાખાદિ વગેરેનાં સંધિસ્થાનો અને પર્વો સ્પષ્ટ જોઇ શકાય છે, તેને ભાંગીએ તો બે સરખા ભાગ થતા નથી, પણ વાંકાચૂકા કે ખાંચાવાળા ભાગ થાય છે, તેને ભાંગીએ તો તેમાં કોઈ ને કોઈ પ્રકારનાં તાંતણાં જણાય છે અને છેદવાથી તે ફરી ઉગતી નથી.

## મૂળ

**एग-सरीरे एगो, जीवो जेसिं तु ते य पत्तेया ।**
**फल-फुल्ल-छल्लि-कट्ठा मूलग-पत्ताणि बीयाणि ॥१३॥**

## સંસ્કૃત છાયા

एक-शरीरे एको जीवो येषां तु ते च प्रत्येकाः ।
फल-पुष्प-छल्लि-काष्ठानि मूलक-पत्राणि बीजानि ॥१३॥

## પદાર્થ

एग-सरीरे-એક શરીરમાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एग એવું शरीर ते एग–सरीर. एग–એક. सरीर–શરીર, કાયા, દેહ.

एगो–એક.

जीवो–જીવ.

जेसिं–જેઓનાં, જે વૃક્ષ વગેરેનાં.

तु–તો.

અહીં च ते उ એવો પણ પાઠ છે.

ते–તે.

य–અને

पत्तेय–પ્રત્યેક.

फल–ફળ.

फल અને फुल्ल અને छल्लि અને कट्ठ ते फल–फुल्ल-छल्लि–कट्ठा. અહીં સાતમી વિભક્તિ જોઈએ, પણ વિભક્તિનો વ્યત્યય થવાથી પહેલીમાં છે. અહીં પ્રથમ વિભક્તિથી પણ અર્થ સંગત થઈ શકે છે. मूला–पत्ताणि અને बीयाणि એ પદોમાં પણ આમ જ સમજવું.

फुल्ल–ફૂલ, પુષ્પ.

छल्लि–છાલ.

कट्ठ–કાષ્ઠ, થડ.

मूलग–મૂળ.

मूलग અને पत्त ते मूलग–पत्ताणि. અહીં मूला એવું પણ પાઠાંતર છે, એટલે मूला અને पत्ताणि એ બે પદોને સ્વતંત્ર ગણેલાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पत्ताणि—પત્રો, પાંદડાં.
बीयाणि—બીજ.

## અન્વય

जेसिं च—અને જેઓનાં एग सरीरे एगो जीवो એક શરીરમાં એક જીવ હોય, ते उ पत्तेया તે પ્રત્યેક જ જાણવા. અહીં फल—फुल्ल—छल्लि—कट्ठा मूलग—पत्ताणि बीयाणि—ફળ, ફૂલ, છાલ, થડ, મૂળ, પત્ર અને બીજો એ બધાંને શરીર સમજવાનાં છે.

## ભાવાર્થ

અને જેમનાં એક શરીરમાં એક જીવ હોય, તેમને પ્રત્યેક જાણવા. અહીં ફળ, ફૂલ, છાલ, થડ, મૂળ, પાંદડાં અને બીજનાં સ્વતંત્ર શરીર જાણવાં.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

## વિવેચન

હવે પ્રકરણકાર ક્રમપ્રાપ્ત પ્રત્યેક વનસ્પતિનો પરિચય આપે છે. ગત ગાથામાં તેમણે 'तव्विवरीयं तु पत्तेयं' એ શબ્દો વડે પ્રત્યેકનાં કેટલાંક લક્ષણો બતાવ્યાં છે, તો પણ પ્રત્યેક શબ્દની સાર્થકતા બતાવનારું લક્ષણ બતાવવાની આવશ્યકતા હોવાથી આ ગાથાના પૂર્વાર્ધમાં એ લક્ષણ બતાવ્યું છે. 'જેમનાં એક શરીરમાં એક જીવ હોય, તે પ્રત્યેક વનસ્પતિ જાણવી.' પ્રત્યેક શબ્દનો અર્થ પણ એમ જ સૂચવે છે કે–પ્રતિ એક; એટલે હરેક શરીરમાં એક જીવ. સાધારણ વનસ્પતિકાયના એક શરીરમાં અનંત જીવો

હોય છે, ત્યારે પ્રત્યેક વનસ્પતિકાયના એક શરીરમાં એક જીવ હોય છે. આ ઘણો મોટો મૂળભૂત તફાવત છે.

અહીં એ પણ લક્ષમાં રાખવું જોઈએ કે સાધારણ વનસ્પતિ કરતાં પ્રત્યેક વનસ્પતિનાં અંગોપાંગોનો વિકાસ ઘણો વધારે થયેલો હોય છે, એટલે તેમાં (૧) ફળ, (૨) ફૂલ, (૩) છાલ, (૪) લાકડું, (૫) મૂળ, (૬) પાંદડાં અને (૭) બીજ, એ સાત વસ્તુઓ અવશ્ય હોય છે. આમ તો આ બધાં અંગોપાંગો આપણા શરીરનાં અંગોપાંગોની જેમ સંલગ્ન હોય છે, પરંતુ તે બધાનું એક પૃથક્ શરીર પણ હોય છે. તેમાં એક જુદો જીવ હોય છે.

जैन साईट JAINSITE.com

અહીં એ પણ લક્ષમાં રાખવું જોઈએ કે દરેક વનસ્પતિ ઉગતી વખતે અનંતકાય જ હોય છે. પછી તે અનંતકાય જાતિની હોય તો અનંતકાય જ રહે છે, અન્યથા પ્રત્યેક થઈ જાય છે. વળી મૂળ વગેરે પ્રત્યેકને આશ્રયે બીજા અસંખ્યાત વનસ્પતિકાય જીવો રહેલા હોય છે. અથવા એમ પણ બને છે કે મૂળ સાધારણ હોય અને બાકીનો ભાગ પ્રત્યેક હોય.

જૈનમ્ જયતિ શાસનમ્

શાસ્ત્રકારોએ પ્રત્યેક વનસ્પતિના નીચે પ્રમાણે બાર પ્રકારો માન્યા છે :

रुक्खा गुच्छा गुम्मा लया य वल्ली य पव्वगा चेव ।
तिण वलय हरिओसहि जलरुह कुहणा य बोधव्वा ॥

(૧) 'रुक्खा–वृक्षाः' આંબો, લીમડો, પીપળો, વડ વગેરે. તેના એકાસ્થિક એટલે એક ગોટલીવાળા અને બહુબીજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે વધારે બીયાવાળા એમ બે પ્રકારે છે. તેમાં આંબો જાંબૂ, ભીલામા, બહેડા, અશોક વગેરે પ્રથમ વર્ગમાં આવે છે અને અગથિયો, ટીંબરૂં, પીંપળ, ધાવડી, અર્જુન વગેરેનો સમાવેશ બીજા વર્ગમાં થાય છે. પ્રજ્ઞાપનાસૂત્રમાં તેનું વિસ્તારથી વર્ણન કરેલું છે.

(૨) ગુચ્છા—જેનાં પાંદડાં ગુચ્છા રૂપ (Cluster) હોય તે ગુચ્છ કહેવાય. જેમકે રીંગણી, ધમાસો, બીજોરૂં, નગોડ, કસુંદરો, કેરડો વગેરે.

(૩) ગુમ્મા—જેમાં થડનો વિકાસ ન હોય, પણ નીચેથી જ ડાળીઓ ફુટે તેને ગુલ્મ કહે છે. જેમકે—કાંટાસેરિયો, નવમાલતી, બન્ધુજીવક, ગુલાબ, જાઈ, મોગરો વગેરે.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૪) લયા—જે વૃક્ષ કે સ્તંભ વગેરેના આધારે ઉપર ચડે તેને લતા કહે છે. જેમકે— પદ્મલતા નાગલતા, અશોકલતા, ચમ્પકલતા, શ્યામલતા વગેરે.

(૫) વલ્લી—વેલા. મોટા ભાગે ભોંય પર પથરાય તે વેલા કહેવાય. જેમકે કોળાનો વેલો, કાકડીનો વેલો, તુરિયાનો વેલો, દૂધીનો વેલો વગરે.

(૬) પવ્વગા—જેમાં પર્વ અને ગાંઠા હોય, તે પર્વગ કહેવાય. જેમકે શેરડી, વાંસ, નેતર વગેરે.

(૭) તિણ—ઘાસ. જેમકે ધ્રો, ડાભ વગેરે.

(૮) વલય—જેની છાલ ગોળ હોય, તે વલય કહેવાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમકે તાલ, તમાલ, દેવદાર, જાવંત્રી, લવંગ, સોપારી, ખજુર વગેરે.

(૯) हरि—શાકભાજી.

(૧૦) ओसहि—ધાન્યવર્ગ. જેમકે—ડાંગર, ઘઉં, જવ, બાજરી વગેરે.

(૧૧) जलरुह—જળમાં ઉગે તે જલરુહ, જેમ કે પદ્મ (સૂર્ય વિકાસી ગુલાબી કમળ), કુમુદ, (ચંદ્ર-વિકાસી શ્વેત કમળ), વગેરે.

(૧૨) कुहण—ભૂમિને ફોડીને નીકળનારી વનસ્પતિને કુહણ કહે છે. શાસ્ત્રમાં તેના આય, કાય વગેરે દશ પ્રકારો બતાવેલા છે; પરંતુ જીવ-સમાસ તથા આ જીવ-વિચાર-પ્રકરણમાં તેનો સમાવેશ સાધારણમાં કરેલો છે. જીવ-સમાસની વૃત્તિમાં આ વિષયની ચર્ચા કરીને તત્ત્વ કેવલિગમ્ય કહ્યું છે.

પૃથ્વીકાય વગેરે પાંચે ય સ્થાવરોને પાંચ ઇન્દ્રિયો પૈકી એક સ્પર્શનેન્દ્રિય હોય છે, એટલે તેમની ગણના એકેન્દ્રિય જીવોમાં થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ૮ ]

## વનસ્પતિના જીવન પર આછો દૃષ્ટિપાત

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય અને વાયુકાયની અપેક્ષાએ વનસ્પતિકાયનું સ્વરૂપ ઘણું વિકાસ પામેલું છે, એટલે તેમાં જીવન વ્યક્ત થાય છે અને તે આપણે જોઈ-જાણી શકીએ છીએ.

(૧) **જન્મ અને મરણ** : જીવનના એક છેડાને જન્મ (Birth) અને બીજા છેડાને મૃત્યુ કે મરણ (Death) કહેવામાં આવે છે. આ બંને છેડાઓ વનસ્પતિના જીવનમાં બરાબર જોઈ શકાય છે. બીજ વગેરેમાંથી વનસ્પતિનો ઉદ્ભવ થવો, એ તેનો જન્મ છે અને અમુક વખત પછી કરમાઈ જવું, એ તેનું મરણ છે.

વનસ્પતિને ઉગતાં તથા કરમાતાં કોણે જોઈ નહિ હોય ? અમે પોતે વૃક્ષો, છોડવાઓ, વેલાઓ વગેરેને ઉગતાં તથા કરમાતાં જોયાં છે અને તેથી ભારે સંવેદન અનુભવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમારું બાળપણુ ગામડામાં * વ્યતીત થયું હતું કે જ્યાં સામાન્ય રીતે વનસ્પતિના વિશેષ સંસર્ગમાં આવવાનું બને છે. અમારા ફળિયાના ખુલ્લા ભાગમાં ચોમાસાના દિવસો દરમિયાન થોડાં શાકભાજી વવાતાં. તેમાં ભીંડો ગવાર, તુરિયાં તથા કહોળું મુખ્ય હતાં. બીજ વવાયા પછી એ ઉગવા માંડતાં અને તેને કૂણાં કૂણાં પાન આવતાં, ત્યારે અમારા આનંદ અને આશ્ચર્યનો પાર રહેતો નહિ. એક નાનકડા બીજમાંથી આ બધું શી રીતે તૈયાર થતું હશે? અને તેને તૈયાર કરનારું કોણુ હશે? એ પ્રશ્ન અમારા બાલમાનસમાં વારંવાર ઉઠતો.

એનો જવાબ એમ મળતો કે 'રાત્રે ભગવાન છાના-માના આવીને આ બધું બનાવી જાય છે!' એ વખતે અમારા માટે 'ભગવાન' શબ્દ એટલો ભારે હતો કે તેની સામે કંઇ પણુ બોલવાની, વિચારવાની કે પ્રશ્ન કરવાની હિંમત ચાલતી નહિ; પરંતુ આ છોડ-વેલાઓને અમે રોજ જોયા જ કરતા. ખાસ કરીને ફૂલની સામે તો અમે ટગર ટગર તાકી જ રહેતા. તેની સુંદર કોમલ કાયા, તેનો ચિત્તાકર્ષક રમણીય રંગ, તેમાંથી આવતી અમુક પ્રકારની ખુશબો અમારાં સંવેદનશીલ હૃદયને ભાવનાથી ભરી દેતી. તેમાંનું કોઇ ફૂલ ખરી પડતું તો મનમાં એક પ્રકારની ગ્લાનિ થતી, એક પ્રકારની ગમગીની ફેલાઇ જતી. આ રહ્યું અમારી ભાંગી-તૂટી ભાષામાં એ વખતનું સંવેદન-

* સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર પાસે આવેલું દાણાવાડા ગામ. ત્યાં આજે આશરે ૨૫૦૦ મનુષ્યોની વસ્તી છે.

જી. ૧૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હજી તો ખીલ્યાને, કુસુમ ઘડીઓ બે થઈ હશે !
હજી તો રેલ્યાને, સુરભિ ઘડીઓ બે ગઈ હશે !
અરે ! હાવાં+ હૈયાં, જગ સકલનાં એહ હરતું !
ગયું ક્યાં એ પ્યારું, મધુર ફૂલડું હાસ્ય કરતું !

ભીંડાના છોડને શીંગો આવતી, તેનું અમે બારીકાઈથી નિરીક્ષણ કરતા. તેને આવી સરસ હાંસો શી રીતે પડતી હશે ? એ પ્રશ્ન અમારા મનમાં વારંવાર ઉઠતો. વળી બધી શીંગોને સરખી હાંસ હતી ! નહિ ઓછી કે નહિ વધારે ! એટલે આમાં કંઈક રહસ્ય છે, એમ તો સમજાતું, પણ એ રહસ્ય શું છે ? તેની ગમ પડતી નહિ.

ગવારફળિયો ચપટી કેમ રહેતી હશે ? તુરિયાને ધારો કેમ પડતી હશે ? કહોળાનું કદ આટલું મોટું કેમ થતું હશે ? આ અને આવા બીજા અનેક પ્રશ્નો અમારા મનમાં ઉઠતા, પણ તેનું યોગ્ય સમાધાન થતું નહિ. આમ છતાં એટલું સમજાતું કે દરેક વનસ્પતિને પોતાનું વિશિષ્ટ જીવન છે અને તે પોતાની રીતે વ્યતીત કરે છે.

થોડાં વર્ષો પછી એટલે આશરે ચૌદ-પંદર વર્ષની ઉંમરે વનસ્પતિઓને ઓળખવાનો શોખ જાગ્યો અને રજાના દિવસો દરમિયાન અમે એક મિત્ર સાથે વાડીઓ તથા વગડામાં ફરવા લાગ્યા, ત્યારે વનસ્પતિની વૈવિધ્યભરી જીવનલીલા જોઈને આશ્ચર્યમુગ્ધ બની ગયા. એ ભાવો આજે પણ અમારા હૃદયને સ્પર્શી જાય છે !

+ હમણાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે જીવનતત્ત્વ આપણામાં વહી રહ્યું છે, તે જ જીવન-તત્ત્વ પશુ-પક્ષીઓમાં, કીડા-જંતુઓમાં તથા વનસ્પતિ-વર્ગમાં વહી રહ્યું છે. માત્ર કાયાનો ફેર છે, પરંતુ તેને મહત્ત્વ શા માટે આપવું ? વળી વનસ્પતિ એકેન્દ્રિય છે, અબોલ છે, છતાં તે માનવજાતિ પર કેટલો ઉપકાર કરે છે? તે પોતાના ભોગે મનુષ્યને ખોરાક પૂરો પાડે છે, જુદી જુદી જાતની ઔષધિઓ આપે છે અને તાજગીભર્યું સુંદર વાતાવરણ ખડું કરે છે ! આમ છતાં મનુષ્ય જો તેના તરફ સદ્ભાવવાળો ન બને તો તેના જેવો જડ, મૂઢ કે કૃતઘ્ની કોણ ?

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૨) **ત્રણ અવસ્થાઓ** : સામાન્ય રીતે જીવનમાં ત્રણ અવસ્થાઓ હોય છે : (૧) બાલ્યાવસ્થા, (૨) યુવાવસ્થા અને (૩) વૃદ્ધાવસ્થા. આ ત્રણેય અવસ્થાઓ વનસ્પતિના જીવનમાં બરાબર જોઈ શકાય છે. તે ઉગે ત્યારે બાલ્યા-વસ્થામાં હોય છે અને તેના અંગોપાંગો વિશેષ કોમળ હોય છે. પછી કાલક્રમે યુવાવસ્થામાં આવે છે, ત્યારે તેનાં અંગોપાંગ બરાબર ખીલે છે અને ચોક્કસ આકાર ધારણ કરે છે. આ રીતે કેટલોક કાલ વ્યતીત થયા પછી તેને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે અને તેનાં અંગોપાંગ કૃશ કે વિકૃત થવા લાગે છે. છેવટે તે કાલના અબાધિત નિયમને આધીન થઈ મરણ પામે છે અને પોતાનું જીવન પૂરું કરે છે.

(૩) **આયુષ્ય** : મનુષ્ય, પશુ-પક્ષી વગેરે જીવંત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાણીઓને નિયત આયુષ્ય હોય છે, તેમ વનસ્પતિને પણ નિયત આયુષ્ય હોય છે. કેટલીક વનસ્પતિનું આયુષ્ય ટૂંકું હોય છે, તો કેટલીક વનસ્પતિનું આયુષ્ય લાંબું કે ઘણું લાંબું હોય છે. આપણે સો વર્ષ ઉપરના મનુષ્યોને ખોળવા જઈએ તો કોઈક જ મળે છે, પણ સો વર્ષ જૂનાં વૃક્ષો હજારોની સંખ્યામાં મળી આવે છે. ખજૂરીનાં વૃક્ષો ૩૦૦-૪૦૦ વર્ષનું આયુષ્ય સહેલાઈથી ભોગવે છે. જેરૂસેલમમાં ઓલીવ્સ નામનાં વૃક્ષો થાય છે, તે ૮૦૦ વર્ષનું આયુષ્ય ભોગવે છે. ચેસ્ટનટનાં વૃક્ષો ૧૦૦૦ વર્ષ સુધી જીવે છે. પ્રયાગ પાસે ભોંયરાનો વડ ૧૫૦૦ વર્ષ જૂનો ગણાય છે અને હવે તો કેટલાંક ૫૦૦૦ વર્ષ જૂનાં વૃક્ષો પણ મળી આવ્યાં છે !

(૪) **શરીરરચના :** મનુષ્યાદિ જીવંત પ્રાણીઓને જેમ વિશિષ્ટ પ્રકારની શરીરરચના હોય છે, તેમ વનસ્પતિને પણ વિશિષ્ટ પ્રકારની શરીરરચના હોય છે. તેમાં મૂળ, સ્કંધ (થડ), શાખા, પ્રશાખા, પત્ર, પુષ્પ, ફળ આદિ અનેક અંગો અવલોકી શકાય છે.

આધુનિક વનસ્પતિશાસ્ત્રીઓ કહે છે કે 'વનસ્પતિનાં મૂળિયાં હોજરીનું કામ કરે છે, તેમાં ફરતો રસ લોહીની ગરજ સારે છે અને પાંદડાં ફેફસાનું સ્થાન સાચવે છે. કેટલાંક વનસ્પતિનાં મૂળિયાં તો એટલાં શક્તિશાળી હોય છે કે તે દૂર દૂર પથરાય છે અને ત્યાંથી પોતાને જોઈતો આહાર ગ્રહણ કરી લે છે. એક બાવળનાં મૂળ ૬૬ ફુટ દૂર આવેલા કૂવા સુધી પહોંચ્યાં હતાં અને તેમાંથી પાણી ચૂસતાં હતાં !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિખ્યાત વનસ્પતિશાસ્ત્રી **શેમાને** કહ્યું છે કે, 'વનસ્પતિ અને જંતુરચનાની ગોઠવણનો પાયો એક જ છે. બંનેના શરીરમાં રહેલા કોષો તપાસીએ તો તે ઘણા મળતા આવે છે.'

(૫) **આહાર** : બધાં જીવંત પ્રાણીઓ આહારથી વૃદ્ધિ પામે છે અને આહારના અભાવે મૃત્યુ પામે છે. આ જ રીતે વનસ્પતિ પણ આહારથી વૃદ્ધિ પામે છે અને આહારના અભાવે મૃત્યુ પામે છે. એ વાત ખરી છે કે મનુષ્ય અને પશુ-પક્ષીઓની પેઠે વનસ્પતિને મોઢું કે જઠર હોતાં નથી, પણ તે પોતાનાં વિશિષ્ટ વિવરો (છિદ્રો) દ્વારા આહાર ગ્રહણ કરે છે અને તેનો રસ બનાવી પોતાની સમસ્ત કાયાનું પોષણ કરે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ફ્રેન્ચ વૈજ્ઞાનિક **કુવિએ** પોતાના 'પ્રાણીરાજ્ય' નામના ગ્રંથમાં લખ્યું છે કે 'આપણી પેઠે વનસ્પતિ પણ સચેતન છે. તે માટી, પાણી કે હવામાંથી હાઇડ્રોજન, ઓક્સિજન, નાઇટ્રોજન વગેરે પ્રાણપોષક તત્ત્વોને ખેંચી લે છે. તેને બીજા જંતુઓની જેમ મોઢું કે હોજરી હોતાં નથી, પણ નીચલી પંક્તિનાં જંતુઓની જેમ તે વિવરદ્વારા આહાર ગ્રહણ કરી તેને પચાવે છે.'

પ્રખ્યાત પ્રાણીશાસ્ત્રી **કયારેબાચે** લખ્યું છે કે, 'વનસ્પતિ પોતાના સચેતન કણો વડે ખનીજ પદાર્થોને ગ્રહણ કરી પોતાને જોઈએ તે પ્રકારના આહારરૂપે પરિણમાવી લે છે.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ તો સર્વવિદિત છે કે અનુકૂળ આહારથી પ્રાણીઓનાં શરીર નીરોગી તથા પુષ્ટ રહે છે અને પ્રતિકૂળ આહારથી રોગગ્રસ્ત તથા કૃશ બને છે. હવે વનસ્પતિમાં પણ આ જ સ્થિતિ જોવાય છે. તેને અનુકૂળ ખાતર-પાણી મળે તો તે નીરોગી રહે છે અને પુષ્ટ થાય છે તથા પ્રતિકૂળ આહાર મળે તો રોગગ્રસ્ત અને કૃશ બને છે. અમુક વનસ્પતિને અમુક પ્રકારનું ખાતર નાખવું, અમુક વખતે અમુક પ્રમાણમાં પાણી પાવું વગેરે જે નિયમો બાંધવામાં આવ્યા છે, તેમાં મુખ્ય વસ્તુ આ જ છે. આજે ખેતીવાડીનાં પ્રદર્શનોમાં ૧૨ રતલનો મૂળો, ૧૫ રતલનું રીંગણું કે ૨૫ રતલનાં પપૈયાં મૂકવામાં આવે છે, તે એમ બતાવવાને કે જો અનુકૂળ ખાતર આપીએ તો વનસ્પતિની કાયા કેટલી કદાવર થાય છે!

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

કેટલીક વનસ્પતિનાં પાંદડાં કીડા, કરોળિયા, માખી વગેરે જંતુઓને પકડી લે છે અને તેનો રસ ચૂસી લે છે. ડૂસેરા, આલન્ડ્રો, પીંગીકુલા, આડ્રેકુલેરિયા વગેરે આ જાતની વનસ્પતિ છે. રતાળુના પાંદડાં વિષે પણ આવું જ કહેવાય છે. ડૂસેરાના છોડથી અર્ધો ઇંચ ઊંચે માખીને લટકાવવામાં આવે તો થોડીવારમાં તે પોતાનાં પાંદડાંના કાંટા તે તરફ ઊંચા કરીને તેને પોતાના પંજામાં સપડાવે છે.

આફ્રિકાનાં માડાગાસ્કર ટાપુમાં એક વૃક્ષ મનુષ્યભક્ષી તરીકે ઓળખાય છે. તે આઠથી દસ ફુટ ઊંચું હોય છે અને તેના પર કુંવારપાઠાના આકારનાં લાંબા પાંદડાં હોય છે કે જેની ધારોમાં તીક્ષ્ણ કંટકોની હાર આવેલી હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. વળી આ વૃક્ષને કેટલાક તંતુઓ હોય છે, જે હવામાં લટકતા હોય છે. જો કોઈ મનુષ્ય તેને અડકે તો તે તરત વીંટળાઈ જાય છે અને બીજા તંતુઓ પણ તેના તરફ ધસારો કરી તેના શરીરે ભરડો લઈ લે છે. પછી એ મનુષ્ય થડ તરફ ધકેલાય છે અને તેના રાક્ષસી પાંદડાંઓ વાંકાં વળવા લાગે છે. જ્યારે તે તદ્દન નજીક આવી પહોંચે છે ત્યારે તેના તીક્ષ્ણ કંટકો પેલા મનુષ્યના શરીર પર ભોંકાવા લાગે છે અને તેમાંથી રક્ત છૂટે છે, તે થડ અને પાંદડાં ચૂસી લે છે અને તેને થોડી જ વારમાં નિર્જીવ બનાવી દે છે જ્યારે એ મનુષ્યનાં રકત–માંસ પૂરાં ચૂસાઈ જાય ત્યારે પાંદડાંઓ ફરી ઊંચાં થવા લાગે છે, તંતુઓ છૂટા પડે છે અને એ વૃક્ષ પાછું મૂળ હાલતમાં આવી જાય છે. ત્યાંના જંગલી લોકો કોઈપણ મનુષ્યને પ્રાણવધની શિક્ષા કરવી હોય, ત્યારે તેને આ વૃક્ષની પાસે લાવે છે અને તેના થડ તરફ ધકેલી દે છે, એટલે ઉપર કહ્યું તેમ તેના જીવનનો કરુણ અંજામ આવે છે. કેટલાક વિદેશી પ્રવાસીઓએ આ દૃશ્ય સાક્ષાત્ જોયું છે અને તેની છબીઓ વર્તમાનપત્રોમાં પ્રકટ કરેલી છે.

(૬) **નિદ્રા અને જાગૃતિ :** 'જીવંત પ્રાણીઓમાં 'નિદ્રા અને જાગૃતિ' એ બે પ્રકારની અવસ્થાઓ જોવામાં આવે છે. આવું કંઈ વનસ્પતિમાં છે કે?' તેનો ઉત્તર હકારમાં સાંપડે છે. પુંઆડ, આંબલી વગેરે વૃક્ષોનાં પાન અમુક વખતે બીડેલાં રહે છે અને અમુક વખતે પૂરેપૂરાં ખીલેલાં હોય છે. આને નિદ્રા તથા જાગૃતિનો ભાવ સમજવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી સૂર્યવિકાસી કમળ રાત્રે બીડાઈ જાય છે, અને દિવસે ખીલે છે તથા ચંદ્રવિકાસી કમળ કે જેને સામાન્ય રીતે કુમુદ કે પોયણું કહેવામાં આવે છે, તે દિવસે બીડાઈ જાય છે અને રાત્રે ખીલે છે. એને પણ નિદ્રા તથા જાગૃતિનો ભાવ સમજવો. અંબાડી વગેરે પુષ્પોમાં પણ આમ જ બને છે.

વૈજ્ઞાનિકોએ એવી નોંધ કરી છે કે મદ્રાસના અનંતપુર જિલ્લાનું ખજૂરીનું એક વૃક્ષ મધ્ય રાત્રિથી નીચે પડવા માંડતું અને બપોર પહેલાં તદ્દન સૂઈ જતું. પછી તે ઊભું થવા માંડતું અને મધ્યરાત્રિ પહેલાં તદ્દન ટટ્ટાર થઈ જતું. બંગાળમાં એક ખારેકનું વૃક્ષ એવું હતું કે જે રાત્રે ત્રણ વાગે તદ્દન નીચું પડી જતું અને મધ્યાહ્ન પછી ઊભું થવા માંડતું, તે સાંજ સુધીમાં બરાબર ઊભું થઈ જતું. આને પણ નિદ્રા અને જાગૃતિનો ભાવ સમજવો.

(૭) **ભય** : જીવંત પ્રાણીઓ માટે આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર સંજ્ઞાઓ મોટી ગણાય છે. તેમાંથી આહાર અને નિદ્રાની વાત ઉપર આવી ગઈ. હવે ભય સંબંધી વિચાર કરીએ. જ્યારે પ્રાણીને ભય લાગે છે, ત્યારે તે કંપે છે, ઘણી વાર ચીસ પણ પાડે છે અને કોઈ સ્થલે છૂપાઈ જવાનો પ્રયત્ન કરે છે. આમાં જિજીવિષા એટલે જીવન-સંરક્ષણની વૃત્તિ મુખ્ય હોય છે. નિરીક્ષણ તથા પ્રયોગોએ એમ બતાવી આપ્યું છે કે વનસ્પતિને પણ અમુક સંયોગોમાં ભય લાગે છે અને ત્યારે તેના શરીરમાં અંતર્ગત કેટલાક ફેરફારો થાય છે. **લજ્જામણીનાં** પાંદડાંને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપણો સ્પર્શ થતાં જ તે એકદમ બીડાઈ જાય છે, આને ભયસંજ્ઞા સમજવી. તેમાં લજ્જા પણ મિશ્રિત હોય છે.

(૮) **મૈથુન** : મનુષ્યાદિ પ્રાણીઓની પેઠે વનસ્પતિમાં પણ મૈથુનસંજ્ઞા જોવામાં આવે છે. પ્રાચીન પુરુષોનાં કથન મુજબ અશોક, બકુલ, ફણુસ, કુરબક, તિલક વગેરે વૃક્ષો સાલંકાર નવયૌવના સ્ત્રીના પાદપ્રહારથી, તેના મુખનું તાંબુલ નાખવાથી, તેના સસ્નેહ આલિંગનથી, તેમજ તેના હાવ–ભાવ–કટાક્ષયુક્ત સ્વરથી જલ્દી ફળ આપે છે.

આધુનિક યુગના પુરુષોએ આ વસ્તુની અન્ય રીતે પુષ્ટિ કરી છે. તેઓ કહે છે કે પુષ્પોમાં સ્ત્રીકેસર અને પુંકેસરની રચના હોય છે. તે બંનેનો સમાગમ થવાથી ફલની ઉત્પત્તિ થાય છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ફ્રાન્સ અને ઈટાલીમાં વેલિસ્નેરિયા અને સ્પાઇરેલિશ નામના જળરોપાઓ થાય છે. તેનો સમાગમ હેરત પમાડે એવો છે. જ્યારે નારી–ફૂલ જળની સપાટી પર આવે છે, ત્યારે નર–ફૂલ પોતાના રોપામાંથી છૂટું પડીને તેની પાસે જાય છે અને તેને અડતાં જ ફાટે છે. આથી તેનો પરાગ નારી–ફૂલમાં પડે છે.

બીજી પણ કેટલીક વનસ્પતિઓ વિષે આવી જ કે આ પ્રકારની હકીકતો નોંધાયેલી છે, તેથી વનસ્પતિમાં મૈથુન સંજ્ઞા હોવાનું સિદ્ધ છે. આવી સંજ્ઞા ચૈતન્યશક્તિ વિના કેમ સંભવી શકે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે વનસ્પતિના જીવનમાં જે બીજી સંજ્ઞાઓ પણ જોવામાં આવે છે, તેનો ટુંક પરિચય કરાવીશું.

(૯) **ક્રોધ** : કોકનદ વૃક્ષ મનુષ્યનો પગ લાગતાં હુંકાર કરે છે, તે ક્રોધનો ભાવ જાણવો.

(૧૦) **માન** : રુંદતીના છોડમાંથી પાણી ટપકે છે, તે એવા માન કે અહંકારથી કે 'હું સુવર્ણસિદ્ધિ કરાવનાર છતાં લોકો દુઃખી કેમ છે?'

(૧૧) **માયા**—ઘણું કરીને સઘળી વેલડીઓ પોતાનાં પાંદડાંથી ફળને છૂપાવે છે, તે માયાનો ભાવ જાણવો.

(૧૨) **લોભ**—શ્વેત અર્ક એટલે ધોળો આકડો, પલાશ એટલે ખાખરો અને બિલીવૃક્ષ વગેરે પોતાના મૂળ ભોંયમાં રહેલા નિધિ તરફ લંબાવે છે અને તેના તરફ ફેલાઈ જાય છે, એ લોભનો ભાવ જાણવો.

(૧૩) **ઓઘસંજ્ઞા** : નબળો અંકુર પણ ઢેફાં કે કઠિન ભાગ ફોડી બહાર નીકળે છે, તે ઓઘસંજ્ઞા જાણવી. અથવા વેલાઓ ગમે ત્યાં ઉગ્યા હોય છતાં ચડવા માટે ઝાડ, વાડ વગેરે તરફ સહજ રીતે પોતાની મેળે વળે છે અને તેના પર ચડે છે તથા વીંટાય છે, તે ઓઘસંજ્ઞા સમજવી.

(૧૪) **હર્ષ** : કેટલીક વનસ્પતિઓમાં અકાળે ફૂલ-ફળ ખીલી ઉઠે છે, તે હર્ષનો ભાવ જાણવો.

(૧૫) **શોક** : કેટલીક વનસ્પતિઓ અકાળે સૂકાવા લાગે છે, તે શોકનો ભાવ જાણવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૬) **શબ્દગ્રહણશક્તિ**–કંદલ અને કુંડલ વગેરે વનસ્પતિઓ મેઘગર્જનાથી પલ્લવિત થાય છે, તે શબ્દગ્રહણની શક્તિ સમજવી. વળી વૃક્ષ તથા છોડવાઓ ઉપર સંગીતની અસર થાય છે, તે પણ શબ્દગ્રહણશક્તિ સમજવી.

(૧૭) **રૂપગ્રહણશક્તિ**–કુરબકાદિ વૃક્ષો સાલંકાર નવયૌવના સ્ત્રીઓના સાન્નિધ્યથી ફળ આપે છે, તે રૂપગ્રહણ શક્તિ સમજવી.

(૧૮) **ગંધગ્રહણશક્તિ**–કેટલીક વનસ્પતિ એવી હોય છે કે જે ધૂપની સુગંધથી વધે છે, તેમાં ગંધગ્રહણ-શક્તિ જાણવી.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

(૧૯) **રસગ્રહણશક્તિ**–બધી વનસ્પતિઓ મૂળથી રસગ્રહણ કરે છે અને શેરડી જેવી કેટલીક વનસ્પતિઓ ભૂમિમાંથી મધુર રસ વિશેષ પ્રકારે ખેંચે છે, તે રસગ્રહણ શક્તિ જાણવી.

(૨૦) **સ્પર્શગ્રહણશક્તિ**–વનસ્પતિને અડકતાં તેનાં શરીરમાં સ્પંદન થાય છે અને લજ્જાવંતી વગેરે સંકોચાઈ જાય છે, તે સ્પર્શગ્રહણસક્તિ સમજવી.

(૨૧) **રોગ** : જેમ જીવંત પ્રાણીઓને જુદી જુદી જાતના રોગો લાગુ પડે છે અને તે યોગ્ય ઉપચારોથી સારા થાય છે, તેમ વનસ્પતિને પણ જુદી જુદી જાતના રોગો લાગુ પડે છે અને તે યોગ્ય ઉપચારોથી સારા થાય છે.

(૨૨) **ઝેરની અસર**–જીવંત પ્રાણીઓ પર ઝેરની અસર બહુ બૂરી થાય છે, તેમ વનસ્પતિ ઉપર પણ બહુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બૂરી થાય છે. તેના મૂળમાં કે થડની આસપાસ અમુક પ્રકારનું ઝેર રેડાતાં તે સૂકાઈ જાય છે, એટલે કે પોતાનો પ્રાણ ત્યજે છે. પ્રથમ સૌરાષ્ટ્ર વગેરે દેશોમાં હાથલિયા થોર ઘણા થતા, પરંતુ એક પ્રકારની દવા છાંટવાથી એની આખી જાતિનો લગભગ નાશ થઈ ગયો છે.

છેવટે મહાન વૈજ્ઞાનિક શ્રી જગદીશચંદ્ર બસુના નિમ્ન શબ્દોનું અવતરણ કરીને આ પ્રકરણ પૂરું કરીશું:

"આપણી પેઠે વૃક્ષો વગેરે વનસ્પતિ ટાઢથી ઠરી જઈ મુડદાલ થાય છે અને હુંફથી તેજીમાં આવે છે; દારૂ જેવા માદક પદાર્થોથી વધારે ચંચળ થાય છે અથવા ઘેનમાં પડે છે; ખરાબ હવાથી ગુંગળાઈ જાય છે, અતિ શ્રમથી થાકી જાય છે, સારવાથી પીડાય છે, બેભાન કરનારી દવાથી મૂર્છા પામે છે, વીજળીથી વિશેષ ચંચળ થાય છે, વરસાદથી સુસ્ત થાય છે, સૂરજની રોશનીથી સ્ફુર્તિમાં આવે છે અને ઝેર કે બળાત્કારથી પ્રાણ ત્યજે છે. વૃદ્ધિ–ક્ષય, સુખ–દુઃખ, ટાઢ–તડકો, થાક–આરામ, નિદ્રા–જાગૃતિ એ સર્વ આપણી માફક તેઓ પ્રકટ કરે છે."

વનસ્પતિમાં જીવ કે જીવન હોવાની આથી વધારે સાબીતીઓ બીજી કઈ જોઈએ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ૯ ]

## સર્વવ્યાપી સૂક્ષ્મ જીવો

### મૂળ

पत्तेय-तरुं मुत्तुं, पंच वि पुढवाइणो सयल-लोए ।
सुहुमा हवंति नियमा अन्तमुहुत्ताऊ अद्दिस्सा ॥१४॥

### સંસ્કૃત છાયા

प्रत्येक-तरुं मुक्त्वा पंचापि पृथिव्यादयः सकल लोके ।
सूक्ष्मा भवन्ति नियमादन्तर्मुहूर्तायुषोऽदृश्यः ॥१४॥

### પદાર્થ

पत्तेय-तरुं--પ્રત્યેક તરુને, પ્રત્યેક વનસ્પતિને.

पत्तेय એવું તરુ તે पत्तेय-तरु. અહીં બીજી વિભક્તિના યોગમાં પદને છેડે અનુસ્વાર આવેલું છે. पत्तेय એટલે પ્રત્યેક કે જેનો પરિચય ઉપર અપાઈ ગયો છે. तरु-વૃક્ષ, વનસ્પતિ.

मुंत्तु--મૂકીને, છોડીને.

पंच वि--પાંચેય.

पुढवाइणो--પૃથ્વીકાય આદિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં આદિ શબ્દથી અપ્કાય, અગ્નિકાય, વાયુકાય તથા સાધારણ વનસ્પતિકાય એ ચાર ગ્રહણ કરવાનાં છે.

**सयल–लोए**—સકલ લોકમાં.

सयल એવો लोअ તે सयल–लोए. અહીં સાતમી વિભક્તિના યોગથી सयल–लोए એવો શબ્દપ્રયોગ છે. सयल–સકલ, સમસ્ત, કોઈપણ ભાગ બાકી ન હોય એવો. लोअ–લોક. જૈન પરિભાષા પ્રમાણે લોકનો અર્થ શું સમજવાનો છે? તેનું વિવેચન ભૂમિકા–ખંડના ત્રીજા પ્રકરણમાં કહેલું છે.

**सुहुमा**—સૂક્ષ્મ.

**हवंति**—હોય છે.

**नियमा**—નિયમથી, નિશ્ચયપૂર્વક.

'नियमात् निश्चयेन'–નિયમથી એટલે નિશ્ચયપૂર્વક. તાત્પર્ય કે એમાં કોઈ પ્રકારનો વિકલ્પ નહિ.

**अंतमुहुत्ताऊ**—અંતર્મુહૂર્તના આયુષ્યવાળા.

अंतमुहुत्त જેનું आउ છે, તે अन्तमुहुत्ताऊ.

**अन्तमुहुत्त**—અંતર્મુહૂર્ત. નવ સમયથી માંડીને બે ઘડીમાં એક સમય ઓછા સુધીના ભાગને અંતર્મુહૂર્ત કહેવામાં આવે છે. તેમાં નવ સમયનું જે અંતર્મુહૂર્ત, તે સહુથી નાનું હોવાથી તેને જઘન્ય અંતર્મુહૂર્ત કહેવાય છે અને બે ઘડીમાં એક સમય ઓછાનું અંતર્મુહૂર્ત, તે, સહુથી મોટું હોવાથી તેને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કહેવાય છે. તે બંનેની વચ્ચેનો જે સમય તેને મધ્યમ અંતર્મુહૂર્ત

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાય છે. અહીં અંતર્મુહૂર્ત શબ્દથી આ મધ્ય અંતર્મુહૂર્ત સમજવાનું છે; કારણ કે પાંચેય સૂક્ષ્મ જીવોનું આયુષ્ય ઓછામાં ઓછું ૨૫૬ આવલિકા જેટલું તો હોય જ છે.

अहिस्सा—અદૃશ્ય, ન દેખાય તેવા.

### અન્વય

पत्तेय–तरुं मुत्तुं पुढवाइणो पंच वि सुहुमा सयल–लोए नियमा हवंति—પ્રત્યેક વનસ્પતિકાય છોડીને પૃથ્વીકાય આદિ પાંચેય સૂક્ષ્મ સકલ લોકમાં નિશ્ચયપૂર્વક હોય છે. એ પૃથ્વીકાયાદિ જીવો કેવા છે ? તો अन्तमुहुत्ताऊ अद्दिसा અંતર્મુહૂર્તના આયુષ્યવાળા તથા અદૃશ્ય.

### ભાવાર્થ

ઉપર કહેલા પ્રત્યેક વનસ્પતિકાયને છોડીને બાકીના પાંચેય સ્થાવરકાયના સૂક્ષ્મ જીવો લોકમાં સર્વત્ર વ્યાપેલા છે કે જેમનું આયુષ્ય અંતર્મુહૂર્ત હોય છે અને જે દૃષ્ટિનો વિષય બની શકતા નથી.

## વિવેચન

પાંચ સ્થાવરનું વર્ણન પૂરું કરતાં પહેલાં જે એક મહત્ત્વની વસ્તુ કહેવાની છે, તે પ્રકરણકાર આ ગાથામાં કહે છે.

પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને સાધારણ વનસ્પતિકાય એ પાંચના સૂક્ષ્મ અને બાદર એવા

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બે વિભાગો છે. પરંતુ પ્રત્યેક વનસ્પતિકાયના આવા બે વિભાગો નથી. એ માત્ર બાદર જ છે. અહીં ત્રીજી ગાથાથી તેરમી ગાથા સુધી પૃથ્વીકાય આદિનો જે પરિચય આપવામાં આવ્યો, તે બાદર પૃથ્વીકાય, બાદર અપ્કાય આદિનો સમજવો. સૂક્ષ્મ પૃથ્વીકાય આદિનો પરિચય હવે આપે છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે સૂક્ષ્મનામકર્મના ઉદયથી જીવો સૂક્ષ્મ પૃથ્વીકાય આદિ રૂપે ઉત્પન્ન થાય છે, પરંતુ તે વિશિષ્ટ અવધિજ્ઞાની કે કેવલી ભગવંતોને જ જ્ઞાનગોચર છે, એટલે કે અવધિજ્ઞાની અને કેવલી ભગવંતો જ તેને પોતાના જ્ઞાનથી જાણી શકે છે, જ્યારે છદ્મસ્થ આત્માઓ માટે તો તે સર્વથા અદૃશ્ય જ છે. તાત્પર્ય કે ગમે તેવી તીક્ષ્ણ દૃષ્ટિ હોય કે સૂક્ષ્મદર્શક યંત્ર વગેરેનો પ્રયોગ કરવામાં આવે તો પણ આ સૂક્ષ્મ જીવો આપણી દૃષ્ટિનો વિષય બની શકતા નથી.

આ જીવો એટલા સૂક્ષ્મ છે કે, 'तीक्ष्णखड्गधारया छिद्यमानेऽपि वज्रघातेनाप्युपघातो न स्यात्, एवं वह्न्यादिभ्योऽपि नोपघातः—તીક્ષ્ણ ખડ્ગની ધાર વડે છેદવા છતાં અથવા તો વજ્રનો ઘાત કરીએ તો પણ તેને ઉપઘાત થતો નથી કે અગ્નિ વગેરેનો પ્રયોગ કરીએ તો પણ તેને અસર પહોંચતી નથી.' તાત્પર્ય કે આપણા હલન-ચલન, ઉઠ-બેસ કે બીજી પ્રવૃત્તિની અસર આ સૂક્ષ્મ જીવોને પહોંચતી નથી.

આ જીવો સકલ લોકમાં વ્યાપ્ત છે, એટલે કે ચૌદ

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજલોકનો કોઈપણ ભાગ એવો નથી કે જ્યાં આ પાંચેય પ્રકારના સૂક્ષ્મ જીવો રહેલા ન હોય. આ જીવોનું આયુષ્ય મધ્ય અંતર્મુહૂર્તનું હોય છે, એટલે કે ઓછામાં ઓછું ૨૫૬ આવલિકાનું અને વધારેમાં વધારે બે ઘડીનો સંખ્યાતમો ભાગ હોય છે.

આમ તો બાદર શબ્દ સ્થૂલતાવાચક છે, પણ પૃથ્વીકાયિક એક જીવનું શરીર આપણી દૃષ્ટિનો વિષય બની શકતું નથી. આપણે પૃથ્વીકાય આદિનું જે શરીર જોઈએ છીએ, તે અસંખ્ય જીવોના અસંખ્ય શરીરનો એક પિંડ હોય છે. તાત્પર્ય કે જે અમુક અવસ્થામાં દૃષ્ટિનો વિષય બની શકે છે, તેને માટે બાદર સંજ્ઞા યોજાયેલી છે.

'બાદર જીવો ક્યાં ક્યાં હોય?' તેના ઉત્તરમાં શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

एगिंदिय पंचिंदिय उड्ढेय अहे अ तिरियलोए य ।
विगलिंदियजीवा पुण, तिरियलोए मुणेयव्वा ॥१॥
पुढवी आउ वणस्सई, बारसकप्पेसु सत्तपुढवीसु ।
पुढवी जा सिद्धसिला, तेऊ नरखित्त तिरिलोए ॥२॥
सुरलोए वाविमज्झे, मच्छाई नत्थि जलयरा जीवा ।
गेविज्जे न हु वावी, वाविअभावे जलं नत्थि ॥३॥

'એકેન્દ્રિયો અને પંચેન્દ્રિયો ઊર્ધ્વ, અધો અને તિર્યગ્લોકમાં જ હોય છે અને વિકલેન્દ્રિય જીવો તો માત્ર તિર્યગ્લોકમાં જ હોય છે. (એકેન્દ્રિય એટલે સ્થાવર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને વિકલેન્દ્રિય એટલે બે, ત્રણ તથા ચાર ઇન્દ્રિયવાળા જીવો.)

પૃથ્વી, પાણી અને વનસ્પતિ બાર દેવલોકમાં તથા સાત પૃથ્વીમાં હોય છે. (પૃથ્વીની નીચે બીજી પૃથ્વીઓ રહેલી છે, તેની સંખ્યા સાત છે.) તેમાં પૃથ્વી તો સિદ્ધ–શિલામાં પણ હોય છે અને અગ્નિ તો તિર્યગ્લોક અને તેમાં પણ નરક્ષેત્ર એટલે અઢી દ્વીપમાં જ હોય છે.

દેવલોકમાં વાવોની અંદર મત્સ્ય વગેરે જલચરો હોતા નથી અને નવ ગ્રૈવેયકમાં વાવો જ નથી, એટલે ત્યાં પાણી હોતું નથી.'

શાસ્ત્રકારોએ આ સૂક્ષ્મ અને બાદર જીવોના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે વિભાગો કરેલા છે, તેનું રહસ્ય પણ સમજી લઈએ.

જીવ એક શરીર છોડયા પછી વિગ્રહગતિ કે ઋજુ-ગતિ દ્વારા નવા જન્મસ્થાને પહોંચે છે અને ત્યાં તે જન્મને અનુરૂપ જીવન જીવવા માટે આવશ્યક એવાં પુદ્ગલો ગ્રહણ કરવા માંડે છે, તેને શાસ્ત્રીય પરિભાષામાં 'આહાર' કહે-વામાં આવે છે. આ આહારમાંથી તે શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનની રચના કરે છે. આ છ વસ્તુઓ જીવન ધારણ કરવા માટે જરૂરી હોવાથી તેને 'પર્યાપ્તિ' સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે; પરંતુ અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે બધા જીવોને છ પર્યાપ્તિઓ હોતી નથી. તદ્દન નીચલા સ્તરના જીવોને ચાર પર્યાપ્તિઓ

जैन साईट JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે, તેથી આગળ વધેલાઓને પાંચ પર્યાપ્તિઓ હોય છે અને છેવટનો વિકાસ પામેલાઓને છ પર્યાપ્તિઓ હોય છે.

હવે જે જીવને જેટલી પર્યાપ્તિની જરૂર હોય તેટલી પૂરી કર્યા પછી મૃત્યુ પામે તેને પર્યાપ્ત (पज्जत्त) કહેવામાં આવે છે અને એ પર્યાપ્તિઓ પૂરી કર્યા પહેલાં મૃત્યુ પામે તો તેને અપર્યાપ્ત (अपज्जत्त) કહેવામાં આવે છે.

આ રીતે સ્થાવરના બધા મળીને બાવીશ ભેદ થાય છે, તે આ પ્રમાણે :–

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

### સ્થાવરના બાવીશ ભેદ

૧ સૂક્ષ્મ પર્યાપ્ત પૃથ્વીકાય.
૨ સૂક્ષ્મ અપર્યાપ્ત પૃથ્વીકાય.
૩ બાદર પર્યાપ્ત પૃથ્વીકાય.
૪ બાદર અપાર્યાપ્ત પૃથ્વીકાય.
૫ સૂક્ષ્મ પર્યાપ્ત અપ્કાય.
૬ સૂક્ષ્મ અપર્યાપ્ત અપ્કાય.
૭ બાદર પર્યાપ્ત અપ્કાય.
૮ બાદર અપર્યાપ્ત અપ્કાય.
૯ સૂક્ષ્મ પર્યાપ્ત અગ્નિકાય.
૧૦ સૂક્ષ્મ અપર્યાપ્ત અગ્નિકાય.
૧૧ બાદર પર્યાપ્ત અગ્નિકાય.
૧૨ બાદર અપર્યાપ્ત અગ્નિકાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૩ સૂક્ષ્મ પર્યાપ્ત વાયુકાય.
૧૪ સૂક્ષ્મ અપર્યાપ્ત વાયુકાય.
૧૫ બાદર પર્યાપ્ત વાયુકાય.
૧૬ બાદર અપર્યાપ્ત વાયુકાય.
૧૭ સૂક્ષ્મ પર્યાપ્ત સાધારણ વનસ્પતિકાય.
૧૮ સૂક્ષ્મ અપર્યાપ્ત સાધારણ વનસ્પતિકાય.
૧૯ બાદર પર્યાપ્ત સાધારણ વનસ્પતિકાય.
૨૦ બાદર અપર્યાપ્ત સાધારણ વનસ્પતિકાય.
૨૧ બાદર પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાય.
૨૨ બાદર અપર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાય.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ બાવીશ પ્રકારમાં અગિયાર પર્યાપ્ત છે અને અગિયાર અપર્યાપ્ત છે, દશ સૂક્ષ્મ છે અને બાર બાદર છે તથા ચાર સાધારણ છે અને બાકીના અઢાર પ્રત્યેક છે.


આ પ્રમાણે પાંચ સ્થાવરોનું સૂક્ષ્મ-બાદર સ્વરૂપ જાણીને તેની દયા પાળવા માટે યત્નશીલ રહેવું, એ જીવદયાપ્રેમીનું પરમ કર્તવ્ય છે.

આ વિવેચન સમાપ્ત કરીએ તે પહેલાં જે એક પ્રશ્ન ઘણા તરફથી પૂછાય છે, તેનો ઉત્તર આપવાનું યોગ્ય લેખીએ છીએ. આ પ્રશ્ન એવો છે કે 'પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વિના આપણે જીવન ધારણ કરી શકતા નથી. તેમાં પણ પાણી અને વાયુની જરૂર તો ઘણી જ પડે છે. પાણી વિના સાધારણ રીતે દશ-બાર દિવસમાં મૃત્યુ નીપજે છે અને વાયુ વિના તો અમુક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કલાકમાં જ પ્રાણત્યાગનો પ્રસંગ આવી પડે છે, તો આ જીવોની દયા શી રીતે પળાય ?' તેનો ઉત્તર એ છે કે 'પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં પણ આપણા જીવ જેવો જ જીવ છે, એમ જાણ્યા પછી તેમના પ્રત્યે લાગણી થાય છે અને તેથી તેમનો ઉપયોગ જીવનની અનિવાર્ય આવશ્યકતા પૂરતો જ કરવાની વૃત્તિ રહે છે; તેમજ એ રીતે પણ જે જીવોની હિંસા થાય, તે માટે દુઃખ કે પશ્ચાત્તાપની ભાવના પ્રકટે છે, એ જીવદયાનું સાચા અર્થમાં પાલન છે અને તે સર્વ સુજ્ઞોએ યથાશક્તિ અવશ્ય કરવું જોઈએ.'

સ્થાવરકાયની જરા પણ હિંસા કર્યા સિવાય પણ સર્વવિરતિધારી મુનિઓ જીવન ટકાવે છે. એની રીતો શાસ્ત્રમાં વિગતવાર આપેલી છે.



જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ १० ]

## વિકલેન્દ્રિય જીવો

### મૂળ

संख-कवड्डुय-गंडुल-जलोय-चंदणग-अलस-लहगाई ।
मेहरि-किमि-पूयरगा बेइंदिय माइवाहाई ॥१५॥

जैन साईट
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

### સંસ્કૃત છાયા

शङ्ख-कपर्दक-गण्डुल-जलौक-चन्दनक-अलस-लहकादयः ।
मेहरक-कृमि-पूतरका द्वीन्द्रिया मातृवाहकादयः ॥१५॥

### પદાર્થ

संख-શંખ-શંખલા.

ગાથાનું પૂર્વાર્ધ એક સામાસિક પદ છે. તેમાં संख-कवड्डुय વગેરે શબ્દો સાથે આવવાથી દ્વંદ્વ-સમાસ થયેલો છે. संख-શંખ. તે સમુદ્ર વગેરેમાં થતા એક પ્રકારના કીડા છે અને નાના મોટા અનેક સ્વરૂપે જોવામાં આવે છે. આપણે વામાવર્ત, દક્ષિણાવર્ત આદિ જે શંખો મંદિર તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૃહસ્થનાં ઘરો વગેરેમાં જોઈએ છીએ, તે શંખના કીડાઓને રહેવાનું શ્વેત રંગનું કઠિન કોટલું છે. જ્યારે તે જીવંત હોય છે, ત્યારે તેની અંદર શ્વેત તથા બદામી રંગના કીડા હોય છે. તદ્દન નાના શંખને ક્ષુદ્ર શંખ કે શંખલા કહે છે. જ્યારે દરિયાના પાણીમાં ઓટ આવે છે, ત્યારે તેના કિનારે આવા હજારો શંખલા જોવામાં આવે છે અને તે જીવંત હોય છે.

**कवड्डय**–કોડા.

સમુદ્ર વગેરે જલાશયોમાં થાય છે અને તે નાના મોટા અનેક પ્રકારના હોય છે, આપણે જેનો કોડી–કોડા તરીકે વ્યવહાર કરીએ છીએ, તે આ પ્રાણીનાં મૃત કલેવરો છે.

**गंडुल**–ગંડોલ.

'गण्डोलका उदरान्तर्बृहत्कृमयः।' ગંડોલ એટલે પેટમાં થતાં મોટા કૃમિ.

**जलोय**–જળો.

તે પાણીમાં થાય છે, બે–ત્રણ ઇંચ લાંબી મોટી ઇયળ જેવી હોય છે અને બગડેલા લોહીને ચૂસવા માટે શરીરના અમુક ભાગ પર લગાડવામાં આવે છે. તે બગડેલું લોહી ચૂસ્યા પછી છૂટી પડી જાય છે.

**चंदणग**–અક્ષ, અરિયા.

તે શંખ અને કોડાની માફક દરિયામાં ઉત્પન્ન થાય છે. નિર્જીવ થતાં સ્થાપના કરવા માટે ઉપયોગમાં લેવાય

जैनम् जयति शासनम्
JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. સિદ્ધાન્તની ભાષામાં તેને અક્ષ કે અરિયા કહેવાય છે.

अलस–અળસિયાં.

ચોમાસાની ઋતુમાં વરસાદ પડ્યા પછી જમીનમાંથી ઉત્પન્ન થાય છે અને અહીં તહીં ચાલવા લાગે છે. પાણીની ચોકડી વગેરે જ્યાં ઘણો વખત પાણી ભરાઇ રહેતું હોય ત્યાં પણ નાનાં નાનાં અળસિયાં પેદા થાય છે. તેનો આકાર નાના સાપ જેવો હોવાથી તેને ભૂનાગ કે શિશુનાગ કહેવામાં આવે છે. હિંદી ભાષામાં તેને कैंचुआ કે केंचुआ કહે છે.

जैन साईट JAINSITE शौचम् जयति शासनम्

लहगाइ–લાળિયા વગેરે.

તે વાસી કે બગડી ગયેલા રોટલા, રોટલી, નરમ પુરી વગેરેમાં લાળરૂપે ઉત્પન્ન થાય છે.

मेहरि–કાષ્ઠકીડા, ઘુણા.

मेहरि અને किमि અને पूयरग તે मेहरि–किमि–पूयरगा. 'मेहरकः काष्ठकीटविशेषः–લાકડામાં થતો એક જાતનો કીડો.' લોકભાષામાં તેને ઘુણ કહે છે.

किमि–કૃમિ.

પેટમાં, ફોડલામાં તથા હરશ વગેરેમાં થનારા નાના જીવો.

पूयरगाः–પોરા.

'पूतरका जलान्तर्वर्तिनो रक्तवर्णाः कृष्णमुखजीवाः–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂરા કે પોરા જે પાણીમાં ઉત્પન્ન થાય છે અને રાતા રંગના તથા કાળા મુખવાળા હોય છે.'

बेइन्दिय–બે ઈન્દ્રિયવાળા જીવો.

माइवाहाई–ચૂડેલ વગેરે.

'मातृवाहिका गुर्जरदेशप्रसिद्धाः चूडेलीति नाम्ना विख्याताः– માતૃવાહિકા એ જીવ ગુજરાતમાં પ્રસિદ્ધ છે અને ચૂડેલ નામથી વિખ્યાત છે.' અહીં આદિ પદથી છીપ, વાળા વગેરે ગ્રહણ કરવા. વાળા ખરાબ પાણીમાં ઉત્પન્ન થાય છે અને તે પીવામાં આવે તો મનુષ્યના શરીરમાં વૃદ્ધિ પામી હાથે-પગે લાંબા તાંતણા જેવા નીકળે છે.

## અન્વય

संख – कवड्डय – गंडुल–जलोय–चंदणग–अलस–लहगाइ मेहरि–किमि–पूयरगा–माइवाहाई–बेइंदिय. અહીં जीवा શબ્દ અધ્યાહારથી ગ્રહણ કરવો.

## ભાવાર્થ

શંખ–શંખલા, કોડા, ગંડોલ, જળો, અરિયા, અળસિયા, લાળિયા, કૃમિ, પોરા, ચૂડેલ, વગેરે બેઇન્દ્રિયવાળા જીવો જાણવા.

## વિવેચન

સ્થાવર પછી ત્રસનું વર્ણન ક્રમપ્રાપ્ત છે. તેમાં બેઇંદ્રિયવાળા, ત્રણ ઈંદ્રિયવાળા અને ચાર ઇંદ્રિયવાળા જીવોને વિકલેન્દ્રિય કહેવામાં આવે છે. વિકલ એટલે અપૂર્ણ કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન્યૂન. પાંચ ઇન્દ્રિયો પૂર્ણ ગણાય છે, તેની તુલનામાં આ ઇન્દ્રિયો અપૂર્ણ કે ન્યૂન છે. એક ઇન્દ્રિય પણ અપૂર્ણ કે ન્યૂન તો કહેવાય જ, પણ પરિભાષાથી તેનો સમાવેશ આ વર્ગમાં થતો નથી.

આધુનિક પ્રાણીવિજ્ઞાનમાં જેને 'worms and insects–જંતુઓ અને કીડાઓ' કહેવામાં આવે છે, તે આ વિકલેન્દ્રિય જીવો સમજવા.

વિકલેન્દ્રિય જીવોમાં પ્રથમ વર્ણન બે ઇન્દ્રિયવાળા જીવોનું કરે છે. અહીં બે ઇન્દ્રિયોથી સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિય સમજવી કે જે અનુક્રમે સ્પર્શ કરવાનું તથા વસ્તુનો સ્વાદ ચાખવાનું કામ કરે છે.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

બે ઇન્દ્રિયવાળા જીવો અનેક પ્રકારના હોય છે, તેમાંના કેટલાકનો અહીં નિર્દેશ કર્યો છે. આ જીવોમાંના કેટલાક પાણીમાં ઉત્પન્ન થનારા છે; જેમકે–શંખ, શંખલા, કોડા, જળો, અરિયા, અળસિયા, પોરા વગેરે. કેટલાક જમીન પર ઉત્પન્ન થનારા છે; જેમકે–ચુડેલ. કેટલાક શરીરમાં ઉત્પન્ન થનારા છે; જેમકે–ગંડોલ અને કૃમિ. અને કેટલાક વાસી રોટલા–રોટલી વગેરેમાં ઉત્પન્ન થનારા છે; જેમકે–લાળિયા.

આ બધા જીવો ત્રસ હોવાથી હલનચલન કરતા દેખાય છે. જો પોરા વગેરેને સૂક્ષ્મદર્શક કાચથી જોઈએ તો તેની અંગરચના બરાબર જોવામાં આવે છે. લાળિયા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવો નરી આંખે હલન-ચલન કરતા દેખાતા નથી, તો પણ તેમનામાં તે પ્રકારની શક્તિ હોય છે.

### મૂળ

गोमी--मंकण- जुआ पिपीलि- उद्देहिया य मक्कोडा।
इलिय--घयमिल्लीओ सावय--गोकीडजाईओ ॥१६॥
गद्दहय--चोरकीडा गोमयकीडा य धन्नकीडा य।
कुंथु-गोवालिय-इलिया तेइंदिय इंदगोवाई ॥१७॥

### સંસ્કૃત છાયા

गुल्मिः मत्कुण-यूके पिपील्युपदेहिका च मत्कोटकाः ।
ईलिका घृतोलिका-सावा-गोकीटक-जातयः ॥१६॥
गर्दभक-चौरकीटा गोमयकीटाश्च धान्यकीटाश्च ।
कुन्थुर्गोपालिका ईलिका त्रीन्द्रिया इन्द्रगोपादयः ॥१७॥

### પદાર્થ

गोमी--કાનખજૂરો.

' गोमीति गुल्मिः कर्णशृगाली '-ગોમી એટલે ગુલ્મિ કે કર્ણશૃગાલી. ગુજરાતી ભાષામાં તેને કાનખજૂરો કહે છે. હિંદી ભાષામાં તેને कनखजूरा કે गोजर કહે છે. તેને ઘણા પગ હોય છે.

मंकण—માંકડ.

मंकण અને जुआ તે मंकण-जुआ. मंकण એટલે માકણ. હિંદી ભાષામાં તેને खटमल કહે છે. તે ખાટલા, ખાટ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગોદડાં, ગાડલા વગેરેમાં ઉત્પન્ન થાય છે અને મનુષ્યનાં લોહી પર પોતાનો નિર્વાહ કરે છે.

जुआ—જૂ.

અહીં जुआ શબ્દ યૂકાના અર્થમાં છે, એટલે તેનો અર્થ જૂ સમજવાનો છે. ઉપલક્ષણથી લીંખનો સમાવેશ પણ તેમાં કરવો ઘટે છે. ગુજરાતી ભાષામાં જેને જુઓ કહે છે, તે જંતુ આથી ભિન્ન સમજવું.

पिपीलि—કીડી.

पिपीलि અને उद्देहिका તે पिपीलि–उद्देहिया. पिपीलि એટલે કીડી. હિંદી ભાષામાં તેને चींटी કહે છે.

उद्देहिया—ઉધેઈ.

'उपदेहिका वाल्मीकजीवाः—' ઉપદેહિકા એટલે રાફડાના જીવ, ઉધેઈ.' હિંદી ભાષામાં તેને उदाही, उदेही કે दीमक કહે છે.

य—અને.

मक्कोडा—મંકોડા.

પ્રસિદ્ધ છે. હિંદી ભાષામાં તેને चींटा કહે છે.

इल्लिया—ઇયળ ( ધાન્યમાં ઉત્પન્ન થતી ).

इल्लिय અને घयमिल्लीय તે इल्लिय–घयमिल्लीओ. इल्लिय એટલે ઇયળ. તે અહીં અનાજ વગેરેમાં ઉત્પન્ન થનારી સમજવી.

घयमिल्लीओ—ઘીમેલ.

'घयमिल्ला त्ति घृतेलिकाः प्राकृत्वान्मकारागमः'—घयमिल्ल

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે ઘૃતેલિકા–ઘીની ઈયલ. અહીં પ્રાકૃત ભાષાના કારણે મકાર આવી ગયેલો છે. ઘીની ઈયળને ગુજરાતી ભાષામાં ઘીમેલ કહે છે.

**सावय**—સાવા.

**सावय** અને **गोकीड** તેની **जाइ** તે **सावय गोकीड–जाईओ.** **सावय**–સાવા. તે વાળના મૂળમાં ઉત્પન્ન થઈ ત્યાં જ ચોટી રહે છે. સંસ્કૃત ભાષામાં તેને ચર્મયૂકા કહે છે. લોકભાષામાં તેને સવા કહે છે. "**सावय त्ति**" **लोक-भाषाया सावाः ।**'

**गोकीड–जाईओ**—ગીંગોડાની જાત.

કૂતરા વગેરેના કાનમાં ઘણી જાતના થાય છે.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**गद्दहय**—ગધૈયા.

**गद्दहय** અને **चोरकीडा** તે **गद्दहय–चोरकीडा. गद्दहय**–ગધૈયા. તે અવાવરૂ ભીની જમીનમાં ઉત્પન્ન થાય છે.

**चोरकीडा**—ચોરકીડા.

'**चोरकीटाः भूमौ अधः संक्षिप्तमुखा विस्तीर्णवृत्तछिद्र-कारकाः ।**' ચોરકીટ એટલે ભૂમિમાં નીચે મુખ રાખનારા અને વિસ્તારવાળા ગોલાકાર છિદ્રને કરનારા એક જાતના જીવ.

કેટલાક અહીં વિષ્ટાના કીડા એવો અર્થ કરે છે, પણ તેનો આધાર શો છે? તે જાણી શકાયું નથી.

**गोमयकीडा**–છાણાના કીડા, છાણમાં ઉત્પન્ન થતા કીડા.

**य**–અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

धन्नकीडा—ધાન્યમાં ઉત્પન્ન થતા કીડા.

य—તેમ જ.

कुंथु—કંથવા.

कुंथु અને गोवालिय અને इलिय તે कुंथु-गोवालिय-इलिया. कुंथु—કંથવા. બહુ જ બારીક ધોળા રંગના હોય છે.

गोवालिय—ગોપાલિકા, ગોવાળણ.

અહીં ટીકાકારોએ 'जीवविशेषः' એટલું જ લખ્યું છે, પણ ગુજરાતી ભાષામાં જેને ગોવાળણ કહે છે, તે જ જાતિના આ કીડા હોવા જોઈએ. અહીં गुवालिय એવો પણ પાઠ છે.

इलिया—ઈયળ.

'ईलिका लट्टाः ।' અહીં ઇલિકાથી ખાંડ—ગોળ વગેરેમાં ઉત્પન્ન થનારી ઇયળો સમજવી.

तेइंदिय—ત્રણ ઇન્દ્રિયવાળા જીવો.

इंदगोवाई—ઇન્દ્રગોપ આદિ, ગોકળગાય વગેરે. તે ચોમાસાની શરૂઆતમાં થાય છે, રંગે લાલ હોય છે અને ગતિ ઘણી મંદ હોય છે. કોઈ ને ઘણો ધીમો કહેવો હોય તો ગોકળગાયની ઉપમા અપાય છે.

## અન્વય

અહીં કીડાઓના ક્રમશઃ નામ હોવાથી અન્વયની આવશ્યકતા નથી. માત્ર સત્તરમી ગાથાના ચોથા ચરણમાં तेइंदिय इंदगोवाई છે, ત્યાં इंदगोवाई तेइंदिय એમ સમજવું. અહીં जीवा એવું પદ અધ્યાહારથી ગ્રહણ કરવાનું છે.

जैन साईट JAINSITE.com जयतु शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ભાવાર્થ

કાનખજૂરા, માંકડ, જુ (લીંખ), કીડી, ઉધેઈ, મંકોડા, ધાન્યમાં ઉત્પન્ન થતી ઇયળ, ઘીમેલ, સવા, ગીંગોડાની અનેક જાતો, ગધેયા, ચોરકીડા, છાણના કીડા, કીડા, ધાન્યના કીડા, કુંથવા, ગોવાળણ, ગોળ-ખાંડમાં થતી ઇયળો તથા ગોકળ-ગાય વગેરેને ત્રણ ઇન્દ્રિયવાળા જીવો જાણવા.

## વિવેચન

ત્રણ ઇન્દ્રિયવાળા જીવોને બે ઇન્દ્રિયવાળા કરતાં ઘ્રાણેન્દ્રિય એટલે સૂંઘવાની ઇન્દ્રિય વધારે હોય છે.

ત્રણ ઇન્દ્રિયવાળા જીવો અનેક પ્રકારના હોય છે અને તે જુદા જુદા અનેક સ્થાને ઉત્પન્ન થાય છે, તે અહીં રજૂ થયેલી યાદી પરથી સ્પષ્ટ સમજાય તેવું છે. પરંતુ આમાં કોઈ જલોત્પન્ન કીડા નથી, એટલું નોંધપાત્ર છે. જલોત્પન્ન કીડાઓ મોટા ભાગે બે ઇન્દ્રિયવાળા હોય છે કે જેની નામાવલિ પાછલી ગાથામાં અપાયેલી છે.

આ કીડાઓની શરીરરચના, તેમની ખાસિયત વગેરેનો આજે ઊંડો અભ્યાસ થઈ રહ્યો છે અને તે માટે અનેક પુસ્તકો લખાયેલાં છે.

## મૂળ

चउरिंदिया य विच्छू ढिंकुण भमरा य भमरिया तिड्डा ।
मच्छिय डंसा मसगा कंसारी-कविल-डोलाई ॥ १८ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સંસ્કૃત-છાયા

चतुरिन्द्रियाश्च वृश्चिको ढिङ्कुणा भ्रमराश्च भ्रमरिकास्तिड्डाः ।
मक्षिका दंशा मशकाः, कांसारिका-कपिल-डोलकादयः ॥१८॥

## પદાર્થ

चउरिंदिया—ચાર ઇન્દ્રિયવાળા જીવો.

જેમને સ્પર્શન, રસન તથા ઘ્રાણ ઉપરાંત ચક્ષુરિન્દ્રિય અધિક હોય છે, તે ચાર ઇન્દ્રિયવાળા જીવો કહેવાય છે.

य—અને.

विच्छू—વીંછી.

પ્રસિદ્ધ છે. તેની ગણના ઝેરી જંતુમાં થાય છે, કારણ કે તે પૂંછડે આવેલા કાંટા વડે મનુષ્યાદિને દંશ મારે તો ઝેર ચડે છે અને ખૂબ વેદના થાય છે. કદ, રંગ વગેરે પરથી વીંછીના અનેક પ્રકારો પડે છે. બાર રાશિમાંની એક રાશિનું નામ વૃશ્ચિક છે, કારણ કે તેમાં આવેલા તારાઓનો સમૂહ વૃશ્ચિક-વીંછીના આકારે ગોઠવાયેલો છે.


ढिंकुण—બગાઈ.

ટીકાકાર મહર્ષિઓએ તો 'जीवविशेषः' એટલું જ કહ્યું છે, પણ સંપ્રદાયથી તેનો અર્થ બગાઇ થાય છે. તે ઢોર વગેરે પર બેસતી એક જાતની માખી છે.

भमरा—ભમરા.

તે અહીંતહીં ભ્રમણ કરતા હોવાથી भ्रमर કહેવાય છે, છ પગવાળા હોવાથી षट्पद કહેવાય છે અને ફૂલનો


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**તેઇન્દ્રિય જીવો :**

(૧) ગીંગોડો, (૨) માંકડ, (૩) કાળી જૂ, (૪) ધોળી જૂ, (૫) મંકોડો, (૬) ઉધેઇ, (૭) ગોકળગાય અને (૮) ઇયળ   પૃ. ૧૮૭ થી ૧૯૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




ચઉરિન્દ્રિય જીવો : (૧) વીંછી, (૨) વાંદો, (૩) પતંગિયું, (૪) કરોળિયો, (૫) ખડમાંકડી, (૬) તીડ, (૭) માખી, (૮) બગાઈ, (૯) મચ્છર અને (૧૦) ભમરો. પૃ. ૧૯૨ થી ૧૯૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રસ એટલે મધુને એકઠા કરનાર હોવાથી મધુકર કહેવાય છે. તે રંગે ખૂબ કાળા હોય છે, તેથી કોઈને ઘણો કાળો કહેવો હોય તો કાળો ભમ્મર કહેવામાં આવે છે.

य—અને.

भमरिया—ભમરી.

તે પીળા વગેરે અનેક રંગની હોય છે અને ચટકો મારે તો વેદના થાય છે.

तिड्डा—તીડ.

ટોળાબંધ ઉત્પન્ન થાય છે અને કોઈપણ એક દિશા પકડી પ્રવાસ કરવા માંડે છે. તેઓ કોઈ ખેતર પર પડે તો થોડી જ વારમાં તેનો બધો પાક ખાઈ જાય છે.

मच्छी—માખી.

અતિ પ્રસિદ્ધ છે. ઉપલક્ષણથી અહીં મધમાખી વગેરેનો પણ સમાવેશ કરવાનો છે.

डंसा—ડાંસ.

ટીકાકાર મહર્ષિ‘એ’એ ડાંસને સિંધદેશનું પ્રસિદ્ધ જંતુ કહ્યું છે અને તેની ઉત્પત્તિ વર્ષાકાળમાં બતાવી છે. ‘दंशाः सिन्धुदेशप्रसिद्धा वर्षोद्भवाः।’

मसगा—મશક, મચ્છર.

‘मशकास्तु दंशाकारवन्तः सर्वर्तुभाविनश्च–’ મશક એ દંશના જેવી જ આકૃતિવાળાં જંતુ છે અને તે બધી જ ઋતુઓમાં ઉત્પન્ન થાય છે. દંશ અને મશકનો ઘણી વાર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથે ઉલ્લેખ આવે છે. તે પરથી પણ તે એકબીજાને મળતાં હોવાનું જણાય છે. તેનું પ્રસિદ્ધ નામ મચ્છર છે.

कंसारी—કંસારી.

પ્રસિદ્ધ છે.

कविलडोलाइ—ખડમાંકડી વગેરે.

'कविलडोलका जीवविशेषः खडमांकडीत्ति प्रसिद्धाः ।' કવિલડોલક એ એક પ્રકારનો જીવ છે, જે ખડમાંકડીના નામથી પ્રસિદ્ધ છે.

### અન્વય

विच्छू ढिंकुण भमरा भमरिया तिड्डा मच्छिय डंसा मसगा कंसारी कविलडोलाई य चउरिंदिया ॥

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

### ભાવાર્થ

વીંછી, બગાઈ, ભમરા, ભમરી, તીડ, માખી, ડાંસ, મચ્છર, કંસારી, ખડમાંકડી વગેરે ચાર ઇન્દ્રિયવાળા જીવો છે.

### વિવેચન

જે જીવોને સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય એ ચાર ઇન્દ્રિયો હોય છે, તે ચાર ઇન્દ્રિયવાળા જીવો કહેવાય છે. તે પણ અનેક પ્રકારના છે. તેમાંથી થોડાની ગણના અહીં કરી છે.

બે ઇન્દ્રિયવાળા જીવોને ઘણા ભાગે પગ હોતા નથી; ત્રણ ઇન્દ્રિયવાળા જીવોને સામાન્ય રીતે ચાર કે છ અને કેટલીક વાર તેથી પણ અધિક પગ હોય છે; જ્યારે ચાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇન્દ્રિયવાળા જીવોને સામાન્ય રીતે છ કે આઠ પગ અને કેટલીક વાર તેથી વધારે પગ પણ હોય છે. પાંચ ઇન્દ્રિયવાળા જીવો કે જે સ્થાવર અને વિકલેન્દ્રિય કરતાં ઘણો વધારે વિકાસ પામેલા છે, તેમને ચાર કે બે પગ જ હોય છે અને સાપ, માછલી જેવા પંચેન્દ્રિય જીવને તો બિલકુલ પગ હોતા નથી. અષ્ટાપદ જેવા કોઈક કોઈક પંચેન્દ્રિય પ્રાણીને આઠ પગ હોવાનું વર્ણન પણ શાસ્ત્રોમાં આવે છે. વળી ત્રણ ઇન્દ્રિય અને ચાર ઈન્દ્રિયવાળા જીવોને આગળના ભાગમાં વાળ જેવી મૂછો હોય છે. તેમાં ત્રણ ઇન્દ્રિયવાળાને સામાન્ય મૂછો હોય છે અને ચાર ઈન્દ્રિયવાળાને શીંગડા જેવી મૂછો હોય છે. આ તો સામાન્ય નિશાન કહ્યું, વિશેષ તો આ બધા જંતુઓનો ઊંડો અભ્યાસ કરવાથી જાણી શકાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

બે ઇન્દ્રિયવાળા, ત્રણ ઇન્દ્રિયવાળા અને ચાર ઇન્દ્રિયવાળાના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે બે પ્રકારો ગણતાં વિકલેન્દ્રિયના છ પ્રકારો પડે છે અને તે સ્થાવરના બાવીશ ભેદોમાં ભેળવતાં કુલ અઠ્ઠાવીશ પ્રકાર થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ૧૧ ]

## પંચેન્દ્રિય જીવોના મુખ્ય ભેદો

### મૂળ

पंचिंदिया य चउहा, नारय-तिरिया मणुस्स-देवा य ।

### સંસ્કૃત-છાયા

पञ्चेन्द्रियाश्च चतुर्धा नारक-तिर्यञ्चौ मनुष्य-देवौ च ।

### પદાર્થ

पंचिंदिया-પંચેન્દ્રિય જીવો.

સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ પાંચ ઇન્દ્રિયવાળા જીવોને પંચેન્દ્રિય જીવો કહેવાય છે.

य-અને.

चउहा-ચાર પ્રકારના.

नारय અને तिरिय તે नारय-तिरिया.

नारय-નારક.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે જીવો નરકમાં રહેતા હોય તે નારક કહેવાય. નરક એ પૃથ્વીની નીચે આવેલું એવું સ્થાન છે કે જ્યાં પાપી આત્માઓને પાપની શિક્ષા ભોગવવા માટે ઉત્પન્ન થવું પડે છે. તેનો વિશેષ પરિચય આગળ આવશે.

તિરિય–તિર્યંચ, પશુ–પક્ષીઆદિ.

મણુસ્સ–મનુષ્ય.

મણુસ્સ અને દેવ, તે મણુસ્સ–દેવા. મણુસ્સ–મનુષ્ય. માનવ, મનુજ એ તેના પર્યાયશબ્દો છે.

દેવ–દેવ.

ય–અને.

जैन साईट JAINSITE.com

## અન્વય

યથી આગળની ગાથાનું અનુસંધાન કરીને કહે છે કે પંચિંદિયા ચઉહા નારય–તિરિયા ય મણુસ્સ–દેવા ય ।

## ભાવાર્થ

અને પંચેન્દ્રિય જીવો ચાર પ્રકારના છે : (૧) નારક, (૨) તિર્યંચ, (૩) મનુષ્ય અને (૪) દેવ.

## વિવેચન

સિદ્ધ અને સંસારી એવા બે પ્રકારના જીવોમાં સંસારી જીવોનું વર્ણન ચાલે છે. સંસારી જીવોમાં સ્થાવરનું વર્ણન પૂરું થયું છે અને ત્રસનું વર્ણન ચાલે છે. ત્રસમાં વિકલેન્દ્રિયનું વર્ણન પૂરું થયું છે અને પંચેન્દ્રિયનું વર્ણન શરુ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં પાંચ ઈન્દ્રિયો સંબંધી થોડું વિવેચન આવશ્યક છે. ઈન્દ્રનું જે લિંગ કે ચિહ્ન તે ઈન્દ્રિય. અહીં ઈન્દ્ર શબ્દથી આત્માને ગ્રહણ કરવાનો છે, કારણ કે સર્વ ઉપલબ્ધિ અને ભોગના પરમ ઐશ્વર્યથી તે યુક્ત હોય છે. ઉપલબ્ધિ એટલે જાણવાની શક્તિ. આવરણનો અભાવ થતાં આત્મા સર્વ વસ્તુને જાણી શકે છે. ભોગ એટલે વિવિધ ભાવોનો અનુભવ. જુદી જુદી સ્થિતિમાંથી પસાર થતાં આત્માને વિવિધ ભાવોનો અનુભવ થાય છે. ઈન્દ્રિય આત્માને હોય છે, પણ અનાત્મ એવા પત્થર, કાચ કે યંત્ર આદિને હોતી નથી, તેથી ઈન્દ્રિય એ આત્માનું લિંગ કે ચિહ્ન છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ઈન્દ્રિયો પાંચ છે: (૧) સ્પર્શનેન્દ્રિય, (૨) રસનેન્દ્રિય, (૪) ઘ્રાણેન્દ્રિય, (૪) ચક્ષુરિન્દ્રિય અને (૫) શ્રોત્રેન્દ્રિય. હાથ, પગ વગેરે કેટલાંક અવયવોને કર્મેન્દ્રિય કહેવામાં આવે છે, એ અપેક્ષાએ આ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે.

'મનનો સમાવેશ ઈન્દ્રિયોમાં થાય કે નહિ?' એ પ્રશ્નનો ઉત્તર નકારમાં છે. કાર્ય તથા સ્વરૂપ વગેરેની એકતાને લીધે જાતિ કે વર્ગ નિર્માણ થાય છે. અહીં પાંચ ઈન્દ્રિયોનો જે વર્ગ ગણવામાં આવ્યો છે, તેના કાર્ય તથા સ્વરૂપમાં અને મનના કાર્ય તથા સ્વરૂપમાં મોટો તફાવત છે. ઈન્દ્રિયો માત્ર મૂર્ત પદાર્થોને અમુક અંશે ગ્રહણ કરી શકે છે, જ્યારે મન તો મૂર્ત અને અમૂર્ત એ બન્ને પ્રકારના પદાર્થોને અનેક રૂપે ગ્રહણ કરી શકે છે. વળી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇન્દ્રિયોમાં નિર્વૃત્તિ અને ઉપકરણ એવા વિભાગો હોય છે, તેવા વિભાગો મનમાં હોતા નથી; એટલે મનનો સમાવેશ ઈન્દ્રિયોમાં ન કરતાં તેને અંતઃકરણ એટલે અંતરનું ઇન્દ્રિય જેવું એક જુદું જ જ્ઞાન—સાધન માનેલું છે.

કેટલાંક વૈજ્ઞાનિક પુસ્તકોમાં Sixth sense–છઠ્ઠી ઈન્દ્રિય એવો શબ્દપ્રયોગ આવે છે, પણ તે ઔપચારિક સમજવાનો છે. ત્યાં તો એટલું જ કહેવાનો હેતુ છે કે પાંચ ઈન્દ્રિયો સિવાય બીજી પણ અમુક રીતે જ્ઞાનપ્રાપ્તિ થાય છે; પરંતુ તેને એક પ્રકારની લબ્ધિ સમજવાની છે. વાસ્તવમાં તે ઈન્દ્રિય નથી.

જૈન શાસ્ત્રકારોએ ઈન્દ્રિયોના ત્રેવીશ વિષયો ગણાવ્યા છે, તે પરથી ઈન્દ્રિયોના કાર્યનો બહુ સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે.

સ્પર્શનેન્દ્રિયનો વિષય સ્પર્શન કે સ્પર્શ છે, એટલે તેના વડે શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, મૃદુ, કર્કશ, ગુરુ અને લઘુ એ આઠ પ્રકારના સ્પર્શો જાણી શકાય છે.

રસનેન્દ્રિયનો વિષય રસ છે, એટલે તેના વડે કડવો, તીખો, મીઠો, ખાટો અને તુરો એ પાંચ પ્રકારના રસો જાણી શકાય છે. અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે વ્યવહારમાં ષડ્રસની ગણના થાય છે અને તેમાં આ પાંચ રસો ઉપરાંત લવણ એટલે ખારા રસનો પણ સમાવેશ કરવામાં આવે છે, પણ શાસ્ત્રકારોએ તેને સ્વતંત્ર રસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માન્યો નથી. એ કેટલાક મૂળભૂત રસોનું મિશ્રણ છે અને તેથી જ તે સર્વરસ-સબરસ-ની ખ્યાતિ પામેલ છે.

ઘ્રાણેન્દ્રિયનો વિષય ઘ્રાણ કે ગંધ છે, એટલે તેના વડે સુગંધ કે દુર્ગંધ પારખી શકાય છે. કેટલાક વૈજ્ઞાનિકોએ ગંધના વિવિધ પ્રકારો પાડવાના પ્રયત્નો કર્યા છે, પણ હજી સુધી તે સર્વમાન્ય થઈ શક્યા નથી, એટલે અહીં સુગંધ અને દુર્ગંધ એવા જે બે પ્રકારો માન્યા છે, તે જ ઉચિત છે.

ચક્ષુરિન્દ્રિયનો વિષય રૂપ છે, એટલે તેના વડે કાળો, નીલો (વાદળી), પીળો, રાતો અને ધોળો એ પાંચ પ્રકારના વર્ણો કે રંગો જાણી શકાય છે. હાલનો વ્યવહાર લાલ (રાતો), પીળા અને વાદળી રંગને 'મૂળ' તથા બાકીના બધા રંગને મિશ્ર માનવાનો છે. જેમકે—લાલ અને પીળાના મિશ્રણથી નારંગી, પીળા અને વાદળીના મિશ્રણથી લીલો, વાદળી અને લાલના મિશ્રણથી જાંબૂડો વગેરે. વળી કાળા તથા ધોળાને પણ એક પ્રકારનું મિશ્રણ માનવામાં આવે છે, પરંતુ અસલ કાળો રંગ કે અસલ ધોળો રંગ મિશ્રણથી બની શકતો નથી. અલબત્ત, તેને મળતો રંગ બનાવી શકાય છે.

શ્રોત્રેન્દ્રિયનો વિષય શબ્દ એટલે ધ્વનિ કે અવાજ છે, એટલે તેના વડે સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણ પ્રકારનો શબ્દ જાણી શકાય છે. અહીં સચિત્ત શબ્દથી જીવ વડે બોલાતો શબ્દ સમજવો. જેમકે—ભ્રમરનો

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુંજારવ, ઘોડાનો હણુહણાટ અને મનુષ્ય દ્વારા ગવાતું ગીત. અહીં અચિત્ત શબ્દથી નિર્જીવ વસ્તુઓ વડે ઉત્પન્ન થતો શબ્દ સમજવો. જેમકે...બે પત્થરો સાથે અફળાવાથી ઉત્પન્ન થતો શબ્દ, ધાતુનાં વાસણો ફરસબંધી પર પછડાવાથી ઉત્પન્ન થતો શબ્દ, ઘડિયાળમાં યંત્રબળે ઉત્પન્ન થતો ટીક ટીક શબ્દ. અને અહીં મિશ્ર શબ્દથી જીવના પ્રયત્ન વડે નિર્જીવ પદાર્થોમાં ઉદ્ભવતો શબ્દ સમજવો. જેમકે—મોરલી વગાડવાથી ઉત્પન્ન થતો શબ્દ. મનુષ્ય એ જીવંત પ્રાણી છે, તેના પ્રયત્નથી નિર્જીવ એવી મોરલી વડે શબ્દ ઉત્પન્ન થાય છે. આ જે રીતે ઘંટ વગાડવાથી, નગારું વગાડવાથી જે શબ્દો ઉત્પન્ન થાય છે, તે પણ મિશ્ર સમજવા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

તાત્પર્ય કે—

| | |
|---|---|
| સ્પર્શનેન્દ્રિયના | ૮ |
| રસનેન્દ્રિયના | ૫ |
| ઘ્રાણેન્દ્રિયના | ૨ |
| ચક્ષુરિન્દ્રિયના | ૫ |
| અને | |
| શ્રોત્રેન્દ્રિયના | ૩ |

એમ સર્વ મળી ઈન્દ્રિયના વિષયો ૨૩ થાય છે.

પાંચ ઈન્દ્રિયોમાંથી સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ ચાર ઈન્દ્રિયો બાહ્ય વિષય સાથે સંયુક્ત થઈને, એટલે કે જ્યારે કોઈ પણ પુદ્ગલ તેના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સીધા સંપર્કમાં આવે ત્યારે તેને ગ્રહણ કરી શકે છે, એટલે તેને પ્રાપ્યકારી કહેવાય છે અને ચક્ષુરિન્દ્રિય તો ગ્રાહ્ય વિષય સાથે સંયુક્ત થયા વિના માત્ર યોગ્ય ક્ષેત્રાદિસંનિધાનથી જ વિષયને ગ્રહણ કરે છે, એટલે તેને અપ્રાપ્યકારી કહેવાય છે.

હવે ઈન્દ્રિયના સ્વરૂપ પરત્વે કેટલોક વિચાર કરીએ. દરેક ઈન્દ્રિયના દ્રવ્ય અને ભાવ એવા બે પ્રકારો છે, એટલે દ્રવ્ય-સ્પર્શનેન્દ્રિય અને ભાવ-સ્પર્શનેન્દ્રિય, દ્રવ્ય-રસનેન્દ્રિય અને ભાવ-રસનેન્દ્રિય આમ દરેક ઇન્દ્રિયમાં સમજવાનું છે.

દ્રવ્યેન્દ્રિયમાં પણ નિર્વૃત્તિ (આકૃતિ) અને ઉપકરણ (સાધન-યંત્ર) એવા બે વિભાગો હોય છે અને તે દરેકના પણ બાહ્ય અને અભ્યંતર એવા બે બે વિભાગો હોવાથી (૧) બાહ્ય નિર્વૃત્તિ, (૨) અભ્યંતર નિર્વૃત્તિ, (૩) બાહ્ય ઉપકરણ અને (૪) અભ્યંતર ઉપકરણ, એવા કુલ ચાર પ્રકારો થાય છે. તેમાં સ્પર્શનેન્દ્રિયમાં બાહ્ય નિર્વૃત્તિ અને અભ્યંતર નિર્વૃત્તિનો ભેદ નથી.

ઈન્દ્રિયની દૃશ્ય આકૃતિને બાહ્ય નિર્વૃત્તિ કહેવાય છે. આપણા મુખમાં જીભ છે, તે રસનેન્દ્રિયની બાહ્ય નિર્વૃત્તિ છે, આપણા મુખમાં જે નમણું નાક છે, તે ઘ્રાણેન્દ્રિયની બાહ્ય નિર્વૃત્તિ છે, આપણા નાક ઉપર જે બે સુંદર આંખો છે, તે ચક્ષુરિન્દ્રિયની બાહ્ય નિર્વૃત્તિ છે અને આપણા મસ્તકની બંને બાજુ છીપના આકારના જે કાન છે, તે શ્રોત્રેન્દ્રિયની બાહ્ય નિર્વૃત્તિ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાહ્ય નિર્વૃત્તિ જુદા જુદા જીવોને જુદા જુદા પ્રકારની હોય છે. દાખલા તરીકે ગાયની જીભ, વાનરની જીભ અને સાપની જીભ. તે એક પ્રકારની હોતી નથી. તેમાં આકાર પરત્વે કંઈ ને કંઈ તફાવત અવશ્ય હોય છે અથવા મનુષ્યનો કાન, ઘોડાનો કાન અને સસલાનો કાન સરખાવીએ તો તેમાં સ્પષ્ટ તફાવત જણાઇ આવે છે. આ રીતે બીજી ઈંદ્રિયોની બાહ્ય નિર્વૃત્તિ અંગે પણ સમજવું.

બાહ્ય નિર્વૃત્તિમાં રહેલા આકારવિશેષને અભ્યંતર નિર્વૃત્તિ કહેવાય છે. તેમાં સ્પર્શનેન્દ્રિયની અભ્યંતર નિર્વૃત્તિ જુદા જુદા જીવોના શરીર પ્રમાણે હોય છે; રસનેન્દ્રિયની અભ્યંતર નિર્વૃત્તિ ક્ષુરપ્ર એટલે અસ્ત્રાના આકારે હોય છે; ઘ્રાણેન્દ્રિયની અભ્યંતર-નિર્વૃત્તિ અતિમુક્તક ફૂલ કે પડઘમ નામના વાજિંત્રના આકારે હોય છે; ચક્ષુરિન્દ્રિયની અભ્યંતર નિર્વૃત્તિ મસુરની દાળના આકારે હોય છે; અને શ્રોત્રેન્દ્રિયની અભ્યંતર-નિર્વૃત્તિ કદંબના પુષ્પ જેવી માંસના ગોળારૂપ હોય છે.

અભ્યંતર નિર્વૃત્તિની અંદર વિષયને ગ્રહણ કરવામાં સમર્થ એવા પુદ્ગલોની જે વિશિષ્ટ રચના હોય છે, તેને બાહ્ય ઉપકરણ કહેવાય છે અને તેની અંદર રહેલી પુદ્ગલોની સૂક્ષ્મ રચનાને અભ્યંતર ઉપકરણ કહેવાય છે. આ અભ્યંતર ઉપકરણ સારી સ્થિતિમાં હોય તો વિષય સારી રીતે ગ્રહણ કરી શકે છે અને તેને કોઈ પણ કારણે આઘાત પહોંચ્યો હોય-નુકશાન થયું હોય તો ઇન્દ્રિય પોતાનો વિષય બરાબર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રહણ કરી શકતી નથી. પન્નવણાસૂત્રના ટીકાકાર મહર્ષિએ ઉપકરણના બે ભેદ માન્યા નથી. તેઓ ઉપકરણને અભ્યંતર નિર્વૃત્તિની શક્તિવિશેષ કહે છે.

ભાવેન્દ્રિયના બે પ્રકારો છે : એક લબ્ધિ અને બીજો ઉપયોગ. તેમાં મતિજ્ઞાનાવરણીય આદિ કર્મોનો ક્ષયોપશમ થાય તેને લબ્ધિ કહેવાય છે અને તેના પરિણામે વિષય સંબંધી જે ચેતના-વ્યાપાર થાય, તેને ઉપયોગ કહેવાય છે.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે ઉપયોગ તો જ્ઞાનસ્વરૂપ છે, તેને ઇન્દ્રિય કેમ કહેવાય? તેનો ઉત્તર એ છે કે ઉપયોગ એ વાસ્તવિક રીતે નિર્વૃત્તિ, ઉપકરણ અને લબ્ધિ એ ત્રણેયનું કાર્ય છે, પણ અહીં કાર્યમાં કારણનો આરોપ કરીને ઉપયોગને ઇન્દ્રિય કહેલી છે.'

પંચેન્દ્રિયની પ્રાપ્તિ એ જીવન-વિકાસના ધોરણે ઘણી ઊંચી ભૂમિકા છે, આમ છતાં બધા પંચેન્દ્રિય જીવો એક સરખી સ્થિતિ કે એક સરખી અવસ્થા ભોગવતા નથી. અન્ય શબ્દોમાં કહીએ તો તેમની સ્થિતિ કે અવસ્થામાં મોટું અંતર હોય છે અને તે જ કારણે શાસ્ત્રકારોએ તેના ચાર પ્રકારો કે ભેદો પાડેલા છે.

તેમાં પ્રથમ નિર્દેશ નારક પંચેન્દ્રિય જીવોનો કર્યો છે, કારણ કે તે ઘણું જ દુઃખ ભોગવે છે. તિર્યંચ અને મનુષ્ય તેની સરખામણીમાં ઘણું ઓછું દુઃખ ભોગવે છે. તિર્યંચ અને મનુષ્યમાં પણ સુખ પરત્વે મનુષ્યની સ્થિતિ

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વધારે સારી હોય છે, એટલે બીજો નિર્દેશ તિર્યંચનો અને ત્રીજો નિર્દેશ મનુષ્યનો કર્યો છે. મનુષ્યોની સરખામણીમાં દેવો ઘણું વધારે સુખ ભોગવે છે, એટલે તેમનો નિર્દેશ સહુથી છેલ્લો કર્યો છે.

નારકના જીવો આપણાથી ઘણે દૂર નીચાણમાં અને ચારે બાજુ પૃથ્વીથી આવૃત્ત એવા નરકાવાસોમાં રહેતા પરતંત્ર હોવાથી મનુષ્યલોકમાં આવી શકતા નથી અને તેથી તેઓ આપણી દૃષ્ટિનો વિષય બની શકતા નથી. એમનું અસ્તિત્વ તો જ્ઞાની ભગવંતોએ કહેલાં વચનો પરથી જાણી શકાય છે અને અનુમાનથી પણ સિદ્ધ કરી શકાય છે. +

તિર્યંચો આપણા સહવાસ–સંપર્કમાં ખૂબ આવે છે, એટલે તેમના સ્વરૂપથી આપણે પરિચિત છીએ.

મનુષ્યોનું પણ તેમ જ છે. બાકી રહ્યા દેવ. તે પવિત્ર સ્થાનોની યાત્રા નિમિત્ત, કુતૂહલનાં કારણે, કોઈની પરીક્ષા કરવા માટે કે કોઈ સત્યવાદી ધર્મનિષ્ઠ આત્માને સહાય કરવા અર્થે કે પૂર્વભવના શત્રુને પરેશાન કરવા ક્વચિત્ ક્વચિત્ પૃથ્વી પર આવે છે. જો તેઓ દૃશ્યરૂપે આવે તો ચર્મચક્ષુનો વિષય બને છે, પણ અદૃશ્યરૂપે આવે તો તેમને આપણે ચર્મચક્ષુઓ વડે જોઈ શકતા નથી. અલબત્ત, કાર્ય દ્વારા તેમનું આગમન અને નિર્ગમન જાણી શકાય છે. તથા કોઈક અસાધારણ પ્રસંગમાં પ્રકાશના પુંજરૂપે તેમનાં દર્શન પણ થાય છે.

---

+ ગણધરવાદમાં આ પ્રકારે સિદ્ધિ કરેલી છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'દેવો છે કે નહીં?' એ બાબતમાં ઘણો વિવાદ પ્રવર્તે છે, પણ શ્રદ્ધાળુ આત્માઓને તેમના અસ્તિત્વ વિષે જરા પણ શંકા નથી. વળી જેઓ માત્ર તર્કવાદી નથી, પણ સત્યના શોધક અને ગુરુદત્ત મંત્ર વગેરેની અમુક સાધના કરી ચૂક્યા છે, તેઓને આજે પણ દેવોનાં દર્શન અમુક સ્વરૂપે થાય છે અને તેમના દ્વારા અકલ્પ્ય કાર્યસિદ્ધિ થતી અનુભવાય છે

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ १२ ]

## નારક જીવો

### મૂળ

**नेरइया सत्तविहा, नायव्वा पुढवि--भेएणं ॥ १९ ॥**

### સંસ્કૃત છાયા

नैरयिकाः सप्तविधा, ज्ञातव्याः पृथ्वी–भेदेन ॥ १९ ।

### પદાર્થ

नेरइया–નૈરયિકો, નારક જીવો.

निरय–નરક. તેમાં રહેનારો તે નૈરયિક.

सत्तविहा–સાત પ્રકારના.

नायव्वा–જાણવા.

पुढवि–भेएणं–પૃથ્વીના ભેદ વડે; પૃથ્વીના પ્રકારો અનુસાર.

### અન્વય

नेरइया पुढवि–भेएणं सत्तविहा नायव्वा ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### ભાવાર્થ

નારક જીવો પૃથ્વીના પ્રકારો અનુસાર સાત પ્રકારના જાણવા.

### વિવેચન

પંચેન્દ્રિય જીવોના મુખ્ય ભેદો ગાથાના પૂર્વાર્ધમાં કહ્યા. હવે તેના ઉત્તરભેદો કહેવાની શરૂઆત કરે છે. તેમાં પ્રથમ નારક જીવોના ભેદો-પ્રકારો કહે છે. નારક જીવો સાત પ્રકારના છે. આ પ્રકારો પૃથ્વીના પ્રકારો અનુસાર સમજવાના છે. તાત્પર્ય કે અધોલોકમાં[1] આવેલી નારક પૃથ્વીઓ (૧) રત્નપ્રભા, (૨) શર્કરાપ્રભા, (૩) વાલુકાપ્રભા, (૪) પંકપ્રભા, (૫) ધૂમપ્રભા, (૬) તમઃપ્રભા અને (૭) તમસ્તમઃપ્રભા[2] એ સાત પ્રકારની છે અને તેના નરકાવાસમાં ઉત્પન્ન થનારા જીવોનો એક એક પ્રકાર ગણીએ તો નારક જીવોના કુલ સાત પ્રકારો પડે છે. તેમને અનુક્રમે પહેલી નારકીના જીવો, બીજી નારકીના જીવો, ત્રીજી નારકીના જીવો, ચોથી નારકીના જીવો, પાંચમી નારકીના જીવો, છઠ્ઠી નારકીના જીવો અને સાતમી નારકીના જીવો કહેવાય છે.

નારક પૃથ્વીઓનાં રત્નપ્રભાદિ નામો સાન્વર્થ એટલે નામ પ્રમાણે અર્થવાળા છે. તેમાં પ્રભા શબ્દ રૂપવાચી કે

૧ મેરુ પર્વતની સમતલ ભૂમિથી નીચે ૯૦૦ યોજનથી અધોલોકની ગણના થાય છે. ૨ અહીં મહાતમઃપ્રભા એવું નામ પણ મળે છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




(૧) આ ભવમાં અભક્ષ્ય ભક્ષણ કરનારને (૨) નરકમાં આ પ્રકારનું દુઃખ ભોગવવું પડે છે. (૩) આ ભવમાં પ્રાણીઓની હિંસા કરનારની (૪) નરકમાં આ પ્રકારે હિંસા થાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




(૧) આ ભવમાં પરધનનું હરણ કરનાર (૨) નરકમાં આ પ્રકારની શિક્ષા ભોગવે છે. (૩) આ ભવમાં ડાકુગીરી કરનારને (૪) નરકમાં આ પ્રકારનું કષ્ટ ભોગવવું પડે છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાહુલ્યવાચી છે. 'प्रभाशब्दोऽत्र रूपवाची बाहुल्यवाची वा ।' એટલે જે પૃથ્વી રત્નમયી છે કે રત્નના બાહુલ્યવાળી છે, તેને રત્નપ્રભા જાણવી. અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે રત્નપ્રભા પૃથ્વી ત્રણ કાંડ કે ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. તેમાં પ્રથમ ખરકાંડ એટલે કઠિન ભૂમિનો ભાગ છે અને તેમાં ૧૬ જાતિનાં રત્નો ઉત્પન્ન થાય છે, એ અપેક્ષાએ તેને રત્નપ્રભા કહેવામાં આવે છે.

જે પૃથ્વીમાં શર્કરા એટલે કાંકરાનું બાહુલ્ય છે, તે શર્કરાપ્રભા. જે પૃથ્વીમાં વાલુકા એટલે રેતીનું બાહુલ્ય છે, તે વાલુકાપ્રભા. જે પૃથ્વીમાં પંક એટલે કાદવનું બાહુલ્ય છે, તે પંકપ્રભા. જે પૃથ્વીમાં ધૂમ એટલે ધૂમાડાનું બાહુલ્ય છે, તે ધુમપ્રભા. જે પૃથ્વીમાં તમસ્ એટલે અંધારાનું બાહુલ્ય છે, તે તમસ્પ્રભા. અને જે પૃથ્વીમાં તમસ્તમ એટલે ગાઢ અંધકાર ચોતરફ છવાયેલો છે, તે તમસ્તમઃપ્રભા.

આ સાતેય પૃથ્વીનાં નિરન્વય નામો એટલે માત્ર સંકેતરૂપે કહેવાતાં નામો અનુક્રમે ઘર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા અને માઘવતી છે.

આ સાતેય પૃથ્વીનો સમુદિત આકાર છત્રાતિછત્ર જેવો છે, એટલે પ્રથમ નાનું છત્ર, તેની નીચે મોટું છત્ર તેની નીચે વધારે મોટું છત્ર, એમ ક્રમશઃ વિસ્તારવાળાં સાત છત્રો હોય તેવો છે.

અહીં એ પણ જણાવવું જોઈએ કે આ પૃથ્વીઓ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક બીજીથી સંલગ્ન નથી, એટલે કે તેમની વચ્ચે મોટું અંતર છે. અન્ય શબ્દોમાં કહીએ તો આ સાતેય પૃથ્વીઓ એક-બીજાથી સ્વતંત્ર છે અને તે ઘનોદધિ, ઘનવાત તથા તનુવાતના આધારે આકાશમાં રહેલી છે.

'પૃથ્વી જેવી અતિ વજનદાર વસ્તુ આકાશમાં શી રીતે રહે?' એ પ્રશ્ન મતિમાન મનુષ્યને થવો સહજ છે. તેનો ઉત્તર જુદા જુદા વિચારકો કે ધર્મગુરુઓએ જુદી જુદી રીતે આપ્યો છે. કોઈક કહે છે કે દિગ્ગજો પોતાની સૂંઢ વડે પૃથ્વીને ધરી રાખે છે. કોઈક કહે છે કે સર્વ સેનાથી વીંટળાયેલા ભગવાન હાથના ટેકાઓ વડે પૃથ્વીને અદ્ધર રાખે છે. કોઈક કહે છે કે શેષનાગ ઉપર પૃથ્વી રહેલી છે. કોઈક કહે છે કે કાચબાની પીઠ ઉપર પૃથ્વીનું મંડાણ છે. કોઈક કહે છે કે આ પૃથ્વી ગાયના શીંગડા પર રહેલી છે, તો કોઈક કહે છે કે આ પૃથ્વી સમુદ્ર પર રહેલી છે. આધુનિક વિજ્ઞાનવાદીઓ પૃથ્વીને સૂર્યના આકર્ષણે અદ્ધર રહેલી માને છે, પણ સૂર્ય શેના આધારે રહેલો છે? તેનો સ્પષ્ટ ખુલાસો કરી શકતા નથી. આ વિચારો સદોષ છે અને જેમ જેમ વિચારમાં આગળ વધીએ તેમ તેમ ગૂંચ વધારનારા છે, જ્યારે જૈન શાસ્ત્રોએ કરેલો ખુલાસો સંગત છે, ને તેથી બુદ્ધિમાનોને તે ગ્રાહ્ય છે. તેમાં કહ્યું છે કે 'આકાશના આધારે તનુવાત હોય છે, તનુવાતના આધારે ઘનવાત હોય છે અને ઘનવાતના આધારે ઘનોદધિ, તેમ જ ઘનોદધિના આધારે પૃથ્વી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહેલી છે. આ ઘનોદધિ પર અબજો મણ વજનવાળી પૃથ્વી હોય છે.'

અધોલોકમાં સૂર્ય–ચંદ્રનો પ્રકાશ પહોંચતો નથી, એટલે આ સાતેય પૃથ્વીઓમાં અંધકાર વ્યાપેલો હોય છે.

અહીં એ પણ સ્પષ્ટતા કરવી જોઈએ કે બધી પૃથ્વીઓ કદમાં સરખી નથી, તેમ તેમાં ઉપજવાનાં સ્થાનોની સંખ્યા પણ સરખી નથી.

પહેલી રત્નપ્રભા પૃથ્વી ૧ રાજ+ લાંબી, ૧ રાજ પહોળી તથા ૧૮૦૦૦૦ યોજન જાડી છે અને તેમાં નારક જીવોને ઉપજવાનાં ૩૦ લાખ સ્થાનો છે.

બીજી શર્કરાપ્રભા પૃથ્વી રાા રાજ લાંબી, રાા રાજ પહોળી તથા ૧૩૨૦૦૦ યોજન જાડી છે અને તેમાં નારક જીવોને ઉપજવાનાં ૨૫ લાખ સ્થાનો છે.

ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વી ૪ રાજ લાંબી, ૪ રાજ પહોળી તથા ૧૨૮૦૦૦ યોજના જાડી છે અને તેમાં નારક જીવોને ઉપજવાનાં ૧૫ લાખ સ્થાનો છે.

ચોથી પંકપ્રભા પૃથ્વી ૫ રાજ લાંબી, ૫ રાજ પહોળી તથા ૧૨૦૦૦૦ યોજન જાડી છે અને તેમાં નારક જીવોને ઉપજવાનાં ૧૦ લાખ સ્થાનો છે.

પાંચમી ધૂમપ્રભા પૃથ્વી ૬ રાજ લાંબી, ૬ રાજ પહોળી તથા ૧૧૮૦૦૦ યોજન જાડી છે. તેમાં નારક જીવોને ઉપજવાનાં ૩ લાખ સ્થાનો છે.

+. પૃથ્વીની આ લંબાઈ–પહોળાઈ તત્ત્વાર્થ ટીકાનુસાર જાણવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વી ૬॥ રાજ લાંબી, ૬॥ રાજ પહોળી તથા ૧૧૬૦૦૦ યોજન જાડી છે. તેમાં નારક જીવોને ઉપજવવાનાં ૯૯૯૯૫ સ્થાનો છે.

અને સાતમી તમસ્તમઃપ્રભા પૃથ્વી ૭ રાજ લાંબી, ૭ રાજ પહોળી તથા ૧૦૮૦૦૦ યોજન જાડી છે. તેમાં નારક જીવોને ઉપજવાનાં ૫ સ્થાનો છે.

આ રીતે સાત નારકીમાં નારક જીવોને ઉપજવાનાં કુલ ૮૪ લાખ સ્થાનો છે.

સાતેય પૃથ્વીઓની જેટલી જાડાઇ ઉપર કહેવામાં આવી છે, તેની ઉપર-નીચેનો એક એક હજાર યોજન જેટલો ભાગ છોડીને વચલા ભાગમાં નરકાવાસ છે. દાખલા તરીકે રત્નપ્રભા પૃથ્વીની જાડાઇ ૧૮૦૦૦૦ યોજન છે, તો ઉપર-નીચેનો એક એક હજાર યોજન બાદ કરતાં વચ્ચે ૧૭૮૦૦૦ યોજનની જાડાઈ રહે, તેમાં નરકાવાસો આવેલા છે.

અહીં એ પણ સમજી લેવાની જરૂર છે કે આ નરકાવાસો પૃથ્વીમાં સર્વત્ર આવેલા નથી, પણ તેના પ્રતરો માં આવેલા છે, એટલે પ્રથમ પૃથ્વીનો ખાલી ખંડ પછી પ્રતર, પછી ખાલી ખંડ, પછી પ્રતર, એ રીતે દરેક પૃથ્વીમાં ગોઠવણ છે. એક પ્રતરની જાડાઈ ૩૦૦૦ યોજન હોય છે.

રત્નપ્રભા પૃથ્વીમાં આવા ૧૩ પ્રતર છે, શર્કરાપ્રભામાં ૧૧, વાલુકાપ્રભામાં ૯, પંકપ્રભામાં ૭, ધૂમપ્રભામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫, તમઃપ્રભામાં ૩ અને તમસ્તમઃપ્રભામાં ૧ પ્રતર છે. કુલ ૪૯ પ્રતરો છે.

બધા નરકાવાસ છરાના જેવા વજ્રનાં તળિયાવાળાં છે; પરંતુ તેમનો આકાર જુદો જુદો છે. કોઈનો ગોળ, કોઈકનો ત્રિકોણ તો કોઈનો ચતુષ્કોણ; વળી કેટલાક નરકાવાસ હાંલ્લાના આકારના તો કેટલાક ઘડાના આકારના છે. આ બધા નરકાવાસો અશુચિથી ખદબદતા તથા પરૂ, માંસ અને લોહીના કાદવવાળા છે. વળી તે સ્વભાવથી જ અતિ ઉષ્ણ કે અતિ ઠંડા છે અને હંમેશાં અંધકારમય દુઃખની ખાણ જેવા છે.

નારકીમાં પુંવેદ કે સ્ત્રીવેદ નથી, એટલે કે ત્યાં પુરુષજાતિ અને સ્ત્રીજાતિ એવા વિભાગો નથી. ત્યાં બધાં જ નપુંસકવેદવાળા છે. નારક જીવોને તીવ્ર કામવાસનાનો ઉદય હોય છે, પરંતુ સાધનોના અભાવે એ કામવાસનાની તૃપ્તિ થતી નથી.

જેમ દેવોનો જન્મ ઉપપાતથી થાય છે, એટલે કે સ્ત્રી-પુરુષના સંયોગ વિના માત્ર અમુક પ્રકારના સ્થાનથી થાય છે, તેમ નારકોનો જન્મ પણ ઉપપાતથી થાય છે. દેવોનું શરીર વૈક્રિય હોય છે, એટલે કે નાનું-મોટું થઈ શકે છે, તેમ નારક જીવોનું શરીર પણ વૈક્રિય હોવાથી નાનું મોટું થઇ શકે છે.

નારકીમાંથી ચ્યવેલો જીવ પુનઃ નારકીમાં ઉત્પન્ન થતો નથી, તેમજ દેવલોકમાંથી ચ્યવેલો જીવ પણ સીધો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નારકીમાં આવતો નથી. એટલે તિર્યંચ અને મનુષ્ય એ એ ગતિમાંથી ચ્યવેલા જીવો પોતાનાં કુકર્મોનાં ફળ ભોગ-વવા અહીં ઉત્પન્ન થાય છે અને પોતાના આયુષ્ય પ્રમાણે અહીં રહી ભયંકર યાતનાઓ ભોગવે છે. આ જીવોનું આયુષ્ય નિકાચિત હોય છે, એટલે કે તેઓ આયુ-ષ્ય પૂરું થતાં સુધી મરણ પામતા નથી. તાત્પર્ય કે તેમને નિયત સમય સુધી દુઃખ ભોગવવું જ પડે છે.

નારકીના જીવો દશ પ્રકારની વેદના ભોગવે છે, તે આ પ્રમાણે :

(૧) **શીતવેદના**—અત્યંત ઠંડીથી ઉત્પન્ન થતી વેદના.

(૨) **ઉષ્ણવેદના**—અત્યંત ગરમીથી ઉત્પન્ન થતી વેદના. પહેલી ચાર નારકીમાં ઉષ્ણવેદના હોય છે, પાંચમી નારકીમાં શીત અને ઉષ્ણ એ બંને વેદના હોય છે અને છઠ્ઠી તથા સાતમી નારકીમાં શીતવેદના હોય છે.

(૩) **ક્ષુધાવેદના**—ભૂખની વેદના. નારક જીવોને અશુભ કર્મના ઉદયથી ભયંકર ભૂખ લાગે છે, પણ તેનું શમન થતું નથી, એટલે તેની ભયંકર વેદના અનુભવે છે.

(૪) **તૃષાવેદના**—તરસની વેદના. નારક જીવોને અશુભ કર્મના ઉદયથી ભયંકર તૃષા લાગે છે અને ગમે તેટલું જલ પીએ તો પણ તેમના કંઠ-ઓષ્ઠ-તાળુ તથા જીભ અતિ શોષાય છે. એ રીતે તેઓ તૃષાવેદના અનુભવે છે.

(૫) **કંડુવેદના**—ખરજની વેદના. નારક જીવોનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીર એ પ્રકારનું હોય છે કે તેમને ખરજ—ખુજલી આવ્યા જ કરે, તે ગમે તેટલું ખણવા છતાં શાંત થાય નહિ, એટલે તે કંડુવેદનાનો અનુભવ કરે છે.

(૬) **પરવશતા**—આપણે અમુક અંશે પરવશ છીએ; તિર્યંચો આપણા કરતાં ઘણા વધારે પરવશ છે, પરંતુ નારક જીવો તો તેના કરતાં પણ અનંતગુણા પરવશ છે. ત્યાં એમનું ધાર્યું તો કંઈજ ઉપજતું નથી. સમસ્ત જીવન પરવશપણે જ પસાર થાય છે.

(૭) **જ્વર**—તાવ. નારક જીવોના શરીરમાં એક પ્રકારનો તાવ રહે છે કે જે અત્યંત દુઃખદાયક હોય છે અને જીવનપર્યંત જતો નથી.

(૮) **દાહ**—શરીરે દાહ થવો.

(૯) **શોક**—અત્યંત શોક-સંતાપ થવો.

(૧૦) **ભય**—અત્યંત ભય ઉપજવો.

નારક જીવોને ભવ-સ્વભાવથી અવધિજ્ઞાન હોય છે,* તે પણ મહાદુઃખનું કારણ થાય છે. આ જ્ઞાન દ્વારા તેઓ ચારે બાજુથી આવતા નિરંતર દુઃખના હેતુઓને જુએ છે, એટલે કે હમણાં આ આવશે, આમ કરશે, તેમ કરશે ઈત્યાદિ દેખીને ભયથી કંપાયમાન રહે છે.

નારક જીવોને પરમાધામીઓ (નરકના સંત્રીઓ) વિવિધ પ્રકારે પીડા ઉપજાવે છે અને તેઓ પોતે પણ એક બીજાને પીડા ઉપજાવવા તત્પર બને છે.

* મિથ્યાદષ્ટિના અવધિજ્ઞાનને વિભંગજ્ઞાન કહેવામાં આવે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નરક જેવું ભયંકર દુઃખ અન્યત્ર કોઈ સ્થળે નથી. ઔપપાતિક સૂત્રમાં કહ્યું છે કે 'જીવો મહાહિંસા કરવાથી, મહા પરિગ્રહ ધારણ કરવાથી, પંચેન્દ્રિય જીવોનો વધ કરવાથી તથા માંસનું ભક્ષણ કરવાથી નરકમાં ઉત્પન્ન થાય છે.'

બૃહત્સંગ્રહણી–પ્રકરણમાં કહ્યું છે કે 'મિથ્યાદષ્ટિ, મહાઆરંભી, મહાપરિગ્રહી, તીવ્ર ક્રોધી, શીલહીન (દુષિત ચારિત્રવાળા), રુદ્ર પરિણામી અને પાપમતિ જીવ નરકનું આયુષ્ય બાંધે છે.'

શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે, 'નરકના ચાર દરવાજા છે : રાત્રિભોજન, પરસ્ત્રીગમન, બોળ અથાણું અને અનંતકાયનું ભક્ષણ.'

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સારાંશ કે પાપી પ્રવૃત્તિમાં મગ્ન રહેનારા જીવો પોતાનાં પાપોનું ફળ ભોગવવા નારકીમાં ઉત્પન્ન થાય છે અને તે નિરંતર અકથ્ય યાતનાઓ અનુભવે છે.

વૈદિક સંપ્રદાયે પણ પાપીઓને ઉત્પન થવા માટે નીચે પ્રમાણે સાત નરકો માનેલી છે : (૧) અતલ, (૨) વિતલ, (૩) સુતલ, (૪) રસાતલ, (૫) તલાતલ, (૬) મહાતલ અને (૭) પાતાલ.


ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મમાં પણ નરક જેવાં સ્થાનની માન્યતા છે.

તાત્પર્ય કે દુષ્ટ કર્મો કરનારને મૃત્યુ બાદ એવા સ્થળે ઉત્પન્ન થવું પડે છે કે જ્યાં અકથ્ય વેદનાઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુભવવી પડે. આ જગતમાં કાળાં કામ કરનાર ગુનેગારો એમ માને છે કે વધારેમાં વધારે મૃત્યુની શિક્ષા થશે અને તે ભોગવી લઇશું, પરંતુ નરકમાં જે પ્રકારની યાતનાઓ ભોગવવી પડે છે, તેનું જ્ઞાન થતાં તેમની આ માન્યતા છૂટી જાય છે અને તેઓ કાળાં કામ કરતાં અટકી સત્પ્રવૃત્તિમાં જોડાય છે. નરકમાં કેવાં દુઃખો ભોગવવા પડે છે, તે જાણવા માટે **નરક–ચિત્રાવલિ** અવશ્ય જોવી.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## [ ૧૩ ]

# તિર્યંચ જીવો

### મૂળ

जलयर-थलयर-खयरा तिविहा पंचिंदिया तिरिक्खा य ।
सुसुमार-मच्छ-कच्छव-गाहा मगरा य जलचारी ॥ २० ॥

### સંસ્કૃત છાયા

जलचर-स्थलचर-खचरास्त्रिविधाः पञ्चेन्द्रियास्तिर्यञ्चश्च ।
शिशुमार-मत्स्य-कच्छप-ग्राहा मकराश्च जलचारिणः ॥२०॥

### પદાર્થ

जलयर—જલચર, જલમાં ચાલનાર, પાણીમાં રહેનાર.

जलयर અને थलयर અને खयर તે जलचर-थलयर-खयरा. जलयर-જલચર. 'जले पानीये चरन्तीति जलचरः।' જલ એટલે પાણી, તેમાં ચાલનારા તે જલચર.' તાત્પર્ય કે જે જીવો પાણીમાં ઉત્પન્ન થાય છે અને પાણીમાં હરી-ફરીને જ પોતાનું જીવન વ્યતીત કરે છે, તે જલચર કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

थलयर—સ્થલચર, ભૂમિ પર ચાલનાર, જમીન પર રહેનાર.

'स्थले भूम्यां (भूमेः) उपरि चरन्तीति स्थलचराः। સ્થલ એટલે ભૂમિ, તેના ઉપર ચાલનારા તે સ્થલચર.' તાત્પર્ય કે જે જીવો જમીન પર જન્મ ધારણ કરે છે અને જમીન પર હરી-ફરીને પોતાનું જીવન વ્યતી કરે છે, તે સ્થલચર કહેવાય છે.

खयर—ખચર, આકાશમાં ઉડનાર, પક્ષી. 'खे आकाशे चरन्तीति खचराः।' ખ એટલે આકાશ, તેમાં ગતિ કરનાર તે ખચર. અહીં સપ્તમી વિભક્તિનો લોપ કરવામાં ન આવે તો ખેચર એવો શબ્દપ્રયોગ પણ થાય છે. આકાશમાં ગતિ કરનાર-ઉડનાર જીવો પક્ષી, વિહગ કે વિહંગમ કહેવાય છે.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

तिविहा—ત્રણ પ્રકારના.

पंचिंदिया—પંચેન્દ્રિય.

આ પદ तिरिक्खाનું વિશેષણ છે.

तिरिक्खा—તિર્યંચ.

"तिर्यगञ्चन्तीति तिर्यञ्चः।" જે જીવો તિર્યગ્ એટલે ત્રાંસા કે વાંકાચૂંકા ચાલે, તે તિર્યંચ. પશુ-પક્ષી વગેરેની ચાલ આ પ્રકારની હોય છે, એટલે તેમને આ સંજ્ઞા લાગુ પડે છે. ટીકાકાર મહર્ષિઓએ તિર્યંચ શબ્દની બીજી વ્યાખ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ આપી છે : " तिरोहिता स्वकर्मवशवर्तिनः सर्वासु गतिषु गच्छन्त्युपपद्यन्त इति तिर्यञ्चः । " જે જીવો પોતાના કર્મને વશ થઈ તિરોહિત થયેલા છે અને તે કારણે સર્વ ગતિમાં જાય છે, તે તિર્યંચ.

य--અને.

सुसुमार--મગરમચ્છની જાતિ.

सुसुमार અને मच्छ અને कच्छव અને गाह તે सुसु-मार-मच्छ-कच्छव-गाहा. सुसुमार-મગરમચ્છની જાતિ. ' शिशुमारा महीषसदृशाः । ' શિશુમાર એટલે શરીરે સ્થૂલ પાડા જેવા આકારના દરિયાઈ પ્રાણીઓ. તેમને સામાન્ય રીતે મગરમચ્છ કહેવામાં આવે છે. પ્રજ્ઞાપનાસૂત્રમાં सुसुमार એવો શબ્દપ્રયોગ છે અને હિંદી ભાષામાં આ જાતના પ્રાણીઓ માટે सूंस શબ્દ પ્રચલિત છે, એટલે અહીં सूंसु-मार એવું પાઠાંતર સમજવું જોઈએ.

मच्छ--મત્સ્ય, માછલાં.

માછલાં અતિ પ્રસિદ્ધ છે. શાસ્ત્રમાં તેના અનેક પ્રકારો વર્ણવેલા છે. જેમ કે-હલિ-મત્સ્ય, રોહિત-મત્સ્ય, તિમિ-મત્સ્ય, તિમિંગલ-મત્સ્ય, નક્ર-મત્સ્ય, તંદુલ-મત્સ્ય, પતાકા-મત્સ્ય વગેરે.

कच्छव-કચ્છપ, કાચબાની જાતિ.

કાચબો પણ પ્રસિદ્ધ જલચર છે. તેના અસ્થિકચ્છપ અને માંસકચ્છપ એવા બે પ્રકારો છે. અસ્થિકચ્છપમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસ્થિનો ભાગ વિશેષ હોય છે અને માંસકચ્છપમાં માંસનો ભાગ વિશેષ હોય છે.

गाह–ગ્રાહ, ગ્રૂંડ.

'ग्राहो जीवविशेषस्तन्तुकयोनिप्रसिद्ध :।' ગ્રાહ એ એક પ્રકારનું જલચર પ્રાણી છે કે જે તંતુ જેવું લાંબુ હોવા માટે પ્રસિદ્ધ છે. તેને લોકભાષામાં ગ્રૂંડ અને હિન્દી ભાષામાં घड़ियाल કહે છે. પ્રજ્ઞાપનાસૂત્રમાં તેના (૧) દિલી, (૨) વેષ્ટક, (૩) મૂર્ધજ, (૪) પુલક અને (૫) સીમાકાર એવા પાંચ પ્રકારો જણાવેલા છે, પણ તેનું વિશેષ વર્ણન કરેલું નથી, એટલે તેની ઓળખાણ અહીં આપી શકતા નથી.

मगरा–મગર.

મગર પણ ખૂબ જાણીતું જલચર છે. તેની પૂંછડીમાં કરવતના દાંતા જેવા તીક્ષ્ણ દાંતા હોય છે, જે કાતિલ હથિયારનું કામ કરે છે. સામાન્ય રીતે મગરો મોટા તળાવ, મોટા સરોવર તથા દરિયામાં રહે છે, પરંતુ કોઈ કોઈ વાર તેના કિનારે આવીને પડયા રહે છે, ત્યારે કિનારાની માટી જેવા રંગના લાગે છે અને તેથી મનુષ્યો તથા પશુઓ ઘણી વાર છેતરાય છે. જમીન કરતાં પાણીમાં મગરનું બળ ઘણું હોય છે.

**य–અને**

**जलचारी–જલમાં વિચરનારા, જલચરો.**

**અન્વય**

મૂળ ગાથા પ્રમાણે સમજવો.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### ભાવાર્થ

પંચેન્દ્રિય તિર્યંચો ત્રણ પ્રકારના છેઃ (૧) જલચર, (૨) સ્થલચર અને (૩) ખેચર. તેમાં જલચર તિર્યંચોના શિશુમાર, મત્સ્ય, કચ્છપ, ગ્રાહ અને મગર એ પાંચ ભેદો જાણવા.

### વિવેચન

પંચેન્દ્રિય જીવોના મુખ્ય ભેદોનું નિરૂપણ કરતાં નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, એ ક્રમ સ્થાપિત કરેલો છે, એટલે પ્રથમ નારક જીવોના ભેદોનું નિરૂપણ કરે છે.

અહીં પંચેન્દ્રિયનો વિષય ચાલુ હોવા છતાં પ્રકરણ-કારે **પંચિંદિયા તિરિક્ખા** એવો શબ્દપ્રયોગ કર્યો છે, તેનું કારણ એ છે કે સ્થાવર અને વિકલેન્દ્રિય જીવોને પણ સામાન્ય રીતે તિર્યંચ કહેવામાં આવે છે, તેનો વ્યતિરેક કરવો અને માત્ર પંચેન્દ્રિય તિર્યંચ જીવોના ભેદોનું જ નિરૂપણ કરવું.

પંચેન્દ્રિય તિર્યંચ જીવોને લોકભાષામાં પશુ-પક્ષી કહેવામાં આવે છે. તેની વિવિધતાથી આપણે કેટલાક અંશે પરિચિત છીએ, પરંતુ આ વિષયનો ખાસ અભ્યાસ કર-નાર એક પ્રાણીશાસ્ત્રી જણાવે છે કે 'આ પૃથ્વીમાં લગભગ ૮૦૦૦ પશુઓની તથા ૮૦૦૦ પક્ષીઓની જાતિ છે; આમ બધી મળીને પ્રાણીઓની ૧૬૦૦૦ જેટલી જાતિ છે. આ બધા પ્રાણીઓની ખાસિયતનો અભ્યાસ કરવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તો અનેક વૈજ્ઞાનિકોએ અનેક જીંદગી સુધી એકધારું કાર્ય કરવું પડે એમ છે.'

અહીં એટલું જણાવવું જરૂરી છે કે આજે પશુ–પક્ષીઓના જીવન સંબંધી અનેક અભ્યાસપૂર્ણ ગ્રન્થો પ્રાપ્ત થાય છે અને તે ઘણી રસપ્રદ માહિતી પૂરી પાડે છે. ઉપરાંત આપણા ચાલુ સાહિત્યમાં પણ પશુ–પક્ષીના વિશિષ્ટ ગુણો સંબંધી અનેકવિધ માર્મિક નોંધો પ્રાપ્ત થાય છે અને તે આપણા જીવન માટે દૃષ્ટાંત રૂપ લેખાય છે. દાખલા તરીકે સિંહનું પરાક્રમ, હાથીનું બુદ્ધિચાપલ્ય, ઘોડાની સ્ફૂર્તિ, બળદનો પુરુષાર્થ, ગાયની નમ્રતા, વાનરની ચપલતા, કૂતરાની વફાદારી, ગરુડનું ઉડ્ડયન, સમળી (ચીલ)ની ઝડપ, શકરાની દૃષ્ટિ, બગલાનું ધ્યાન, મોરની કલા, કૂકડાની મર્દાઈ, બુલબુલનું ગાન, કોયલના કંઠની મધુરતા વગેરે વગેરે.

જૈન મહર્ષિઓએ પશુ–પક્ષીઓની તમામ જાતિઓનો ત્રણ વિભાગમાં સમાવેશ કર્યો છે : (૧) જલમાં ગતિ કરનારા અર્થાત્ જલચર. (૨) સ્થલ પર ગતિ કરનારા અર્થાત્ સ્થલચર અને (૩) ખ એટલે આકાશમાં ગતિ કરનારા અર્થાત્ ખેચર. આ સિવાય ચોથો વિભાગ શક્ય જ નથી. આ જગતમાં એવું કયું સ્થાન છે કે જે જલ, સ્થલ કે આકાશ સિવાય અન્યત્ર આવેલું હોય ? આપણા લશ્કરના પણ ત્રણ જ વિભાગો છે : (૧) દરિયાઈ કાફલો, (૨) જમીન પરનું સૈન્ય અને (૩) આકાશી દળ. એટલે આ

જૈન સાઈટ JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


વર્ગીકરણ ઘણું પદ્ધતિસરનું છે અને તે પંચેન્દ્રિય તિર્યં-ચોનો પરિચય મેળવવા માટે અતિ ઉપયોગી છે.

ગાથાના ઉત્તરાર્ધમાં જલચર જીવોના પાંચ ભેદો જણાવેલા છે. તેમાં પ્રથમ નિર્દેશ શિશુમારનો કર્યો છે. શિશુમાર એટલે મોટા કદના દરિયાઈ પ્રાણી. તેમાં કેટ-લાકનો આકાર પાડા જેવો, કેટલાકનો ઘોડા જેવો કેટલાકનો સિંહ જેવો તો કેટલાકનો મનુષ્ય જેવો પણ હોય છે.

જલચરનો બીજો ભેદ મત્સ્ય એટલે માછલાં છે. તે રંગે અનેક પ્રકારનાં હોય છે, તેમ જ રૂપેરી અને સોનેરી આભવાળા પણ હોય છે. કેટલાંક માછલાનાં શરીરમાંથી વીજળી જેવો પ્રકાશ નીકળે છે અને તે ઘણે દૂરથી દેખાય છે. કેટલાંક માછલા ઉડવાની શક્તિ પણ ધરાવે છે અને તે ટોળાબંધ ઉડી ઉડીને દૂરના પાણીમાં પડે છે. આ રીતે તેમનામાં બીજી પણ અનેક વિશેષતાઓ હોય છે.

આ વર્ગમાં વ્હેલનું સ્થાન નોંધપાત્ર ગણી શકાય, કારણ કે તેનું શરીર અત્યંત કદાવર હોય છે અને તેનામાં બળ પણ અસાધારણ હોય છે. તે પોતાની પૂંછડીના-પાછલા ભાગના એક જ ફટકામાંથી વહાણમાં મોટું ગાબડું પાડી દે છે અને નાનાં વહાણોને તો જોતજોતામાં ઉથલાવી નાખે છે. તેનું જડબું એટલું મોટું હોય છે કે જ્યારે તેને પહોળું કરે ત્યારે છ ફુટનો માનવી તેમાં સીધો ગરકાવ થઈ જાય છે.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




પંચેન્દ્રિય જલચર પ્રાણીઓ : (૧) મગર, (૨) માછલી, (૩) કાચબો, (૪) વ્હેલ, (૫) કરચલો, (૬) દેડકો, (૭) સીલ અને (૮) આઠપગો (આઠવર્ગનું એક પ્રાણી).

પૃ. ૨૨૦ થી ૨૨૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**પંચેન્દ્રિય સ્થલચર પ્રાણીઓ :** (૧) ગોરીલો, (૨) વાનર, (૩) ગરોળી, (૪) ઉંદર, (૫) ઘો, (૬) નોળિયો, (૭) સાપ, (૮) અજગર, (૯) હાથી, (૧૦) ગાય, (૧૧) સિંહ અને (૧૨) ઘોડો. પૃ. ૨૩૧ થી ૨૪૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવશ્યકબૃહદ્વૃત્તિમાં કહ્યું છે કે 'સ્વયંભૂરમણ સમુદ્રમાં જિનપ્રતિમાના આકારના મત્સ્યો થાય છે, જેને જોઈને ઘણા જળચર જીવોને જાતિસ્મરણ જ્ઞાન એટલે પૂર્વ ભવનું જ્ઞાન થાય છે અને તેઓ સમ્યગ્દર્શન, સમ્યક્ શ્રુત તથા દેશવિરતિ ધર્મ પામે છે.' અહીં એ પણ જણાવ્યું છે કે વાંસ અને નળિયાનો આકાર છોડીને બધા આકારના મત્સ્યો મળી આવે છે.'

કેટલાક કહે છે કે 'માછલાં તો જળડોડી છે, એટલે કે જળમાં થતી એક પ્રકારની વનસ્પતિ છે. તેનું ભક્ષણ કરવામાં પાપ શું ?' પણ આ વચનો અજ્ઞાનમૂલક છે. માછલાં પંચેન્દ્રિય પ્રાણી છે. તે સ્પર્શ કરવાની, સ્વાદ ચાખવાની, સૂંઘવાની, જોવાની તથા સાંભળવાની, એમ પાંચેય ઇન્દ્રિયોની શક્તિ ધરાવે છે. વળી તેઓ પોતાની વૃત્તિ–રુચિ અનુસાર જલમાં વિચરણ કરે છે અને પોતાની આજીવિકા ચલાવવાપૂર્વક કાલ નિર્ગમે છે. વિશેષમાં તેઓ અન્ય જીવંત પ્રાણીની જેમ પ્રજોત્પત્તિ પણ કરે છે અને પાણીમાંથી બહાર કાઢીએ તો તરફડીને મરણ પામે છે. શું આ બધાં લક્ષણો જીવનાં–જીવંત પ્રાણીનાં નથી ? એક સામાન્ય સમજવાળો મનુષ્ય પણ આ વસ્તુ સમજી શકે એમ છે; એટલે તેનું ભક્ષણ કરવામાં મહાપાપ છે અને તેથી સુજ્ઞજનોએ તેનાથી અવશ્ય વિરમવું જોઈએ.

એક દીન–હીન મનુષ્ય જેટલો દયાનો અધિકારી છે, અથવા તો એક અબોલ પશુ જેટલું કરુણાપાત્ર છે, તેટલી જ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દયાની પાત્ર–તેટલી જ કરુણાપાત્ર આ મત્સ્યજાતિ છે. આમ છતાં મનુષ્યો તેના પ્રત્યે દયા દાખવતા નથી, કરુણા દર્શાવતા નથી, એ કેટલું શોચનીય છે?

આર્યત્વનું મુખ્ય લક્ષણ દયા છે અને તેનો વિસ્તાર મનુષ્યથી માંડીને એકેન્દ્રિય પ્રાણી સુધી કરવાનો છે. આમ છતાં આર્ય હોવાનો દાવો કરનારા અને સુશિક્ષિત સમાજમાં માન–મોભો ધરાવનારા કેટલાક પુરુષો વધારે મત્સ્યો ઉત્પન્ન કરવાની, તેમને મોટા પ્રમાણમાં પકડવાની અને પરદેશ ચડાવી આર્થિક કમાણી કરવાની યોજનાઓ ઘડી રહ્યા છે, એ શું સૂચવે છે? વધારે અફસોસની વાત તો એ છે કે શાસકવર્ગ પરદેશી નાણું મેળવવાના લોભથી આવી યોજનાઓનો સ્વીકાર કરી મહાન હિંસાને ઉત્તેજન આપી રહ્યો છે અને દયાની દેવીનું મુખ મ્લાન બનાવી રહ્યો છે. જીવવિચારનું શિક્ષણ જીવદયાનો પાયો નાખવા માટે છે, એટલે આટલું પ્રસ્તુત જાણીને અહીં કહ્યું છે.

જલચરના ત્રીજા ભેદમાં કચ્છપ એટલે કાચબાની જાતિનો સમાવેશ થાય છે. તે નાના મોટા અનેક કદના હોય છે અને માછલાંની જેમ નિરંતર જલમાં રહીને પોતાનું જીવન વ્યતીત કરે છે. આમ છતાં કોઈક કોઈક વાર તેઓ જલાશયના કિનારે આવે છે અને કિનારા પરની રેતીમાં અહીં–તહીં ફરી ખુશનુમા વાતાવરણની મોજ માણે છે. અહીં કદી શિકારી પશુઓ તરફથી ભય ઉત્પન્ન થાય તો તેઓ પોતાના ચાર પગ તથા લાંબી ડોક શરીર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરના કઠણ કોટલામાં છૂપાવી દઈને નિર્જીવ હોય તેમ પડયા રહે છે. તેમના શરીરનું કોટલું ભલભલા મજબૂત દાંતોની પણ કસોટી કરે એવું હોય છે, તેથી તેમનો બચાવ થાય છે.

ભગવાન મહાવીરે આત્માર્થી નર-નારીઓને પોતાની ઇન્દ્રિયો આ કચ્છપ, કૂર્મ કે કાચબાની જેમ ગોપવી રાખવાનો ઉપદેશ આપેલો છે.

જલચરના ચોથા ભેદમાં ગ્રાહ એટલે ઝુડની જાતિ આવે છે, તે મોટા સરોવરમાં કે સમુદ્રમાં ઉત્પન્ન થાય છે અને તાંતણા જેવું લાંબું શરીર ધરાવે છે. આમ છતાં તેનામાં શક્તિ ઘણી હોય છે. જો તે કોઈ પ્રાણીના પગે વળગ્યું તો બળ કરીને તેને પાણીમાં ખેંચી જાય છે અને ત્યાં તેને દબાવીને-ચૂસીને મારી નાખે છે. હાથી જેવા બળવાન પ્રાણીઓ પણ તેની ચૂડમાંથી છટકી શકતા નથી.

JAINSITE जैन साहित्य जैनम् जयति शासनम्

પ્રજ્ઞાપનાસૂત્રમાં ગ્રાહના પાંચ પ્રકારો દર્શાવ્યા છે, પણ તેના સ્વરૂપનું વર્ણન પ્રાપ્ત થતું નથી; આમ છતાં અન્ય ગ્રન્થોના અવલોકન પરથી એમ લાગે છે કે ઓક્ટોપસ જેવા પ્રાણીઓનો આ વર્ગમાં સમાવેશ કરેલો હશે, કારણ કે તેમને તાંતણા જેવા ખૂબ લાંબા આઠ પગ હોય છે અને બીજી ચૂસક નળીઓ પણ હોય છે. તેઓ એક વખત એનાથી શિકાર પકડી લે તો પછી તેમના સકંજામાંથી એ કેમેય કર્યો છૂટતો નથી. સાગરખેડુઓ તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જલરાક્ષસ તરીકે ઓળખે છે અને તેનાં દર્શન થતાં જ 'કાળ આવી પહોંચ્યો' એમ માનીને હતાશ થઈ જાય છે. જો કે આમાં પણ અપવાદ હોય છે, પરંતુ સામાન્ય અનુભવ આ પ્રકારનો થાય છે. અમે ઓક્ટોપસનાં ચિત્રો જોયાં છે અને ફીલ્મમાં તેની જલચર પ્રાણીઓ સાથેની લડાઈ નિહાળી છે, તે પરથી તેનું જલરાક્ષસ તરીકેનું વિશેષણ સાર્થક લાગે છે.

જલચરના પાંચમા ભેદમાં મગરની જાતિ આવે છે કે જે તેના તીણા દાંત અને ભયંકર પૂંછડા માટે પ્રખ્યાત છે. તે મોટા તળાવોમાં, સરોવરોમાં તથા સમુદ્રમાં ઉત્પન્ન થાય છે અને કોઈ કોઈ વાર નદીઓના પ્રવાહમાં પણ તણાઈ આવે છે. વળી કોઈક વાર તેઓ જલાશયના કિનારે આવી ચૂપચાપ પડ્યા રહે છે. તેમનો રંગ મોટા ભાગે કિનારાની માટી જેવો હોય છે, એટલે મનુષ્યો તથા પશુઓ છેક તેમની નજીક જાય ત્યાં સુધી ખબર પડતી નથી. પરંતુ મગરો આ તકનો લાભ બરાબર ઉઠાવે છે, એટલે કે તેમનો પગ પકડીને જળમાં ખેંચી જાય છે અને ત્યાં ભયંકર દાંતો વડે બચકાં ભરીને તેમના જીવનનો કરુણ અંત આણે છે.

મગરોનું બળ પાણીમાં ઘણું હોય છે, એટલે તેની સાથે લડવાનું કામ સહેલું નથી; આમ છતાં કોઈ કોઈ મનુષ્યો તેમની સાથે લડીને સફલતાથી બહાર આવ્યાના દાખલાઓ નોંધાયેલા છે.

જૈન સાઇટ JAINSITE.com નમામિ જ્યોતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેડકા વગેરે બીજા પણ ઘણા જલચર પ્રાણીઓ છે, પણ અહીં તો સંક્ષેપથી વર્ણન કરવાનું હોવાથી આટલા મુખ્ય ભેદો કહ્યા છે.

### મૂળ

**चउप्पय-उरपरिसप्पा भुयपरिसप्पा य थलयरा तिविहा ।**
**गो-सप्प-नउल-पमुहा बोधव्वा ते समासेणं ॥२१॥**

### સંસ્કૃત છાયા

चतुष्पदा उरपरिसर्पा भुजपरिसर्पाश्च स्थलचरास्त्रिविधाः ।
गो-सर्प-नकुल-प्रमुखा बोद्धव्यास्ते समासेन ॥ २१ ॥

### પદાર્થ

चउप्पय-ચતુષ્પદ, ચોપગાં.

चउप्पय અને उरपरिसप्प તે चउप्पय-उरपरिसप्पा. चउप्पय-ચતુષ્પદ, ચોપગાં. 'चतुर्भिः पदैश्चरणैश्चरन्ति गच्छन्ति ये ते चतुष्पदाः ।' જે ચાર પદો વડે-ચરણો વડે ચાલે છે, તે ચતુષ્પદ. લોકભાષામાં તેને ચોપગાં કહેવાય છે.

उरपरिसप्पा-ઉરઃપરિસર્પ, ઉર વડે ચાલનારા, પેટે ચાલનારા.

'उरसा परिसर्पन्ति ये ते उरःपरिसर्पाः ।

જે ઉર વડે ચાલે છે, તે ઉરઃપરિસર્પ. ઉર એટલે છાતી કે પેટ.

भुयपरिसप्पा-ભુજપરિસર્પ, ભુજ વડે ચાલનારા, હાથ વતી ચાલનારા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'भुजाभ्यां परिसर्पन्ति ये ते भुजपरिसर्पाः ।

જે ભુજાઓ વડે ચાલે તે ભુજપરિસર્પ. ભુજા એટલે હાથ.

य—અને

थलयरा—સ્થલચર.

तिविहा—ત્રણ પ્રકારના.

गो—ગાય.

गो અને सप्प અને नउल છે पमुह જેમાં તે गो-सप्प-नउल-पमुहा. गो—ગાય.

सप्प—સર્પ, સાપ.

नउल—નકુલ, નોળિયો.

पमुह—પ્રમુખ, વગેરે.

बोधव्वा—જાણવા.

ते—તે.

समासेण—સંક્ષેપ વડે, ટૂંકમાં.

## અન્વય

चउप्पय-उरपरिसप्पा भुयपरिसप्पा य तिविहा थलयरा, ते समासेण गो-सप-नउल-पमुहा बोधव्वा ॥

## ભાવાર્થ

સ્થલચર તિર્યંચો ત્રણ પ્રકારના છે : (૧) ચતુષ્પદ (૨) ઉરઃપરિસર્પ અને (૩) ભુજપરિસર્પ. તે અનુક્રમે ગાય, સાપ અને નોળિયા વગેરે જાણવા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિવેચન

પંચેન્દ્રિય જીવોનો એક વિભાગ તિર્યંચ તરીકે ઓળખાય છે. આ તિર્યંચ જીવોમાંના કેટલાકને જલચરની સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે, કેટલાકને સ્થલચરની સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે, તો કેટલાકને ખેચરની સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે. તેમાંથી જલચરની સંજ્ઞા પ્રાપ્ત કરનારા જીવોનો પરિચય અપાઈ ગયો. હવે સ્થલચરની સંજ્ઞા પ્રાપ્ત કરનાર જીવોનો પરિચય અપાય છે.

સ્થલચર જીવો એટલે ભૂમિ કે જમીન પર ફરનારા પશુઓ. તેમના વિવિધ અપેક્ષાએ વિવિધ પ્રકારો પડી શકે છે, પરંતુ અહીં તેમની ચાલવાની ક્રિયા પરથી ત્રણ પ્રકારો પાડવામાં આવ્યા છે: (૧) જે ચાર પગો વડે ચાલે છે, તે ચતુષ્પદ. (૨) જે ઉર વડે પરિસર્પણ કરે છે—ચાલે છે, તે ઉરઃપરિસર્પ અને (૩) જે ભુજા વડે પરિસર્પણ કરે છે—ચાલે છે. તે ભુજપરિસર્પ.

આ હરેક પ્રકારને ઓળખવા માટે તેના એક એક પ્રસિદ્ધ નામ આપવામાં આવ્યાં છે. જેમકે ચતુષ્પદ એટલે ગાય વગેરે. અહીં વગેરે શબ્દથી બળદ, ભેંસ, પાડા, ઘોડા, ગધેડા, ખચ્ચર, ઊંટ, બકરી, ઘેટાં, હાથી, સિંહ, વાઘ, દીપડા, શિયાળ, સસલાં, કૂતરા, બિલાડી અને એવાં જ બીજાં ચાર પગે ચાલનારાં પ્રાણીઓ સમજવાનાં છે. ઉરઃપરિસર્પ એટલે સાપ વગેરે. અહીં વગેરે શબ્દથી ચિત્તળ, ઘોણુસા, અજગર અને એવાં જ બીજાં પેટ વડે ચાલનારાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાણીઓ સમજવાનાં છે. ભુજપરિસર્પ એટલે નોળિયા વગેરે. અહીં વગેરે શબ્દથી ઉંદર, ગરોળી, કાકીડા (કાચંડા) અને એવાં જ બીજાં ભુજ વડે ચાલનારાં પ્રાણીઓ સમજવાનાં છે.

ચતુષ્પદ એટલે ચોપગાં પ્રાણી. વ્યવહારમાં તેના ગ્રામ્ય પશુ અને વનપશુ એવા બે વિભાગો કરવામાં આવે છે. તેમાં જે પશુઓ મનુષ્યો સાથે હળી ગયેલાં છે અને ગામ-ખેતર વગેરેમાં રહે છે, તે ગ્રામ્ય પશુ કહેવાય છે અને જે પશુઓ મનુષ્યોથી દૂર વનપ્રદેશમાં રહીને પોતાનું જીવન વ્યતીત કરે છે, તે વનપશુ કહેવાય છે.

ગ્રામ્ય પશુઓનો મોટો ભાગ પાળેલો હોય છે અને તે મનુષ્યોને એક યા બીજા પ્રકારનું કામ આપે છે. દાખલા તરીકે હાથી, ઘોડા, ઊંટ વગેરે સવારીના કામમાં આવે છે; બળદ, પાડા વગેરે ખેતીના કામમાં આવે છે; ગાય, ભેંસ બકરી વગેરે દૂધ દે છે; ગધેડાં, ખચ્ચર વગેરે ભાર ઊંચકે છે અને કૂતરાઓ ઘર, દુકાન, ખેતર કે જનાવરોનાં ટોળાંની ચોકી કરી ઉમદા સેવા બજાવે છે.

વાનરોને પાળવામાં આવે તો તેઓ પણ ચોકીદારનું કામ કરે છે તથા નાચ વગેરે શીખીને ધણીનું દિલ ખુશ કરે છે. વળી કેટલીક વાર તો તેઓ વફાદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

થોડાં વર્ષો પહેલાંની આ વાત છે કે જ્યારે મુંબઈ નજીક થાણા જિલ્લાના એક ગામડામાં એક મદારી વાનર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા બકરાને લઈને દાખલ થયો. તેણે વાનરને અનેક પ્રકારના ખેલો શીખવેલા હતા, તે જોઈને લોકો ઘણા ખુશ થયા અને તેમણે મદારી તરફ છૂટથી પૈસા ફેંક્યા. પરંતુ એ ગામના કેટલાક દુષ્ટ લોકોએ–બદમાશોએ મદારીને કહ્યું કે 'તું અમને આ વાંદરો વેચી દે.' ત્યારે મદારીએ કહ્યું કે 'એ તો મારી જીવાદોરી છે. તેને હું વેચી શકીશ નહિ.' આથી બદમાશો ક્રોધે ભરાયા અને ધમકી આપવા લાગ્યા કે 'કાલથી તું આ વાંદરાનો ખેલ કેવી રીતે કરે છે? તે અમે જોઈશું.' છતાં મદારીએ મચક આપી નહિ અને બદમાશો ત્યાંથી ચાલતા થયા.

હવે તે મદારી દિવસભર ખેલ–તમાશા બતાવીને સંધ્યા સમયે ગામ બહાર પોતાના મુકામે પાછો ફર્યો, ત્યારે પેલા બદમાશોએ તેને ઘેરી લીધો અને તેની પાસે જે કંઈ પૈસા–ટકા હતા, તે લૂંટી લઈને તેને મારી નાખ્યો તથા તેનું મડદું પાસેના જંગલમાં જઈને દાટી દીધું. પછી તેઓ બકરાને લઈ ચાલતા થયા. વાનર તેમની પકડમાં આવ્યો નહિ. એ તો બદમાશોએ મદારી પર હુમલો કર્યો, ત્યારે જ નાસી છૂટયો હતો અને એક વૃક્ષ પરથી બીજા વૃક્ષ પર કૂદતો જંગલમાં ભરાઈ પેઠો હતો. અહીં રહીને તેણે પોતાના ધણીનું મડદું દટાતા જોયું હતું.

પેલા બદમાશો બકરાને મારીને ખાઈ ગયા અને તેનું ચામડું છાપરા પર સૂકવ્યું. વળી મદારીને લૂંટતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે પૈસા મળ્યા હતા, તેનો ખૂબ દારૂ ઢીંચ્યો અને અમારો ગુનો કોઈએ જોયો નથી, એમ માનીને મસ્ત થઈને સૂતા.

બીજા દિવસે પેલો વાંદરો ગામમાં આવ્યો અને થાણેદારની કચેરીએ પહોંચ્યો. ત્યાં એવા ચેનચાળા કરવા લાગ્યો કે થાણેદારને તેમાં રહસ્ય લાગ્યું. છેવટે વાંદરાએ તેના પગ પકડયા અને ખેંચવા માંડયા. આથી થાણદાર સમજ્યો કે તે મને કોઈક સ્થળે લઈ જવા માગે છે, એટલે તેની પાછળ પાછળ ચાલ્યો. સાથે બે-ત્રણ સિપાઈઓ પણ ચાલ્યા.

અનુક્રમે વાંદરો તેમને જંગલના એ ભાગમાં લઈ આવ્યો કે જ્યાં બદમાશોએ મદારીની લાશ દાટી હતી. વાંદરાએ તેના પરની માટી હાથથી દૂર કરવા માંડી, એટલે સિપાઈઓ પણ તે કામે લાગ્યા અને તેમના આશ્ચર્યની વચ્ચે મદારીની લાશ નજરે પડી. પછી તેને બહાર કાઢીને તેઓ ગામમાં લઈ આવ્યા.

લાશની હાલત પરથી તેમને એ સમજતાં વાર ન લાગી કે આ ખૂન તાજેતરમાં જ થયું છે, પરંતુ તેના ગુનેગારોને શોધવાનું કામ સહેલું ન હતું. તેઓ ગંભીર વિચારમાં પડ્યા. પરંતુ આ વખતે પેલો વાનર તેમની મદદે આવ્યો. તે થાણદારના હાથ પકડીને પેલા બદમાશોના સ્થાન પર લઈ ગયો અને તેમને જોતાં જ તેમના પર કૂદી પડી બચકા ભરવા લાગ્યો. આથી થાણદાર તથા સિપાઈઓ સમજ્યા કે આ બદમાશોએ જ મદારીનું ખૂન

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્યું લાગે છે. પછી તેમણે ઘરની જપ્તી લીધી તો મદારીનાં કપડાં તથા કેટલીક વસ્તુઓ મળી આવી અને બકરાનું તાજું ચામડું છાપરા પર સૂકાતું જોયું. આથી તેમને ગિરફતાર કરી લીધા અને ખૂનના આરોપસર મુકદ્દમો ચલાવ્યો. આ કેસમાં પેલો વાનર જ મુખ્ય સાક્ષી રહ્યો, કારણ કે તેણે ખૂન થતું નજરે જોયું હતું.

જ્યારે ન્યાયાધીશે પૂછ્યું કે 'તું આ માણસોને ઓળખે છે?' ત્યારે વાનરે માથું ધૂણાવીને હા પાડી અને તે દરેકની પાસે જઈને તેમનાં કપડાં ખેંચ્યાં.

ફરી ન્યાયાધીશે પૂછ્યું કે 'શું આ માણસોએ મદારીનું ખૂન કર્યું છે?' ત્યારે પણ તેણે માથું ધુણાવીને હા પાડી અને કરુણાભરી ચિચિયારી કરવા લાગ્યો. બીજા સાક્ષીઓએ પણ બદમાશોની વિરુદ્ધમાં જુબાની આપી, આથી ન્યાયાધીશે ગુનો સાબીત માન્યો અને બધા બદમાશોને ફાંસીની શિક્ષા ફરમાવી.

મુકદ્દમો પૂરો થયા પછી આ વાંદરો એ જ ગામમાં રહેવા લાગ્યો અને છૂટથી હરવા–ફરવા લાગ્યો. બધા લોકો તેના પ્રત્યે માનની નજરે જોતા હતા અને તેની પાસેથી વફાદારીનો બોધપાઠ ગ્રહણ કરતા હતા.

કહેવાનું તાત્પર્ય એ છે કે ચોપગાં અબોલ પ્રાણીઓમાં પણ એવા કેટલાક ગુણો હોય છે કે તેમના પ્રત્યે આપણને માન ઉપજ્યા વિના રહે નહિ.

જૈન શાસ્ત્રોએ ચતુષ્પદના ચાર પ્રકારો માનેલા છે:

JAINSITE જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) **एगखुरा**–એક ખરીવાળાં. તે ઘોડા, ખચ્ચર, ગધેડા, ગોરક્ષર (ગધેડાની જાતિનું જંગલી જાનવર) વગેરે. (૨) **बिखुरा**–બે ખરીવાળાં. તે ઊંટ, બળદ, ગાય, રોઝ, બકરાં, પાડાં, ભેંસ, હરણ વગેરે. (૩) **गंडीपदा**–એરણ જેવા ગોળ પગવાળા. તે હાથી, ગેંડા વગેરે. (૪) **सणत्फया**–સન-ખપદા. લાંબા નહોરથી યુક્ત પદવાળા, તે સિંહ, વાઘ, તરસ, દીપડો, ચિત્તો, રીંછ, શિયાળ, બિલાડી, કૂતરો, વગેરે.

ઉર:પરિસર્પ એટલે પેટ વડે ચાલનારાં પ્રાણી. તેના શાસ્ત્રકારોએ ચાર પ્રકારો માન્યા છે : (૧) અહિ, (૨) અજગર (૩) આસાલિક અને (૪) મહોરગ.

અહિ એટલે સાપ. તેના પુનઃ બે પ્રકારો છે : (૧) દર્વીકર એટલે જે દર્વીનો-ફેણનો આટોપ કરી શકે છે અને (૨) મુકુલી એટલે જેઓ જરાતરા ખીલેલી કળીના જેવા મુખવાળા છે, અર્થાત્ ફેણરહિત હોવાથી તેનો આટોપ કરી શકતા નથી.

દર્વીકરના પુનઃ અનેક પ્રકારો છે. જેમકે-આશીવિષ, દૃષ્ટિવિષ, ઉગ્રવિષ, ભોગવિષ, ત્વગ્‌વિષ, લાલાવિષ, કૃષ્ણ-સર્પ, શ્વેતસર્પ વગેરે. જેની દાઢમાં વિષ-ઝેર હોય તે આશીવિષ; જેની દૃષ્ટિમાં વિષ હોય તે દૃષ્ટિવિષ; જેનું વિષ ભયંકર હોય તે ઉગ્રવિષ; જેના ભોગમાં-શરીરમાં વિષ હોય તે ભોગવિષ; જેની ત્વચામાં—ચામડીમાં વિષ હોય તે ત્વગ્‌વિષ; જેની લાલામાં-લાળમાં વિષ હોય તે લાલાવિષ; જે રંગે કાળો અને અતિ ઝેરી હોય તે કૃષ્ણસર્પ. આને

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોકભાષામાં કાળોતરો નાગ કહે છે. તેનું વિષ ઘણું કાતિલ હોય છે. તે મનુષ્ય કે પશુને દંશ દે તો થોડી જ ક્ષણોમાં તેના પ્રાણ નીકળી જાય છે. અંગ્રેજી ભાષામાં તેને કીંગ કોબરા (King Cobra) કહેવામાં આવે છે, કારણ કે તે બધા સાપોમાં આગળ પડતો છે. જેનો રંગ શ્વેત હોય તે શ્વેતસર્પ. આ સિવાય બીજા પણ અનેક પ્રકારો છે, તે અન્ય ગ્રન્થોથી જાણવા.

આજના પ્રાણીશાસ્ત્રીઓ જણાવે છે કે 'સાપની ૭૦૦ જાતિઓ છે. તેમાં ઝેરી અને ઝેર વિનાના એમ બે પ્રકારો હોય છે.'

સાપ એ પંચેન્દ્રિય પ્રાણી છે, એટલે તેને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ પાંચે ઈન્દ્રિયો હોય છે. આમાંની પહેલી ચાર તો પ્રકટ દેખાય છે અને પાંચમી ઇન્દ્રિય એટલે કાનના સ્થાને માત્ર મીંડા જેવી આકૃતિ હોય છે. આમ છતાં તેની શ્રવણશક્તિ ઘણી પટુ હોય છે અને તેથી જ તે મોરલી વગેરેનો નાદ સાંભળતાં ડોલવા લાગે છે.

મનુષ્ય તથા પશુ–પક્ષીઓને સામાન્ય રીતે એક જીભ હોય છે અને તે સ્વાદ લેવાનું તથા બોલવામાં મદદ કરવાનું કામ કરે છે, ત્યારે સાપને પાતળી દોરી જેવી બે જીભો હોય છે અને તે એના લબકારા વડે સૂક્ષ્મ જંતુઓને પકડી પોતાનો શિકાર મેળવી લેવાનું કામ કરે છે. સાપને 'પવનભુક્' કહેવામાં આવે છે, તેની પાછળ રહસ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અન્ય ખોરાકના અભાવે તે માત્ર પવનનું ભક્ષણ કરીને લાંબો કાળ નિર્ગમન કરી શકે છે.

સાપને પગ હોતા નથી, પણ તેના શરીરમાં હાડકાંની એવી રચના હોય છે કે તે ઝડપથી ઊંચાનીચા થઈ શકે છે અને તેના આધારે તે ગતિ કરી શકે છે. વળી વૃક્ષ, વાંસ કે મનુષ્યના શરીર વગેરેને તે ભરડો લઈ શકે છે અને એ જ હાલતમાં કેટલોક વખત પસાર કરી શકે છે. આરામના સમયમાં તે ગુંચળું વાળીને દરમાં કે કોઈ પ્રચ્છન્ન જગામાં પડયો રહે છે.×

અજગર તેની તોતીંગ કાયા માટે પ્રસિદ્ધ છે. તેનો રંગ લગભગ ચિત્તળ જેવો હોય છે અને તેમાં તપખીરિયા કે બદામી રંગના ધાબા હોય છે. તેની લંબાઈ વીસ ફુટથી માંડીને ચાલીસ-પીસ્તાલીસ ફુટ જેટલી હોય છે. આવા લાંબા અજગરો આપણે ત્યાં ખાનદેશના જંગલોમાંથી મળી આવે છે. તે મોટા ભાગે જંગલોમાં ખડક વગેરેવાળા ભાગમાં રહે છે અને સસલાં, હરણ વગેરે પશુઓનો પોતાની રીતે શિકાર કરીને તેના પર નિર્વાહ કરે છે. અજગરની આંખમાં એક પ્રકારની આકર્ષણશક્તિ હોય છે, એટલે તે કોઈ વૃક્ષની નીચે પડયો પડયો ઉપરની ડાળ પર રહેલાં પક્ષી પર થોડીવાર મીટ માંડે તો તે પક્ષી તરફડીને નીચું પડે

× હાલના વૈજ્ઞાનિકોની એવી માન્યતા છે કે સાપ માંસાહારી પ્રાણી છે અને તે દૂધ પીતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને તે એને પોતાના વિકસિત મુખમાં ઝીલી લઈને ગળી જાય છે.

અજગરના વિશેષ પ્રકારો શાસ્ત્રમાં નોંધાયેલા નથી અને અમારા જાણવામાં પણ આવ્યા નથી.

આસાલિક એ આપણા અનુભવમાં આવતું પ્રાણી નથી, કારણ કે અમુક વખતે જ જમીનની નીચે સંમૂર્છનથી ઉત્પન્ન થાય છે. ×આ પ્રાણી જન્મ વખતે તો માત્ર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે, પણ તે ઝડપથી પોતાની કાયાને વધારી બાર યોજન જેટલી લાંબી કરે છે. તેનું આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે, પણ તે મર્યા પછી ત્યાં એવડો મોટો ખાડો પડે છે કે ચક્રવર્તીની મહાન સેના પણ તેમાં ગરકાવ થઈ જાય અને તેનો પત્તો લાગે નહિ. ખાસ કરીને જ્યારે કોઈ નગરનો કે ચક્રવર્તી વગેરેની સેનાનો નાશ થવાનો હોય ત્યારે જ તે ઉત્પન્ન થાય છે.

મહોરગ પણ આપણા અનુભવમાં આવતું પ્રાણી નથી, કારણ કે તે અઢીદ્વીપની બહાર થાય છે કે જ્યાં મનુષ્યનો સંચાર નથી. આમ તો તે ઉરઃપરિસર્પ એટલે કે પેટ વડે ચાલતું પ્રાણી છે, પણ વિશિષ્ટ શક્તિને લીધે જલમાં પણ યથેચ્છ વિહાર કરી શકે છે. તે નાના મોટા અનેક કદનાં

× ચક્રવર્તીની સેનાનો પડાવ બાર યોજનમાં પથરાએલો હોય છે. તેના મળમૂત્રમાં આ પ્રાણી ઉત્પન્ન થાય છે. કેટલાક આચાર્યો આસાલિકને બેઈન્દ્રિય પ્રાણી માને છે.

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


હોય છે અને ઉત્કૃષ્ટતાએ તો એક હજાર યોજનની કાયા-વાળા પણ મળી આવે છે.

ભુજપરિસર્પ એટલે ભુજા વડે ચાલનારાં પ્રાણી. અહીં ભુજા શબ્દથી આગળના વધારે વિકસેલા બે પગો સમજવાના છે. આ જીવોને પાછળ બે પગો હોય છે, પણ તે એટલા વિકસેલા હોતા નથી, એટલે તેમની ગતિનો મુખ્ય આધાર આગળના બે પગો કે બે ભુજાઓ પર વિશેષ રહે છે. આ વર્ગમાં પણ અનેક પ્રાણીઓ આવે છે. જેમકે—નોળિયા, ઊંદર, કાકીડા, ચંદનઘો, પાટલાઘો, સાંઢા, ખીસકોલી વગેરે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

નોળિયાને આપણે સર્પના કટ્ટર દુશ્મન તરીકે ઓળખીએ છીએ, કારણ કે તે દ્વંદ્વયુદ્ધમાં સાપને હરાવી દે છે. આમ તો એ વગડાનું પ્રાણી છે, પણ કેટલાક મનુષ્યો તેને પાળે છે અને તેની પાસેથી અમુક પ્રકારનું કામ લે છે.

ઊંદર અતિ પ્રસિદ્ધ પ્રાણી છે. તે ગમે ત્યાં મૂકેલી વસ્તુને પણ ચોરીને ખાઈ જાય છે, એટલે મૂષક (ચોર) ની ખ્યાતિ પામેલ છે. જ્યારે તે ખેતરોમાં પડે છે, ત્યારે હજારોની સંખ્યામાં હોય છે અને તેથી ઊભા પાકનો સંહાર કરી નાખે છે. આ કારણે તેમની ગણના ઇતિમાં થાય છે. (ઈતિ એટલે સાત પ્રકારની આફત.) ઊંદરની અક્કલ જોવા માટે તાજેતરમાં અમેરિકા ખાતે કેટલાક પ્રયોગો કરવામાં આવ્યા હતા. તેમાં એ વાત નક્કી થઈ હતી કે ઊંદરમાં પણ અક્કલ હોય છે.




પંચેન્દ્રિય ખેચર પ્રાણીઓ : (૧) વૃક્ષ પર બેઠેલાં—રોમજ પક્ષી, (૨) ચર્મજ પક્ષી, (૩) બીડેલી પાંખવાળા પક્ષી, (૪) ઉઘાડી પાંખવાળા પક્ષી, (૫-૬-૭) રોમજ પક્ષી. પૃ. ૨૪૨ થી ૨૪૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




(૧) આ ભવમાં પરસ્ત્રીગમન કરનાર (૨) નરકમાં ઉત્પન્ન થઈ આ પ્રકારની વેદના ભોગવે છે. (૩) આ ભવમાં વેશ્યાગમન કરનારને (૪) નરકમાં આ પ્રકારની શિક્ષા થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તે પોતાનું કાર્ય સિદ્ધ કરવામાં તેનો ઠીક ઠીક ઉપયોગ કરે છે. દાખલા તરીકે એક શીશીમાં રહેલી શાહી તેમને પીવી હતી. તેમણે કોઇ પણ પ્રકારે એ શીશીનો બુચ ઉઘાડી નાખ્યો. હવે જો એ શીશીને આડી પાડી દે તો તેમાંની શાહી ઢોળાઇ જાય અને તે જોઈએ તેટલી શાહી પી શકે નહિ, આથી તેમણે એ શીશી પર બેસીને પોતાની પૂંછડી તેમાં દાખલ કરવા માંડી અને તેને બહાર કાઢીને તેના પરની શાહી ચાટવા લાગ્યા. આ રીતે તેમણે ઘણી શાહી પી લીધી.

ગરોળી આપણા ઘરોમાં ઘણીવાર જોવામાં આવે છે. કાકીડાને કાચંડા પણ કહેવાય છે. તે વર્ષા ઋતુના પ્રારંભમાં વિશેષ જોવામાં આવે છે. તેમની કાયા પરના રંગો પલટાતા રહે છે.

જૈન સાઈટ
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

ચંદનઘો મોટી ગરોળી જેવી હોય છે, જ્યારે પાટલાઘો પાટલા જેવી પહોળી અને લાંબી હોય છે. તે જંગલોમાં શાકભાજીના વાડા વગેરેમાં જોવામાં આવે છે. મલાયાના જંગલોમાં ૩૫ ફુટ મોટી ઘો થાય છે કે જેને 'જંગલની ડાકણ' તરીકે ઓળખવામાં આવે છે.

સાંઢા કાકીડાને મળતા હોય છે, પણ તે દર કરીને જમીનમાં રહે છે.

ખીસકોલી મોટા ભાગે વૃક્ષ પર રહે છે અને પાંદડાં વગેરે પર પોતાનો નિર્વાહ કરે છે.

આ ઉપરાંત બીજા પણ અનેક પ્રાણીઓને આ વર્ગમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂકી શકાય તેમ છે, પણ સ્થલસંકોચને લીધે તેનું વર્ણન કરતા નથી.

**મૂળ**

खयरा रोमय-पक्खी चम्मय-पक्खी पायडा चेव ।
नरलोगाओ बाहिं समुग्ग-पक्खी वियय-पक्खी ॥२२॥

**સંસ્કૃત છાયા**

खचरा रोमजपक्षिणश्च चर्मपक्षिणश्च प्रकटाश्चैव ।
नरलोकाद् बहिः समुद्गपक्षिणो विततपक्षिण: ॥२२॥

**પદાર્થ**

खयरा--ખેચરો, પક્ષીઓ.
रोमय-पक्खी-રોમજ પક્ષી.

'रोमभिर्जाता ये पक्षाते सन्त्येषामिति रोमजपक्षिण: शुक-हंस-सारसादय:।' રોમવડે બનેલી છે જે પાંખો, તે જેમને હોય તે રોમજ પક્ષી. જેમકે પોપટ, હંસ, સારસ વગેરે. રોમ એટલે રૂંવાટી. જેના પર ઝીણી રૂંવાટી હોય તે પાંખને રોમજ પાંખ કહેવાય. આવી પાંખને ધારણ કરનારાઓને રોમજ પક્ષી સમજવા. પોપટ, હંસ, સારસ વગેરે આ વર્ગના પક્ષીઓ છે.

चम्मय पक्खी-ચર્મજ પક્ષી.

'चर्मणो जाता ये पक्षास्ते सन्त्येषामिति चर्मजपक्षिण: वाल्गुली-चर्मचटिकादय: ।' ચામડાથી બનેલી છે જે પાંખો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે જેમને હોય તે ચર્મજ પક્ષી. જેમ કે વાગોળ, ચામાચિડિયાં વગેરે.

य—અને

पायडा—પ્રકટ, જાણીતા.

चेव—નિશ્ચય.

नरलोगाओ—નરલોકથી, મનુષ્યક્ષેત્રથી. જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અર્ધો પુષ્કરાવર્ત દ્વીપ એ અઢી દ્વીપને નરલોક કે મનુષ્યક્ષેત્ર કહેવાય છે, કારણ કે મનુષ્યનાં જન્મ-મરણ આ ક્ષેત્રમાં જ હોય છે. જંબુદ્વીપ ફરતો લવણ સમુદ્ર છે અને ધાતકી ખંડ ફરતો કાલોદધિ સમુદ્ર છે. આ બંને સમુદ્રો અઢી દ્વીપની અંદર જ સમજવા.

बाहिं—બહાર.

समुग्ग—पक्खी—સમુદ્ગ પક્ષી, બીડાયેલી પાંખવાળા પક્ષી.

'तत्र समूद्गवत् संपुटीभूता मिलिताः पक्षाः सन्त्येषामिति आद्याः ।' તેમાં સમુદ્ગ એટલે દાબડાની જેમ સંપુટ રૂપ મળેલી પાંખો જેમને હોય, તે પહેલા પ્રકારના સમજવા. તાત્પર્ય કે જેમની પાંખો પહોળી ન થાય તેમને સમુદ્ગ પક્ષી સમજવા.

वियय—पक्खी—વિતત પક્ષી, પહોળી કરેલી પાંખવાળા પક્ષી.

'विततौ विस्तीर्णौ एव पक्षाः सन्त्येषामिति द्वितीयाः ।

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિતત એટલે વિસ્તારવાળી પાંખો જેમને હોય, તે બીજા પ્રકારના સમજવા. સામાન્ય રીતે પક્ષીઓ ઊડે ત્યારે તેમની પાંખો વિસ્તીર્ણ-વિસ્તારવાળી થાય, પરંતુ જ્યારે તે જમીન કે વૃક્ષ વગેરે પર બેસે ત્યારે એ પાંખો બીડાઈ જાય છે. પરંતુ કેટલાક પક્ષીઓ એવા હોય છે કે જે નીચે બેસવા છતાં તેમની પાંખો પહોળી જ રહે છે, ઉઘાડી જ રહે છે. આવા પક્ષીઓને બીજા પ્રકારના એટલે વિતત પક્ષીઓ સમજવા.

**અન્વય**

**रोमय-पक्खी य चम्मय-पक्खी खयरा पायडा चेव ।**
**नरलोगाओ बाहिं समुग्ग-पक्खी वियय-पक्खी ।**

**ભાવાર્થ**

પક્ષીઓ બે પ્રકારના છે : (૧) રોમજ પક્ષી અને (૨) ચર્મજ પક્ષી. આ બંને પ્રકારો જાણીતા છે. મનુષ્ય-ક્ષેત્રની બહાર બીડાયેલી પાંખવાળા તથા સતત ઉઘાડી રહેલી પાંખવાળા પક્ષીઓ હોય છે.

## વિવેચન

જલચર અને સ્થલચરના વર્ણનમાં પશુઓનો પરિચય પૂરો થયો. હવે ખેચરવર્ગમાં પક્ષીઓનો પરિચય આપે છે.

જે પંચેન્દ્રિય પ્રાણીઓ પક્ષ એટલે પાંખથી યુક્ત છે અને તે કારણે એટલે આકાશમાં દૂર સુધી ઉડવાની શક્તિ ધરાવે છે, તેમને આપણે પક્ષીઓ કહીએ છીએ. અપેઠી, તીડ, કુંતાં, પતંગિયા વગેરેને પાંખો હોય છે,

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તે પંચેન્દ્રિય પ્રાણીઓ નથી, તેમજ આકાશમાં દૂર સુધી ઉડવાની શક્તિ ધરાવતા નથી, એટલે તેમને આપણે પક્ષી કહેતા નથી. તેમનો સમાવેશ વિકલેન્દ્રિય જીવો એટલે જંતુ અને કીડામાં કરીએ છીએ.

પશુઓની જેમ પક્ષીઓ પણ વિવિધ પ્રકારના હોય છે અને અપેક્ષાવિશેષથી તેમના અનેક પ્રકારો પડી શકે છે, પરંતુ અહીં પાંખના પ્રકારો પરથી જ તેમના બે પ્રકારો પાડવામાં આવ્યા છે, જે સમજવામાં ઘણા સહેલા છે અને તેથી સામાન્ય મનુષ્યો પણ તેને તરત ઓળખી શકે છે. તેમાંના પહેલા પ્રકારને રોમજ પક્ષી કહ્યા છે, કારણ કે તેમની પાંખો રોમની-રૂંવાટીની બનેલી હોય છે; અને બીજા પ્રકારને ચર્મજ પક્ષી કહ્યા છે, કારણકે તેમની પાંખો ચામડાંની બનેલી હોય છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

પ્રથમ પ્રકારમાં અનેક પક્ષીઓનો સમાવેશ થાય છે. જેમકે—કાગડા, કબૂતર, હોલાં, ચકલાં, કાબર, મેના, પોપટ, કોયલ, બુલબુલ, કાકાકૌઆ, મોર, કૂકડા, ગીધ, સમળી, બાજ, ગરુડ, તેતર, નીલકંઠ, બતક, બગલા, હંસ, સારસ વગેરે. આમાંના કેટલાંક પક્ષીઓ પોતાના મનોહર રંગથી, તો કેટલાંક અતિ સુંવાળાં સુંદર પીંછાથી, કેટલાંક પક્ષીઓ પોતાના કંઠથી, તો કેટલાક મધુર બોલથી આપણા મનનું આકર્ષણ કરે છે. તેમાંનો કેટલોક ભાગ વૃક્ષ પર રહે છે, તો કેટલોક ભાગ જલાશયના કિનારે કે જળમાં પણ રહે છે. વળી કેટલોક ભાગ ગાઢ જંગલોમાં રહેવાનું પસંદ કરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, તો કેટલોક ભાગ ખડક વગેરેમાં પોતાના માળા બાંધીને રહેવાનું પસંદ કરે છે.

અહીં તેમની કેટલીક વિશેષતાની નોંધ કરવી ઠીક પડશે. ન્યુઝીલાંડના કિવિ પક્ષીઓને પાંખ હોતી નથી, પીછાં હોય છે. હોનોલુલુમાં કૂકડાની જાતનું એક પક્ષી થાય છે, તે ઉડી શકતું નથી. હવાઈ બેટમાં થતા પક્ષીઓને સ્વર હોતો નથી. પેંગુઈન પક્ષીમાં ચાલવાની તથા તરવાની શક્તિ છે, પણ ઉડવાની શક્તિ નથી. કરહુ પક્ષી મહાગતિવાળું હોય છે. ભારતમાં હરજી નામનું પક્ષી થાય છે, તે માત્ર અંગૂઠાના કદનું હોય છે, પણ સાપ કે વાંદરાથી પોતાનો બચાવ બહુ યુક્તિપૂર્વક કરે છે. હિંદીમહાસાગરમાં એવા પક્ષીઓ થાય છે કે જે આગીઆ કીડાઓને એકઠા કરી પોતાના માળામાં અજવાળું રાખે છે. સુઘરીની માળો બનાવવાની આવડત પ્રશંસાપાત્ર છે. સંદેશા માટેના કબૂતરો બહુ ઝડપથી ઉડે છે. સામાન્ય રીતે તેમની ગતિ એક કલાકના ૧૪૦ માઈલ જેટલી હોય છે અને વિશેષતાથી જોઇએ તો ૫૦૦ કે ૬૦૦ માઈલ ઉપરાંત ગતિ કર્યાના દાખલાઓ નોંધાયેલા છે. રોમજ પક્ષીને લોમપક્ષી પણ કહે છે.

બીજા પ્રકારમાં વાગોળ કે વડવાગોળ, ચામાચીડિયાં, ભારંડ, જીવંજીવ, સમુદ્રવાયસ વગેરેનો સમાવેશ થાય છે. તેમાંથી વડવાગોળ આપણા જોવામાં અનેક વાર આવે છે. કોઈ વૃક્ષની ડાળે તે ઊંધા મસ્તકે લટકેલી હોય છે.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ તે એકલી ભાગ્યે જ હોય છે. જ્યાં લટકે છે, ત્યાં મોટા સમૂહમાં લટકે છે.

ચામાચીડિયા મોટા ભાગે અવાવરૂ કે અંધારા ઘર, ભોંયરા વગેરેમાં વિશેષ જોવામાં આવે છે. તેમની ચીસ એટલી તીણી હોય છે કે આપણા કાન તેને પકડી શકતા નથી.

ભારંડ પક્ષીનાં વર્ણન શાસ્ત્રોમાં જોવામાં આવે છે. તે ઘણા જ મોટા કદના હોય છે અને મનુષ્ય તેના પગ પકડી લે તો તે સહેલાઈથી ઊડી શકે છે. વળી અપ્રમત્તતાની બાબતમાં તેમનું દૃષ્ટાંત અપાય છે, એટલે તે ઘણો વખત જાગૃત અવસ્થામાં જ રહેતાં હશે, એમ લાગે છે. બે જીવ બે શરીર, પણ એક મોઢું અને ભિન્ન ઈચ્છાએ મરણ, એ એની વિશેષતા છે.

જીવંજીવ અને સમુદ્રવાયસનો વિશેષ પરિચય મળતો નથી. પ્રજ્ઞાપનાસૂત્રમાં ચામડાની પાંખવાળા બીજા પણ કેટલાક પક્ષીઓનાં નામ આપેલાં છે, તે ગુરુગમથી જાણી લેવાં.

મનુષ્યલોક એટલે અઢી દ્વીપની બહાર પણ અસંખ્ય દ્વીપ–સમુદ્રો આવેલાં છે. તેમાં ઉપર જણાવેલાં પક્ષીઓ ઉપરાંત બીજી બે જાતના પક્ષીઓ થાય છે. તેમાંના એક આકાશમાં ઉડી શકે છે, પણ તેમની પાંખો ખુલતી નથી, એટલે કે તે સતત બીડાયેલી જ રહે છે, જ્યારે બીજા આકાશમાં ઉડતા હોય કે નીચા બેઠા હોય ત્યારે પણ તેમની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંખો પહોળી જ રહે છે, એટલે કે બીડાતી નથી. આમાંના પહેલા પ્રકારને સમુદ્ગપક્ષી અને બીજા પ્રકારને વિતત પક્ષીની સંજ્ઞા આપવામાં આવેલી છે.

સામાન્ય રીતે આપણી ગતિ મનુષ્યક્ષેત્રની બહાર થતી નથી, એટલે આ પક્ષીઓ આપણા જોવામાં આવતા નથી, પરંતુ જ્ઞાનીઓના કથન પરથી આપણે તેમનું સ્વરૂપ સમજી શકીએ છીએ.

JAINSITE.com
जैन साईट
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ १४ ]

## તિર્યંચ જીવોની ઉત્પત્તિ

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

### મૂળ

सव्वे जल-थल-खयरा संमुच्छिमा गब्भया दुहा हुंति ।

### સંસ્કૃત છાયા

सर्वे जल-स्थल-खचराः संमूर्च्छिमा गर्भजा द्विधा भवन्ति ॥

### પદાર્થ

सव्वे-સર્વે.

जल-थल-खयरा-જલચરો, સ્થલચરો અને ખેચરો.

संमुच्छिमा-સંમૂર્ચ્છિમ.

જેમનો જન્મ સંમૂર્ચ્છનથી થાય, તે સંમૂર્ચ્છિમ કહેવાય. સંમૂર્ચ્છન એટલે શરીરના અવયવોનું સર્વ બાજુથી નિર્માણ થવું. અહીં સમ્ ઉપસર્ગ સમન્તાત્‌નો ભાવ સૂચવે છે અને મૂર્ચ્છન શબ્દથી અવયવોની રચના અભિપ્રેત છે. તે અંગે તત્ત્વાર્થરાજવાર્તિકમાં કહ્યું છે કે 'त्रिषु-लोके-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

षूर्ध्वमधस्तिर्यक् च देहस्य समन्ततो मूर्च्छनम्—अवयवप्रकल्पनं संमूर्च्छनम्।' અર્થાત્ ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્ લોક એમ ત્રિવિધ લોકને વિષે બધી બાજુથી અવયવોની રચના થવી, એ સંમૂર્ચ્છનક્રિયા છે.'

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે સંમૂર્ચ્છન જન્મમાં માતાપિતાના સંયોગની અપેક્ષા રહેતી નથી. એ તો પુદ્ગલોના વિશિષ્ટ સંયોજનથી જ થાય છે. દાખલા તરીકે અમુક પ્રકારનું ચૂર્ણ પાણીમાં નાખીએ તો તરત જ માછલાં કે દેડકાં થાય છે, અથવા કેરાંના પાણી વગેરે પર છાણાં થપાતાં જ તેમાં વીંછીની ઉત્પત્તિ થાય છે; અથવા વરસાદનું પાણી પડતાં જ થોડી વારમાં અળસિયાં વગેરે ઉત્પન્ન થાય છે.

गब्भया—ગર્ભજ, ગર્ભથી જન્મેલા.

'गर्भाज्जाता गर्भजाः।' ગર્ભથી ઉત્પન્ન થયેલ તે ગર્ભજ. ગર્ભ કોને કહેવાય? તેનું સ્પષ્ટીકરણ શાસ્ત્રમાં આ પ્રકારે થયેલું છે: 'यत्र शुक्रशोणितयोर्गरणं मिश्रणं भवति स गर्भः।' જ્યાં શુક્ર એટલે વીર્ય અને શોણિત એટલે માતાના લોહીનું ગરણ અર્થાત્ મિશ્રણ થાય, તે ગર્ભ.' તેનું સ્થાન માતાના ઉદરમાં હોય છે.

दुहा—બે પ્રકારના.

हुंति—હોય છે.

### અન્વય

ગાથાના મૂળ શબ્દો પ્રમાણે સમજવો.

JAINSITE.com जैन शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ભાવાર્થ**

સર્વે જલચર, સ્થલચર અને ખેચર તિર્યંચો સંમૂર્ચ્છિમ અને ગર્ભજ એમ બે પ્રકારના હોય છે.

**વિવેચન**

વીશમી, એકવીશમી અને બાવીશમી ગાથાના સ્વરૂપ પરત્વે તિર્યંચ જીવોના ભેદોપભેદો કહ્યા. હવે ત્રેવીશમી ગાથાના પૂર્વાર્ધમાં જન્મ પરત્વે તેમના ભેદો કહે છે.

જન્મ પરત્વે સર્વે તિર્યંચ જીવો એટલે જલચર, સ્થલચર અને ખેચરો બે પ્રકારના હોય છે: એક સંમૂર્ચ્છિમ અને બીજા ગર્ભજ. તેમાં જેમનો જન્મ સંમૂર્ચ્છન-ક્રિયાથી થાય છે, તેમને સંમૂર્ચ્છિમ કહેવાય છે અને ગર્ભધારણની ક્રિયા વડે થાય છે, તેમને ગર્ભજ કહેવાય છે.

અહીં સ્વાભાવિક જ પ્રશ્ન થશે કે 'સંમૂર્ચ્છનક્રિયા કોને કહેવાય ?' તેનો ઉત્તર એ છે કે 'ઉત્પત્તિને યોગ્ય સંયોગો પ્રાપ્ત થતાં જ દેહના સર્વ અવયવોનું બધી બાજુથી નિર્માણ થઈ જવું, એ સંમૂર્ચ્છનની ક્રિયા છે.'

ગર્ભધારણ વિષે પણ આવો જ પ્રશ્ન થવાનો. તેનો ઉત્તર એ છે કે 'માતા-પિતાના સંયોગથી શોણિત અને શુક્રનું ગરણ થવું-મિશ્રણ થવું, એ ગર્ભધારણની ક્રિયા છે.'

અહીં એ જાણવું જરૂરી છે કે નીચલા સ્તરના સર્વ જીવો કે જે સામાન્ય રીતે તિર્યંચ કહેવાય છે, તે બધા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ સંમૂર્ચ્છિમ હોય છે. અન્ય શબ્દોમાં કહીએ તો સર્વે સ્થાવર જીવો અને સર્વે વિકલેન્દ્રિય જીવો એટલે કે એક ઇન્દ્રિયથી માંડીને ચાર ઇન્દ્રિય સુધીના જીવો સંમૂર્ચ્છન ક્રિયાથી જ જન્મે છે. તેમાં એકેન્દ્રિય અને દ્વીન્દ્રિય જીવોને ઉત્પન્ન થવા માટે સ્વજાતિના મલ વગેરેની અપેક્ષા રહેતી નથી. એ તો ઉત્પત્તિને યોગ્ય સંયોગો મળતાં જ સ્વજાતિની આસપાસ ઉત્પન્ન થઇ જાય છે, જ્યારે ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવો ઉત્પત્તિને યોગ્ય સંયોગો મળતાં સ્વજાતિના મલ, લાળ, પુરીષ વગેરેમાં ઉત્પન થાય છે.

પંચેન્દ્રિય તિર્યંચોમાં મત્સ્ય વગેરે જલચર પ્રાણીઓ સંમૂર્ચ્છિમ અને ગર્ભજ એમ બંને પ્રકારના હોય છે. સ્થલચરોમાં ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પ પણ પ્રાયઃ બંને પ્રકારના હોય છે, જ્યારે ચતુષ્પદમાં સંમૂર્ચ્છિમ કોઇક જ વાર ઉત્પન્ન થાય છે. ખેચરોમાં ઇતિ વગેરે કારણે શુક, હહિક અને ખંજરીટ વગેરેની ઉત્પત્તિ સંમૂર્ચ્છિમ ક્રિયાથી થાય છે અને સામાન્ય સંયોગોમાં તો બધાં ખેચરો ગર્ભધારણની ક્રિયાથી જ જન્મે છે કે જેને માટે 'અંડજ' સંજ્ઞા પ્રસિદ્ધ છે.

અહીં એ સ્પષ્ટતા આવશ્યક છે કે ગર્ભજ જીવો પણ ત્રણ પ્રકારના હોય છે: (૧) અંડજ એટલે ઇંડારૂપે જન્મતા. ઇંડાનું કેટલોક વખત સેવન થયા પછી તેમાંથી બચ્ચાં નીકળે છે. (૨) જરાયુજ એટલે ઓરમાં વીંટળાઇને જન્મતા. ગાય, ભેંસ, બકરી વગેરેનો જન્મ આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારે થાય છે. અને (૩) પોતજ એટલે સીધા બચ્ચારૂપે જન્મતા. હાથી વગેરેનો જન્મ આ પ્રકારે થાય છે.

સંમૂર્ચ્છિમ અને ગર્ભજ બંને પ્રકારના પ્રાણીઓ અપર્યાપ્ત અને પર્યાપ્ત હોય છે; એટલે પંચેન્દ્રિય તિર્યંચના કુલ ૨૦ ભેદોની ગણના નીચે મુજબ થાય છે:—

જલચરના સંમૂર્ચ્છિમ અને ગર્ભજ એ બે ભેદ. તે દરેક અપર્યાપ્ત અને પર્યાપ્ત એટલે કુલ ચાર ભેદ.

સ્થલચરના ચતુષ્પદ, ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પ એ ત્રણ ભેદ. તે દરેકના સંમૂર્ચ્છિમ અને ગર્ભજ એટલે ૬ ભેદ અને તે દરેકના અપર્યાપ્ત અને પર્યાપ્ત, એટલે કુલ બાર ભેદ.

ખેચરના સંમૂર્ચ્છિમ અને ગર્ભજ એ બે ભેદ. તે દરેકના અપર્યાપ્ત અને પર્યાપ્ત એટલે કુલ ચાર ભેદ.

આ રીતે ૪ + ૧૨ + ૪ મળી કુલ ૨૦ ભેદો થાય છે.

૨૨ સ્થાવરના, ૬ વિકલેન્દ્રિયના અને ૨૦ તિર્યંચ પંચેન્દ્રિયના મળી તિર્યંચના ૪૮ ભેદો ગણાય છે.

આ પ્રકરણ પૂરું કરતાં એ પણ જણાવી દઈએ કે બધા સંમૂર્ચ્છિમ જીવો નપુંસક હોય છે અને ગર્ભજમાં સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એમ ત્રણ પ્રકારો હોય છે.

卐

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## [ ૧૫ ]

## મનુષ્યો

### મૂળ

**कम्माकम्मगभूमि-अंतरदीवा मणुस्सा य ॥ २३ ॥**

### સંસ્કૃત છાયા

**कर्माकर्मभूम्यन्तरद्वीपा मनुष्याश्च ॥ २३ ॥**

जैन साइट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

### પદાર્થ

**कम्माकम्मगभूमि**–કર્મભૂમિ અને અકર્મભૂમિ, તેમાં જન્મેલા.

कम्मभूमि અને अकम्मगभूमि તે कम्माकम्मगभूमि. તેની સાથે અંતરદીવ પદ જોડતાં कम्माकम्मगभूमि-अंतरदीवा એવું સામાસિક પદ બને છે.

कम्मगभूमि–કર્મભૂમિ. અહીં કર્મ શબ્દથી અસિ, મષી અને કૃષિને લગતો વ્યવહાર સમજવાનો છે. અસિને લગતો વ્યવહાર એટલે તલવાર વગેરે વિવિધ પ્રકારના હથિયારો બનાવવા અને તેનો રક્ષણ, યુદ્ધ વગેરે માટે ઉપયોગ કરવો. મષીને લગતો વ્યવહાર એટલે શાહી બનાવવી અને તેના વડે લિપિ તથા અંકો લખવા. અને

કૃષિને લગતો વ્યવહાર એટલે ઢોરોને પાળવા, તેનો ખેતીમાં ઉપયોગ કરવો તથા ધાન્યાદિ જે વસ્તુઓ વેચવા જેવી હોય તેનું વેચાણ કરવું વગેરે. અહીં કર્મ શબ્દથી શ્રુત અને ચારિત્રરૂપ મોક્ષાનુષ્ઠાન પણ ગ્રહણ કરવું, એવો શાસ્ત્રકારોનો અભિપ્રાય છે. 'कर्म कृषिवाणिज्यादि मोक्षानुष्ठानं श्रुतचारित्ररूपं वा।' તાત્પર્ય કે જે ભૂમિના મનુષ્યો ખેતીવાડી, ગોપાલન, વ્યાપાર તથા વિવિધ પ્રકારના ઉદ્યોગ–ધંધાઓ વડે પોતાની આજીવિકા ચલાવે છે તથા મોક્ષમાર્ગનું રહસ્ય સમજીને તેની પ્રાપ્તિ માટે વિવિધ પ્રકારની ધાર્મિક પ્રવૃત્તિઓ કરે છે, તેને કર્મભૂમિ કહેવાય છે.

તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બળદેવો વગેરે શલાકાપુરુષો કર્મભૂમિમાં જ જન્મે છે અને સાધુ–સંતોનો યોગ પણ કર્મભૂમિમાં જ થાય છે. વળી જિનેશ્વર ભગવાનની મૂર્તિઓ, મંદિરો અને તીર્થો જે ભવસાગર તરવાનાં મહાન સાધન ગણાય છે, તે પણ આ ભૂમિમાં જ નિર્માણ થાય છે. વિશેષ શું ? મોક્ષગમનની ક્રિયા પણ આ ભૂમિમાંથી જ થાય છે.

અઢીદ્વીપમાં આવી કર્મભૂમિઓ પંદર છે. તે આ રીતે :

| | ભરત | ઐરવત | મહાવિદેહ | |
|---|---|---|---|---|
| જંબૂદ્વીપ | ૧ | ૧ | ૧ | |
| ધાતકીખંડ | ૨ | ૨ | ૨ | |
| અર્ધપુષ્કરવર દ્વીપ | ૨ | ૨ | ૨ | |
| | ૫ | ૫ | ૫ | કુલ ૧૫ |

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अकम्मगभूमि—અકર્મભૂમિ. અહીં अ પ્રત્યય નિષેધવાચી છે, એટલે જે ભૂમિમાં ઉપર જણાવ્યું તે પ્રકારનું કર્મ વિદ્યમાન નથી, પણ માત્ર યુગલિયા ધર્મ પ્રવર્તે છે, તેને અકર્મભૂમિ કહેવાય છે.

અઢીદ્વીપમાં આવી અકર્મભૂમિઓ ત્રીશ છે. તે આ રીતે :

| | હૈમવત | હૈરણ્યવત | હરિવર્ષ | રમ્યકૃવર્ષ | દેવકુરુ | ઉત્તરકુરુ |
|---|---|---|---|---|---|---|
| જં | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ધા. | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |
| અર્ધપુષ્ક. | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |
| | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ કુલ ૩૦ |

અહીં કર્મભૂમિ અને અકર્મભૂમિનો ઉલ્લેખ જન્મક્ષેત્ર તરીકે થયેલો છે, એટલે કર્મભૂમિ અને અકર્મભૂમિમાં જન્મેલા એમ સમજવાનું છે. अंतरदीवा—અંતરદ્વીપમાં જન્મેલા.

अंतरदीव—અંતરદ્વીપ. જંબૂદ્વીપમાં હિમવંત અને શિખરી પર્વતની બંને બાજુએથી ગજદંત સમી જે બબ્બે દાઢાઓ નીકળીને લવણસમુદ્રમાં ગયેલી છે, તે દરેક પર સાત સાત દ્વીપો આવેલા છે, તેને અંતરદ્વીપ કહેવાય છે. હિમવંત પર્વતની બે બાજુથી બે દાઢાઓ નીકળે અને તે દરેક પર સાત સાત અંતરદ્વીપો હોય, એટલે કુલ ૨૮ અંતરદ્વીપો થાય. શિખરી પર્વતનું

जैन साईट JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ એમ જ સમજવું. આ રીતે અંતરદ્વીપની કુલ સંખ્યા ૫૬ થાય છે.

આ અંતરદ્વીપમાં રહેનારા મનુષ્યો અકર્મભૂમિના મનુષ્યો જેવા જ, એટલે કે યુગલિયા હોય છે.

અહીં અંતરદ્વીપનો ઉલ્લેખ જન્મક્ષેત્ર તરીકે થયેલો છે, એટલે અંતરદ્વીવ શબ્દથી અંતરદ્વીપમાં જન્મેલા એમ સમજવાનું છે.

मणुस्सा–મનુષ્યો.

य–

આ પદ અહીં પાદપૂર્તિ કરવા માટે મૂકાયેલું છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

### અન્વય

मणुस्सा कम्माकम्मगभूमि–अंतरदीवा य ।

### ભાવાર્થ

મનુષ્યો મુખ્યત્વે ત્રણ પ્રકારના છે: (૧) કર્મભૂમિમાં જન્મેલા, (૨) અકર્મભૂમિમાં જન્મેલા અને (૩) અંતરદ્વીપમાં જન્મેલા.

### વિવેચન

પંચેન્દ્રિય જીવોના મુખ્ય ચાર ભેદો પૈકી નારક અને તિર્યંચના ભેદો કહ્યા. હવે ક્રમપ્રાપ્ત મનુષ્યના ભેદો કહે છે.

મનુષ્ય એ પંચેન્દ્રિય પ્રાણી છે, કારણ કે તેને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ પાંચ ઇન્દ્રિયો હોય છે અને તેના વડે તે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવિધ વસ્તુઓને સ્પર્શી શકે છે, વિવિધ વસ્તુઓનો સ્વાદ ચાખી શકે છે, વિવિધ વસ્તુઓની ગંધ પારખી શકે છે, વિવિધ વસ્તુઓને જોઈ-નિરખી શકે છે અને વિવિધ પ્રકારના શબ્દ-ધ્વનિ-અવાજ સાંભળી શકે છે.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે 'એક મનુષ્ય આંધળો અથવા બહેરો હોય તો શું તેને પંચેન્દ્રિય કહી શકાય ખરો ?' તેનો ઉત્તર એ છે કે 'હા, તેને પણ પંચેન્દ્રિય જ કહેવાય, કારણ કે તેને પાંચે ઈન્દ્રિયો હોય છે. શું તેને આંખના ઠેકાણે આંખ અને કાનના ઠેકાણે કાન નથી? શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો તેને નિર્વૃત્તિ અને ઉપકરણ એ બંને પ્રકારની બાહ્ય ઈન્દ્રિયો પૂરેપૂરી હોય છે, પરંતુ તેની ઉપકરણેન્દ્રિયમાં કંઈક ખામી હોવાથી તે જોવાની કે સાંભળવાની ક્રિયા કરી શકતો નથી. જો કોઈ ઉપાય-વિશેષથી આ ખામી દૂર થાય તો તે જોઈ કે સાંભળી શકે છે. તાત્પર્ય કે એક મનુષ્ય આંધળો હોય કે બહેરો હોય તેટલા માત્રથી તેને 'ચતુરિન્દ્રિય' કહી શકાતો નથી; તેની ગણના પંચેન્દ્રિય પ્રાણીમાં જ થાય છે.'

પ્રજ્ઞાપના સૂત્રમાં પ્રશ્ન છે કે 'મનુષ્યો કેટલા પ્રકારના કહ્યા છે ?' તેના ઉત્તરમાં જણાવ્યું છે કે 'મનુષ્યો બે પ્રકારના કહ્યા છે. જેમ કે-સંમૂર્ચ્છિમ મનુષ્ય અને ગર્ભજ મનુષ્યો.'

ત્યાં વિશેષ પ્રશ્ન કર્યો છે કે 'હે ભગવંત ! સંમૂર્ચ્છિમ મનુષ્યો ક્યાં ઉત્પન્ન થાય છે ?' તેના ઉત્તરમાં જણાવ્યું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે કે 'હે ગૌતમ! પીસ્તાલીશ લાખ યોજનપ્રમાણ મનુષ્યક્ષેત્રમાં, અઢી દ્વીપ અને સમુદ્રોમાં, પંદર કર્મભૂમિમાં, ત્રીશ અકર્મભૂમિમાં તથા છપ્પન અંતરદ્વીપોમાં ગર્ભજ મનુષ્યના જ (૧) વિષ્ટામાં, (૨) મૂત્રમાં, (૩) કફમાં (બળખામાં), (૪) નાસિકાના મેલમાં, (૫) વમનમાં (૬) પિત્તમાં, (૭) પરૂમાં, (૮) લોહીમાં, (૯) વીર્યમાં, (૧૦) વીર્યના સૂકાઈ ગયેલાં પુદ્‌ગલો ભીના થાય તેમાં, (૧૧) જીવરહિત કલેવરમાં, (૧૨) સ્ત્રી–પુરુષના સંયોગમાં, (૧૩) નગરની ખાળમાં અને (૧૪) સર્વ અશુચિનાં સ્થાનકોમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અવગાહનાવાળા ઉત્પન્ન થાય છે. તે અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની તથા સર્વ પર્યાપ્તિઓ વડે અપર્યાપ્ત હોય છે અને અંતર્મુહૂર્તનું આયુષ્ય ભોગવીને કાલ કરે છે.'

JAINSITE.com
જૈન સાઈટ
જયમ્ જયતિ શાસનમ્

સંમૂર્ચ્છિમ મનુષ્ય અત્યંત સૂક્ષ્મ હોવાથી આપણે જોઈ શકતા નથી, પણ જ્ઞાની ભગવંતોએ પોતાની જ્ઞાન-દૃષ્ટિથી તેમને જોયા છે અને તેથી જ તેમનું યથાર્થ વર્ણન કરેલું છે.

આપણે જે મનુષ્યોને જોઈએ છીએ કે જેના સંપર્ક-સહવાસમાં આવીએ છીએ તે બધા ગર્ભજ મનુષ્યો છે, કારણ કે તેમનો જન્મ ગર્ભધારણની ક્રિયા વડે થયેલો છે. પુરુષ અને સ્ત્રીનો સમાગમ થયા પછી શુક્ર અને શોણિતનું વિશિષ્ટ પ્રકારે મિશ્રણ થતાં ગર્ભાધાન થાય છે. આ ગર્ભ-માતાના ઉદરમાં સામાન્ય રીતે નવથી સાડાનવ માસ સુધી પોષાય છે અને તે પરિપક્વ થયા બાદ તેનો જન્મ થાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. કેટલાક ગર્ભો આઠ કે સાત માસે પણ જન્મે છે અને તે જીવે છે, તો કેટલાક ગર્ભો બાર વર્ષ સુધી માતાના ગર્ભમાં રહ્યા પછી પણ જન્મ ધારણ કરે છે. ગૂર્જરાધિપતિ સિદ્ધરાજનો જન્મ આ રીતે થયો હતો. ગર્ભની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે, એટલે કે ગર્ભધારણ થયા પછી બે ઘડી સુધીમાં પણ તેનું ક્ષરણ થવું હોય તો થઈ જાય છે.

ગર્ભજ મનુષ્યો ત્રણ પ્રકારના છે: (૧) કર્મભૂમિમાં જન્મેલા, (૨) અકર્મભૂમિમાં જન્મેલા અને (૩) અંતરદ્વીપમાં જન્મેલા. જન્મક્ષેત્ર કે જન્મભૂમિની અસર મનુષ્યના જીવન પર બહુ મોટા પ્રમાણમાં થાય છે, એટલે તેને અનુલક્ષીને આ વિભાગો પાડવામાં આવ્યા છે.

કર્મભૂમિમાં સંસ્કૃતિ હોય છે, શિલ્પ હોય છે, કલા હોય છે, વિવિધ પ્રકારના વ્યવસાયો હોય છે, તથા ધર્મ પાળવાની અને ધર્મ આચરવાની અનેક પ્રકારની સગવડો હોય છે, એટલે તેમાં જન્મેલાઓનું સ્થાન અકર્મભૂમિ અને અંતરદ્વીપમાં જન્મેલા મનુષ્યો કરતાં ઘણું ઊંચું ગણાય છે. અકર્મભૂમિમાં જન્મેલા મનુષ્યો યુગલિયા હોય છે, એટલે કે સ્ત્રી પુરુષનાં જોડકાં રૂપે સાથે જન્મે છે, સાથે હરે-ફરે છે અને દશ પ્રકારનાં કલ્પવૃક્ષોના આધારે પોતાનું જીવન વ્યતીત કરે છે. વળી તેઓ પરસ્પરના સમાગમથી પ્રજોત્પત્તિ કરે છે અને એ રીતે એ ક્ષેત્રમાં માનવવંશનો વેલો ચાલુ રહે છે; પણ સંસ્કૃતિ, શિલ્પ, કલા, વ્યવસાય તથા ધર્મના અભાવે તેઓ કોઈ જાતની પ્રગતિ કરી શકતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હૈમવત અને હૈરણ્યવત ક્ષેત્રમાં સદા ત્રીજો આરો હોય છે. ત્યાં ઉત્પન્ન થતા યુગલિકોને એકાંતરે આંબળા જેટલો આહાર કરવાની ઈચ્છા થાય છે. તેઓ પોતાના યુગલિક સંતાનનું ૭૯ દિવસ પાલન કરે છે.

હરિવર્ષ અને રમ્યક્‌વર્ષ ક્ષેત્રમાં સદા બીજો આરો હોય છે. ત્યાં ઉત્પન્ન થતા યુગલિકોને બે દિવસના અંતરે માત્ર બોર જેટલા આહારની ઈચ્છા થાય છે. તેઓ પોતાના યુગલિક સંતાનનું ૬૪ દિવસ પાલન કરે છે.

દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રમાં સદા પહેલો આરો વર્તે છે. ત્યાં ઉત્પન્ન થતા યુગલિકોને ત્રણ દિવસના અંતરે માત્ર તુવરના દાણા જેટલા આહારની ઈચ્છા થાય છે. તેઓ પોતાના યુગલિક સંતાનોનું ૪૯ દિવસ સુધી પાલન કરે છે.

યુગલિક મનુષ્યો સ્વભાવે અત્યંત સરળ હોવાથી કર્મબંધન ઘણું ઓછું કરે છે અને તેથી મૃત્યુ બાદ દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

અંતરદ્વીપના મનુષ્યો પણ યુગલિયા જ હોય છે. તેમને એકાંતરે આહારની ઈચ્છા થાય છે તથા ૭૯ દિવસ સંતાનનું પાલન કરે છે.

જૈન શાસ્ત્રોમાં મનુષ્યના આર્ય અને મ્લેચ્છ એવા બે પ્રકારો પાડયા છે, તેનું સ્વરૂપ પણ અહીં સમજી લેવું જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રજ્ઞાપનાસૂત્રમાં કહ્યું છે કે 'आराद्-हेयधर्मेभ्यो-याताः प्राप्ता उपादेयधर्मैरित्यार्याः—જે આર એટલે હેય ધર્મથી દૂર ગયા છે અને ઉપાદેય ધર્મોને પ્રાપ્ત થયા છે, તે આર્યો સમજવા.' તત્ત્વાર્થરાજવાર્તિકમાં આર્યોનું લક્ષણ અન્ય રીતે દર્શાવ્યું છે : 'गुणैर्गुणवद्भिर्वा अर्यन्ते-सेव्यन्ते इत्यार्याः—જે ગુણો વડે કે ગુણવાનો વડે સેવાય છે, તે આર્ય.' તાત્પર્ય કે જેનામાં દયા, ઉદારતા, સહૃદયતા, પરોપકારવૃત્તિ, વિવેક, વિનય આદિ ગુણો વિકાસ પામ્યા હોય તેને આર્ય સમજવા અને બાકીનાઓને અનાર્ય કે મ્લેચ્છ ગણવા.

जैनम् जयति शासनम् JAINSITE .com

પ્રજ્ઞાપનાસૂત્રમાં આર્યના ભેદોપભેદોનું વર્ણન કર્યું છે. તેનો સાર એ છે કે આર્યો બે પ્રકારના છે : એક ઋદ્ધિપ્રાપ્ત અને બીજા અઋદ્ધિપ્રાપ્ત. તેમાં ઋદ્ધિપ્રાપ્ત આર્યના છ પ્રકારો છે : તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, વિદ્યાધર અને ચારણ. અહીં ચારણ શબ્દથી ચારણલબ્ધિવાળા મહાપુરુષ સમજવા કે જે પોતાની લબ્ધિના જોરે સૂર્યનાં કિરણોનો આશ્રય લઈને જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે. × અઋદ્ધિપ્રાપ્ત આર્યના નવ પ્રકારો છે : ક્ષેત્ર-આર્ય, જાતિ-આર્ય, કુલ-આર્ય, કર્મ-આર્ય,

× अइसय चरण-समत्था, जंघाविज्जाहिं चारण मुणओ ।
जंघाहिं जाइ पढमे, निस्सं काउं रविकरे वि ॥ ५९७ ॥
श्री प्रवचनसारोद्धार

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિલ્પ-આર્ય, ભાષા-આર્ય, જ્ઞાન-આર્ય, દર્શન-આર્ય તથા ચારિત્ર-આર્ય. તેમનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું :

(૧) **ક્ષેત્ર-આર્ય**-જેમનો જન્મ મગધ, અંગ, બંગ, કલિંગ, કાશી વગેરે આર્યક્ષેત્રોમાં થયો હોય, તે ક્ષેત્ર-આર્ય. અહીં એટલું સૂચવવું જરૂરી છે કે પ્રાચીન ગ્રન્થોમાં ૨૫ાા આર્ય દેશોની-આર્યક્ષેત્રોની ગણના છે. તે ક્યાં અને કેવી રીતે છે, તે એક સંશોધનનો વિષય છે. બાકી જ્યાં ધર્મ અને નીતિની વ્યવસ્થા છે, તે આર્યક્ષેત્ર છે.

(૨) **જાતિ-આર્ય**-જેમનો જન્મ ઉત્તમ જાતિમાં થયો હોય-તે જાતિ-આર્ય. દાખલા તરીકે આપણા ભરત ક્ષેત્રમાં એક કાલે અંબષ્ઠ, કલિંદ, વૈદેહ, વેદંગ, હરિત અને ચૂંચણ એ છ જાતિની ગણના ઇભ્ય જાતિ તરીકે થતી, એટલે તેમાં જન્મ પામેલાઓ જાતિ-આર્ય ગણાતા.

(૩) **કુલ-આર્ય**-જેમનો જન્મ ઉત્તમ કુલમાં થયો હોય તે કુલ-આર્ય. દાખલા તરીકે આપણે ત્યાં પ્રાચીન છ કુલો ઘણા ઊંચા ગણાતા, એટલે તેમાં જન્મ પામેલાઓ કુલ-આર્ય ગણાતા.

(૪) **કર્મ-આર્ય**-જેઓ વસ્ત્ર, સૂતર, કપાસ, માટીના વાસણ વગેરેનો વ્યાપાર કરતા હોય, તે કર્મ-આર્ય.

(૫) **શિલ્પ-આર્ય**-જેઓ દરજી, સાળવી, સુથાર, લુહાર, ચિત્રકાર, કુંભાર, કંસારા વગેરેનો ધંધો કરતા હોય, તે શિલ્પ-આર્ય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬) ભાષા-આર્ય-જેઓ અર્ધમાગધી ભાષા વડે બોલતા હોય, તે ભાષા-આર્ય.

(૭) જ્ઞાન-આર્ય-જેમનામાં વિશિષ્ટ પ્રકારનું મતિ-જ્ઞાન, વિશિષ્ટ પ્રકારનું શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન કે કેવલજ્ઞાન હોય, તે જ્ઞાન-આર્ય.

(૮) દર્શન-આર્ય-જેમને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું હોય, તે દર્શન-આર્ય.

(૯) ચારિત્ર-આર્ય-જેમણે પંચમહાવ્રતાદિ ઉત્તમ પ્રકારનું ચારિત્ર ધારણ કર્યું હોય, તે ચારિત્ર-આર્ય.

મ્લેચ્છ ભૂમિમાં જન્મેલા મ્લેચ્છ ગણાય છે. જેમ કે—શક, યવન, ચિલાત, શબર, બર્બર વગેરે. મ્લેચ્છોમાં દયાનું પ્રમાણ ઘણું જ ઓછું હોય છે, એટલે અન્ય પ્રાણીઓ પ્રત્યે તેમનો વર્તાવ ક્રૂરતાભરેલો હોય છે. વળી તેઓ સ્વાર્થ સાધવા માટે ગમે તેવું અસત્ય બોલતા અચકાતા નથી કે કોઈની વસ્તુ બળાત્કારે પડાવી લેવામાં કંઈ ખોટું સમજતા નથી. તેઓ પોતાની વિષયવાસના પૂરી કરવા માટે સ્ત્રીઓનું અપહરણ કરે છે, તેના પર બળાત્કાર કરે છે તથા તે ક્રય-વિક્રયની વસ્તુ હોય તેમ તેનું વેચાણ પણ કરે છે. વળી તેઓ ગમે તેવું ભયાનક પાપ-કર્મ કરીને પણ માલ-મિલકત એકઠી કરે છે અને તેના ઉપયોગમાં આનંદ પામે છે. આ બધાં લક્ષણો આર્યત્વની વિરુદ્ધના છે, એટલે તેને અનાર્ય સમજવાના છે.

અહીં એટલું જણાવવું જરૂરી છે કે મનુષ્યના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારો રંગ, રૂપ, કદ, ધંધા, ધર્મ, દેશ, રહેઠાણ વગેરેની દૃષ્ટિએ પણ પડી શકે છે. જેમ કે—

**રંગની દૃષ્ટિએ** : ઘઉંવર્ણા, ગોરા, કાળા, પીળા, રાતા વગેરે.

**રૂપની દૃષ્ટિએ** : ચપટા નાક ને ઝીણી આંખો-વાળા તે મોંગોલિયન વગેરે. જાડા હોઠ ને વાંકડિયા વાળ-વાળા તે હબસી વગેરે. અણિયાળાં નાક અને પાતળા હોઠવાળા તે આર્યો× વગેરે.

**કદની દૃષ્ટિએ** : લાંબા, મધ્યમ, ઠીંગણા વગેરે.

**ધંધાની દૃષ્ટિએ** : ખેડૂત, વણકર, સુથાર, લુહાર, દરજી, હજામ, મોચી, ધોબી, તેલી, તંબોલી, શિક્ષક, વકીલ, વ્યાપારી વગેરે.

**ધર્મની દૃષ્ટિએ** : જૈન, બૌદ્ધ, શીખ, હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, યહૂદી, જરથોસ્તી વગેરે.

**દેશની દૃષ્ટિએ** : ભારતીય, ચીના, જાપાની, રશિયન, જર્મન, ફ્રેંચ, ઇંગ્લીશ, આફ્રિકન, અમેરિકન, ઓસ્ટ્રેલિયન વગેરે. મોટા દેશોમાં પ્રાંતો હોય છે, તે પ્રમાણે પણ મનુષ્યના પ્રકારો પડી શકે છે. જેમકે—ગુજરાતી, મરાઠી, રાજસ્થાની, પંજાબી, ઉત્તર હિંદુસ્તાની, પૂર્બી, બંગાળી, ઉડિયા, મદ્રાસી, મલબારી, કન્નડ વગેરે.

---

× અહીં આર્ય શબ્દનો પ્રયોગ વર્તમાનકાળના વિદ્વાનોની પરિભાષા મુજબ સમજવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રહેઠાણની દૃષ્ટિએ :** પહાડી, જંગલી, મેદાનમાં વસનારા, શહેરી, ગામડિયા વગેરે.

૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતર-દ્વીપના મળી મનુષ્યના ૧૦૧ ભેદો ગણાય છે. તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત ગણતાં ૨૦૨ ભેદો તથા તેમાં ૧૦૧ સંમૂર્ચ્છિમના ભેદો ઉમેરતાં કુલ ૩૦૩ ભેદો થાય છે. સંમૂર્ચ્છિમ જીવો અપર્યાપ્ત જ હોય છે, એટલે તે દરેકનો એકેક ભેદ જ ગણાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## [ ૧૬ ]

## દેવો

### મૂળ

दसहा भवणाहिवई, अट्ठविहा वाणमंतरा हुंति ।
जोइसिया पंचविहा, दुविहा वेमाणिया देवा ॥२४॥

### સંસ્કૃત છાયા

दशधा भवनाधिपतयोऽष्टविधा वानमंतरा भवन्ति ।
ज्योतिष्काः पञ्चविधा द्विविधा वैमानिका देवाः ॥२४॥

### પદાર્થ

दसहा—દશ પ્રકારના.

भवणाहिवई—ભવનાધિપતિ, ભવનપતિ.

भवण ના अहिवई તે भवणाहिवई. ભવણનો સામાન્ય અર્થ ઘર કે નિવાસસ્થાન થાય છે, પરંતુ અહિં પરિભાષાથી રત્નપ્રભા નામની પ્રથમ ભૂમિમાં ઉપર નીચેના હજાર-હજાર યોજન છોડી વચલા ૧ લાખ ૭૮ હજાર

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોજનમાં રહેલા દેવોને વસવાના વિશિષ્ટ રચનાવાળાં સ્થાનોને ભવન સમજવાનાં છે. अहिवई-અધિપતિઓ, માલીકો, સ્વામીઓ. તાત્પર્ય કે જે દેવો અધોલોકમાં આવેલા ભવનોમાં વસે છે, તેમને ભવનાધિપતિ કે ભવનપતિ કહેવાય છે.

अट्ठविहा-આઠ પ્રકારના.

वाणमंतरा-વાનમંતર, વ્યંતર.

' वनानामन्तराणि वनान्तराणि, तेषु भवा वानमन्तराः ।' વનના અંતરો-અવકાશવાળા ભાગો તે વનાન્તર. તેમાં રહેલા તે વાનમંતર.' અહીં વ્યાકરણના 'पृषोदरादि' સૂત્ર અનુસાર બંને પદની વચ્ચે મકાર આવેલો છે.

વાનમંતરને વ્યંતર કહેવામાં આવે છે, કારણ કે તેઓ વિવિધ પ્રકારના ભવન, નગર અને આવાસરૂપ અંતરોમાં-આશ્રયસ્થાનોમાં રહે છે. અહીં ભવન શબ્દથી રત્નપ્રભા નામની પ્રથમ નારકભૂમિમાં ઉપરનો જે હજાર-યોજનવાળો ભાગ છે, તેના ઉપર-નીચેના સો-સો યોજન છોડતાં વચ્ચે આઠસો યોજનનો ભાગ રહે, તેમાં આવેલાં વિશિષ્ટ રચનાવાળાં વ્યંતર દેવોને વસવાનાં સ્થાનો સમજવાનાં છે. નગરો તિર્યંચ લોકમાં હોય છે અને આવાસો ઊર્ધ્વલોક તેમજ અન્ય સ્થળે પણ હોય છે.

વાણવ્યંતર દેવો, જે વ્યંતર દેવોની જ એક જાતિ ગણાય છે, તે વ્યંતર દેવોના નિવાસસ્થાનોની ઉપર નીચેના સો યોજનવાળા વિસ્તારમાં રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યંતર શબ્દની વ્યાખ્યા શાસ્ત્રકારોએ અન્ય રીતે પણ કરી છે. જેમકે-' विगतमन्तरं मनुष्येभ्यो येषां ते व्यन्तराः । જેઓનું મનુષ્યોથી અંતર ગયું છે, તે વ્યંતર.' કેટલાક વ્યંતરો તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ વગેરે ઉત્તમ પુરુષોની ચાકરની પેઠે સેવા કરે છે, તેથી તેમની અને મનુષ્યોની વચ્ચે અંતર રહેતું નથી.

हुंति-હોય છે.

जोइसिया-જ્યોતિષ્ક.

તત્ત્વાર્થ-ભાષ્યમાં કહ્યું છે કે ' द्योतयन्ति-प्रकाशयन्ति जगदिति ज्योतीषिविमानानि, तेषु भवा ज्योतिष्काः । જે જગતને પ્રકાશિત કરે છે, તે જ્યોતિષ-વિમાનો. તેમાં ઉત્પન્ન થયેલા તે જ્યોતિષ્કો' અથવા ' ज्योतिष एव ज्योतिष्काः । ' જ્યોતિષ-દેવો તે જ જ્યોતિષ્કો. અહીં સ્વાર્થમાં 'क' પ્રત્યય થયેલો છે. આ વ્યાખ્યાઓનું તાત્પર્ય એ છે કે જે દેવોના વિમાનો જગતને પ્રકાશિત કરે છે, તે જ્યોતિષ્ક કહેવાય છે.

पंचविहा— પાંચ પ્રકારના.

दुविहा—બે પ્રકારના.

वेमाणिया—વૈમાનિક.

વિમાનમાં ઉત્પન્ન થાય, તે વૈમાનિક. અહીં વિમાનથી આકાશમાં રહેલી દેવોને વસવાની વિશિષ્ટ ભૂમિઓ સમજવાની છે. શાસ્ત્રકારોએ તેનો લાક્ષણિક અર્થ આ પ્રમાણે કર્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે : 'विशिष्टपुण्यैर्जन्तुभिर्मान्यन्ते उपयुज्यन्त इति विमानानि ।' વિશિષ્ટ પુણ્યશાળી જીવો વડે જેનો ઉપયોગ કરાય, તે વિમાનો.'

આકાશમાં ઉડવાની શક્તિવાળા વાહનોને લોકભાષામાં વિમાન કહેવામાં આવે છે, પણ તે અહીં પ્રસ્તુત નથી.

દેવા—દેવો.

દિવ્ ધાતુ સંસ્કૃત ભાષામાં ક્રીડા, વિજિગીષા, દ્યુતિ, દીપ્તિ, મોદ, મદ, કાન્તિ, ગતિ આદિ અનેક અર્થમાં વપરાય છે. તેમાંથી અહીં મુખ્યપણે ક્રીડનશીલ, દ્યુતિમાન, દીપ્તિમાન, ગતિમાન એ અર્થો પ્રસ્તુત છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

## અન્વય

**भवणाहिवई वाणमंतरा जोइसिया वेमाणिया देवा दसहा, अट्ठविहा, पंचविहा, दुविहा हुंति ।**

## ભાવાર્થ

દેવો ચાર પ્રકારના છે : (૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક. તે અનુક્રમે દશ, આઠ, પાંચ અને બે પ્રકારના છે.

## વિવેચન

પંચેન્દ્રિય પ્રાણીઓમાં દેવની પણ ગણના થાય છે, એટલું જ નહિ પણ સુખ-વૈભવની અપેક્ષાએ તેમનું સ્થાન સર્વથી શ્રેષ્ઠ માનવામાં આવે છે.

નારક જીવોને સુખનો લેશ પણ પ્રાપ્ત થતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમની સરખામણીમાં તિર્યંચોની હાલત ઠીક ગણાય છે, કારણ કે વિવિધ પ્રકારના દુઃખાનુભવો વચ્ચે પણ તેઓ ક્વચિત્ ક્વચિત્ સુખનો અનુભવ કરે છે. મનુષ્યોની સ્થિતિ તિર્યંચો કરતાં ચઢિયાતી છે, કારણ કે તેમને વિશિષ્ટ કોટિનું મન પ્રાપ્ત થયેલું છે અને તેના વડે તેઓ વિવિધ પ્રકારનાં દુઃખોનો, વિવિધ પ્રકારની આપત્તિઓનો કે વિવિધ પ્રકારની મુશ્કેલીઓનો પ્રતિકાર કરી વિવિધ પ્રકારનાં સુખોનો અનુભવ કરી શકે છે. દાખલા તરીકે કડકડતી ઠંડી પડતી હોય તો તિર્યંચો અહીં–તહીં ભરાઈ જાય છે, પણ તેનો વિશિષ્ટ ઉપાય કરી શકતા નથી, જ્યારે મનુષ્યો એ ઠંડીનું નિવારણ કરવા માટે ઘર બાંધે છે, અગ્નિ પ્રકટાવે છે અને ગરમ વસ્ત્રો વગેરેની યોજના કરીને ઠંડીના કષ્ટમાંથી ઉગરી જાય છે. વધારે સ્પષ્ટ કહીએ તો આવા સમયે પણ તેઓ જોઈતી હુંફ મેળવીને એક પ્રકારનો સુખાનુભવ કરે છે. અન્ય આપત્તિઓની બાબતમાં પણ આમ જ સમજવું.

કેટલાક મનુષ્યો એમ કહે છે કે 'અમે ઘણા દુઃખી છીએ.' પણ તિર્યંચોની સરખામણીમાં તેમનું દુઃખ કંઈ વિસાતમાં નથી. મનુષ્યો ગમે તેવા દુઃખી હોય તો પણ તેઓ તિર્યંચ કરતાં સારી સ્થિતિ ભોગવે છે, એટલે તેમનું સ્થાન તિર્યંચ કરતાં નિઃસંદેહ ચઢિયાતું છે.

જે મનુષ્યો અતિ સુખી હોય, તેમને આપણે દેવ સમાન કહીએ છીએ, કારણ કે દેવોનું સુખ આપણા સુખ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતાં અનેક ગણું વધારે હોય છે. અન્ય શબ્દોમાં કહીએ તો તેમનું જીવન મોટા ભાગે વિવિધ પ્રકારનાં સુખોનો અનુભવ કરવામાં જ વ્યતીત થાય છે અને દુઃખ તો ક્વચિત્ જ ભોગવવું પડે છે. તેમને રહેવા માટે સુંદર સ્થાન હોય છે, તેઓ ઇચ્છામાં આવે ત્યાં હરીફરી શકે છે, વળી તેઓ પ્રશસ્ત રૂપ અને લાવણ્યથી યુક્ત એવી અનેક દેવીઓથી પરિવરેલા હોય છે. તેમની સાથે વિવિધ પ્રકારની ક્રીડા કરતાં તેમનો કાલ કેવી રીતે નિર્ગમન થાય છે, તેની પણ ખબર પડતી નથી.

શ્રી ભગવતીસૂત્રના બારમા શતકના નવમા ઉદ્દેશકમાં પાંચ પ્રકારના દેવો કહ્યા છે: 'દ્રવ્યદેવ, નરદેવ, ધર્મદેવ, દેવાધિદેવ અને ભાવદેવ.' તેમાં દેવપણે ઉત્પન્ન થનારા જીવો તે **દ્રવ્યદેવ**, ચક્રવર્તી તે **નરદેવ**, સાધુ-મુનિરાજો તે **ધર્મદેવ**, તીર્થંકર ભગવંતો તે **દેવાધિદેવ**, અને દેવ-ગતિનામકર્મના ઉદયે દેવનો જન્મ ધારણ કરનારા તે **ભાવદેવ**. આ ભાવદેવને જ આપણે સામાન્ય રીતે દેવ કહીએ છીએ અને અહીં તેના જ ભેદોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

દેવો મુખ્યત્વે ચાર પ્રકારના છે: (૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક. તેમાં ભવનપતિ દેવો દશ પ્રકારના છે: (૧) અસુરકુમાર (૨) નાગકુમાર, (૩) વિદ્યુત્કુમાર, (૪) સુપર્ણકુમાર, (૫) અગ્નિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુમાર, (૬) વાયુકુમાર, (૭) સ્તનિતકુમાર, (૮) ઉદધિ-કુમાર, (૯) દ્વીપકુમાર અને (૧૦) દિક્કુમાર.

આ દશ ભવનપતિઓ પૈકી અસુરકુમાર મોટા ભાગે આવાસોમાં અને કવચિત્ ભવનમાં રહે છે, જ્યારે નાગ-કુમાર આદિ બાકીના ભવનપતિઓ મોટાભાગે ભવનમાં અને કવચિત્ આવાસોમાં રહે છે. અહીં પ્રશ્ન થવા સંભવ છે કે 'આવાસો અને ભવનમાં ફેર શો?' તેનો ઉત્તર એ છે કે 'આવાસો મોટા મંડપો જેવા અને મણિ તથા રત્નના દીપક વડે દિશાઓના સમુદાયને પ્રકાશિત કરનારા હોય છે; જ્યારે ભવનો બહારથી ગોળ, અંદરથી ચોરસ અને નીચેના ભાગમાં કમળની કર્ણિકા જેવા હોય છે.'

ભવનપતિ દેવો સામાન્ય રીતે મૃદુ, મધુર ગતિવાળા તથા ક્રીડાશીલ હોય છે અને જોવામાં કુમારની માફક મનોહર તથા સુકુમાર લાગે છે, એટલે તેમના નામને છેડે કુમાર શબ્દ લગાડવામાં આવે છે. પરંતુ અસુરકુમારમાં એક વર્ગ એવો છે કે જે પરમ અધર્મને સેવનારો હોઈ **પરમાધાર્મિક** તરીકે ઓળખાય છે. તેના પંદર પ્રકારો છે અને તે બધા નરકના સંત્રીઓ તરીકે કામ કરે છે. તેમાં પહેલો **અંબ** નામનો પરમાધાર્મિક નારકોને ઊંચા કરીને પછાડે છે; તો બીજો **અંબરીષ** નામનો પરમાધાર્મિક નારક જીવોના ભઠ્ઠીમાં પકવી શકાય એવા નાના નાના ટુકડા કરે છે; ત્રીજો **શબલ** નામનો પરમાધાર્મિક નારક જીવોનાં આંતરડાં, હૃદય વગેરેને ભેદે છે; તો ચોથો **સ્યામ** નામનો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરમાધામિક નારક જીવોનો તીક્ષ્ણ શસ્ત્રોથી છેદ કરે છે. પાંચમો **રૌદ્ર** નામનો પરમાધામિક નારક જીવોને ભાલા વગેરેમાં પરોવે છે, તો છઠ્ઠો **ઉપરૌદ્ર** નામનો પરમાધામિક નારક જીવોના અંગોપાંગને તોડે છે. સાતમો **અસિપન્ન** નામનો પરમાધામિક તરવારના જેવા આકારવાળાં પત્રોનું વન વિકુર્વે છે અને તેમાં નારક જીવોને ફેંકે છે, તો આઠમો **ધનુ** નામનો પરમાધામિક ધનુષ્યમાંથી છોડેલાં અર્ધચન્દ્રાદિ બાણો વડે નારક જીવોને વીંધે છે. નવમો **કુંભ** નામનો પરમાધામિક નારક જીવોને કુંભાદિમાં પકાવે છે, તો દશમો **મહાકાળ** નામનો પરમાધામિક નારક જીવોના શરીરમાંથી માંસના ટુકડા કાપી, તેને ખાંડીને, તે નારકોને જ ખવડાવે છે. અગિયારમો **કાલ** નામનો પરમાધામિક નારકજીવોને અગ્નિકુંડ વગેરેમાં પકાવે છે, તો બારમો **વૈતરિણી** નામનો પરમાધામિક ઉકળતા લોહી અને પરૂ વગેરેથી ભરેલી વૈતરણી નદી રચીને નારક જીવોને તેમાં ડૂબાડે છે. તેરમો **વાલુક** નામનો પરમાધામિક કદંબ પુષ્પના આકારવાળી રેતીમાં નારક જીવોને ભુંજે છે, તો ચૌદમો **મહાઘોષ** નામનો પરમાધામિક ત્યાંથી નાસી છૂટવાની તૈયારી કરતાં નારક જીવોને મોટેથી બૂમ મારીને રોકે છે અને પંદરમો **ખરસ્વર** નામનો પરમાધામિક નારક જીવોને વજ્રના કાંટાને લીધે ભયંકર એવા શાલ્મલી વૃક્ષ ઉપર ચડાવીને નીચે ખેંચે છે. આ પરમાધામિકો અનેક જાતનું પાપ કરીને મૃત્યુ બાદ સમુદ્રની અતિશય અંધારી ગુફાઓમાં અંડગોલિક તરીકે જન્મ પામે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરમાધાર્મિકને સામાન્ય રીતે પરમાધામી કહેવામાં આવે છે.

વ્યંતર દેવો આઠ પ્રકારના છે: (૧) કિન્નર, (૨) કિંપુરુષ, (૩) મહોરગ, (૪) ગાન્ધર્વ, (૫) યક્ષ, (૬) રાક્ષસ, (૭) ભૂત અને (૮) પિશાચ. તેઓ ઉર્ધ્વલોક, તિર્યગ્-લોક અને અધોલોકમાં આવેલા આવાસો તથા ભવનોમાં વસે છે અને પોતાની ઈચ્છાથી કે બીજાની પ્રેરણાથી વિવિધ સ્થળોએ જાય છે. તેઓ પર્વતો, ગુફાઓ તથા વનોમાં પણ વાસ કરે છે અને તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ આદિ ઉત્તમ પુરુષોની ચાકરની જેમ સેવા કરે છે.

તેમાં **કિન્નરો** દેદીપ્યમાન મુગટવાળા તેમજ સુશોભિત આકૃતિવાળા હોય છે; **કિંપુરુષો** મનોહર મુખ અને હાથવાળા તથા વિચિત્ર પ્રકારની માલા અને વિવિધ પ્રકારના વિલેપનવાળા હોય છે; **મહોરગ** મહાવેગવાળા, મોટા શરીર-વાળા તથા વિવિધ પ્રકારના અલંકારવાળા હોય છે; **ગાંધર્વો** પ્રિય દર્શનવાળા, ઉત્તમ સ્વરવાળા, મસ્તકે મુગટ અને કંઠે હાર ધારણ કરનારા હોય છે; **યક્ષો** ગંભીર, મનોહર દર્શનવાળા, તથા વિવિધ પ્રકારનાં આભૂષણોથી વિભૂષિત અને મસ્તકે મુગટ ધારણ કરનારા હોય છે; **રાક્ષસો** લાલ અને લાંબા લટકતા હોઠવાળા, સુવર્ણના શ્રૃંગારવાળા તેમજ ભયંકર દર્શનવાળા હોય છે; **ભૂત** સૌમ્ય મુખવાળા, ઉત્તમ રૂપવાળા તથા વિવિધ જાતિના વિલેપનવાળા હોય છે; અને **પિશાચ** મનોહર રૂપવાળા, સૌમ્ય દર્શનવાળા, રત્નનાં આભૂષણથી શણગારેલ ડોક અને હાથવાળા હોય છે. આ દરેકના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુક્રમે ૧૦, ૧૦, ૧૦, ૧૨, ૧૩, ૭, ૯ અને ૧૬ મળી કુલ ૮૭ ઉત્તરભેદો છે, પણ તેનું વર્ણન અહીં પ્રસ્તુત નથી.

વ્યંતર દેવોની એક જાતિ વાણવ્યંતર તરીકે ઓળખાય છે, તે આઠ પ્રકારના છે: (૧) અન્નપન્નિય–અન્નપ્રજ્ઞપ્તિક, (૨) પણપન્નિય–પંચપ્રજ્ઞપ્તિક, (૩) ઈસિવાસિય–ઋષિ-વાદિત, (૪) ભૂયવાઈવ–ભૂતવાદિત, (૫) કંદિય–કંદિત, (૬) મહાકંદિય–મહાકંદિત, (૭) કોહંડ–કુષ્માંડ અને (૮) પયગ–પતક. ×

આ ઉપરાંત જૃંભક નામથી ઓળખાતા દેવોની ગણના પણ વ્યંતરમાં જ થાય છે. તેઓ તિર્યગ્ લોકમાં આવેલા દીર્ઘવૈતાઢ્યમાં ચિત્ર, વિચિત્ર, યમક, શમક અને કાંચન નામના ગિરિપ્રદેશોમાં વસે છે. ચિત્ર અને વિચિત્ર દેવકુરુક્ષેત્રમાં શીતોદા નદીની બંને બાજુમ્ આવેલા ચિત્રકૂટ અને વિચિત્રકૂટ નામના પર્વતો છે. યમક અને શમક ઉત્તરકુરુક્ષેત્રમાં સીતા નદીની બંને બાજુ આવેલા એ નામના પર્વતો છે; અને કાંચનગિરિ શીતોદા તથા સીતા નદી સાથે સંબંધ ધરાવનાર નિષધ તથા નીલવત્ વગેરે હ્રદોના તટ પર આવેલા પર્વતો છે.

આ જૃંભક દેવો દશ પ્રકારના છે: (૧) અન્નજૃંભક, (૨) પાનજૃંભક, (૩) વસ્ત્રજૃંભક, (૪) વેશ્મજૃંભક, (૫) શય્યા-જૃંભક, (૬) પુષ્પજૃંભક, (૭) ફલજૃંભક, (૮) પુષ્પફલજૃંભક, (૯) વિદ્યાજૃંભક અને (૧૦) અવ્યક્ત જૃંભક. તેમાં અન્નાદિ

× પતંગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આઠ જૃંભકો અન્ન વગેરેની હાનિ-વૃદ્ધિ કરનાર છે. આ દેવો સામાન્ય રીતે તિર્યગ્ જૃંભક નામથી ઓળખાય છે અને તેઓ અનુગ્રહ કરવાની તેમજ શાપ આપવાની શક્તિ ધરાવે છે. શાસ્ત્રકારોનું એ કથન છે કે જ્યારે તેઓ ક્રોધાતુર હોય, ત્યારે તેમનું દર્શન થાય તો શાપ મળે છે અને તેના લીધે અપકીર્તિ તથા અનર્થના ભાગી બનાય છે, પરંતુ જ્યારે તેઓ ખુશમિજાજમાં હોય, ત્યારે તેનું દર્શન થાય તો અનુગ્રહ પ્રાપ્ત થાય છે અને તેના લીધે વિદ્યા તથા કીર્તિ વધે છે. શ્રી વયરસ્વામીને આ રીતે જૃંભક દેવો તરફથી વિદ્યા અને કીર્તિ મળ્યાનું વર્ણન ભગવતીસૂત્રના ચૌદમા શતકના આઠમા ઉદ્દેશકમાં પ્રાપ્ત થાય છે.

પ્રથમના ૮૭ ઉત્તરભેદો તથા આ ૮ અને ૧૦ ઉત્તરભેદો મળી વ્યંતરના કુલ ઉત્તરભેદો ૧૦૫ થાય છે.

જે દેવો જ્યોતિષ એટલે પ્રકાશમાન વિમાનોમાં રહે છે, તે જ્યોતિષ્ક કહેવાય છે. આ પ્રકાશમાન વિમાનોને લીધે જગતને પ્રકાશ મળે છે અને તેના ઉદય-અસ્ત અનુસાર દિવસ તથા રાત્રિની ગણના થાય છે.

જ્યોતિષ્ક દેવો પાંચ પ્રકારના છે: (૧) ચંદ્ર, (૨) સૂર્ય, (૩) ગ્રહ, (૪) નક્ષત્ર અને (૫) તારા. આ ક્રમ પ્રજ્ઞાપનાસૂત્રમાં આપેલો છે. જેમકે '**से किं तं जोइसिया? जोइसिया पंचविहा पन्नत्ता। तं जहा चंदा, सूरा, गहा, नक्खत्ता, तारा।**' પરંતુ તત્ત્વાર્થાધિગમસૂત્રમાં '**सूर्यश्चन्द्रमसौ ग्रहनक्षत्रप्रकीर्णकतारकाश्च।**' એમ જણાવ્યું છે. એટલે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે તેમાં સૂર્યને પહેલો મૂક્યો છે અને ચન્દ્રને પછી મૂક્યો છે. બાકીનો ક્રમ ઉપર મુજબ જ છે.

આ પાંચેય જ્યોતિષ્ક દેવોનાં વિમાનો કેટલાં દૂર અને ક્યા ક્રમે આવેલાં છે? તે જોઈએ.

તિર્યગ્ લોકની બરાબર વચમાં મેરુ નામનો પર્વત આવેલો છે. તેના મૂળમાં કેટલોક સપાટ જમીનનો ભાગ છે, તે સમભૂતલા નામે ઓળખાય છે. આપણા શાસ્ત્રોમાં બતાવેલાં અનેકવિધ માપોની ગણના આ સમભૂતલાથી જ થાય છે. અહીંથી નવસો યોજન ઉપરનો ભાગ અને નવસો યોજન નીચેનો ભાગ તિર્યગ્લોક કહેવાય છે.

તિર્યગ્લોકના ઉપરના નવસો યોજનમાં આ પાંચેય પ્રકારના જ્યોતિષ્ક દેવો આવેલા છે, તે આ પ્રમાણે: સમભૂતલાથી ૭૯૦ યોજન ઉપર તારાના વિમાનો આવે છે, ત્યાંથી ૧૦ યોજન ઉપર સૂર્યનાં વિમાન આવે છે, ત્યાંથી ૮૦ યોજન ઉપર ચંદ્રના વિમાન આવે છે, ત્યાંથી ૪ યોજન ઉપર નક્ષત્રનાં વિમાનો આવે છે અને ત્યાંથી ૧૬ યોજન ઉપર ગ્રહોનાં વિમાનો આવે છે.

ઉપર કહેલા પાંચેય જ્યોતિષ્ક દેવોનાં સર્વ વિમાનો અઢી દ્વીપમાં મેરુ પર્વતની આજુબાજુ ફરે છે, એટલે તે ચર જ્યોતિષ્ક કહેવાય છે. તેમાં ચંદ્ર કરતાં સૂર્યની ગતિ વધારે હોય છે, સૂર્ય કરતાં ગ્રહોની ગતિ વધારે હોય છે, ગ્રહો કરતાં નક્ષત્રોની ગતિ વધારે હોય છે અને

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નક્ષત્રો કરતાં તારાની ગતિ વધારે હોય છે. ‘ સસિ–રવિ–ગહ–નક્ખત્તા, તારાઓ હુંતિ જહુત્તર સિગ્ઘા।’

એક ચંદ્ર અને સૂર્યના પરિવારમાં ૮૮ ગ્રહો, ૨૮ નક્ષત્રો અને ૬૬૯૭૫ કોટાકોટિ તારાઓ હોય છે.

અઠયાશી ગ્રહોનાં નામ જૈન શાસ્ત્રોમાં આ પ્રમાણે પ્રાપ્ત થાય છે : (૧) અંગારક (**મંગળ**), (૨) વિકાલક, (૩) લોહિતાક્ષ, (૪) **શનૈશ્ચર**, (૫) આધુનિક, (૬) પ્રાધુનિક, (૭) કણ, (૮) કણક, (૯) કણકણક, (૧૦) કણવિતાનક, (૧૧) કણસંતાનક, (૧૨) સોમ, (૧૩) સહિત, (૧૪) આશ્વાસન, (૧૫) કાર્યોપગ, (૧૬) કર્બટક, (૧૭) અજકરક, (૧૮) દુંદુભક, (૧૯) શંખ, (૨૦) શંખનાભ, (૨૧) શંખવર્ણાભ, (૨૨) કંસ, (૨૩) કંસનાભ, (૨૪) કંસવર્ણાભ, (૨૫) નીલ, (૨૬) નીલાવભાસ, (૨૭) રૂપી, (૨૮) રૂપાવભાસ, (૨૯) ભસ્મ, (૩૦) **ભસ્મરાશિ**, (૩૧) તિલ, (૩૨) તિલપુષ્પવર્ણ, (૩૩) દક, (૩૪) દકવર્ણ, (૩૫) કાર્ય, (૩૬) વંધ્ય, (૩૭) ઇન્દ્રાગ્નિ, (૩૮) ધૂમકેતુ, (૩૯) હરિ, (૪૦) પિંગલ, (૪૧) **બુધ**, (૪૨) **શુક્ર**, (૪૩) **બૃહસ્પતિ**, (૪૪) **રાહુ**, (૪૫) અગસ્તિ, (૪૬) માણવક, (૪૭) કામસ્પર્શ, (૪૮) ધુર, (૪૯) પ્રમુખ, (૫૦) વિકટ, (૫૧) વિસંધિકલ્પ, (૫૨) પ્રકલ્પ, (૫૩) જટાલ, (૫૪) અરુણ, (૫૫) અગ્નિ, (૫૬) કાલ, (૫૭) મહાકાલ, (૫૮) સ્વસ્તિક, (૫૯) સૌવસ્તિક, (૬૦) વર્ધમાન, (૬૧) પ્રલંબ, (૬૨) નિત્યાલોક, (૬૩) નિત્યોદ્યોત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬૪) સ્વયંપ્રભ, (૬૫) ભાસ, (૬૬) શ્રેયસ્કર, (૬૭) ક્ષેમંકર, (૬૮) આભંકર, (૬૯) પ્રભંકર, (૭૦) અરજા, (૭૧) વિરજા, (૭૨) અશોક, (૭૩) વીતશોક, (૭૪) વિતત, (૭૫) વિવસ્ત્ર, (૭૬) વિશાળ, (૭૭) શાલ, (૭૮) સુવ્રત, (૭૯) અનિવૃત્તિ, (૮૦) એકજટી, (૮૧) દ્વિજટી, (૮૨) કર, (૮૩) કરક, (૮૪) રાજન્, (૮૫) અર્ગલ, (૮૬) પુષ્પ, (૮૭) ભાવ અને (૮૮) કેતુ.

આમાં મંગળ, બુધ, બૃહસ્પતિ, શુક્ર, શનૈશ્ચર, રાહુ અને કેતુનાં નામો સ્પષ્ટ જોઈ શકાય છે. વળી ભગવાન મહાવીરના નિર્વાણપ્રસંગે જે ભસ્મરાશિ નામના ગ્રહે તેમના જન્મનક્ષત્રમાં સંક્રમણ કર્યું અને પરિણામે ૨૫૦૦ વર્ષ સુધી તેમણે સ્થાપેલા શાસનને અનેકવિધ કપરા સંજોગોમાંથી પસાર થવું પડ્યું, તેનું નામ પણ અહીં ત્રીશમા ગ્રહ તરીકે જણાય છે.

અગસ્તિ ગ્રહ કે જેને અગસ્ત્યનો તારો કહેવામાં આવે છે, તે પણ આ યાદિમાં સ્થાન પામેલો છે.

હાલમાં નેપચ્યુન, હર્ષલ અને પ્લુટોની ગણના અગત્યના ગ્રહોમાં થાય છે. તેમાંનો નેપચ્યુન સને ૧૭૮૧માં, હર્ષલ સને ૧૮૬૪માં અને પ્લુટો સને ૧૯૩૦માં શોધાયો એમ કહેવાય છે, પરંતુ આ બધાએ ગ્રહોનો જુદા નામે ઉપરની યાદિમાં જ સમાવેશ થાય છે, એમ અમારું માનવું છે.

અઠ્ઠાવીશ નક્ષત્રનાં નામો આ પ્રમાણે જાણવા : (૧)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભિજિત્, (૨) શ્રવણ, (૩) ધનિષ્ઠા, (૪) શતભિષા, (૫) પૂર્વાભાદ્રપદ, (૬) ઉત્તરાભાદ્રપદ, (૭) રેવતી, (૮) અશ્વિની, (૯) ભરણી, (૧૦) કૃત્તિકા, (૧૧) રોહિણી, (૧૨) મૃગશર, (૧૩) આર્દ્રા, (૧૪) પુનર્વસુ, (૧૫) પુષ્ય, (૧૬) અશ્લેષા, (૧૮) પૂર્વાફાલ્ગુની, (૧૯) ઉત્તરાફાલ્ગુની, (૨૦) હસ્ત, (૨૧) ચિત્રા, (૨૨) સ્વાતિ, (૨૩) વિશાખા, (૨૪) અનુરાધા, (૨૫) જ્યેષ્ઠા, (૨૬) મૂળ, (૨૭) પૂર્વાષાઢા અને (૨૮) ઉત્તરાષાઢા.

આ દરેકનાં વિમાનો હોય છે, તેનો જે રંગ દેખાય છે, તે વિમાનનો રંગ જાણવો.

જંબુદ્વીપમાં ૨ ચંદ્ર અને ૨ સૂર્ય, લવણસમુદ્રમાં ૪ ચંદ્ર અને ૪ સૂર્ય, ધાતકીખંડમાં ૧૨ ચંદ્ર અને ૧૨ સૂર્ય, કાલોદધિસમુદ્રમાં ૪૨ ચંદ્ર અને ૪૨ સૂર્ય તથા અર્ધ પુષ્કરવરદ્વીપમાં ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય છે. આ રીતે અઢીદ્વીપમાં કુલ ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય છે, તે ઉપર કહ્યા મુજબ પોતાના પરિવાર સાથે મેરુ પર્વતની આસપાસ પરિભ્રમણ કરીને લોકમર્યાદા સાચવે છે.

અઢીદ્વીપની બહાર પણ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ છે, પણ તે બધા સ્થિર છે, એટલે કે મનુષ્યક્ષેત્રની માફક પરિભ્રમણ કરતા નથી. તેઓ સદા એક જ સ્થાને રહે છે અને તેથી તેમનો એક લક્ષ યોજન-પ્રમાણ પ્રકાશ પણ સ્થિર જ રહે છે. ત્યાં સૂર્યના ઉદય-અસ્તની ક્રિયા થતી નથી, એટલે દિવસ, રાત્રિ આદિ તમામ પ્રકારના કાલમાનનો વ્યવહાર સંભવતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાલની ખગોળવિષયક માન્યતાઓ આથી જુદા જ પ્રકારની છે, પરંતુ તે હજી વિશેષ અભ્યાસ અને સંશોધન માગે છે. આ વિષયની વિશેષ ચર્ચા ' વિશ્વરચનાપ્રબંધ ' આદિ ગ્રંથોથી જાણવી.

જે વિમાનમાં વસે તે વૈમાનિક. આ વ્યાખ્યા પ્રમાણે તો ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા પણ વૈમાનિક દેવોમાં જ સ્થાન પામે, પરંતુ પરિભાષાથી ઉર્ધ્વ લોકમાં રહેનારા વિમાનવાસી દેવોને જ આ સંજ્ઞા લાગુ પડે છે.

આ વૈમાનિક દેવો બે પ્રકારના છે : (૧) કલ્પોપપન્ન અને (૨) કલ્પાતીત. તેમાં કલ્પમાં રહેનારા કલ્પોપપન્ન અને કલ્પની બહાર રહેનારા કલ્પાતીત કહેવાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

કલ્પો ૧૨ છે : (૧) સૌધર્મ, (૨) ઈશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મ, (૬) લાંતક, (૭) મહાશુક્ર, (૮) સહસ્રાર, (૯) આનત, (૧૦) પ્રાણત, (૧૧) આરણ અને (૧૨) અચ્યુત. સામાન્ય રીતે આ કલ્પો પહેલો દેવલોક, બીજો દેવલોક, યાવત્ બારમો દેવલોક, એ રીતે ઓળખાય છે.

જ્યોતિષ—ચક્રની ઉપર અસંખ્યાત યોજન ઉપર દક્ષિણ દિશામાં સૌધર્મ અને ઉત્તર દિશામાં ઈશાન દેવલોક આવેલા છે, જેમાં અનુક્રમે ૩૨ લાખ અને ૨૮ લાખ વિમાનો છે. સૌધર્મથી અસંખ્યાત યોજન ઉંચે સમશ્રેણિમાં સનત્કુમાર અને ઈશાનથી અસંખ્યાત યોજન ઊંચે સમશ્રેણિમાં માહેન્દ્ર દેવલોક આવેલા છે, જેમાં અનુક્રમે ૧૨ લાખ અને ૮ લાખ વિમાનો છે. આ બંનેની વચ્ચે પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપરના ભાગમાં બ્રહ્મ નામનો દેવલોક આવેલો છે, જેમાં ૪ લાખ વિમાનો છે. તેની ઉપર એક–બીજાથી ઊંચે લાંતક, મહાશુક્ર, અને સહસ્રાર નામના દેવલોકો આવેલા છે, જેમાં અનુક્રમે ૫૦ હજાર, ૪૦ હજાર અને ૬ હજાર વિમાનો છે. તેની ઉપર એક બાજુ આનત દેવલોક અને બીજી બાજુ પ્રાણત દેવલોક બંનેના મળી ૪૦૦ વિમાનો અને તેની ઉપર એક બાજુ આરણ અને બીજી બાજુ અચ્યુત દેવલોક છે, જે બેની વચ્ચે ૨૦૦ વિમાનો છે.

કિલ્બિષિક અને લોકાંતિક દેવો પણ આ કલ્પોમાં જ વસે છે. તેમાં પ્રથમ પ્રકારના કિલ્બિષિકોનું સ્થાન પહેલા તથા બીજા દેવલોક નીચે, બીજા પ્રકારના કિલ્બિષિકોનું સ્થાન ત્રીજા દેવલોક નીચે તથા ત્રીજા પ્રકારના કિલ્બિષિકોનું સ્થાન છઠ્ઠા દેવલોક નીચે છે અને લોકાંતિક દેવોનું સ્થાન પાંચમા દેવલોકના અરિષ્ટ નામના ત્રીજા પ્રતરમાં છે. તેમના નવ ભેદો નીચે પ્રમાણે સમજવા : (૧) સારસ્વત, (૨) આદિત્ય, (૩) વાહ્ન, (૪) અરુણ, (૫) ગર્દતોય, (૬) તૃષિત, (૭) અવ્યાબાધ, (૮) મરુત અને (૯) અરિષ્ટ.

કલ્પાતીત દેવો બે પ્રકારના છે : (૧) ગ્રૈવેયક વિમાનોમાં ઉત્પન્ન થયેલા અને (૨) અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયેલા.

ગ્રૈવેયક વિમાનો નવ પ્રકારના છે : (૧) સુદર્શન, (૨) સુપ્રતિબદ્ધ, (૩) મનોરમ, (૪) સર્વતોભદ્ર, (૫) વિશાલ, (૬) સુમન, (૭) સૌમનસ, (૮) પ્રીતિકર અને (૯) નંદિકર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વિમાનો એક-બીજાની ઉપર આવેલાં છે અને તે પુરુષાકૃતિ-લોકના ગ્રીવાસ્થાને આવેલાં હોઈ ગ્રૈવેયક કહેવાય છે.

અનુત્તર વિમાનો પાંચ પ્રકારના છે: (૧) વિજય, (૨) વૈજયંત, (૩) જયંત, (૪) અપરાજિત અને (૫) સર્વાર્થસિદ્ધ. આ વિમાનો ગ્રૈવેયકોની ઉપરના ભાગમાં આવેલાં છે. તેની પછી કોઈ દેવવિમાન નથી, માત્ર સિદ્ધશિલાનો ભાગ આવેલો છે.

બધા કલ્પોપપન્ન દેવો સામાન્ય રીતે દશ પ્રકારમાં વિભક્ત છે, તે આ પ્રમાણે:

(૧) **ઇંદ્ર**: જે સામાનિક આદિ બધા પ્રકારના દેવોનો સ્વામી હોય છે.

(૨) **સામાનિક**: જે આયુ વગેરેમાં ઇન્દ્રની સમાન તથા અમાત્ય, પિતા, ગુરુ આદિની જેમ પૂજ્ય હોય છે.

(૩) **ત્રાયસ્ત્રિંશ**: જે મંત્રી તથા પુરોહિતનું કામ કરે છે.

(૪) **પારિષદ્ય**: જે મિત્રનું કામ કરે છે.

(૫) **આત્મરક્ષક**: જે શસ્ત્ર ઊંચું કરીને આત્મરક્ષકના રૂપમાં પીઠ પાછળ ઊભા રહે છે.

(૬) **લોકપાલ**: જે સરહદની રક્ષા કરે છે.

(૭) **અનીક**: જે સૈનિકો તથા સેનાધિપતિઓનું કામ કરે છે.

(૮) **પ્રકીર્ણક**: જે નગરવાસી કે દેશવાસી જેવાં હોય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૯) આભિયોગ્ય—જે સેવકનું કામ કરે છે.

(૧૦) કિલ્બિષિક—જે અંત્યજ સમાન હોય છે.

વ્યંતર અને જ્યોતિષ્કમાં આ દશ ભેદો પૈકી ત્રાયસ્ત્રિંશ અને લોકપાલો હોતા નથી.

ઈન્દ્રોની સંખ્યા ચોસઠ ગણવામાં આવે છે, તે આ પ્રમાણે :—

### ભવનપતિના ૨૦

(૧) અસુરકુમારમાં—ચમર અને બલિ. દક્ષિણ અને ઉત્તર એમ બે શ્રેણિઓને આશ્રીને દરેક ભવનપતિ-નિકાયમાં બબ્બે ઈન્દ્ર હોય છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

(૨) નાગકુમારમાં—ધારણ અને ભૂતાનંદ.

(૩) વિદ્યુતકુમારમાં—હરિ અને હરિષહ.

(૪) સુવર્ણકુમારોમાં—વેણુદેવ અને વેણુદારી.

(૫) અગ્નિકુમારોમાં—અગ્નિશિખ અને અગ્નિમાણવક.

(૬) વાયુકુમારોમાં—વેલંબ અને પ્રભંજન.

(૭) સ્તનિતકુમારોમાં—સુઘોષ અને મહાઘોષ.

(૮) ઉદધિકુમારોમાં—જલકાન્ત અને જલપ્રભ.

(૯) દ્વીપકુમારોમાં—પૂર્ણ અને વસિષ્ઠ.

(૧૦) દિક્કુમારોમાં—અમિતગતિ અને અમિતવાહન.

### વ્યંતરના ૧૬

(૧) કિન્નરોમાં—કિન્નર અને કિંપુરુષ.

(૨) કિંપુરુષોમાં—સત્પુરુષ અને મહાપુરુષ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) મહોરગમાં-અતિકાય અને મહાકાય.
(૪) ગાંધર્વોમાં-ગીતરતિ અને ગીતયશ.
(૫) યક્ષોમાં-પૂર્ણભદ્ર અને માણિભદ્ર.
(૬) રાક્ષસોમાં-ભીમ અને મહાભીમ.
(૭) ભૂતોમાં-સુરૂપ અને અપ્રતિરૂપ.
(૮) પિશાચોમાં-કાલ અને મહાકાલ.

### વાણવ્યંતરના ૧૬

(૧) અપ્રજ્ઞપ્તિકોમાં-સન્નિહિત અને સમાન.
(૨) પંચપ્રજ્ઞપ્તિકોમાં-ધાતા અને વિધાતા.
(૩) ઋષિવાદિતોમાં-ઋષિ અને ઋષિપાલ.
(૪) ભૂતવાદિતોમાં-ઈશ્વર અને મહેશ્વર.
(૫) કંદિતોમાં-સુવત્સ અને વિશાલ.
(૬) મહાકંદિતોમાં-હાસ અને હાસરતિ.
(૭) કૂષ્માંડોમાં-શ્વેત અને મહાશ્વેત.
(૮) પતકોમાં-પતાક અને પતકપતિ.

### જ્યોતિષ્કના ૨

(૧) ચંદ્ર-ચંદ્ર.
(૨) સૂર્ય-સૂર્ય.

ચંદ્ર અને સૂર્ય અસંખ્ય છે, એટલે તેના ઈન્દ્રો પણ અસંખ્ય છે, પરંતુ અહીં જાતિથી ૨ ગણેલા છે.

### વૈમાનિકના ૧૦

(૧) સૌધર્મ દેવલોકમાં-શક્ર.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) ઇશાન દેવલોકમાં—ઈશાન.

(૩) સનત્ કુમાર દેવલોકમાં—સનત્ કુમાર.

(૪) માહેન્દ્ર દેવલોકમાં—માહેન્દ્ર.

(૫) બ્રહ્મ દેવલોકમાં—બ્રહ્મા.

(૬) લાંતક દેવલોકમાં—લાંતક.

(૭) મહાશુક્ર દેવલોકમાં—મહાશુક્ર.

(૮) સહસ્રાર દેવલોકમાં—સહસ્રાર.

(૯) આનત, (૧૦) પ્રાણત } દેવલોકમાં—પ્રાણત.

(૧૧) આરણ, (૧૨) અચ્યુત } દેવલોકમાં—અચ્યુત.

ગ્રૈવેયક કે અનુત્તર વિમાનોમાં સેવ્ય-સેવકભાવ હોતો નથી, એટલે ત્યાં બધા દેવો સમાન છે.

દેવોના વિષયભોગ અંગે પણ અહીં થોડી વિવેચના આવશ્યક છે. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનોમાં વસનારા દેવો વિષયસેવનથી રહિત હોય છે, કેમકે તેઓ અલ્પ સંક્લેશવાળા હોવાથી સ્વસ્થ અને શાંત હોય છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મવાસી અને ઈશાનકલ્પવાસી દેવો કાયસેવી છે, એટલે કે તેઓ પોતાના ભવન કે આવાસમાં વસનારી દેવીઓ સાથે શરીર વડે વિષયભોગ કરે છે. સંક્લિષ્ટ કર્મ અને તીવ્ર અનુરાગને

જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીધે તેઓ મનુષ્યોની માફક કામક્રીડામાં તલ્લીન થઇ જાય છે. સનત્કુમાર અને માહેન્દ્રવાસી સ્પર્શસેવી છે, એટલે કે તેઓ દેવીઓના સ્પર્શમાત્રથી વિષયસુખની તૃપ્તિ અનુભવે છે. બ્રહ્મલોક અને લાંતકવાસી દેવો રૂપસેવી છે, એટલે કે તેવો દેવીઓનું રૂપ જોઈને જ વિષય-સુખની તૃપ્તિ અનુભવે છે. અને મહાશુક્ર તથા સહસ્રારમાં વસનારા દેવો શબ્દસેવી છે, એટલે દેવીઓના ચિત્તાકર્ષક મનોહર શબ્દો સાંભળીને જ વિષયસુખની તૃપ્તિ અનુ-ભવે છે; અને બાકીના ચાર દેવલોકના દેવો મનઃસેવી છે, એટલે માત્ર મન વડે ચિંતન કરવાથી પણ વિષયસુખની તૃપ્તિ અનુભવે છે.

JAINSITE.com जैन साईट

અહીં એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે દેવીઓની ઉત્પત્તિ બીજા દેવલોક સુધી અને તેમની ગતિ આઠમા દેવલોક સુધી જ છે, આથી કરીને ત્રીજા કે તેથી અધિક દેવલોકોના દેવો કામાતુર થાય, ત્યારે આ દેવીઓ તેમની પાસે પહોંચી જાય છે અને સ્પર્શાદિ વડે તેમની કામવાસના શાંત કરે છે.

સ્વર્ગલોકમાં જેમ ઉપર જઈએ તેમ કામવાસના ઓછી હોય છે અને સંતોષવૃત્તિ અધિક હોય છે, એટલે તેની તૃપ્તિનાં સાધનો પણ ત્યાં ઓછાં જ હોય છે.

**દેવોના ભેદોની ગણના નીચે પ્રમાણે થાય છે :**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ભવનપતિ | ભવનપતિ.......... | | ૨૫ |
| ૧૫ | પરમાધામિક | | | |
| ૮ | વ્યંતર | વ્યંતર.......... | | ૨૬ |
| ૮ | વાણવ્યંતર | | | |
| ૧૦ | તિર્યગ્ જૃંભક | | | |
| ૫ | ચર | જ્યોતિષ્ક .......... | | ૧૦ |
| ૫ | સ્થિર | | | |
| ૧૨ | દેવલોક | કલ્પોપપન્ન—૨૪ | વૈમાનિકદેવ | ૩૮ |
| ૩ | કિલ્બિષિક | | | |
| ૯ | લોકાંતિક | | | |
| ૯ | ગ્રૈવેયક | કલ્પાતીત ૧૪ | | |
| ૫ | અનુત્તર | | | |
| | | | કુલ | ૯૯ |

જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત ગણતાં દેવોના કુલ ૧૯૮ ભેદો થાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## [ ૧૭ ]

## સિદ્ધ જીવો

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

### મૂળ

सिद्धा पनरस-भेया, तित्थातित्थाऽऽइ-सिद्ध-भेएणं ।
एए संखेवेणं जीव-विगप्पा समक्खाया ॥२५॥

### સંસ્કૃત છાયા

सिद्धाः पञ्चदश-भेदाः तीर्थातीर्थादि—सिद्ध-भेदेन ।
एते संक्षेपेण जीव-विकल्पाः समाख्याताः ॥ २५ ॥

सिद्धो—सिद्धो, સિદ્ધ જીવો.

સિદ્ધનો સામાન્ય અર્થ નિષ્ઠિતાર્થ છે. નિષ્ઠિતાર્થ એટલે પોતાના અર્થને પૂર્ણ કરનાર. અહીં અર્થ શબ્દથી પ્રયોજન કે ધ્યેય અભિપ્રેત છે. આ રીતે જેણે કર્મ એટલે ધંધા કે વ્યવસાયમાં નિષ્ણાત થવાનું પોતાનું ધ્યેય પૂર્ણ કર્યું હોય, તેને કર્મ-સિદ્ધ કહેવાય છે; શિલ્પ એટલે વિવિધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કલાઓમાં નિષ્ણાત થવાનું પોતાનું ધ્યેય પૂર્ણ કર્યું હોય, તેને **શિલ્પ-સિદ્ધ** કહેવાય છે; વિદ્યાને સિદ્ધ કરવાનું પોતાનું ધ્યેય પૂર્ણ કર્યું હોય, તેને **વિદ્યા-સિદ્ધ** કહેવાય છે; મંત્રને સિદ્ધ કરવાનું પોતાનું ધ્યેય પૂર્ણ કર્યું હોય, તેને **મંત્ર-સિદ્ધ** કહેવાય છે; યોગને સિદ્ધ કરવાનું પોતાનું ધ્યેય પૂર્ણ કર્યું હોય, તેને **યોગ-સિદ્ધ** કહેવાય છે; આગમ એટલે સૈદ્ધાન્તિક જ્ઞાનમાં નિપુણ થવાનું પોતાનું ધ્યેય પૂર્ણ કર્યું હોય, તેને **આગમ-સિદ્ધ** કહેવાય છે; અર્થ એટલે દ્રવ્યને ઉપાર્જન કરવાનું પોતાનું ધ્યેય પૂર્ણ કર્યું હોય, તેને **અર્થ-સિદ્ધ** કહેવાય છે; યાત્રા એટલે વિવિધ પ્રદેશનો પ્રવાસ કરવાનું પોતાનું ધ્યેય પૂર્ણ કર્યું હોય, તેને **યાત્રા-સિદ્ધ** કહેવાય છે; અભિપ્રાય એટલે મત કે સલાહ આપવામાં કુશલતા પ્રાપ્ત કરવાનું પોતાનું ધ્યેય પૂર્ણ કર્યું હોય, તેને **અભિપ્રાય-સિદ્ધ** કહેવાય છે; વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરવાની ક્ષમતા કેળવી હોય તેને **તપઃસિદ્ધ** કહેવાય છે; અને જેણે કર્મનો ક્ષય કરવાનું પોતાનું ધ્યેય પૂર્ણ કર્યું હોય, તેને **કર્મ-ક્ષય-સિદ્ધ** કહેવાય છે. અહીં આ છેલ્લા પ્રકારના સિદ્ધને જ આપણે સિદ્ધ સમજવાના છે. ‘ सिद्धा निष्ठितार्थाः क्षीणाष्टकर्मानः ।’ સિદ્ધ એટલે નિષ્ઠિતાર્થ, તે અષ્ટ કર્મોને ક્ષીણ કરનાર સમજવા.

पनरस-भेया—પંદર પ્રકારના.

तित्थातित्थाइ-सिद्धभेएणं—તીર્થ, અતીર્થ આદિ સિદ્ધ થવાના ભેદો પ્રમાણે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિત્થ અને અતિત્થ તે તિત્થાતિત્થ. તે છે જેની આઇ આદિમાં તે તિત્થાતિત્થાઇ. તેવા જે સિદ્ધ ના ભેઅ તે તિત્થાતિત્થાઇ-સિદ્ધ-ભેઅ, તેના વડે તિત્થાતિત્થાઇ-સિદ્ધ-ભેએણં.

(૧) તિત્થસિદ્ધ—જેનાથી તરાય તે તીર્થ. તે અહીં ચતુર્વિધ શ્રીસંઘ કે પ્રથમ ગણધર સમજવા. તેમની વિદ્યમાનતામાં જે સિદ્ધ થાય, તે તિત્થસિદ્ધ-તીર્થસિદ્ધ. જેમકે શ્રીજંબૂસ્વામી વગેરે. અતિત્થ-તીર્થની અવિદ્યમાનતા. તેમાં સિદ્ધ થાય તે (૨) અતિત્થસિદ્ધ-જેમકે-શ્રી મરુદેવીમાતા. તેઓ તીર્થની સ્થાપના થયા પહેલાં જ સિદ્ધ થયા હતા. તીર્થના વ્યવચ્છેદમાં જાતિસ્મરણ જ્ઞાનથી સિદ્ધ થનારાઓને પણ આ પ્રકારના સિદ્ધ ગણવામાં આવે છે.

અહીં આઇ પદથી બાકીના તેર પ્રકારો ગ્રહણ કરવા. તે આ પ્રમાણેઃ—

(૩) તિત્થગરસિદ્ધ-તીર્થંકરસિદ્ધ. શ્રીઋષભદેવ વગેરેની જેમ તીર્થંકરપદ પ્રાપ્ત કરીને સિદ્ધ થયેલા.

(૪) અતિત્થગરસિદ્ધ-અતીર્થંકરસિદ્ધ. શ્રીભરત ચક્રવર્તી વગેરેની જેમ સામાન્ય કેવલીરૂપે સિદ્ધ થયેલા.

(૫) સયંબુદ્ધસિદ્ધ-સ્વયંબુદ્ધસિદ્ધ. કપિલ વગેરેની જેમ જાતે જ બોધ પામીને સિદ્ધ થયેલા.

(૬) પત્તેયબુદ્ધસિદ્ધ-પ્રત્યેકબુદ્ધસિદ્ધ. રાજર્ષિ કરકંડૂની જેમ કોઈ પણ બાહ્ય નિમિત્ત પામીને સિદ્ધ થયેલા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વયંબુદ્ધને બાહ્ય નિમિત્તની જરૂર પડતી નથી. તે પોતાની જાતે જ બોધ પામે છે, જ્યારે પ્રત્યેક બુદ્ધને કોઈ પણ નિમિત્તની જરૂર પડે છે. આ બંને વચ્ચે આટલો તફાવત છે.

(૭) बुद्धबोधियसिद्ध-બુદ્ધબોધિત સિદ્ધ. આચાર્યાદિથી બોધ પામીને સિદ્ધ થયેલા.

(૮) इत्थीलिंगसिद्ध—સ્ત્રીલિંગસિદ્ધ. શ્રી ચંદનબાલાની જેમ સ્ત્રીલિંગે સિદ્ધ થયેલા.

સ્ત્રીઓ પણ મોક્ષની અધિકારિણી છે, તે આ ભેદ પરથી સિદ્ધ થાય છે.

(૯) पुरिसलिंगसिद्ध—પુરુષલિંગસિદ્ધ. શ્રી ઇલાચી-કુમારની જેમ પુરુષલિંગે સિદ્ધ થયેલા.

(૧૦) नपुंसकलिंगसिद्ध—નપુંસકલિંગસિદ્ધ. શ્રી ગાંગેયની જેમ નપુંસકલિંગે સિદ્ધ થયેલા. ( અહીં જાતિ નપુંસકો લેવાના નથી, પણ કૃત્રિમ નપુંસકો લેવાના છે. )

(૧૧) सलिंगसिद्ध—સ્વલિંગસિદ્ધ. સાધુના વેશમાં સિદ્ધ થયેલા.

(૧૨) अन्नलिंगसिद्ध—અન્યલિંગસિદ્ધ. શ્રી વલ્કલ-ચીરિની જેમ બીજા વેશમાં સિદ્ધ થયેલા.

(૧૩) गिहिलिंगसिद्ध—ગૃહસ્થલિંગસિદ્ધ. મરુદેવી માતાની જેમ ગૃહસ્થના વેશમાં સિદ્ધ થયેલા.

(૧૪) एगसिद्ध—એકસિદ્ધ. એક સમયે એક એક

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

સિદ્ધ થયેલા. અહીં સમય શબ્દથી કાલનો નિર્વિભાજ્ય ભાગ સમજવો.

(૧૫) अनेगसिद्ध–અનેકસિદ્ધ. એક સમયે અનેક સિદ્ધ થયેલા.

सिद्धभेएणं—સિદ્ધ થવાના ભેદો વડે. સિદ્ધ થવાના જે પ્રકારો છે, તે પ્રમાણે.

एए—આ.

संखेवेणं—સંક્ષેપથી, ટુંકમાં.

जीव–विगप्पा–જીવના વિકલ્પો, જીવના ભેદો.

जीवनो विगप्प તે जीव–विगप्प. બહુવચનાર્થે जीव–विगप्पा. जीव–જીવ. विगप्पा–વિકલ્પ, ભેદ.

समक्खाया—કહ્યા.

'समाख्याता भणिताः ।'

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## અન્વય

तित्थातित्थाइ–सिद्ध–भेएणं सिद्धा पनरस–भेया एए जीव–विगप्पा संखेवेणं समक्खाया ।

## ભાવાર્થ

તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ આદિ સિદ્ધો થવાના પ્રકારો પ્રમાણે સિદ્ધો પંદર પ્રકારના છે. આ પ્રમાણે સમસ્ત જીવોના ભેદો ટુંકમાં કહ્યા.

## વિવેચન

પંચેન્દ્રિય જીવોના ભેદો પૂર્ણ થયા, તેની સાથે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંસારી જીવોના ભેદો પણ પૂર્ણ થયા. આ લોક, વિશ્વ કે જગતમાં છ ઈન્દ્રિયોવાળા કોઈ જીવો નથી, એટલે પંચેન્દ્રિય જીવો એ સંસારી જીવોની છેલ્લી સીમા છે અને તેને અહીં ચાર ભેદો વડે બરાબર સ્પર્શવામાં આવ્યા છે. હવે બાકી રહેલ સિદ્ધના ભેદો કહે છે.

આમ તો સિદ્ધ થયેલા સર્વ જીવો શક્તિ–સામર્થ્યમાં કે ગુણપ્રાપ્તિમાં સમાન છે; તેમની વચ્ચે કોઈ જાતનો ભેદ કે તફાવત નથી; પરંતુ સિદ્ધ થવાની રીત પરથી તેમના પંદર પ્રકારો પડે છે. તેમાંથી તીર્થસિદ્ધ અને અ–તીર્થસિદ્ધ આ બે ભેદો અહીં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યા છે અને બાકીના તેર આદિ પદથી ગ્રહણ કરવાના છે.

તીર્થસિદ્ધ એટલે શ્રી તીર્થંકરદેવોએ સ્થાપેલા શ્રમણપ્રધાન ચતુર્વિધ શ્રીસંઘરૂપ તીર્થની વિદ્યમાનતામાં સિદ્ધ થયેલા. જેના વડે તરાય તે તીર્થ કહેવાય છે. આ વ્યાખ્યા મુજબ શ્રમણ, શ્રમણી, શ્રાવક અને શ્રાવિકાનો બનેલો ચતુર્વિધ શ્રીસંઘ તીર્થની સંજ્ઞા પામેલો છે, કારણ કે તેના આલંબન વડે સંસારસાગરને સરલતાથી તરી શકાય છે.

પરંતુ તીર્થની વિદ્યમાનતા ન હોય તો કોઈ જીવ સિદ્ધ ન થાય, એવું નથી. એવા સમયે પણ કેટલાક જીવો કર્મનો ક્ષય કરીને સિદ્ધિગતિની પ્રાપ્તિ કરે છે અને સિદ્ધોની પંક્તિમાં બિરાજે છે; તેથી બીજો પ્રકાર અતીર્થસિદ્ધનો કહ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધના આ બે પ્રકારો એવા છે કે તેમાં સર્વે સિદ્ધોનો સમાવેશ થઈ જાય, પરંતુ શાસ્ત્રનો પ્રયત્ન ભેદોનું પરિજ્ઞાન કરાવવા માટે હોય છે, તેથી બીજા પ્રકારોનું પણ અહીં પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

ત્રીજા અને ચોથા પ્રકારમાં તીર્થંકરસિદ્ધ અને અતીર્થંકરસિદ્ધની ગણના થાય છે. તેનો સાર એ છે કે કેટલાક જીવો પુણ્યપ્રકર્ષને લીધે તીર્થંકરની પદવી પ્રાપ્ત કરીને તે જ ભવમાં સિદ્ધ થાય છે, તો કેટલાક જીવો આવી પદવી પ્રાપ્ત કર્યા વિના માત્ર સામાન્ય કેવળી તરીકે જ સિદ્ધિગતિની પ્રાપ્તિ કરે છે. અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે જે જીવ તીર્થંકરપદને પામ્યો નથી કે કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરીને સામાન્ય કેવલીની પંક્તિમાં બિરાજ્યો નથી, તે સિદ્ધિગમનનો અધિકારી નથી, અર્થાત્ સિદ્ધ થઈ શકતો નથી. જ્યારે કોઈ પણ જીવ સંવર અને નિર્જરાના ઉત્કૃષ્ટ આલંબન વડે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મોનો ક્ષય કરે છે, ત્યારે તેને અપ્રતિપાતી એવું કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે અને તેના વડે તે સર્વ પદાર્થોના સર્વ ભાવો જાણી શકે છે. આવા જીવોને આપણે માનાર્થે કેવલી ભગવંત કહીએ છીએ. આ કેવલી ભગવંતો અંત સમયે બાકીનાં ચાર અઘાતીકર્મોનો પણ ક્ષય કરે છે અને નિષ્ઠિતાર્થ થઈને ઊર્ધ્વગમનપૂર્વક સિદ્ધશિલામાં વિરાજી સિદ્ધ નામ સાર્થક કરે છે.

જેમણે કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થ સ્થાપ્યું હોય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે તીર્થંકર કહેવાય છે અને બાકીના સામાન્ય કેવલી કહેવાય છે.

પાંચમા, છઠ્ઠા અને સાતમા પ્રકારમાં સ્વયંબુદ્ધસિદ્ધ, પ્રત્યેકબુદ્ધસિદ્ધ અને બુદ્ધબોધિતસિદ્ધની ગણના થાય છે, તેનું રહસ્ય પણ સમજી લઈએ. એ તો નિશ્ચિત કે કે બોધ પામ્યા વિના મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થતી નથી અને મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થયા વિના સિદ્ધિપદ સાંપડતું નથી. બોધ પામવો એટલે સંસારની અસારતાનું પૂરેપૂરું ભાન થવું અને આત્મ–કલ્યાણ માટે સંયમાદિ અનુષ્ઠાનોની મહત્તા સમજવી. આ પ્રકારનો બોધ કેટલાક આત્માઓને જાતિસ્મરણાદિ જ્ઞાન વડે સ્વયં થાય છે, તો કેટલાક આત્માઓને કોઈ પણ નિમિત્ત મળવાથી થાય છે અને કેટલાક આત્માઓને જ્ઞાન–દર્શન–ચારિત્રસંપન્ન એવા આચાર્યાદિના ઉપદેશ વડે થાય છે. આ ત્રણ પ્રકારોને અહીં અનુક્રમે સ્વયંબુદ્ધસિદ્ધ, પ્રત્યેકબુદ્ધસિદ્ધ અને બુદ્ધબોધિતસિદ્ધ કહેવામાં આવ્યા છે.

આઠમા, નવમા અને દશમા પ્રકારમાં સ્ત્રીલિંગસિદ્ધ, પુરુષલિંગસિદ્ધ અને નપુંસકલિંગસિદ્ધનો નિર્દેશ થયેલો છે. તેનો અર્થ એ છે કે આત્મા શરીરની અપેક્ષાએ સ્ત્રી, પુરુષ કે નપુંસક ગમે તે લિંગમાં રહેલો હોય, પણ મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં મસ્ત બને અને કર્મકટકનો સંહાર કરે તો એ અવશ્ય સિદ્ધિસદનમાં દાખલ થઈ શકે છે તથા નિરંજન–નિરાકાર એવા સિદ્ધ પરમાત્માની પંક્તિમાં બિરાજી શકે છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલાક કહે છે કે 'સ્ત્રીઓથી સંયમનું પાલન સર્વાંશે થઈ શકતું નથી, કારણ કે તેમને મર્યાદાના પાલન માટે વસ્ત્રો ધારણ કરવા પડે છે અને વસ્ત્રધારણ એ એક જાતનો પરિગ્રહ છે; એટલે તેઓ મોક્ષમાર્ગની અધિકારિણી નથી; પરંતુ આમ કહેવું યોગ્ય નથી. 'मुच्छा परिग्गहो वुत्तो' એવાં શાસ્ત્રનાં ટંકશાળી વચનો છે. તેનો અર્થ એ છે કે સંયમની સાધના કરતી વખતે વસ્ત્ર, ઉપધિ આદિ જે કંઈ રાખવામાં આવે છે, તે પરિગ્રહ નથી, પણ તેના પ્રત્યે મૂર્છા-મમતા જાગે તો એ પરિગ્રહ છે. એટલે જે મૂર્છાશીલ બનીને અર્થાત્ નિર્મમત્વ ભાવે વસ્ત્રને ધારણ કરે છે, તે પરિગ્રહ-દોષથી યુક્ત નથી અને તે કારણે તેમનો સંયમ અધૂરો કે અપૂર્ણ ગણાતો નથી. તાત્પર્ય કે સ્ત્રીઓ પણ પુરુષની જેમ સંયમનું પાલન સર્વાંશે કરી શકે છે અને તેથી સકલ કર્મનો ક્ષય કરવાપૂર્વક મોક્ષમાં જઈ શકે છે.

શ્રીમરુદેવી માતાએ સ્ત્રીલિંગે જ સિદ્ધિ પ્રાપ્ત કરી. શ્રીમલ્લિનાથ સ્ત્રીલિંગે હોવા છતાં તીર્થંકરપદની પ્રાપ્તિ કરીને મોક્ષે સિધાવ્યા. શ્રી રાજિમતીએ પણ સ્ત્રીલિંગે જ સિદ્ધિપદ સંપાદન કર્યું અને શ્રી ચંદનબાળા તથા મૃગાવતીએ પણ સ્ત્રીલિંગે જ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરીને સિદ્ધાવસ્થાનું સુખ પ્રાપ્ત કર્યું.

ઉત્તરાધ્યયનસૂત્રના છત્રીશમા અધ્યયનમાં 'इत्थीपुरिससिद्धा य, तहेव य नपुंसगा' એવો સ્પષ્ટ પાઠ છે અને પ્રજ્ઞા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પન્નાસૂત્રના પ્રથમપદે પણ 'ઇત્થીલિંગસિદ્ધા, પુરિસલિંગસિદ્ધા, નપુંસગલિંગસિદ્ધા ' એવા સ્પષ્ટ શબ્દો છે, એટલે સ્ત્રી પણ પુરુષના જેટલી જ મોક્ષની અધિકારિણી છે, એમ માનવું જ યોગ્ય છે. જેમણે નગ્નત્વનો આગ્રહ સેવીને સ્ત્રીઓને મોક્ષની અનધિકારિણી ઠરાવી, તેમણે જૈન ધર્મના એક મૂળભૂત મહાન સિદ્ધાંતનો અપલાપ કર્યો છે, એમ કહીએ તો જરા પણ અત્યુક્તિ નથી. નગ્નત્વ કે અનગ્નત્વ એ કંઈ મોક્ષપ્રાપ્તિનાં સીધાં કારણો નથી. મોક્ષપ્રાપ્તિનું સીધું કારણ તો કર્મક્ષય જ છે અને તે નગ્ન કે અનગ્ન કોઈ પણ હાલતમાં થઈ શકે છે. દિગમ્બર ગ્રન્થોમાં પણ સ્ત્રીને ચૌદ ગુણસ્થાનક કહ્યા છે, છતાં કદાગ્રહથી તેઓ માનતા નથી.

અગિયારમા, બારમા અને તેરમા પ્રકારમાં સ્વલિંગ-સિદ્ધ, અન્યલિંગસિદ્ધ અને ગૃહસ્થલિંગસિદ્ધને સ્થાન આપવામાં આવ્યું છે. અહીં લિંગનો અર્થ વેદ (Sex) નથી, પણ વેશ છે. તાત્પર્ય કે કેટલાક જીવો આર્હત ધર્મમાં ઉપદેશાયેલા શ્રમણ–શ્રમણીના વેશે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને સિદ્ધ થાય છે, તો કેટલાક તાપસ વગેરેના વેશમાં રહ્યા છતાં તથાપ્રકારની આત્મવિશુદ્ધિનાં કારણે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને સિદ્ધ થાય છે. તો કેટલાક વળી ગૃહસ્થ વેશમાં રહ્યા છતાં પણ ભાવવિશુદ્ધિનું પ્રબળ નિમિત્ત પામીને ઘાતીકર્મનો ક્ષય કરવાને શક્તિમાન થાય છે અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરીને છેવટે સિદ્ધ બને છે. અહીં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે સ્વલિંગે સિદ્ધ થવું, એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્સર્ગરૂપ છે, એટલે કે ધોરી માર્ગ છે અને અન્ય લિંગે સિદ્ધ થવું કે ગૃહસ્થલિંગે સિદ્ધ થવું એ અપવાદરૂપ છે, એટલે કે ક્વચિત્ બનતી ઘટના છે. શાસ્ત્રમાં સિદ્ધ જીવોના અલ્પ-બહુત્વનો વિચાર કરવામાં આવ્યો છે, ત્યાં સ્પષ્ટ જણાવ્યું છે કે 'ગૃહસ્થલિંગ સિદ્ધ સહુથી ઓછા છે, એથી અન્યલિંગસિદ્ધ સંખ્યાતગુણા છે અને એથી સ્વલિંગસિદ્ધ સંખ્યાતગુણા છે.'

ચૌદમા અને પંદરમા પ્રકારમાં એકસિદ્ધ અને અનેક સિદ્ધને મૂકવામાં આવ્યા છે. તેનો પરમાર્થ એ છે કે કોઈક વાર એક સમયમાં માત્ર એક જીવ જ મોક્ષે જાય છે અને કોઈક વાર એક સમયમાં અનેક જીવો સાથે મોક્ષે જાય છે. દાખલા તરીકે ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી જે સમયે મોક્ષે ગયા, ત્યારે બીજો કોઈ પણ જીવ મોક્ષે ગયો ન હતો, એટલે તેઓ એકસિદ્ધની કોટીમાં ગણાય છે અને પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન જે સમયે મોક્ષે ગયા, તે જ સમયે બધા મળીને ૧૦૮ જીવો મોક્ષે ગયા હતા, એટલે તેઓ અનેકસિદ્ધની કોટિમાં ગણાય છે. એકી સાથે ૧૦૮ થી વધારે જીવો સિદ્ધ થતા નથી, એવો શાસ્ત્રકારોનો અભિપ્રાય છે. અહીં એ સ્પષ્ટતા કરવી પણ ઉચિત છે કે શ્રી ઋષભદેવની સાથે ૧૦૮ સિદ્ધ થયા, તે આશ્ચર્ય ગણાય છે, તેનું કારણ ૧૦૮ની સંખ્યા નથી, પણ ઉત્કૃષ્ટ કાયાવાળા ૧૦૮ ગયા એ છે.

અહીં પ્રસંગવશાત્ એ પણ જણાવી દઈએ કે

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધિગતિ પ્રાપ્ત કરવાની યોગ્યતા મનુષ્યભવમાં જ છે, એટલે મનુષ્યદેહ છૂટી ગયા પછી આત્મા આ સ્થળે કેવી રીતે પહોંચી જાય છે, તે જાણવું જરૂરી છે. આત્માની સ્વાભાવિક ગતિ ઊર્ધ્વ છે, તેથી જ્યારે તેને કોઈ પણ પ્રકારનું કર્મબંધન ન હોય ત્યારે સીધી ઊર્ધ્વરેખા પ્રમાણે જ ગતિ કરે છે, એટલે જે સ્થળેથી દેહ છોડયો હોય, તેના જ અગ્રભાગે સિદ્ધશિલામાં સ્થિર થાય છે. આ ક્રિયાને પાણીમાં રહેલા તુંબડા સાથે સરખાવવામાં આવે છે. જેમ કોઈ તુંબડા ઉપર કપડું વીંટાળી તેના પર માટીનો લેપ કર્યો હોય, ફરી તેના પર કપડું વીંટાળી માટીનો લેપ કર્યો હોય, એ રીતે વારંવાર કપડું વીંટાળી માટીનો લેપ કર્યો હોય, તો એ તુંબડું ભારે બનીને પાણીના તળિયે બેસી જાય છે. હવે પાણીના દબાણ કે ઘર્ષણથી તેની માટી પલળતી જાય ને કપડાંનો એકેક આંટો ઉકેલાતો જાય, તો એક પછી એક તેના પરનાં બંધનો ઓછાં થતાં જાય છે; અને આ રીતે જ્યારે તેનાં બધાં બંધનો ઓછાં થઈ જાય છે, ત્યારે કપડાં અને માટીમાંથી એ તુંબડું સંપૂર્ણ મુક્ત થાય છે અને તેથી સીધું ઊર્ધ્વગતિ કરીને પાણીનાં મથાળે પહોંચી જાય છે. અહીં તુંબડાના સ્થાને જીવ, કપડાં અને માટીના લેપને સ્થાને કર્મબંધન અને પાણીના સ્થાને લોકાકાશમાં રહેલું ધર્માસ્તિકાય દ્રવ્ય સમજવું.

શરીર, ઇન્દ્રિયો, મન વગેરે પૌદ્ગલિક વસ્તુઓ છે અને તે કર્મના લીધે જ સંભવે છે, પરંતુ સિદ્ધ જીવોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્મનો સર્વથા અભાવ હોય છે, એટલે તેમને કોઈ પણ પ્રકારનું શરીર, ઇન્દ્રિય કે મન હોતાં નથી; તેઓ માત્ર આત્મસ્વરૂપ જ હોય છે અને તે કારણે તેમને અશરીરી કહેવાય છે.

જ્યાં શરીર નથી, ત્યાં જન્મ કેવો? જરા પણ કેવી? અને મૃત્યુ પણ કેવું? વળી રોગ, શોક અને ભય પણ શરીરના કારણે જ ઉત્પન્ન થાય છે, એટલે તેનો પણ સિદ્ધ જીવોને સર્વથા અભાવ હોય છે.

સિદ્ધ જીવો નિરંજન-નિરાકાર હોય છે, પણ તેમની હસ્તી ભૂંસાતી નથી કે તેમના સ્વરૂપમાં કોઈ પ્રકારનું પરિવર્તન થતું નથી; એટલે કે તેઓ અક્ષય-અચલ-અવ્યાબાધ સ્થિતિને પ્રાપ્ત થાય છે અને સદાકાળ એ જ સ્થિતિમાં રહે છે.

કેટલોક વર્ગ એમ માને છે કે 'સિદ્ધાલયમાં રહેલા સિદ્ધો જગતને દુઃખી જોઈને મૃત્યુલોકમાં અવતાર ધારણ કરે છે અને દુઃખી જગતનો ઉદ્ધાર કરે છે.' પરંતુ જેઓ નિષ્ઠિતાર્થ છે, કૃતકૃત્ય છે અને સર્વ પ્રકારના કર્મોથી રહિત છે, તે ફરી અવતાર ધારણ કેમ કરે? જેમ બીજ બળી ગયા પછી તે ઉગવાની શક્તિ ધરાવતા નથી, તેમ કર્મો પણ દગ્ધ થયા પછી આત્માને ફરી જન્મ-જરા-મૃત્યુના બંધનમાં જકડી શકતા નથી. વધારે સ્પષ્ટ કહીએ તો કર્મ એ કોઈ સ્વતંત્ર વસ્તુ નથી, એ તો પુદ્ગલનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ એક સ્વરૂપ છે અને આત્મા જ્યારે મિથ્યાત્વ આદિ દોષોથી યુક્ત હોય છે, ત્યારે તેને પોતાના ભણી આકર્ષી તેમાં તન્મય થાય છે અને ત્યારે જ તે કર્મની સંજ્ઞા પામે છે. જ્યારે સિદ્ધ જીવોમાં મિથ્યાત્વ આદિ કોઈ દોષ રહેલો નથી, એટલે તે પુદ્ગલોને પોતાના ભણી આકર્ષી તેમાં તન્મય બને એ સંભવિત નથી, એથી જ તે કોઈ પણ પ્રકારનો જન્મ ધારણ કરે કે સિદ્ધશિલા છોડી તેની નીચેના પ્રદેશમાં જાય, એ બનવાની શક્યતા નથી.

સ્વ-સ્વરૂપમાં સ્થિરતા એ જ સિદ્ધ જીવોનું સુખ છે અને તે એટલું ઉત્કૃષ્ટ કોટિનું છે કે જગતનું અન્ય કોઈ પણ સુખ તેની બરાબરી કરી શકતું નથી. આવશ્યક-નિર્યુક્તિમાં કહ્યું છે કે—

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

“ नवि अत्थि मणुस्साणं सुक्खं नेव सव्वदेवाणं ।
जं सिद्धाणं सुक्खं, अव्वाबाहं उवगयाणं ॥१९०॥

“ તે સુખ મનુષ્યોને નથી કે સર્વ દેવોને પણ નથી કે જે સુખ અવ્યાબાધ સ્થિતિને પામેલા સિદ્ધોને છે.”

સિદ્ધ જીવોને સિદ્ધ પરમાત્મા પણ કહેવામાં આવે છે અને તેમની ગણના દેવતત્ત્વમાં થાય છે, એટલે અરિહંતોની જેમ તેમની પણ દ્રવ્ય-ભાવપૂજા થાય છે અને તે આત્મકલ્યાણમાં અતિ ઉપકાર નીવડે છે.

卐

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જીવ-વિચાર-પ્રકાશિકા

યાને

## જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન

卐

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

ત્રીજો ખંડ

પંચ-દ્વાર

જી. ૨૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ૧ ]

## જીવોના વિશેષ જ્ઞાન માટે પાંચ દ્વારની પ્રરૂપણા

### મૂળ

जैन साईट
JAINSITE

एएसिं जीवाणं सरीरमाऊ ठिई सकायम्मि ।
पाणा जोणि-परमाणं जेसिं जं अत्थि तं भणिमो ॥२६॥

જૈનમ્ જયતિ શાસનમ્

### સંસ્કૃત છાયા

एतेषां जीवानां शरीरमायुः स्थितिः स्वकाये ।
प्राणा योनिप्रमाणं येषां यदस्ति तद् भणिष्यामः ॥२६॥

### પદાર્થ

एएसिं--એ.

આ પદ जीवाणं ના વિશેષણ તરીકે છઠ્ઠી વિભક્તિના બહુવચનમાં આવેલું છે.

जीवाणं—જીવોના.

सरीरं—શરીર, કાયા, દેહ.

आऊ--આયુષ્ય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ठिई**—સ્થિતિ.

**सकायम्मि**—પોતાની કાયાને વિષે.

स એવી काय તે सकाय. તેના વિષે सकायम्मि. स—સ્વ. काय—કાયા.

**पाणा**—પ્રાણો.

જેના આધારે જીવન ધારણ કરી શકાય, તેને પ્રાણ કહેવામાં આવે છે. આ પ્રાણ દશ પ્રકારના છે : (૧-૫) પાંચ ઇન્દ્રિયો, (૬) મનોબળ, (૭) વચનબળ, (૮) કાયબળ, (૯) શ્વાસોચ્છ્વાસ અને (૧૦) આયુષ્ય.

**जोणि-पमाणं**—યોનિનું પ્રમાણ.

जोणिनुं पमाण તે जोणि-पमाण. जोणि—યોનિ. જીવોને ઉત્પન્ન થવાના સ્થાનને યોનિ કહે છે.

**पमाण**—પ્રમાણ, માપ, ધોરણ. અહીં વપરાયેલ પ્રમાણ શબ્દ શરીર, આયુષ્ય, સ્વકાયસ્થિતિ અને પ્રાણોને પણ લાગુ પડે છે. તાત્પર્ય કે જેમ યોનિનું પ્રમાણ કહેવાનું છે, તેમ શરીરનું પ્રમાણ, આયુષ્યનું પ્રમાણ, સ્વકાયસ્થિતિનું પ્રમાણ તથા પ્રાણોનું પ્રમાણ પણ કહેવાનું છે.

**जेसिं**—જેમનું.

**जं**—જે.

**अत्थि**—છે.

**तं**—તે.

**भणिमो**—કહીએ છીએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અન્વય

एएसिं जीवाणं जेसिं जं सरीरं, आऊ, सकायम्मि
ठिई, पाणा, जोणि-पमाणं अत्थि, तं भणिमो ।

ભાવાર્થ

આ જીવોના શરીર, આયુષ્ય, સ્વકાય-સ્થિતિ, પ્રાણ અને યોનિઓનું શાસ્ત્રોક્ત જે પ્રમાણ છે, તે અમે કહીએ છીએ.

વિવેચન

વિશદ વર્ગીકરણ, સુયોગ્ય પરિભાષા અને ક્રમાનુસારી સંક્ષિપ્ત વર્ણનથી પ્રકરણ-કર્તાએ આપણને સંસારી જીવોના ૫૬૩ ભેદો તથા સિદ્ધ જીવોના ઔપચારિક ૧૫ ભેદોનો પરિચય કરાવ્યો. આને આપણે જીવ-વિષયક પાયાનું શિક્ષણ ( Basic education ) સમજીએ. જેમ પાયા વિના ઘર હોય નહિ, તેમ આ મૂળભૂત જ્ઞાન વિના જીવો અંગે વિશેષ બોધ સંભવે નહિ. વાસ્તવમાં ભેદ-પરિજ્ઞાનથી જ વસ્તુનો વિશેષ બોધ થાય છે અને તેથી જ શાસ્ત્રકારો કોઈ પણ વસ્તુનો વિશેષ બોધ કરાવવા માટે તેના ભેદો તથા ઉત્તરભેદોનું વર્ણન કરે છે.

જેમ પાયો નંખાયા પછી તેના પર મજબૂત ચણતર કરવામાં આવે છે અને તો જ તે ઘર ટકાઉ બને છે, તેમ શાસ્ત્રકારો પણ પાયાનું જ્ઞાન આપ્યા પછી તે અંગે વિવિધ માહિતી રજૂ કરે છે અને એ રીતે વિવક્ષિત વિષયના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાનની પુષ્ટિ કરે છે. વર્તમાન શિક્ષણશાસ્ત્રીઓ કે જેમણે મોટા ભાગે માનસવિજ્ઞાનના આધારે શિક્ષણને લગતા સિદ્ધાંતો નક્કી કર્યા છે, તેઓ પણ આ જ પદ્ધતિનો સ્વીકાર કરે છે. દાખલા તરીકે ભૂગોળનું જ્ઞાન આપવું હોય તો પ્રથમ દુનિયાના ખંડોનો, પછી તેમાં આવેલા દેશોનો, પછી તેના જીલ્લા અને પ્રાંતોનો નિર્દેશ કરે છે અને ત્યાર બાદ તેની સીમાઓ, તેનું હવામાન, ત્યાંની પ્રાકૃતિક રચના ત્યાંનું લોકજીવન વગેરે વર્ણવે છે; આથી વિદ્યાર્થીઓને તાલુકાઓ, જીલ્લાઓ, દેશો વગેરેનો યથાર્થ બોધ થાય છે અને તે જીવનમાં ઉપયોગી નીવડે છે.

વિવક્ષિત વિષયનો કોઈ એક મુદ્દો પકડીને તે અંગે વિચારણા કરવી કે તે સંબંધી અવનવી માહિતી આપવી તેને 'પદ' કે 'દ્વાર' કહે છે. અહીં પદ પ્રકરણ (chapter) નો અર્થ અને દ્વાર જ્ઞાનરૂપી મંદિરમાં પ્રવેશ કરવાના દરવાજાનો અર્થ દર્શાવે છે.

'એક વિષય અંગે પદ કે દ્વાર કેટલાં હોઈ શકે?' એવો પ્રશ્ન થવા સંભવ છે, પરંતુ તેનો ઉત્તર વિષય ઉપર આધાર રાખે છે. જો વિષય ઘણો ગહન-ગંભીર હોય તો તે અંગે અનેક પદો કે દ્વારો હોઈ શકે છે. દાખલા તરીકે જીવનો વિષય અતિ ગહન-ગંભીર છે, તો પ્રજ્ઞાપનાસૂત્રમાં તે અંગે નીચે મુજબ ૩૬ પદો યોજવામાં આવ્યાં છે:—

(૧) પ્રજ્ઞાપનાપદ, (૨) સ્થાનપદ, (૩) અલ્પ-બહુત્વપદ, (૪) સ્થિતિપદ, (૫) વિશેષ કે પર્યાયપદ, (૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યુત્ક્રાન્તિપદ, (૭) ઉચ્છ્વાસપદ, (૮) સંજ્ઞીપદ, (૯) યોનિપદ, (૧૦) ચરમાચરમપદ, (૧૧) ભાષાપદ, (૧૨) શરીરપદ, (૧૩) પરિણામપદ, (૧૪) કષાયપદ, (૧૫) ઇન્દ્રિયપદ, (૧૬) પ્રયોગપદ, (૧૭) લેશ્યાપદ, (૧૮) કાયસ્થિતિપદ, (૧૯) સમ્યક્ત્વપદ, (૨૦) અંતક્રિયાપદ, (૨૧) અવગાહના-સંસ્થાનપદ, (૨૨) ક્રિયાપદ, (૨૩) કર્મપ્રકૃતિપદ, (૨૪) કર્મબંધપદ, (૨૫) કર્મવેદપદ, (૨૬) કર્મવેદબંધપદ, (૨૭) કર્મવેદવેદપદ, (૨૮) આહારપદ, (૨૯) ઉપયોગપદ, (૩૦) પશ્યત્તાપદ, (૩૧) સંજ્ઞીપદ, (૩૨) સંયતપદ, (૩૩) અવધિપદ, (૩૪) પરિચારણાપદ, (૩૫) વેદનાપદ અને (૩૬) સમુદ્ઘાતપદ.

અહીં જીવનું સ્વરૂપ સંક્ષેપથી કહેવાનું છે, એટલે પ્રકરણકારે અતિ અગત્યના એવા પાંચ દ્વારોની પસંદગી કરી છે અને તેનું વર્ણન ક્રમશઃ કર્યું છે.

આ પાંચ દ્વારોમાંનું પ્રથમ **શરીરદ્વાર** છે, તેમાં જીવોના શરીરનું પ્રમાણ કહ્યું છે. વધારે સ્પષ્ટ કહીએ તો તેની ઊંચાઈનો ખ્યાલ આપવામાં આવ્યો છે કે જેને સામાન્ય રીતે અવગાહના કહેવામાં આવે છે. બીજું **આયુષ્યદ્વાર** છે, તેમાં જીવોનું આયુષ્ય કહ્યું છે. ત્રીજું **સ્વકાયસ્થિતિ-દ્વાર** છે, એટલે કે એક જીવ તે જ પ્રકારની કાયામાં વારંવાર જન્મ અને મરણ પામી કેટલો કાળ રહી શકે, તે કહ્યું છે. ચોથું **પ્રાણદ્વાર** છે, તેમાં દરેક જીવોને કેટલા પ્રાણ હોય છે? તે જણાવવામાં આવ્યું છે અને પાંચમું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોનિદ્વાર છે, એટલે કે ક્યા વર્ગના જીવો કેટલી યોનિમાં ઉત્પન્ન થાય, તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

અહીં જીવોના શરીરાદિ સંબંધી જે પ્રમાણ કહેવાનું છે, તે શાસ્ત્રોએ કહ્યા મુજબ જ કહેવાનું છે, તેથી પ્રકરણકારે ' जेसिं जं अत्थि तं भणिमो ' એવો શબ્દપ્રયોગ કર્યો છે.

વ્યવહારદૃષ્ટિએ જીવનો સહુથી અધિક સંબંધ શરીર સાથે છે; વળી આયુષ્ય, સ્વકાયસ્થિતિ, પ્રાણ કે યોનિનો વિચાર શરીર વિના થઈ શકતો નથી, તેથી પ્રથમ દ્વાર શરીરનું કહ્યું છે. શરીર સાથે આયુષ્યનો વિચાર ગાઢપણે સંકળાયેલો છે, તેથી બીજું દ્વાર આયુષ્યનું કહ્યું છે. આયુષ્ય પૂર્ણ થયા પછી સંસારી જીવને અવશ્ય નવી કાયા ધારણ કરવાની હોય છે, એટલે ત્રીજું દ્વાર સ્વકાયસ્થિતિનું કહ્યું છે. શરીરધારણની ક્રિયા પ્રાણ વિના સંભવતી નથી, એટલે ચોથું દ્વાર પ્રાણનું કહ્યું છે અને શરીરધારણની ક્રિયા માટે કોઈ પણ યોનિમાં ઉત્પન્ન થવું પડે છે, એટલે પાંચમું દ્વાર યોનિનું કહ્યું છે. આ રીતે હવે પછી જે વસ્તુની રજૂઆત થવાની છે, તે સહેતુક છે અને જીવો સંબંધી વિશિષ્ટ જ્ઞાનની વૃદ્ધિ કરનારી છે.

卐

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ २ ]

## શરીર–દ્વાર

### [ જીવોના શરીરનું પ્રમાણ ]

जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

### મૂળ

अंगुल–असंख–भागो, सरीरमेगिंदियाण सव्वेसिं ।
जोयण–सहस्समहियं, नवरं पत्तेय–रुक्खाणं ॥२७॥

### સંસ્કૃત–છાયા

अङ्गुलासङ्ख्येयभागः शरीरमेकेन्द्रियाणां सर्वेषाम् ।
योजनसहस्रमधिकं, नवरं प्रत्येक–वृक्षाणाम् ॥ २७ ॥

### પદાર્થ

अंगुल–असंख–भागो–અંગુલનો અસંખ્યાતમો ભાગ.

अंगुल નો असंख એવો भाग તે अंगुल–असंख–भाग. अंगुल–માપવિશેષ. તે ત્રણ પ્રકારના હોય છે: (૧) આત્માંગુલ, (૨) ઉત્સેધાંગુલ અને (૩) પ્રમાણાંગુલ. તેમાં જે જે સમયે જે પુરુષો વિશિષ્ટ કે મહાન ગણાતા હોય તેના

હાથની આંગળીના એક વેઢા જેટલી લંબાઇને આત્માંગુલ કહેવામાં આવે છે; આઠ જવના મધ્ય ભાગને એકઠા કરીએ તેટલી લંબાઈને ઉત્સેધાંગુલ કહેવામાં આવે છે અને જે ઉત્સેધાંગુલથી ચારસો ગણું લાંબું તથા અઢી ગણું પહોળું હોય, એટલે ક્ષેત્રરૂપમાં એક હજારગણું મોટું હોય, તેને પ્રમાણાંગુલ કહેવામાં આવે છે. આમાંથી કયા અંગુલનો ક્યારે ઉપયોગ કરવો? તે અંગે બૃહત્સંગ્રહણીમાં નીચેની ગાથા જોવામાં આવે છે :

आयंगुलेण वत्थुं, सरीरमुस्सेह अंगुलेण तहा ।
नगपुढविविमाणाईमिणसु पमाणंगुलेणं तु ॥

'આત્માંગુલ વડે વસ્તુઓ મપાય છે, ઉત્સેધાંગુલ વડે નરકાદિ ચારે ગતિના જીવોનાં શરીર મપાય છે અને પ્રમાણાંગુલ વડે મેરુ વગેરે પર્વતો, રત્નપ્રભા વગેરે નારક પૃથ્વીઓ તથા સૌધર્માવતંસકાદિ વિમાનો વગેરે મપાય છે.' તાત્પર્ય કે જગતના સામાન્ય વ્યવહારમાં વસ્તુઓનું જે માપ કહેવાય છે, તે આત્માંગુલની અપેક્ષાએ કહેવાય છે. શાસ્ત્રમાં એકેન્દ્રિયાદિ જીવોનાં શરીરનાં જે માપ કહ્યાં છે, તે ઉત્સેધાંગુલની અપેક્ષાએ કહ્યાં છે અને મેરુપર્વત, રત્નપ્રભા આદિ નારક પૃથ્વીઓ, તેમજ વિમાનો વગેરેનાં જે માપ કહ્યાં છે, તે પ્રમાણાંગુલની અપેક્ષાએ કહ્યાં છે. અહીં શરીરના પ્રમાણમાં વિષય હોઇ અંગુલ શબ્દથી ઉત્સેધાંગુલ સમજવાનું છે.

**असंख**—અસંખ્ય. જેની ગણના સંખ્યા વડે થઈ ન શકે તેને અસંખ્ય કહેવાય છે. સામાન્ય લોકો આમજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપરાંતની સંખ્યાનો અસંખ્ય તરીકે વ્યવહાર કરે છે; ગણિતશાસ્ત્રીઓ પરાર્ધ એટલે અઢાર અંક ઉપરાંતની સંખ્યાનો અસંખ્ય તરીકે વ્યવહાર કરે છે; પરંતુ જૈન શાસ્ત્રોમાં શીર્ષ-પ્રહેલિકા એટલે ૧૯૪ અંકની સંખ્યા કહેલી છે અને તેની પછી પણ લાંબા અંતરે અસંખ્યાતનો વ્યવહાર માનેલો છે. વળી અસંખ્યાતના પણ પરિત્ત, મધ્યમ, અસંખ્યાત અને તે દરેકના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ, એવા ત્રણ પ્રકારો માનતાં અસંખ્યાતના કુલ નવ પ્રકારો માનેલા છે.

**भाग**-ભાગ.

**सरीरं**-શરીર, કાયા, દેહ.

**सरीर** અને **एगिंदियाण** એ બે પદોની સંધિ થવાથી અહીં **सरीरमेगिंदियाण** એવું પદ બનેલું છે.

**एगिंदियाण**-એકેન્દ્રિયોનું, એકેન્દ્રિય જીવોનું.

**सव्वेसिं**-સર્વેનું.

**जोयण-सहस्सं**-એક હજાર યોજન.

**जोयण-सहस्सं** અને **अहियं** એ બે પદોની સંધિથી અહીં **जोयण-सहस्समहियं** એવું પદ બને છે.

જોયણનું સહસ્સ પ્રમાણ તે **जोयण-सहस्सं**. **जोयण**-યોજન. તે એક પ્રકારનું માપ છે. તેની ગણના આ પ્રમાણે થાય છે:-

**अंगुलछक्कं पाओ, सो दुगुण विहत्थी सा दुगुण हत्थो ।**
**चउहत्थं धणु दुसहस्स, कोसो ते जोअणं चउरो ॥१॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ૬ ઉત્સેધાંગુલ | = | ૧ પાદ. |
| ૨ પાદ | = | ૧ વેંત |
| ૨ વેંત | = | ૧ હાથ. |
| ૪ હાથ | = | ૧ ધનુષ. |
| ૨૦૦૦ ધનુષ | = | ૧ કોશ (ગાઉ). |
| ૪ કોષ | = | ૧ યોજન. |

सहस्स—હજાર, એક હજાર. સોથી દશ ગણી સંખ્યાને હજાર કહેવામાં આવે છે.

अहियं—અધિક, વધારે, કંઈક વધારે.

नवरं—તેમાં વિશેષ એ કે—

'नवरं त्ति अयं विशेषः ।'

पत्तेय रुक्खाणं—પ્રત્યેક વૃક્ષોનું, પ્રત્યેક વનસ્પતિનું.

पत्तेय એવું જે रुक्ख તે पत्तेय-रुक्ख. તેનું ષષ્ઠીના બહુવચનમાં पत्तेय-रुक्खाणं એવું રૂપ થાય છે. पत्तेय–પ્રત્યેક. તે અહીં વનસ્પતિનો એક વિશેષ પ્રકાર સમજવો. रुक्ख–વૃક્ષ, વનસ્પતિ.

### અન્વય

सव्वेसिं एगिंदियाण सरीरं अंगुल–असंख–भागो नवरं पत्तेय रुक्खाणं अहियं जोयण–सहस्सं ।

### ભાવાર્થ

સર્વે એકેન્દ્રિય જીવોનું શરીર અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું હોય છે. તેમાં વિશેષતા એટલી કે

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રત્યેક વનસ્પતિનું શરીર એક હજાર યોજનથી કંઈક અધિક હોય છે.

## વિવેચન

પ્રસ્તુત પ્રકરણની સત્તાવીશમી ગાથાથી તેત્રીશમી ગાથા સુધી શરીર-દ્વારનો વિસ્તાર છે. તેમાં સર્વે જીવોનાં શરીરનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે કે જેને સામાન્ય રીતે અવગાહના કહેવામાં આવે છે. આ દૃષ્ટિએ આને અવગાહના-દ્વાર કહીએ તો પણ ચાલે.

અહીં શરીરને અનુલક્ષીને તેની ઉંચાઈ કહેવાની છે, એટલે શરીર સંબંધી કેટલીક સ્પષ્ટતા કરીએ. શરીર એ જીવને ક્રિયા કરવાનું સાધન છે. કાયા, કલેવર, તનુ, ચય, ઉપચય, સંઘાત, દેહ, એ બધા તેના પર્યાયશબ્દો છે. સંસારી જીવો અનંત છે, પરંતુ તેમના શરીરો અસંખ્યાત છે. તેના જુદી જુદી અપેક્ષાએ અનેક પ્રકારો પડી શકે, પણ જૈન શાસ્ત્રકારોએ કાર્ય-કારણ વગેરેની સમાનતાને અનુલક્ષીને તેના પાંચ પ્રકારો પાડેલા છે: (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તૈજસ અને (૫) કાર્મણ.

જે શરીર ઉદાર-ઉત્કૃષ્ટ પુદ્ગલોનું બનેલું હોય, તે ઔદારિક કહેવાય; અથવા જે શરીર અન્ય શરીરની અપેક્ષાએ ઉચ્ચ સ્વરૂપવાળું હોય, તે ઔદારિક કહેવાય; અથવા જેનું છેદન, ભેદન, ગ્રહણ, દહન વગેરે થઈ શકે તે ઔદારિક કહેવાય. પ્રાકૃત ભાષામાં તેને માટે ओराल्लिय શબ્દનો પ્રયોગ થાય છે. જે શરીર વિવિધ વિક્રિયાને પામે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે કે નાનામાંથી મોટું, મોટામાંથી નાનું, જાડામાંથી પાતળું, પાતળામાંથી જાડું, એકમાંથી અનેક, અનેકમાંથી એક એમ વિવિધ પ્રકારનું બની શકે તે વૈક્રિય કહેવાય. સૂક્ષ્મ અર્થનો સંદેહ નિવારણ કરવા માટે ચતુર્દશપૂર્વધારી મુનિ કેવલી ભગવંત પાસે જવા માટે વિશુદ્ધ પુદ્ગલનું બનાવેલું જે અવ્યાઘાતી શરીર ધારણ કરે, તે આહારક કહેવાય. જે શરીર તેજસૂથી બનેલું કે તેજોમય હોય, તે તૈજસ કહેવાય અને આત્મપ્રદેશ સાથે એકતા પામેલો એવો કર્મનો સમૂહ, તે કાર્મણ શરીર કહેવાય.

ઔદારિક કરતાં વૈક્રિય, વૈક્રિય કરતાં આહારક આહારક કરતાં તૈજસ અને તૈજસ કરતાં કાર્મણ શરીર વધારે સૂક્ષ્મ હોય છે.

આપણું શરીર ઔદારિક છે, પશુ-પક્ષી વગેરેનાં જે શરીરો જોઇએ છીએ, તે પણ ઔદારિક છે અને વનસ્પતિ વગેરેનાં શરીરો પણ ઔદારિક છે. નારક અને દેવોના જીવોને સ્વભાવથી જ વૈક્રિય શરીર હોય છે. આહારક શરીર તો ઉપર જણાવ્યું તેમ કોઈ કારણ પ્રસંગે જ ચતુર્દશપૂર્વધર મુનિઓ દ્વારા ધારણ કરાય છે. તૈજસ શરીર દરેક સંસારી જીવને હોય છે, પણ તે ઔદારિક કે વૈક્રિયની અંદર રહેલું હોય છે અને કાર્મણ શરીર પણ દરેક સંસારી જીવને હોય છે, પણ તે આત્મા સાથે ઓતપ્રોત થયેલું હોય છે.

કોઈ પણ જીવ મરણ પામે ત્યારે તેનું ઔદારિક કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈક્રિય શરીર પડી જાય છે, પણ તૈજસ તથા કાર્મણ એ બે શરીરો તેની સાથે જ રહે છે.

અહીં શરીર સંબંધી જે પ્રમાણ કહેવાનું છે, તે ઔદારિક તથા વૈક્રિયનું સમજવું.

એકેન્દ્રિય જીવોના કુલ બાવીશ ભેદો છે, તે આગળ કહેવાઈ ગયું છે. આ બાવીશ ભેદો પૈકી પ્રત્યેક વનસ્પતિ સિવાયના બાકીના બધા જીવોનું શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે. અલબત્ત, આમાં પણ તરતમતા એટલે નાના-મોટાપણું હોય છે, તે આ પ્રમાણે :–

(૧) સહુથી નાનું શરીર સૂક્ષ્મ નિગોદનું હોય છે. સૂક્ષ્મ નિગોદ એટલે સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ.

(૨) તેનાથી અસંખ્યાતગણું મોટું સૂક્ષ્મ વાયુકાયનું હોય છે.

(૩) તેનાથી અસંખ્યાતગણું મોટું સૂક્ષ્મ અગ્નિકાયનું હોય છે.

(૪) તેનાથી અસંખ્યાતગણું મોટું સૂક્ષ્મ અપ્કાયનું હોય છે.

(૫) તેનાથી અસંખ્યાતગણું મોટું સૂક્ષ્મ પૃથ્વીકાયનું હોય છે.

(૬) તેનાથી અસંખ્યાતગણું મોટું બાદર વાયુકાયનું હોય છે.

(૭) તેનાથી અસંખ્યાતગણું મોટું બાદર અગ્નિકાયનું હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૮) તેનાથી અસંખ્યાતગણું મોટું બાદર અપ્કાયનું હોય છે.

(૯) તેનાથી અસંખ્યાતગણું મોટું બાદર પૃથ્વીકાયનું હોય છે.

(૧૦) તેનાથી અસંખ્યાતગણું મોટું બાદર નિગોદનું હોય છે.

આમ છતાં તે અંગુલના અસંખ્યાતમાં ભાગથી તો અધિક હોતું જ નથી.

પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એક હજાર યોજનથી કંઈક અધિક હોય છે. આ પ્રમાણ કેટલાક દ્રહો એક હજાર યોજનની ઊંડાઈવાળા હોય છે અને તેમાં કમળો થાય છે, તેને આશ્રીને કહ્યું છે. તેમાં એક હજાર યોજન જેટલો પાણીનો ભાગ તેટલી નાળ હોય છે અને પાણીની સપાટી પર રહેલું કમલ તેથી અધિક હોય છે, તેથી એક હજાર યોજનથી કંઈક અધિક એવી તેની ઊંચાઈ કહેલી છે. અહીં દ્વીપની બહાર કેટલીક લતાઓ પણ આવડા પ્રમાણવાળી થાય છે.

આપણી વર્તમાન દુનિયા કે જે જૈન શાસ્ત્રોએ વર્ણવેલા મધ્યલોકની વચ્ચે આવેલા જંબૂદ્વીપનો એક બહુ નાનકડો ભાગ છે, તેમાં પણ પ્રત્યેક વનસ્પતિ સંબંધી કેટલોક આશ્ચર્યજનક વિકાસ જોવામાં આવે છે. તેની અહીં નોંધ કરવી ઉચિત ગણાશે.

યુનાઇટેડ સ્ટેટસના કેલિફોર્નિયા પ્રાંતના તુલેર

જૈનસાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરગણાના જંગલમાં એવાં વૃક્ષો મળી આવ્યાં છે કે જેનો ઘેરાવો મૂળમાં ૧૦૮ ફુટ જેટલો અને ૧૨ ફુટની ઊંચાઈએ ૭૬ ફુટ જેટલો છે. કલોઈના દરિયાઈ બાગમાં ૮૦ ફુટ ઊંચો, ૧૫ ફુટ પહોળો અને દર વર્ષે ૫૦૦૦૦ ફુલ આપતો ગુલાબનો છોડ છે. ઓસ્ટ્રેલિયામાં યુકેલિપ્ટસૂનાં વૃક્ષો ૫૦૦ ફુટ ઊંચા થાય છે. તાત્પર્ય કે સ્થાન-સંયોગો અનુસાર છોડ, લતા, વેલા, વૃક્ષો વગેરે ઘણા મોટા થાય છે, એટલે અહીં જે પ્રમાણ બતાવવામાં આવ્યું છે, તેથી જરા પણ આશ્ચર્ય પામવા જેવું નથી.

અહીં એ પણ સ્પષ્ટ કરી દઈએ કે સૂક્ષ્મ શરીર ગમે તેટલાં ભેગાં કરવામાં આવે તો પણ આપણે જોઈ શકતાં નથી, જ્યારે બાદર શરીરો અમુક પ્રમાણમાં ભેગાં થાય, ત્યારે આપણે જોઈ શકીએ છીએ. જૈન શાસ્ત્રોએ જણાવ્યું છે કે જો માત્ર લીલા આંબળા જેટલી પૃથ્વીના જીવ સરસવના દાણા જેટલી કાયા કરે તો એક લાખ યોજન પ્રમાણ જંબૂદ્વીપમાં સમાય નહિ. તે જ રીતે અપૂકાયના એક બિંદુમાં રહેલા જીવો જો કબૂતર જેવડી કાયા કરે તો તે પણ જંબૂદ્વીપમાં સમાય નહિ.

### મૂળ

**बारस जोयण तिन्नेव, गाउआ जोयणं च अणुक्कमसो ।**
**बेइंदिय-तेइंदिय-चउरिंदिय-देहमुच्चत्तं ॥२८॥**

### સંસ્કૃત-છાયા

द्वादशयोजनानि त्रिण्येव गव्यूतानि योजनं चानुक्रमतः ।
द्वीन्द्रिय-त्रीन्द्रिय-चतुरिन्द्रिय-देहोच्चत्वम् ॥ २८ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

बारस–બાર.

जोयण–યોજન.

तिन्नेव–નિશ્ચય ત્રણ યોજન.

गाउआ–ગાઉ.

जोयणं–યોજન.

य–અને.

अणुक्कमसो–અનુક્રમશઃ, અનુક્રમ પ્રમાણે.

बेइंदिय અને तेइंदिय અને चउरिंदिय નો देह, તે बेइंदिय–तेइंदिय–चउरिंदिय–देह. આ પદ વિભક્તિવ્યત્યયથી બીજીમાં આવેલું છે, પણ તેનો અર્થ છઠ્ઠી પ્રમાણે સમજવાનો છે. बेइंदिय–બેઇન્દ્રિયવાળા જીવો.

तेइंदिय–ત્રણ ઇન્દ્રિયવાળા જીવો.

चउरिंदिय–ચાર ઇન્દ્રિયવાળા જીવો.

देह–શરીરની.

उच्चत्तं–ઊંચાઈ.

### અન્વય

बेइंदिय–तेइंदिय–चउरिंदिय–देहमुच्चत्त अणुक्कमसो
बारस–जोयण, तिन्नेव गाउआ, य जोयणं ॥

### ભાવાર્થ

બેઇન્દ્રિયવાળા જીવો, ત્રણ ઇન્દ્રિયવાળા જીવો અને ચાર ઇન્દ્રિયવાળા જીવોના શરીરની ઊંચાઈ અનુક્રમે બાર યોજન, ત્રણ ગાઊ અને એક યોજન હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિવેચન

એકેન્દ્રિય એટલે પાંચ પ્રકારના સ્થાવર જીવો. તેની પછી વિકલેન્દ્રિયનો ક્રમ આવે છે કે જેમને સામાન્ય રીતે કીડાઓ અને જંતુઓ કહેવામાં આવે છે. તેમાં બે ઇન્દ્રિયવાળા જીવોનું ઉત્કૃષ્ટ દેહમાન બાર યોજનનું હોય છે. પરંતુ તે અઢીદ્વીપની બહાર સમુદ્રમાં રહેલા શંખાદિનું સમજવું. 'द्वादश-योजनानि द्वीन्द्रियाणां बहिः समुद्रवर्ति-शंखादीनाम् ।'

ત્રણ ઇન્દ્રિયવાળા જીવોનું ઉત્કૃષ્ટ દેહમાન ત્રણ ગાઉનું હોય છે, તે પણ અઢીદ્વીપની બહાર રહેલા કાનખજૂરા વગેરેનું સમજવું. 'तथा त्रीण्येव गव्यूतानि त्रीन्द्रियाणां बहिर्द्वीपवर्ति कर्णशृगाल्यादीनाम् ।'

અને ચાર ઇન્દ્રિયવાળા જીવોનું ઉત્કૃષ્ટ દેહમાન એક યોજનનું હોય છે. તે પણ અઢીદ્વીપની બહાર થતાં ભ્રમર આદિનું સમજવું. 'तथा योजनं चैक चतुरिन्द्रियाणां बहि-र्द्वीपवर्तिभ्रमरादीनाम् ।'

### મૂળ

धणु-सयपंच-पमाणा नेरइया सत्तमाइ पुढवीए ।
तत्तो अद्धद्धुणा नेया रयणप्पहा जाव ॥२९॥

### સંસ્કૃત છાયા

पञ्चशतधनुःप्रमाणा नैरयिकाः सप्तम्यां पृथिव्याम् ।
ततोऽर्द्धार्द्धोना ज्ञेया रत्नप्रभां यावत् ॥ २९ ॥

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પદાર્થ

धणुसयपंचपमाणा—પાંચસો ધનુષ્યના પ્રમાણવાળા.

धणुनुं सयपंच એવું જે पमाण ધારણ કરનાર તે धनु-सय-पंचपमाण. धनु-ધનુષ. सयपंच-શતપંચ, પંચશત પાંચસો. पमाण-પ્રમાણવાળા.

नेरइया—નૈરયિકો, નારક-જીવો.

सत्तमाइ—સાતમી.

पुढवीए—પૃથ્વીને વિષે.

तत्तो—ત્યાંથી.

अद्धद्धूणा—અર્ધ અર્ધ ઓછા.

नेया—જાણવા.

रयणप्पहा—રત્નપ્રભા.

जाव—જ્યાં સુધી.

## અન્વય

सत्तमाइ पुढवीए नेरइया धणु-सय-पंच-पमाणा, तत्तो जाव रयणप्पहा अद्धद्धूणा नेया ।

## ભાવાર્થ

સાતમી પૃથ્વીમાં નારક જીવો પાંચસો ધનુષ્ય પ્રમાણ-વાળા હોય છે. ત્યાંથી રત્નપ્રભા સુધી અર્ધા અર્ધા ઓછા જાણવા.

## વિવેચન

એક ઇન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય અને ચાર

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇન્દ્રિયવાળા જીવો પછી પંચેન્દ્રિય જીવોના શરીરનું પ્રમાણ ક્રમપ્રાપ્ત છે તેમાં પ્રથમ નારકીના જીવોનું શરીર-પ્રમાણ કહે છે. સાતમી નરકના જીવો પાંચસો ધનુષની કાયાવાળા હોય છે. તેનાથી છઠ્ઠી નરકના જીવો અર્ધા ઓછા, એટલે અઢીસો ધનુષની કાયાવાળા હોય છે. આ રીતે પાંચમી નરકના જીવો સવાસો ધનુષની કાયાવાળા, ચોથી નરકના જીવો સાડી બાસઠ ધનુષની કાયાવાળા, ત્રીજી નરકના જીવો સવા એકત્રીશ ધનુષની કાયાવાળા, બીજી નરકના જીવો સાડા પંદર ધનુષ અને બાર આંગળની કાયાવાળા તથા પહેલી રત્નપ્રભા નરકના જીવો પોણા આઠ ધનુષ અને છ આંગળની કાયાવાળા હોય છે. તેની તાલિકા બનાવીએ તો નીચે પ્રમાણે થાય :

| | | | | ધનુષ | આંગળ |
|---|---|---|---|---|---|
| પહેલી રત્નપ્રભા નારકોના શરીરની ઊંચાઈ | | | | ૭ાા | ૬ |
| બીજી શર્કરાપ્રભા | ,, | ,, | ,, | ૧૫ાા | ૧૨ |
| ત્રીજી વાલુકાપ્રભા | ,, | ,, | ,, | ૩૧ા | |
| ચોથી પંકપ્રભા | ,, | ,, | ,, | ૬૨ાા | |
| પાંચમી ધૂમપ્રભા | ,, | ,, | ,, | ૧૨૫ | |
| છઠ્ઠી તમઃપ્રભા | ,, | ,, | ,, | ૨૫૦ | |
| સાતમી તમસ્તમઃપ્રભા | | ,, | ,, | ૫૦૦ | |

## મૂળ

जोयण–सहस्स–माणा मच्छा उरगा य गब्भया हुंति ।
धणुह–पुहुत्तं पक्खिसु, भुअचारी गाउअ–पुहुत्तं ॥३०॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સંસ્કૃત છાયા

योजनसहस्रमाना मत्स्या उरगाश्च गर्भजा भवन्ति ।
धनुःपृथक्त्वं पक्षिषु भुजपरिसर्पाणां गव्यूतपृथक्त्वम् ॥३०॥

## પદાર્થ

जोयण-सहस्स-माणा—હજાર યોજનના પ્રમાણવાળા. जोयणनुं सहस्स એવું જે माण તે जोयण-सहस्स-माण. जोयण-सहस्स-હજાર યોજન. माण-પ્રમાણ.

मच्छा—મત્સ્યો.

उरगा—ઉરઃપરિસર્પ.

य—અને.

गब्भया—ગર્ભજો.

हुंति—હોય છે.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

धणुह-पुहुत्त—ધનુષપૃથકત્વ, બેથી નવ ધનુષ સુધી.

धणुहनुं पुहुत्तं તે धणुह-पुहुत्तं. धणुह-ધનુષ. पुहुत्तं-પૃથકત્વ. બેથી નવની સંખ્યાનું માપ બતાવવું હોય ત્યાં પૃથકત્વ એવો શબ્દ જોડવામાં આવે છે. તે નીચે એકથી અને ઉપર દશથી જુદો પાડનાર હોય છે.

पक्खिसु—પક્ષીઓમાં.

भुअचारी—ભુજપરિસર્પ.

गाउअ-पुहुत्तं—ગાઉપૃથકત્વ, બેથી નવ ગાઉ સુધી.

## અન્વય

गब्भया मच्छा य उरगा जोयण-सहस्स-माणा हुंति ।
पक्खीसु धणुह-पुहुत्तं भुअचारी गाउअ-पुहुत्तं ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ભાવાર્થ

ગર્ભજ મત્સ્યો અને ઉરઃપરિસર્પો એક હજાર યોજન પ્રમાણુવાળા હોય છે, ગર્ભજ પક્ષીઓ બેથી નવ ધનુષ સુધીના પ્રમાણુવાળા હોય છે અને ગર્ભજ ભુજ-પરિસર્પો બેથી નવ ગાઉ સુધીના પ્રમાણુવાળા હોય છે.

## વિવેચન

તિર્યંચ પંચેન્દ્રિયમાં પ્રથમ ગર્ભજનું શરીરપ્રમાણુ દર્શાવે છે અને પછી સંમૂર્છિમનું. તેમાં ગર્ભજનું શરીર–પ્રમાણુ દર્શાવતાં કહે છે કે ગર્ભજ મત્સ્યો અને ઉરઃ પરિસર્પો એટલે સાપ વગેરે ઉત્કૃષ્ટ દેહમાનથી એક હજાર યોજન–પ્રમાણુવાળા હોય છે. પરંતુ આ પ્રમાણુ અઢી દ્વીપની બહાર ઉત્પન્ન થતા મત્સ્યો તથા સર્પો વગેરેનું સમજવાનું છે અઢી દ્વીપની અંદર આટલી ઊંચાઇ જોવા મળતી નથી.

વર્તમાન દુનિયામાં ૪૫ ફુટ લાંબી વહેલ માછલી તથા અજગર મળી આવે છે. વળી રૂમી સિપાઇઓએ ૧૨૦ ફુટ લાંબી સાપની કાંચળી રોમ મોકલ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

ગર્ભજ પક્ષીઓની ઊંચાઈ બેથી નવ ધનુષ્ય એટલે આઠ હાથથી માંડીને ૩૬ હાથ સુધીની હોય છે. એક વાર મુંબઈના સાંજ વર્તમાન નામના પત્રમાં પ્રકટ થયું હતું કે ' હાલ મનુષ્ય આનંદથી સૂઈ શકે એવા ૨૮ ઇંચ જાડાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઈંડાનાં અડધિયાં મળી આવ્યાં છે. તો તે જાતનાં પક્ષીઓ કેટલાં મોટાં હશે ?'

ગર્ભજ ભુજપરિસર્પનું ઉત્કૃષ્ટ દેહમાન બેથી નવ ગાઉ સુધીનું હોય છે, તે પણ અઢી દ્વીપની બહાર સમજવું. વર્તમાન દુનિયામાં મલાયાના જંગલમાં ૩૫ ફુટ લાંબી ઘો મળી આવે છે.

## મૂળ

खयरा धणुह–पुहुत्तं भुयगा उरगा य जोयण–पुहुत्तं ।
गाउअ–पुहुत्त–मित्ता समुच्छिमा चउप्पया भणिया ॥३१॥

## સંસ્કૃત છાયા

खचराणां धनुः पृथक्त्वं भुजगानां उरगाणां च योजनपृथक्त्वम् ।
गव्यूतिपृथक्त्वमात्राः संमूर्च्छिमाश्चतुष्पदा भणिताः ॥

## પદાર્થ

खयरा—ખેચરો, પક્ષીઓ.

धणुहपुहुत्त—ધનુષ-પૃથક્ત્વ પ્રમાણવાળા. બેથી નવ ધનુષ્યની અવગાહનાવાળા.

भुयगा—ભુજપરિસર્પો.

उरगा—ઉરઃપરિસર્પો.

य—અને.

जोयण-पुहुत्तं—યોજનપૃથક્ત્વ પ્રમાણવાળા. બેથી નવ યોજનની અવગાહનાવાળા.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

गाउआ-पुहुत्त-मित्ता—ગાઉ પૃથક્ત્વ પ્રમાણુવાળા. બેથી નવ ગાઉની અવગાહનાવાળા.

'मात्राशब्दोऽत्र प्रमाणवाची' અહીં मित्ता-मात्रा એવો જે શબ્દ છે, તે પ્રમાણુવાચી છે.

समुच्छिमा—સંમૂર્ચ્છિમો.

चउप्पया—ચતુષ્પદો, ચોપગાં.

भणिया—કહેલા છે.

### અન્વય

समुच्छिमा खयरा भुयगा धणुह-पुहुत्त, य उरगा जोयण-पुहुत्तं, चउप्पया गाउअ-पुहुत्त-मित्ता भणिया ।

### ભાવાર્થ

સંમૂર્ચ્છિમ ખેચરો અને ભુજપરિસર્પો બેથી નવ ધનુષ્ય પ્રમાણુવાળા, ઉરઃપરિસર્પો બેથી નવ યોજન પ્રમાણુવાળા અને ચતુષ્પદો બેથી નવ ગાઉ પ્રમાણુવાળા કહ્યા છે.

### વિવેચન

ગર્ભજ ખેચર એટલે પક્ષીઓ બેથી નવ ધનુષ-પ્રમાણુ દેહવાળા હોય છે, તેમ સંમૂર્ચ્છિમ ખેચરો પણુ બેથી નવ ધનુષપ્રમાણુ દેહવાળા હોય છે; પરંતુ ગર્ભજ ભુજપરિસર્પ અને સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પની અવગાહના સરખી હોતી નથી. પહેલાની બેથી નવ ગાઉની હોય છે, ત્યારે બીજાની માત્ર બેથી નવ ધનુષ જ હોય છે. ઉરઃ-પરિસર્પના પ્રમાણુમાં પણુ આવો જ મોટો તફાવત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગર્ભજ ઉરઃપરિસર્પો એક હજાર યોજન પ્રમાણુવાળા હોય છે, ત્યારે સંમૂર્ચ્છિંમ ઉરઃપરિસર્પો બેથી નવ ગાઉ જેટલા પ્રમાણુવાળા હોય છે.

ગર્ભજ મત્સ્યો એક હજાર યોજન પ્રમાણુવાળા હોય છે, તેમ સંમૂર્ચ્છિંમ મત્સ્યો પણ એક હજાર યોજન પ્રમાણુવાળા હોય છે, પરંતુ અહીં તેનો ઉલ્લેખ કરેલો નથી.

સંમૂર્ચ્છિંમ ચતુષ્પદો બેથી નવ ગાઉ પ્રમાણુવાળા હોય છે. ગર્ભજ ચતુષ્પદનું પ્રમાણ હવે પછીની ગાથામાં કહેશે.

### મૂળ

**छच्चेव गाउआइं चउप्पया गब्भया मुणेयव्वा ।**
**कोस-तिगं च मणुस्सा उक्कोस-शरीर-माणेणं॥३२॥**

JAINSITE .com जैनम् जयति शासनम्

### સંસ્કૃત છાયા

षड्गव्यूतय एव चतुष्पदा गर्भजा ज्ञातव्याः ।
कोशत्रिकं च मनुष्या उत्कृष्ट-शरीर-मानेन ॥३२॥

### પદાર્થ

**छच्चेव**–છ જ.

**गाउआइं**–ગાઉ.

**चउप्पया**–ચતુષ્પદો.

**गब्भया**–ગર્ભજ.

**मुणेयव्वा**–જાણુવા.

**कोस-तिगं**–ત્રણ ગાઉ.

**कोस**–ગાઉ. **तिगं**–ત્રણ.

**च**–અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मणुस्सा--મનુષ્યો.

उक्कोस-सरीर माणेण-ઉત્કૃષ્ટ શરીર-માપથી.

उक्कोस એવા सरीर નું माण તે उक्कोस-सरीरमाण. उक्कोस-ઉત્કૃષ્ટ, વધારેમાં વધારે. सरीर-શરીર. माण-માન, માપ.

## અન્વય

गब्भया चउप्पया छच्चेव गाउआइं मुणेयव्वा, च
मणुस्सा उक्कोस-सरीर-माणेणं कोस-तिगं ॥

## ભાવાર્થ

ગર્ભજ ચતુષ્પદો છ ગાઉ જાણવા. મનુષ્યો ઉત્કૃષ્ટ દેહમાનથી ત્રણ ગાઉના હોય છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## વિવેચન

સંમૂર્ચ્છિમ ચતુષ્પદનું શરીરપ્રમાણ ગત ગાથામાં બતાવ્યું છે, તે બેથી નવ ગાઉ જેટલું હોય છે; જ્યારે ગર્ભજ ચતુષ્પદો વધારેમાં વધારે છ ગાઉની અવગાહના વાળા હોય છે. આ પ્રમાણ દેવકુરુ વગેરે ક્ષેત્રમાં રહેલા હાથીઓને અનુલક્ષીને સમજવું. મનુષ્યોના દેહની ઊંચાઈ વધારેમાં વધારે ત્રણ ગાઉની હોય છે. આ પ્રમાણ પણ દેવકુરુ વગેરે ક્ષેત્રમાં રહેલા યુગલિયા મનુષ્યોને અનુલક્ષીને સમજવું.

મનુષ્યની ઊંચાઈ સંબંધી જે હેવાલો વર્તમાન સાહિત્યમાં પ્રાપ્ત થાય છે, તેમાંના કેટલાકની અહીં નોંધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીશું. સાર્લામેનના વખતમાં ફ્રટીકસ નામનો એક માણુસ થઈ ગયો, તેની ઊંચાઇ ૨૮ ફીટ હતી. કીન્કોલોફ્સ નામના બીજા માણુસની ઊંચાઇ ૧૫ાા ફીટ નોંધાયેલી છે. સને ૧૮૫૦ની સાલમાં મારુઆ પાસેની ભૂમિ ખોદતાં રાક્ષસી કદના મનુષ્યનાં હાડ નીકળ્યાં છે. તેનાં જડબાં માણુસના પગ જેટલાં લાંબાં હતાં. તેની ખોપરીમાં એક બુશલ એટલે ૪૮ શેર ઘઉં માઇ શકતા હતા. તેના એક એક દાંતનું વજન લગભગ બે તોલા જેટલું હતું. આવા હેવાલો વર્તમાનપત્રમાં અવારનવાર પ્રગટ થયા કરે છે, તે પરથી અમુક કાલે મનુષ્યો ઘણુા ઊંચા હતા અને તેમનું કદ ક્રમે ક્રમે ઘટી ગયું, એવો નિશ્ચય થાય છે. વળી પ્રદેશ પરત્વે પણ મનુષ્યોની ઊંચાઈમાં ઘણો ફેર પડે છે. દાખલા તરીકે ઉત્તર ધ્રુવના પ્રદેશમાં વસતા એસ્કિમો ઘણુા ઠીંગણુા હોય છે, તો ઉષ્ણુકટિબંધમાં રહેતા આફ્રિકન હબસીઓ તથા ગંગા-જમનાના ફલદ્રુપ પ્રદેશમાં રહેતા આર્યો-પુરબિયા વગેરે ઘણુા ઊંચા હોય છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

## મૂળ

ईसाणंत-सुराणं रयणीओ सत्त हुंति उच्चत्तं ।

दुग दुग दुग चउ गोविज्जणुत्तरेक्किकपरिहाणी ॥२३॥

## સંસ્કૃત છાયા

ईशानान्तसुराणां रत्नयः सप्त भवन्त्युच्चत्वम् ।

द्विकद्विकद्विकचतुष्कग्रैवेयकानुत्तरेष्वेकैकपरिहानिः ॥

## પદાર્થ

ईसाणंत-सुराणं-ઈશાન દેવલોકના અંત સુધીના દેવોની.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ईसाण જેના અંતમાં છે એવા સુર તે ईसाणंत-सुर. તેઓની. 'अत्र ईशानान्तग्रहणेन भवनपतिव्यंतरज्योतिष्क सौधर्मेशाना ग्राह्याः।' અહીં ઈશાન દેવલોક સુધીના અંતનું ગ્રહણ છે, તેથી ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, સૌધર્મ અને ઈશાન દેવલોક ગ્રહણ કરવા.

रयणीओ-હાથ. અહીં रयणी-રત્ન શબ્દ એક હાથનું માપ દર્શાવનારો છે.

सत्त-સાત.

हुंति-હોય છે.

उच्चत्तं-ઊંચાઈ.

दुग-બે.

चउ-ચાર.

गेविज्जणुत्तरे-ગ્રૈવેયક અને અનુત્તરમાં.

गेविज्ज અને अणुत्तर તે गेविज्जणुत्तर. गेविज्ज-ગ્રૈવેયક. अणुत्तर-અનુત્તર. આ બંને દેવલોકના ઉચ્ચતમ પ્રકારો છે.

इक्कि-परिहाणी-એક એકની પરિહાનિ. એક એકનું ઓછાપણું.

इक्क ને इक्क તે इक्किक. તેની परिहाणी તે इक्कि-परिहाणी. इक्क-એક. परिहाणी-પરિહાનિ, ઓછાપણું.

**અન્વય**

ईसाणंत-सुराणं उच्चत्तं सत्त रयणीओ हुंति, दुग दुग दुग चउ गेविज्जणुत्तरेक्किक्कपरिहाणी ॥

**ભાવાર્થ**

ઈશાન દેવલોકના અંત સુધીના દેવોની ઊંચાઈ સાત

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાથની હોય છે. ત્યાર પછી બે, બે, બે, ચાર, ગ્રૈવેયકો અને અનુત્તરોમાં એક એકનું ઓછાપણું છે.

## વિવેચન

દેવોનાં શરીરની ઊંચાઇ કેટલી હોય છે, તે અહીં દર્શાવ્યું છે. ઈશાન સુધીના દેવો એટલે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન દેવલોક સુધીના દેવતાઓના શરીરની ઊંચાઈ સાત હાથની હોય છે. ત્યાર પછી બે, બે, બે, ચાર, ગ્રૈવેયક અને અનુત્તર દેવોની ઊંચાઇ એક એક હાથ ઓછી હોય છે. તાત્પર્ય કે–

સનતકુમાર અને માહેન્દ્ર દેવલોકના દેવોની ઊંચાઈ છ હાથ હોય છે.

બ્રહ્મ અને લાંતક દેવલોકના દેવોની ઊંચાઇ પાંચ હાથ હોય છે.

શુક્ર અને સહસ્રાર દેવલોકના દેવોની ઊંચાઈ ચાર હાથ હોય છે.

આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એ ચાર દેવલોકના દેવોની ઊંચાઇ ત્રણ હાથ હોય છે.

નવ ગ્રૈવેયકના દેવોની ઊંચાઈ બે હાથ હોય છે અને પાંચ અનુત્તર દેવલોકના દેવોની ઊંચાઇ એક હાથ હોય છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ३ ]

## આયુષ્ય-દ્વાર

[ જીવોના આયુષ્યનું પ્રમાણ ]

जैन साईट
JAINSITE
जैनम् जयति शासनम्

### મૂળ

बावीसा पुढवीए सत्त य आउस्स तिन्नि वाउस्स ।
वास-सहस्सा दस तरुगणाण तेऊ तिरत्ताउ ॥ ३४ ॥

### સંસ્કૃત છાયા

द्वाविंशतिः पृथिव्याः सप्ताप्कायस्य त्रीणि वायुकायस्य ।
वर्षसहस्राः दश तरुगणानां तेजस्कायस्य त्रीण्यहोरात्राण्यायुः ॥३४॥

### પદાર્થ

बावीसा—બાવીશ.

पुढवीए—પૃથ્વીનું, પૃથ્વીકાયિક જીવોનું.

सत्त—સાત.

य—અને.

आउस्स—અપ્કાયિક જીવોનું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तिन्नि—ત્રણ.

वाउस्स—વાયુકાયિક જીવોનું.

वास-सहस्सा—હજાર વર્ષ.

वासनुं सहस्स ते वास-सहस्स. वास વર્ષ. सहस्स—હજાર

આ પદ તેજસ્કાય સિવાયની ચારે કાયના જીવોના આયુષ્યપ્રમાણ સાથે જોડવાનું છે. તાત્પર્ય કે જ્યાં બાવીશ કહ્યા છે, ત્યાં બાવીશ હજાર, સાત કહ્યા છે ત્યાં સાત હજાર, ત્રણ કહ્યા છે ત્યાં ત્રણ હજાર તથા દશ કહ્યા છે, ત્યાં દશ હજાર સમજવા.

दस—દશ.

तरुगणाण—પ્રત્યેક વનસ્પતિકાયનું. અહીં तरुगणथी પ્રત્યેક વનસ્પતિકાય ગ્રહણ કરવી.

तेऊ—તેજસ્કાય, અગ્નિકાયિક જીવોનું.

तिरत्ताऊ—ત્રણ રાત્રિનું આયુષ્ય.

तिरत्तनुं आऊ ते तिरत्ताऊ.

### અન્વય

पुढवीए आउस्स वाउस्स तरुगणाण बावीसा, सत्त, तिन्नि य दस वास-सहस्सा, तेउ तिरत्ताऊ ।

### ભાવાર્થ

પૃથ્વીકાયિક જીવોનું આયુષ્ય બાવીશ હજાર વર્ષ, અપ્કાયિક જીવોનું આયુષ્ય સાત હજાર વર્ષ, વાયુકાયિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવોનું આયુષ્ય ત્રણ હજાર વર્ષ અને પ્રત્યેક વનસ્પતિકાયનું આયુષ્ય દશ હજાર વર્ષ હોય છે. અગ્નિકાયિક જીવોનું આયુષ્ય માત્ર ત્રણ રાત્રિનું હોય છે.

## વિવેચન

આયુષ્યના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા ત્રણ પ્રકારો છે. જઘન્ય એટલે ઓછામાં ઓછું, ઉત્કૃષ્ટ એટલે વધારેમાં વધારે અને મધ્યમ એટલે તે બેની વચ્ચેનું. તેમાં જઘન્ય આયુષ્યનો ઉલ્લેખ અહીં કરેલો નથી, કારણ કે સર્વે ઔદારિક શરીરનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત–પ્રમાણ હોય છે. અહીં મધ્યમ આયુષ્યનો ઉલ્લેખ પણ કરેલો નથી, કારણ કે જઘન્ય અને ઉત્કૃષ્ટની મર્યાદા સમજાયા પછી તેનો ખ્યાલ આપોઆપ આવી જાય છે.

JAINSITE જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

જે ક્રમથી જીવોનું શરીર–પ્રમાણ કહ્યું, તેજ ક્રમથી આયુષ્ય–પ્રમાણ કહે છે. આ રીતે પાંચેય સ્થાવરનો ક્રમ પહેલો આવે છે. તેનું ઉત્કૃષ્ટ આયુષ્ય આ પ્રમાણે સમજવું:–

| | | |
|---|---|---|
| (૧) | પૃથ્વીકાયિક જીવો | ૨૨૦૦૦ વર્ષ |
| (૨) | અપ્કાયિક જીવો | ૭૦૦૦ વર્ષ |
| (૩) | વાયુકાયિક જીવો | ૩૦૦૦ વર્ષ |
| (૪) | પ્રત્યેક વનસ્પતિકાય | ૧૦૦૦૦ વર્ષ |
| (૫) | અગ્નિકાયિક જીવો | ૩ અહોરાત્ર. |

સાધારણ વનસ્પતિકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય આગળ આડત્રીશમી ગાથામાં જણાવ્યું છે, તે મુજબ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. આ આયુષ્યપ્રમાણ બાદર સ્થાવરોનું સમજવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂક્ષ્મ સ્થાવરોનું ઉત્કૃષ્ટ આયુષ્યપ્રમાણ પણ અંતર્મુહૂર્ત જેટલું જ હોય છે.

હવે પૃથ્વીકાયિક જીવોના ઉત્કૃટ આયુષ્યમાં જે વિશેષતા છે, તે પણ કહીએ છીએ. તે અંગે બૃહત્સંગ્રહણીમાં કહ્યું છે કે—

सण्हा य सुद्धवालुअे, मणोसिल सक्करा य खरपुढवी ।
इग बारस चोद्दस सोलट्ठार बावीस सम सहस्सा ॥

| | | | |
|---|---|---|---|
| શ્લક્ષ્ણ–સુંવાળી પૃથ્વીનું | ઉ. | આ૦ | ૧૦૦૦ વર્ષ |
| શુદ્ધ પૃથ્વીનું | ,, | ,, | ૧૨૦૦૦ વર્ષ |
| વાલુકારૂપ પૃથ્વીનું | ,, | ,, | ૧૪૦૦૦ વર્ષ |
| મણુસિલનું | ,, | ,, | ૧૬૦૦૦ વર્ષ |
| કાંકરાનું | ,, | ,, | ૧૮૦૦૦ વર્ષ |
| અતિ કઠિન પૃથ્વીનું | ,, | ,, | ૨૨૦૦૦ વર્ષ |

પૃથ્વીકાયિક, અપ્કાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક તથા સાધારણ વનસ્પતિકાયના આયુષ્ય સંબંધી આપણે વિશેષ વિચારણા કરી શકીએ એમ નથી; કારણ કે તે આપણી બુદ્ધિની બહારનો વિષય છે; પણ પ્રત્યેક વનસ્પતિના આયુષ્ય અંગે આપણે કંઈક વિચારણા કરી શકીએ એમ છીએ.

શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર ઘણા જુના કાળનું રાયણનું ઝાડ વિદ્યમાન છે. પ્રયાગ પાસે ભોંયરાનો વડ ૧૫૦૦ વર્ષ જુનો ગણાય છે. જેરુસલેમમાં ઓલીવ્હના ઝાડો વર્ષો–પુરાણાં મળી આવે છે અને શોધખોળ કરનારા-

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓએ અમુક વૃક્ષો ૫૦૦૦ વર્ષ પુરાણા હોવાનું પણ જાહેર કર્યું છે, એટલે પ્રત્યેક વનસ્પતિકાયની ઉત્કૃષ્ટ આયુષ્ય-મર્યાદા ૧૦૦૦૦ વર્ષની હોવા બાબત કોઈ શંકા રહેતી નથી.

### મૂળ

वासाणि बारसाऊ बेइंदियाण तेइंदियाणं तु ।
अउणापन्न -दिणाइं चउरिंदीणं तु छम्मासा ॥ ३५ ॥

### સંસ્કૃત છાયા

वर्षाणि द्वादशायुर्द्वीन्द्रियाणां त्रीन्द्रीयाणां तु ।
एकोनपञ्चाशद्दिनानि चतुरिन्द्रियाणां तु षण्मासा ॥ ३५ ॥

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

### પદાર્થ

वासाणि—વર્ષ.
बारस—બાર.
आऊ—આયુષ્ય.
बेइंदियाण—બે ઈન્દ્રિયવાળા જીવોનું
तेइंदियाणं—ત્રણ ઈન્દ્રિયવાળા જીવોનું.
अउणापन्न-दिणाइं—ઓગણપચાસ દિવસોનું.
चउरिंदीणं—ચાર ઈન્દ્રિયોવાળા જીવોનું.
तु—તો.
छम्मासा—૭ માસ.

### અન્વય

बेइंदियाण तेइंदियाणं तु चउरिंदीणं आऊ बारस वासाणि अउणापन्न-दिणाइं, छम्मासा ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### ભાવાર્થ

બે ઈન્દ્રિયવાળા, ત્રણ ઇન્દ્રિયવાળા અને ચાર ઈન્દ્રિયવાળા જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે બાર વર્ષ, ઓગણપચાસ દિવસ અને છ માસનું હોય છે.

### વિવેચન

બે ઈન્દ્રિયવાળા, ત્રણ ઇન્દ્રિયવાળા અને ચાર ઈન્દ્રિયવાળા જીવોને વિકલેન્દ્રિય એટલે કીડા કે જંતુઓ ગણવામાં આવે છે. તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય અન્ય જીવોની સરખામણીમાં ઘણું ઓછું હોય છે.

બે ઈન્દ્રિયવાળા જીવો એટલે શંખ, કોડા, કોડી, જળો, અળસિયાં વગેરે. તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર વર્ષનું હોય છે.

ત્રણ ઇન્દ્રિયવાળા જીવો એટલે કીડી, મંકોડી, ઉધેઈ, કાનખજૂરા વગેરે. તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણપચાસ દિવસનું હોય છે.

અને ચાર ઈન્દ્રિયવાળા જીવો એટલે વીંછી, બગાઈ, ભમરા, ભમરી વગેરે. તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ માસનું હોય છે.

આ બધા કીડા તથા જંતુઓ સંમૂર્ચ્છિમ હોય છે, તે ભૂલવાનું નથી.

### મૂળ

**सुर–नेरइयाण ठिई उक्कोसा सागराणि तित्तीसं ।**
**चउप्पय–तिरिय-मणुस्सा तिन्निय पलिओवमा हुंति॥२६॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સંસ્કૃત છાયા

सुर–नैरयिकाणां स्थितिरुत्कृष्टा सागरोपमाणि त्रयस्त्रिंशत् ।
चतुष्पद–तिर्यञ्च–मनुष्याणां त्रीणिच पल्योपमानि भवन्ति ॥३६॥

## પદાર્થ

सुर–नेरइयाण—દેવો અને નારકોની.

सुर અને नेरइय તે सुर–नेरइय. सुर–દેવ. नेरइय–નારક.

ठिई–સ્થિતિ, આયુષ્ય.

उक्कोसा–ઉત્કૃષ્ટ.

सागराणि–સાગરોપમ.

અહીં સાગરોપમને ટૂંકમાં સાગર કહેલ છે. સાગરોપમ એટલે સાગરની ઉપમાવાળો કાળ. જેમ સાગરનો પાર પામવો દુર્લભ છે, તેમ આ પ્રમાણનો પાર પામવો દુર્લભ છે. આમ છતાં શાસ્ત્રકારોએ તેનું પ્રમાણ તો બતાવ્યું જ છે. દશ કોટાકોટિ પલ્યોપમે એક સાગરોપમ થાય. એક ક્રોડને ક્રોડથી ગુણીએ ત્યારે કોટાકોટિ થાય. ૧૦,૦૦૦,૦૦૦× ૧૦,૦૦૦,૦૦૦ = ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ એક કોટાકોટિ. આ રકમને પુનઃ દશે ગુણીએ એટલે દશ કોટાકોટિ થાય.

હવે એક પલ્યોપમ કોને કહેવાય? તે જોઈએ. પલ્ય એટલે કૂવો કે ખાડો. તેની ઉપમા વડે સમજાવતું જે માપ, તે પલ્યોપમ. તેના ઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્ર એવા ત્રણ પ્રકારો છે અને તે દરેકના સૂક્ષ્મ અને બાદર ગણતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુલ ૭ પ્રકારો થાય છે. તેમાંથી અહીં સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનું પ્રયોજન છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, 'एएहिं सुहुमअद्धा पलिओवमसागरोवमेहिं – नेरइयतिरिक्खजोणियमणुयदेवाणं आउयाइं मविज्जंति ।' આ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ અને સાગરોપમો વડે નારક, તિર્યંચ યોનિ, મનુષ્ય અને દેવોના આયુષ્યો મપાય છે.

એક યોજન ઊંડા, પહોળા અને લાંબા ખાડામાં સાત દિવસના જન્મેલા યુગલિયા મનુષ્યના બાળકના એક વાળના સાત વાર આઠ આઠ કરેલા (૨૦૯૭૧૫૨) કકડા ઠાંસી ઠાંસીને ભરી તેમાંથી સો વર્ષે વાળનો એક એક કકડો કાઢતાં જેટલા કાળે એ ખાડો ખાલી થાય, તેટલા કાળને બાદર-અદ્ધા-પલ્યોપમ કહેવાય છે, અને એ દરેક ટૂકડાનાં અસંખ્ય સૂક્ષ્મ ટૂકડા કરીને સો-સો વર્ષે વાળનો એક એક ટૂકડો કાઢીએ તેટલા કાળને સૂક્ષ્મ-અદ્ધા-પલ્યોપમ કહેવાય છે.

**तित्तीसं**—તેત્રીશ.

**चउप्पय-तिरिय**—તિર્યંચ ચતુષ્પદ.

**चउप्पय-तिरिय** અને **मणुस्स** તે **चउप्पय-तिरिय-मणुस्स**. **चउप्पय**-ચતુષ્પદ. **तिरिय**-તિર્યંચ. તાત્પર્ય કે તિર્યંચ ચતુષ્પદ. **मणुस्स**-મનુષ્ય.

**तिन्नि**—ત્રણ.

**य**—અને.

**पलिओवमा**—પલ્યોપમો.

**हुंति**—હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### અન્વય

सुर-नेरइयाण उक्कोसा ठिई तित्तीसं सागराणि, य चउप्पय-तिरिय-मणुस्सा तिन्नि पलिओवमा हुंति ।

### ભાવાર્થ

દેવ અને નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની તથા તિર્યંચ ચતુષ્પદ અને મનુષ્યોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની હોય છે.

### વિવેચન

અહીં દેવની જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે, તે અનુત્તર વાસી દેવોની અપેક્ષાએ કહી છે અને નારકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે, તે સાતમી નરકના જીવોની અપેક્ષાએ કહી છે. તેમજ તિર્યંચ ચતુષ્પદ અને મનુષ્યની જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે, તે દેવકુરુ-ઉત્તરકુરુ વગેરે યુગલિક ક્ષેત્રોની અપેક્ષાએ કહી છે.

અહીં દેવો તથા નારકોની જઘન્ય સ્થિતિ કહી નથી, તેમજ ઉત્કૃષ્ટ સ્થિતિ પણ સર્વાર્થસિદ્ધ વિમાન તથા સાતમી નરકની જ કહી છે, એટલે તેમની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિનું વર્ણન કરીશું.

ભવનપતિ તથા વ્યંતર દેવોનું જઘન્ય આયુષ્ય દશહજાર વર્ષનું હોય છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય જુદા જુદા વર્ગ પ્રમાણે ૧ પલ્યોપમથી માંડીને ૧ સાગરોપમથી કંઇક અધિક સુધી હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યોતિષ્ક દેવોમાં ચન્દ્ર તથા સૂર્યના ઇન્દ્રને જઘન્ય આયુષ્ય હોતું નથી, એટલે કે ચન્દ્રનો ઇન્દ્ર ૧ પલ્યોપમ અને ૧ લાખ વર્ષનું આયુષ્ય ભોગવે છે અને સૂર્યનો ઇન્દ્ર ૧ પલ્યોપમ અને ૧ હજાર વર્ષનું આયુષ્ય ભોગવે છે. ચન્દ્ર, સૂર્ય, ગ્રહ અને નક્ષત્રમાં વસતા અન્ય દેવોનું જઘન્ય આયુષ્ય ૧/૪ પલ્યોપમ અને તારામાં વસતા દેવોનું તો પલ્યોપમના આઠમા ભાગથી કંઈક અધિકથી માંડીને ૧ પલ્યોપમ ઉપરાંત ૧ લાખ વર્ષનું હોય છે.

વિમાનવાસી, ગ્રૈવેયક તથા અનુત્તરવિમાનવાસી દેવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય નીચેની તાલિકા મુજબ હોય છે :—

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| દેવવિશેષ | | જઘન્ય આયુ | ઉત્કૃષ્ટ આયુ |
|---|---|---|---|
| ૧ સૌધર્મ દેવલોક | | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |
| ૨ ઈશાન | ,, | ૧ પલ્યો.થી અધિક | ૨ સાગરો.થીઅધિક |
| ૩ સનત્કુમાર | ,, | ૨ સાગરો. | ૭ સાગરો. |
| ૪ માહેન્દ્ર | ,, | ૨ સાગરોથી.અધિક | ૭ સાગરો.થીઅધિક |
| ૫ બ્રહ્મ | ,, | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૬ લાંતક | ,, | ૧૦ ,, | ૧૪ ,, |
| ૭ શુક્ર | ,, | ૧૪ ,, | ૧૭ ,, |
| ૮ સહસ્રાર | ,, | ૧૭ ,, | ૧૮ ,, |
| ૯ આનત | ,, | ૧૮ ,, | ૧૯ ,, |
| ૧૦ પ્રાણત | ,, | ૧૯ ,, | ૨૦ ,, |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ આરણ | દેવલોક | ૨૦ સાગરોપમ | | ૨૧ સાગરોપમ |
| ૧૨ અચ્યુત | ,, | ૨૧ ,, | | ૨૨ ,, |
| ૧ સુદર્શન | ગ્રૈવેયક | ૨૨ ,, | | ૨૩ ,, |
| ૨ સુપ્રતિબદ્ધ | ,, | ૨૩ ,, | | ૨૪ ,, |
| ૩ મનોરમ | ,, | ૨૪ ,, | | ૨૫ ,, |
| ૪ સર્વતોભદ્ર | ,, | ૨૫ ,, | | ૨૬ ,, |
| ૫ સુવિશાલ | ,, | ૨૬ ,, | | ૨૭ ,, |
| ૬ સુમનસ | ,, | ૨૭ ,, | | ૨૮ ,, |
| ૭ સૌમનસ | ,, | ૨૮ ,, | | ૨૯ ,, |
| ૮ પ્રિયંકર | ,, | ૨૯ ,, | | ૩૦ ,, |
| ૯ આદિત્ય | ,, | ૩૦ ,, | | ૩૧ ,, |
| ૧ વિજય | અનુત્તર | ૩૧ ,, | × | ૩૩ ,, |
| ૨ વૈજયંત | ,, | ૩૧ ,, | × | ,, ,, |
| ૩ જયંત | ,, | ,, ,, | × | ,, ,, |
| ૪ અપરાજિત | ,, | ,, ,, | × | ,, ,, |
| ૫ સર્વાર્થસિદ્ધ | ,, | નથી. ,, | | ,, ,, |

નારકોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ નીચે પ્રમાણે હોય છે :–

| નામ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧ રત્નપ્રભા | ૧૦૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ |
| ૨ શર્કરાપ્રભા | ૧ સાગરોપમ | ૩ ,, |
| ૩ વાલુકાપ્રભા | ૩ ,, | ૭ ,, |

× મતાંતરે ૩૨ સાગરોપમ ઉત્કૃષ્ટાયુ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ૪ પંકપ્રભા | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૫ ધૂમપ્રભા | ૧૦ ,, | ૧૭ ,, |
| ૬ તમઃપ્રભા | ૧૭ ,, | ૨૨ ,, |
| ૭ તમસ્તમઃપ્રભા | ૨૨ ,, | ૩૩ ,, |

શ્રી રત્નશેખરસૂરિએ લઘુક્ષેત્રસમાસમાં કેટલાંક તિર્યંચ ચતુષ્પદોનું આયુષ્ય આ પ્રમાણે સૂચવ્યું છે :–

मणुआउसमगयाई, हयाई चउरंसजाइ अट्ठंसा ।
गोमहिसुट्टखराई, पणंस साणाइ दसमंसा ॥ ९८ ॥
इच्चाइ तिरच्छाण वि, पायं सव्वारएसु सारित्थं ।
तइयारसेसि कुलगरनयजिणधम्माइउप्पत्ती ॥ ९९ ॥

'મનુષ્યના આયુષ્ય જેટલું આયુષ્ય હાથી, સિંહ, અષ્ટાપદ વગેરેનું હોય છે; એનાથી ચોથા ભાગે ઘોડા વગેરેનું હોય છે; બકરાં ઘેટાં, શિયાળ વગેરેનું આઠમે ભાગે હોય છે; ગાય, ભેંસ, હરણ, ઊંટ, ગધેડાં વગેરેનું પાંચમે ભાગે અને કૂતરા વગેરેનું દશમા ભાગે હોય છે. આ પ્રમાણે તિર્યંચોના આયુષ્ય પ્રાયઃ સર્વ આરાઓમાં સરખા હોય છે. ત્રીજા આરાના અંતમાં કુલકરોની નીતિ, જિનધર્મ, બાદર અગ્નિકાય વગેરે ઉત્પન્ન થાય.

જૈન હિતોપદેશમાં વર્તમાનકાલે પ્રાણીઓનું વધારેમાં વધારે કેટલું આયુષ્ય હોય, તેની યાદી આ પ્રમાણે આપવામાં આવી છે :—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | નામ | વર્ષ |
|---|---|---|
| ૧ | કાચબો | ૧૦૦૦ |
| ૨ | હાથી | ૧૨૦ |
| ૩ | સિંહ | ૧૦૦ |
| ૪ | વાઘ | ૬૪ |
| ૫ | સુવર | ૫૦ |
| ૬ | ઘોડો | ૪૦ |
| ૭ | ગાય | ૨૫ |
| ૮ | બળદ | ” |
| ૯ | ભેંસ | ” |
| ૧૦ | ઊંટ | ” |
| ૧૧ | હરણ | ૨૪ |
| ૧૨ | ગધેડો | ” |
| ૧૩ | ગેંડો | ૨૦ |
| ૧૪ | કૂતરો | ૧૬ |
| ૧૫ | બકરી | ” |
| ૧૬ | ઘેટું | ” |
| ૧૭ | સસલું | ૧૪ |
| ૧૮ | શિયાળ | ૧૩ |
| ૧૯ | બિલાડી | ૧૨ |

અહીં પક્ષીઓનું આયુષ્ય પણ બતાવ્યું છે, પરંતુ તે પક્ષીઓના આયુષ્ય પ્રસંગે જણાવીશું.

સંમૂચ્છિંમ મનુષ્યોની જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિ

જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંતર્મુહૂર્તની હોય છે, જ્યારે ગર્ભજ મનુષ્યોની સ્થિતિ ક્ષેત્ર પરત્વે નીચે પ્રમાણે હોય છે :–

| મનુષ્ય | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| દેવકુરુવાસી | ૩ પલ્યોપમથી કંઈક ન્યૂન | ૩ પલ્યોપમ |
| ઉત્તરકુરુવાસી | ,, | ,, |
| હરિવર્ષવાસી | ૨ પલ્યોપમથી કંઈક ન્યૂન | ૨ પલ્યોપમ |
| રમ્યક્વર્ષવાસી | ,, | ,, |
| હૈમવત વાસી, હૈરણ્યવત ,, | ૧ પલ્યોપમથી કંઈક ન્યૂન | ૧ પલ્યોપમ |
| અંતરદ્વીપવાસી | પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી કંઈક ન્યૂન | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ |
| મહાવિદેહ | અંતર્મુહૂર્ત | પૂર્વકોટિવર્ષ |
| ભરત | ,, | ૩ પલ્યોપમ [અવસર્પિણીના પહેલા આરાને આશ્રીને] |
| ઐરવત | ,, | ,, |

વર્તમાન કાલમાં જે દુનિયાનો આપણને પરિચય છે, તેમાં સહુથી વધારે આયુષ્ય રશિયામાં એક ડોસાનું ૨૦૫ વર્ષ નોંધાયું હતું. ભારતના છેલ્લા વસતીપત્રકમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે સને ૧૯૬૧માં જે વસ્તીપત્રક તૈયાર થયું, તેમાં ૧૦૦ થી અધિક વર્ષની ઉંમરવાળા ૧૫૦ ઉપરાંત સ્ત્રીપુરુષો નોંધાયાં હતાં, તેમાં કેટલાકનું આયુષ્ય ૧૫૦ થી ૧૬૦ વર્ષનું પણ હતું. જે મનુષ્ય ૧૦૦ વર્ષ જીવે, તેણે એકંદર સારું આયુષ્ય ભોગવ્યું ગણાય છે, પરંતુ એટલા આયુષ્ય-વાળા આજે બહુ જ થોડા છે. આજે તો પચાશ વર્ષ વટાવ્યા કે મનુષ્યો ખખડી જાય છે અને સાઠ-સીત્તેર વર્ષના આયુષ્યની ગણના પણ ઠીકમાં થાય છે. અલબત્ત ચીન વગેરેમાં અહીંના કરતાં આયુષ્ય લાંબું છે, પણ સામાન્ય મર્યાદા તે ૬૦ થી ૧૦૦ વચ્ચેની જ છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

## મૂળ

**जलयर-उर-भुयगाणं परमाऊ होइ पुव्व-कोडी उ।**
**पक्खीणं पुण भणिओ असंख-भागो य पलियस्स ॥३७॥**

## સંસ્કૃત છાયા

जलचरोरग-भुजगानां परमायुर्भवति पूर्वकोटी तु।
पक्षिणां पुनर्भणितोऽसङ्ख्येयभागः पल्योपमस्य ॥३७॥

## પદાર્થ

जलयर-उर-भुयगाणं-જલચર, ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પોનું.

जलयर અને उरग અને भुयग તે जलयर-उर-भुयग અહીં उर અને भुय બંનેને ગમનસૂચક ग અક્ષર સમા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નપણે લાગેલો છે. जलयर—જલચર. उरग—ઉરઃપરિસર્પ. भुयग—ભુજપરિસર્પ.

परमाऊ—ઉત્કૃષ્ટ આયુષ્ય.

परम એવું आऊ તે परमाऊ, પરમ—ઉત્કૃષ્ટ. आऊ આયુષ્ય.

होइ—હોય છે.

पुव्व-कोडी—પૂર્વ ક્રોડ વર્ષનું.

'सप्ततिलक्षकोटयः षट्पंचाशच्च सहस्रकोटयो वर्षाणि एकं पूर्वमुच्यते ईदृक्कोटिपूर्वाणीत्यर्थः'—૭૦૫૬૦૦૦ ક્રોડ વર્ષનું એક પૂર્વ ગણાય છે. આવા એક ક્રોડ પૂર્વ એમ સમજવું. તાત્પર્ય કે ૭૦,૫૬૦,૦૦૦,૦૦૦,૦૦૦, વર્ષનું એક પૂર્વ, તેને ગુણ્યા એક ક્રોડ એટલે ૭૦૫,૬૦૦,૦૦૦ ૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ વર્ષ.

पक्खीणं—પક્ષીઓનું.

पुण—વળી.

भणिओ—કહ્યો છે.

असंखभागो—અસંખ્યાતમો ભાગ.

य—અને.

पलियस्स—પલ્યોપમનો.

## અન્વય

जलयर–उर–भुयगाणं परमाऊ पुव्व–कोडी होई पुण य पक्खीणं पलियस्स असंख–भागो भणिओ ॥

## ભાવાર્થ

જલચર, ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પનું ઉત્કૃષ્ટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આયુષ્ય ક્રોડ પૂર્વ વર્ષ હોય છે તથા પક્ષીઓને પલ્યો-પમનો અસંખ્યાતમો ભાગ કહેલો છે.

## વિવેચન

અહીં જલચર સંમૂર્ચ્છિમ અને ગર્ભજ બંનેનું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડ પૂર્વ વર્ષનું સમજવું, કારણ કે અન્ય ગ્રંથોમાં સંમૂર્છિમ ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પોનું આયુષ્ય જુદું ગણાવ્યું છે, પરંતુ સંમૂર્ચ્છિમ જલચરનું આયુષ્ય જુદું ગણાવેલ નથી.

સંમૂર્ચ્છિમ ચતુષ્પદનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૮૪૦૦૦ વર્ષ, ઉરઃપરિસર્પનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૫૩૦૦૦ વર્ષ અને ભુજપરિસર્પનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૪૨૦૦૦ વર્ષ હોય છે. સંમૂર્ચ્છિમ પક્ષીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૭૨૦૦૦ વર્ષનું હોય છે.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ગર્ભજ પક્ષીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હોય છે.

જૈન હિતોપદેશમાં જણાવ્યું છે કે પંચમ કાલ તથા ભરતક્ષેત્રને આશ્રીને પક્ષીઓનું આયુષ્ય નીચે પ્રમાણે હોય છેઃ—

| નામ | વર્ષ |
|---|---|
| ૧ હંસ | ૧૦૦ |
| ૨ કાગડો | ,, |
| ૩ ગીધ | ,, |
| ૪ સારસ | ૬૦ |
| ૫ ક્રૌંચ | ,, |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ૬ | મરઘા (કૂકડા) | ૬૦ |
| ૭ | બગલા | ,, |
| ૮ | ઘૂવડ | ૫૦ |
| ૯ | ચીબરી | ,, |
| ૧૦ | સમડી | ,, |
| ૧૧ | વાગોળ | ,, |
| ૧૨ | બપૈયા | ૩૦ |
| ૧૩ | સૂડા (પોપટ) | ૧૨ |

ભુજપરિસર્પ

| | | |
|---|---|---|
| ૧ | સાપ | ૧૨૦ |

ઉરઃપરિસર્પ

| | | |
|---|---|---|
| ૧ | ગરાળી | ૧ |
| ૨ | કાકીડા (કાચંડા) | ૧ |

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મૂળ

सव्वे सुहुमा साहारणा य समुच्छिमा मणुस्सा य ।
उक्कोस--जहन्नेणं अंतमुहुत्तं चिय जियंति ॥ ३८ ॥

સંસ્કૃત છાયા

सर्वे सूक्ष्माः साधारणाश्च संमूर्च्छिमा मनुष्याश्च ।
उत्कर्षेण जघन्येनाऽन्तर्मुहूर्तमेव जीवन्ति ॥ ३८ ॥

પદાર્થ

सव्वे—સર્વે.

सुहुमा—સૂક્ષ્મ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં સુહુમ શબ્દથી પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાયના સૂક્ષ્મ જીવો સમજવા. 'सर्वे सूक्ष्माः पृथ्व्यप्तेजोवायुवनस्पतयश्च ।' વનસ્પતિકાયમાં સાધારણ વનસ્પતિકાયના સૂક્ષ્મ અને બાદર એવા બે ભેદો છે. પ્રત્યેક વનસ્પતિ તો બાદર જ હોય છે, એટલે આ ભેદ સાધારણ વનસ્પતિકાયનો સમજવો.

साहारणा—સાધારણ વનસ્પતિકાય.

'पुनः साधारणा बादरनिगोदरूपा अनन्तकायिकाश्च ।' અહીં સાધારણથી બાદર નિગોદરૂપ અનન્તકાયિકો સમજવા.

य—અને.

समुच्छिमा—સંમૂર્છિમ.

मणुस्सा—મનુષ્યો.

य—અને.

उक्कोस-जहन्नेणं—ઉત્કૃષ્ટ અને જઘન્યથી.

उक्कोस અને जहन्न તે उक्कोस-जहन्न. उक्कोस—ઉત્કૃષ્ટ. जहन्न—જઘન્ય.

अंतमुहुत्तं—અંતર્મુહૂર્ત.

चिय—નિશ્ચયથી.

जियंति—જીવે છે.

### અન્વય

सव्वे सुहुमा साहारणा य समुच्छिमा मणुस्सा उक्कोस-जहन्नेणं अंतमुहुत्तं चिय जियंति ।



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ભાવાર્થ

પૃથ્વીકાયિક વગેરે સૂક્ષ્મ જીવો, સાધારણ વનસ્પતિ અને સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્કૃષ્ટ અને જઘન્યથી અંતર્મુહૂર્ત સુધી જ જીવે છે.

## વિવેચન

વિષયનું અનુસંધાન બરાબર રહે તે માટે આ વસ્તુ અમે તે તે સ્થળે જણાવેલી છે.

## મૂળ

ओगाहणाऽऽउमाणं, एवं संखेवओ समक्खायं ।
जे पुण इत्थ विसेसा विसेस-सुत्ताउ ते नेया ॥ ३१ ॥

## સંસ્કૃત છાયા

अवगाहनाऽऽयुर्मानमेवं संक्षेपतः समाख्यातम् ।
ये पुनरत्र विशेषा विशेषसूत्रेभ्यस्ते ज्ञेयाः ॥ ३१ ॥

## પદાર્થ

ओगाहणाऽऽउ-माणं—અવગાહના અને આયુષ્યનું પ્રમાણ.

ओगाहणा અને आउ તેનું माण તે ओगाहणाऽऽउ-माणं. ओगाहणा—અવગાહના. 'अवगाहन्ते अवतिष्ठन्ते जीवा अस्यामित्यवगाहना देहः । જેને વિષે જીવો અવગાહન કરે, તે અવગાહના કહેવાય. અહીં અર્થથી તેને દેહ સમજવો.

તાત્પર્ય કે અહીં અવગાહનાથી શરીર અભિપ્રેત છે. आउ—આયુષ્ય. माण—માન, પ્રમાણ.

एवं—આ પ્રકારે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

संखेवओ–સંક્ષેપથી.

समक्खायं–કહ્યું.

जे–જે.

पुण–વળી.

इत्थ–અહીં.

विसेसा–વિશેષ સ્પષ્ટીકરણ.

विसेस–सुत्ताउ–વિશેષ સૂત્રોથી.

અહીં વિશેષ સૂત્રોથી પ્રજ્ઞાપના, સંગ્રહણી વગેરે સૂત્રો સમજવા.

ते–તેને.

नेया–જાણવા.

## અન્વય

एवं संखेवओ ओगाहणाऽऽउ-माणं समक्खायं । पुण इत्थ जे विसेसा ते विसेस–सुत्ताउ नेया ॥

## ભાવાર્થ

આ પ્રમાણે જીવોની અવગાહના અને આયુષ્યનું પ્રમાણ ટૂંકમાં કહ્યું. પણ એમાં જે વિશેષ સ્પષ્ટીકરણ જરૂરી છે, તે વિશેષ સૂત્રોથી જાણવું.

## વિવેચન

પ્રકરણકારે શરીર-દ્વારના અને આયુષ્ય-દ્વારના ઉપસંહાર રૂપે આ ગાથા કહી છે. તેમાં તેમણે જણાવ્યું છે કે આ પ્રકરણ સંક્ષેપથી બોધ કરાવવાને અર્થે રચાયેલું હોઈ તેમાં જીવોનાં શરીર અને આયુષ્યને લગતી હકીકતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટૂંકમાં જ જણાવી છે, પરંતુ આ સંબંધી જેમણે વિશેષ જાણવું હોય તેમણે તે અંગેનાં ખાસ સૂત્રો જોવાં કે પ્રજ્ઞાપનાસૂત્ર, સંગ્રહણી વગેરેથી જાણી લેવા.

અમે શરીર-દ્વાર તથા આયુષ્ય-દ્વારમાં જે વિવેચન કર્યું છે, તે આ સૂત્રોના આધારે જ કર્યું છે, તેથી આ વિષયની જાણવા જેવી હકીકતો પ્રાયઃ તેમાં આવી ગઈ છે; આમ છતાં આ વિષયમાં વિશેષ જોવા ઇચ્છનારે ઉપરનાં બંને સૂત્રો અને ખાસ કરીને સંગ્રહણી અવશ્ય જોવી.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ४ ]

## સ્વકાયસ્થિતિ–દ્વાર

મૂળ

एगिंदिया य सव्वे असंख उस्सप्पिणी सकायम्मि ।
उववज्जंति चयंति य अणंतकाया अणंताओ ॥ ४० ॥

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સંસ્કૃત છાયા

एकेन्द्रियः सर्वेऽसंख्येयोत्सर्पिणीः स्वकाये ।
उत्पद्यन्ते च्यवन्ते चानन्तकाया अनन्ताः ॥ ४० ॥

પદાર્થ

एगिंदिया—એકેન્દ્રિય જીવો.

य—અને.

सव्वे—સર્વે.

असंख—અસંખ્ય.

उस्सप्पिणी—ઉત્સર્પિણી.

પલ્યોપમ અને સાગરોપમનું માપ છત્રીશમી ગાથાના પદાર્થમાં દર્શાવ્યું છે. એવા દશ કોડાકોડી સાગરોપમનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્સર્પિણી કાલ થાય. જેમાં વસ્તુના રસ-કસ અનુક્રમે ઉત્સર્પણ કરે-ચડતા જાય, તે ઉત્સર્પિણીકાળ. બીજો કાળ તેથી ઉલટો છે. તેમાં વસ્તુના રસ-કસ અનુક્રમે અવસર્પણ કરે છે, એટલે કે ઉતરતા જાય છે. તેનું કાલમાન પણ એટલું જ છે, એટલે કે દશ કોડાકોડી સાગરોપમ છે. ઉત્સર્પિણી પછી અવસર્પિણી અને અવસર્પિણી પછી ઉત્સર્પિણી એવો સનાતન ક્રમ ચાલ્યા જ કરે છે. ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળમાં છ-છ આરા હોય છે, તેમનો ક્રમ એક બીજાથી ઉલટો છે. ઉત્સર્પિણી કાળમાં પ્રથમ દુષમદુષમ, પછી દુષમ, પછી દુષમસુષમ, પછી સુષમ-દુષમ, પછી સુષમ અને છેવટે સુષમસુષમ નામનો આરો આવે છે, ત્યારે અવસર્પિણી કાલમાં પ્રથમ સુષમસુષમ અને છેલ્લો દુષમદુષમ આવે છે. આ આરાઓનું કાલમાન નીચે પ્રમાણે હોય છે:-

| | | | | |
|---|---|---|---|---|
| સુષમસુષમ-આરો- | ચાર | કોડાકોડી | સાગરોપમ | વર્ષ. |
| સુષમ આરો- | ત્રણ | ,, | ,, | ,, |
| સુષમદુષમ આરો | બે | ,, | ,, | ,, |
| દુષમસુષમ આરો | બેંતાલીશ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ વર્ષ | | | |
| દુષમ આરો | ૨૧૦૦૦ વર્ષ | | | |
| દુષમદુષમ આરો | ૨૧૦૦૦ વર્ષ | | | |

આ રીતે ઉત્સર્પિણી તથા અવસર્પિણીમાં દશ કોડાકોડી સાગરોપમ વર્ષ હોય છે અને તે બંને મળીને એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાલચક્ર પૂરું થયું ગણાય છે. અનંત કાલચક્રનું એક પુદ્ગલપરાવર્ત બને છે. આ માપનો પણ જૈન શાસ્ત્રોમાં ઉપયોગ થયેલો છે.

અહીં ઉત્સર્પિણીનો નિર્દેશ છે, પણ તેની સાથે અવસર્પિણી પણ સમજી લેવાની છે.

सकायम्मि–પોતાની કાયને વિષે.

उववज्जंति–ઉત્પન્ન થાય છે.

चयंति–ચ્યવે છે, મરણ પામે છે.

य–અને.

अणंतकाया–અનંતકાય, સાધારણ વનસ્પતિકાય.

अणंताओ–અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી સુધી.

जैन साईट JAINSITE .com जयतु जयति शासनम्

### અન્વય

सव्वे एगिंदिया य अणंतकाया, सकायम्मि असंख य अणंताओ उस्सपिप्णी उववज्जंति य चयंति ।

### ભાવાર્થ

સર્વે એકેન્દ્રિય જીવો અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી સુધી પોતાની જ કાયામાં એટલે પૃથ્વીકાય આદિમાં ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે અને અનંતકાય એટલે સાધારણ વનસ્પતિકાયના જીવો અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી સુધી સાધારણ વનસ્પતિકાયમાં જ ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિવેચન

સ્વ એટલે પોતાની, કાય એટલે કાયામાં પુનઃ પુનઃ સ્થિતિ કરવી, તેને સ્વકાયસ્થિતિ કહે છે. વધારે સ્પષ્ટ કહીએ તો એક જ જાતિની કાયામાં વારંવાર ઉત્પન્ન થવા અને મરણ પામવા વડે પસાર થતો કાળ તે સ્વકાય સ્થિતિનો અર્થ છે. જૂદા જૂદા જીવો પરત્વે તેનો કેટલો સમય હોય છે? તેનું અહીં નિદર્શન કરાવ્યું છે.

તેમાં પ્રથમ એ જણાવ્યું છે કે સર્વ એકેન્દ્રિય જીવો અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલ સુધી પોતાની જ કાયામાં ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે. પરંતુ આ એક સામાન્ય વિધાન છે. અન્ય ગ્રંથોમાં તેની સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે આ સ્થિતિ સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો, સૂક્ષ્મ અપ્કાયિક જીવો, સૂક્ષ્મ અગ્નિકાયિક જીવો અને સૂક્ષ્મ વાયુકાયિક જીવોની જાણવી.

બાદર પૃથ્વીકાયિક જીવો, બાદર અપ્કાયિક જીવો, બાદર અગ્નિકાયિક જીવો અને બાદર વાયુકાયિક જીવોની સ્વકાય સ્થિતિ સીત્તેર કોટાનુકોટી સાગરોપમ જેટલી હોય છે. દશ કોટાનુકોટી સાગરોપમનો એક ઉત્સર્પિણીકાળ અને દશ કોટાનુકોટી સાગરોપમનો એક અવસર્પિણીકાળ થાય છે, એટલે આ કાળ સાડાત્રણ ઉત્સર્પિણી અને સાડા ત્રણ અવસર્પિણી જેટલો થયો કે જે પૂર્વના કાળ કરતાં ઘણો ઓછો છે.

પ્રત્યેક વનસ્પતિકાયમાં સૂક્ષ્મનો પ્રકાર હોતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે માત્ર બાદર જ હોય છે. તેની સ્વકાયસ્થિતિ પણ સીત્તેર કોટાનુકોટી સાગરોપમ જેટલી જ જાણવી.

હવે વાત રહી સાધારણ વનસ્પતિકાય એટલે અનંતકાય કે નિગોદની. તેમાં સૂક્ષ્મ અને બાદર એ બંને પ્રકારો હોય છે. આ બંને પ્રકારોની સ્વકાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલ જેટલી હોય છે. પરંતુ તેમાં સ્પષ્ટતા એટલી કે આ પ્રમાણ અસાંવ્યવહારિક નિગોદને આશ્રીને સમજવાનું છે.

અહીં 'અસાંવ્યવહારિક' અને 'સાંવ્યવહારિક' એવા જે પારિભાષિક શબ્દો વપરાય છે, તેનું રહસ્ય સમજી લેવું અવશ્યક છે. જે જીવો અનાદિ કાલથી સૂક્ષ્મ નિગોદમાં પડેલા છે અને કોઈ પણ સમયે તથાવિધ સામગ્રીના અભાવે તેમાંથી બહાર નીકળી વ્યવહાર રાશિમાં એટલે કે સૂક્ષ્મ-બાદર-પૃથ્વીકાયાદિપણે વિવિધ વ્યવહારમાં આવ્યા નથી, તેમને અસાંવ્યવહારિક કહેવામાં આવે છે આ અસાંવ્યવહારિક જીવો બે પ્રકારના હોય છે. એક તો અનાદિ-અનંત સ્થિતિવાળા અને બીજા અનાદિ-સાન્ત સ્થિતિવાળા. તેમાં અનાદિ-અનંત સ્થિતિવાળા અસાંવ્યવહારિક જીવો કદાપિ વ્યવહારરાશિમાં આવ્યા નથી અને આવવાના પણ નથી; જ્યારે અનાદિ-સાન્ત કાય-સ્થિતિવાળા અસાંવ્યવહારિક જીવો હજી સુધી વ્યવહાર-રાશિમાં આવ્યા નથી, પણ આવવાના છે, એટલું નિશ્ચિત. આ બંને પ્રકારના જીવો અનંત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે જીવો અનાદિ નિગોદમાંથી તથાવિધ સામગ્રીના યોગે પૃથ્વ્યાદિક-સૂક્ષ્મ કે બાદરના વ્યવહારમાં એક વખત પણ આવેલા હોય, તે સાંવ્યવહારિક. પછી કર્મયોગે ભલે તેઓ પાછા સૂક્ષ્મ નિગોદમાં આવેલા હોય. આ જીવો પણ અનંતા છે, પરંતુ તે સાદિ-સાન્ત સ્થિતિવાળા છે. તાત્પર્ય કે સૂક્ષ્મ નિગોદની કાયસ્થિતિ ત્રણ પ્રકારની હોય છે: (૧) અનાદિ-અનંત, (૨) અનાદિ-સાંત અને (૩) સાદિ-સાંત. તેમાં પ્રથમની બે સ્થિતિ અસાંવ્યવહારિક સૂક્ષ્મને ઘટે છે અને છેલ્લી સાંવ્યવહારિક સૂક્ષ્મને ઘટે છે. તેમાં પહેલા બેની સ્વકાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીપ્રમાણ હોય છે અને છેલ્લાની કાયસ્થિતિ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીપ્રમાણ હોય છે.

બાદર સાંવ્યવહારિક નિગોદની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સીત્તેર કોટાકોટી સાગરોપમની હોય છે.

સામાન્ય નિગોદની કાયસ્થિતિ અઢી પુદ્ગલપરાવર્તની એટલે અનંત કાલચક્ર પ્રમાણ હોય છે.

## મૂળ

**संखिज्ज--समा विगला, सत्तट्ठ--भवा पणिंदि--तिरि--मणुआ।**
**उववज्जंति सकाए नारय--देवा य नो चेव ॥ ४१ ॥**

## સંસ્કૃત છાયા

सङ्ख्येयसमान् विकलाः सप्ताष्ट-भवान् पञ्चेन्द्रिय-तिर्यग्-मनुष्याः उत्पद्यन्ते स्वकाये नारका देवा न चैव ॥ ४१ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પદાર્થ

संखिज्ज–समा—સંખ્યાતા હજાર વર્ષ.

'सङ्ख्यातसमाः सङ्ख्यातवर्षसहस्राः । "विगलइए वाससहस्स संखेज्जति" पञ्चसङ्ग्रहवचनात् ।' પંચસંગ્રહમાં એવું વચન આવે છે કે વિકલેન્દ્રિયોની સ્વકાય-સ્થિતિ સંખ્યાતા હજાર વર્ષ હોય છે, એટલે અહીં संखिज्ज–समानो અર્થ સંખ્યાતા હજાર વર્ષ કરવો. ઉપા૦ શ્રી ક્ષમાકલ્યાણજીએ પણ 'सङ्ख्येसमाः सङ्ख्यात-वर्षसहस्राणि' એવો અર્થ કરેલો છે. બૃહત્સંગ્રહણીમાં પણ 'संखिज्जा वाससहस्स विगलेसु' એવો પાઠ છે.

विगला—વિકલેન્દ્રિયો.

सत्तट्ठ–भवा—સાત કે આઠ ભવ સુધી.

सत्त અને अट्ठ એવા જે भव તે सत्तट्ठभवा.

सत्त–સાત. अट्ठ–આઠ. भव ભવ, જન્મ. पणिंदि–तिरि-मणुआ–પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો. पणिंदिअ એવા तिरिअ અને मणुअ તે पंणिदि–तिरि–मणुआ. पंचिंदिअ–પંચેન્દ્રિય, પાંચ ઇન્દ્રિયવાળા. तिरिअ–તિર્યંચ. मणुअ–મનુજ, મનુષ્ય.

उववज्जंति—ઉત્પન્ન થાય છે.

सकाए—સ્વકાયમાં.

नारय देवा—નારક અને દેવોની.

नो—નથી.

चेव—નિશ્ચયથી જ.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

### અન્વય

विगला संखिज्ज-समा, पणिंदि-तिरि-मणुआ सत्तट्ठ-भवा सकाए उववज्जंति य नारय-देवा नो चेव ।

### ભાવાર્થ

વિકલેન્દ્રિય જીવો સંખ્યાતા હજાર વર્ષ સુધી અને પંચેન્દ્રિય, તિર્યંચો તથા મનુષ્યો સાત-આઠ ભવ સુધી પોતાની કાયામાં ઉત્પન્ન થાય છે. નારક અને દેવોને સ્વકાયસ્થિતિ નથી જ.

### વિવેચન

વિકલેન્દ્રિય જીવો એટલે બે, ત્રણ અને ચાર ઇન્દ્રિયવાળા જીવો કે જેમને સામાન્ય રીતે કીડાઓ અને જંતુઓ કહેવામાં આવે છે, તે મરીને પોતાની કાયમાં એટલે બેઇન્દ્રિયવાળા મરીને બેઈન્દ્રિયવાળા તરીકે, ત્રણ ઈન્દ્રિયવાળા મરીને ત્રણ ઇન્દ્રિયવાળા તરીકે તથા ચાર ઇન્દ્રિયવાળા મરીને ચાર ઈન્દ્રિયવાળા તરીકે સંખ્યાતા હજાર વર્ષ સુધી ઉત્પન્ન થાય છે. ત્યાર પછી બીજી કાયા ધારણ કરે છે.

પંચેન્દ્રિય તિર્યંચો એટલે જલચર, સ્થલચર અને ખેચરો મરીને પોતાની જ કાયમાં સાત કે આઠ વાર ઉત્પન્ન થાય છે. પછી અવશ્ય બીજો ભવ ધારણ કરે છે. મનુષ્યોનું પણ એમ જ છે.

અહીં સાત કે આઠ ભવ વિકલ્પથી કહેવાનું કારણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ છે કે જેમનું આયુષ્ય સંખ્યાતા વર્ષનું હોય છે, તે એ જ કાયમાં સાત ભવ કરે છે અને પછી બીજી કાય ધારણ કરે છે કે મોક્ષે જાય છે. અગર આઠમો અસંખ્યાત આયુષ્યવાળો યુગલિઆનો એક જ ભવ કરે છે. યુગલિઆ મરી અવશ્ય દેવલોકમાં જાય છે, તેથી એકથી વધારે સતત ભવ અસંખ્યાત આયુષવાળામાં થતા નથી.

તાત્પર્ય એ છે કે ૭ ભવ સંખ્યાત વર્ષવાળા અને એક અસંખ્યાત વર્ષવાળા તરીકે ઉત્પન્ન થાય તો ૮ ભવ પૂરા કરે અને ફક્ત સંખ્યાતા વર્ષવાળા તરીકે ઉત્પન્ન થાય તો ૭ ભવ પૂરા કરે, પછી અન્યકાયમાં ઉત્પન્ન થાય.

નારક અને દેવોને સ્વકાય-સ્થિતિ હોતી નથી, એટલે કે કોઈ નારક મરીને પુનઃ નારક થતા નથી કે કોઈ દેવ મરીને પુનઃ દેવ થતા નથી. તે અવશ્ય બીજી કાયા ધારણ કરે છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ૫ ]

## પ્રાણ–દ્વાર

### મૂળ

दसहा जिआण पाणा, इंदि-उसासाउ-जोगबल-रूवा ।
एगिंदिएसु चउरो, विगलेसु छ सत्त अट्ठेव ॥ ४२ ॥

### સંસ્કૃત છાયા

दशधा जीवानां प्राणा इन्द्रिय–उच्छ्वासायु–योगबल–रूपाः ।
एकेन्द्रियेषु चत्वारो विकलेषु षट् सप्त अष्टैव ॥४२॥

### પદાર્થ

दसहा–દશ પ્રકારના.

जिआण–જીવોના.

पाणा–પ્રાણો.

प्र ઉપસર્ગ અને अण–જીવવું, એ ધાતુ પરથી પ્રાણ શબ્દ બનેલો છે. 'प्राणिति–जीवति अनेनेति प्राणः' જેના વડે જીવાય, તે પ્રાણ. એ જીવનું બાહ્ય લક્ષણ છે. કોઈ પણ જીવ, જંતુ કે પ્રાણી 'જીવે છે' એવી પ્રતીતિ પ્રાણ વડે જ થાય છે. વધારે સ્પષ્ટ કહીએ તો જે જીવ, જંતુ

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે પ્રાણીમાં પ્રાણ વિદ્યમાન હોય તેને આપણે જીવંત કહીએ છીએ અને જેનામાં પ્રાણ વિદ્યમાન ન હોય, તેનું મૃત્યુ, મરણ કે અવસાન થયેલું માનીએ છીએ.

શાસ્ત્રોમાં 'जीवति–प्राणान् धारयतीति जीवः ' જે જીવે છે, અર્થાત્ પ્રાણોને ધારણ કરે છે, તે જીવ.' આવી વ્યાખ્યા જોવામાં આવે છે. તેનો ફલિતાર્થ એ છે કે પ્રાણધારણ એ જ જીવન છે. પ્રાણને ધારણ કરવાને લીધે જ જીવને 'પ્રાણી' એવી સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે.

इन्दिय–ઈન્દ્રિયો.

ઇંદિઅ અને ઉસાસ અને આઉ અને જોગનું બલ અને રૂવ, એ ઇંદિ–ઉસાસાઉ–જોગબલ–રૂવા. અહીં ઇંદિઅ–ઉસાસાઉ–બલ–રૂવા એવો પણ પાઠ જોવામાં આવે છે, પરંતુ તેથી અર્થમાં કોઈ ફરક પડતો નથી. ઇંદિઅ–ઈન્દ્રિયો. એના પાંચ પ્રકારો પ્રસિદ્ધ છે. આ દરેક પ્રકારને એક એક પ્રાણ ગણવામાં આવે છે. આ રીતે પાંચ ઈન્દ્રિયો એ પાંચ પ્રાણ છે.

उसास–ઉચ્છ્‌વાસ, શ્વાસોચ્છ્‌વાસ.

ઊર્ધ્વ કે પ્રબલ રીતે શ્વાસ લેવો, તે ઉચ્છ્‌વાસ કહેવાય છે. ઉચ્છ્‌વાસ વર્ગણામાંથી પુદ્‌ગલગ્રહણ કરે તે ઉચ્છ્‌વાસ અને લીધેલા પુદ્‌ગલોને છોડે તે નિઃશ્વાસ કહેવાય. અથવા મતાંતરે ઔદારિક શરીરવાળા ઔદારિક વર્ગણાના, વૈક્રિય શરીરવાળા વૈક્રિયવર્ગણાના, અને આહારક શરીરવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આહારક વર્ગણાના પુદ્ગલોને ઉચ્છ્વાસ—નિઃશ્વાસ રૂપે પરિણમાવીને છોડે તે શ્વાસોચ્છ્વાસ કહેવાય.

આઉ-આયુષ્ય.

જેના વડે જીવ પ્રસ્તુત ભવમાં અમુક સમય સુધી ટકી શકે તેને આયુષ્ય કહે છે. આ આયુષ્ય બે પ્રકારનું છેઃ (૧) દ્રવ્યાયુષ્ય અને (૨) કાલાયુષ્ય. તેમાં આયુષ્ય કર્મનાં જે પુદ્ગલો તે દ્રવ્યાયુષ્ય કહેવાય છે અને તે પુદ્ગલો વડે જીવ જેટલા કાળ સુધી અમુક ગતિ કે ભવમાં ટકી શકે તે કાલાયુષ્ય કહેવાય છે. અહીં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે જીવને જીવવામાં આયુષ્યકર્મનાં પુદ્ગલો (આયુષ્યનો ઉદય), એ જ મુખ્ય કારણ છે. જ્યાં એ પુદ્ગલો સમાપ્ત થયાં કે આહાર-ઔષધિ આદિ અનેક પ્રયત્નોથી પણ જીવ જીવી શકતો નથી. આ બંને પ્રકારના આયુષ્યમાં જીવને દ્રવ્યાયુષ્ય તો અવશ્ય પૂર્ણ કરવું જ પડે છે. તેમાં કોઈ અપવાદ હોતો નથી, પરંતુ કાલાયુષ્ય તે પૂર્ણ કરે કે ન પણ કરે; કારણ કે કાલાયુષ્ય જો અપવર્તનીય હોય, એટલે કે શસ્ત્રાદિકના આઘાતથી શીઘ્ર પરિવર્તન પામે તેવું હોય તો અપૂર્ણકાળે પણ મરણ પામે અને જો અનપવર્ત-નીય હોય તો ગમે તેવાં નિમિત્તો મળવા છતાં તે આયુષ્યનો કાળ પૂરો કરીને જ મરણ પામે.

અહીં વિશેષમાં એટલું સમજવાનું છે કે શસ્ત્રાદિ બાહ્ય નિમિત્તથી આયુષ્યનો ક્ષય થાય તો તે સોપક્રમ આયુષ્ય કહેવાય. અહીં ઉપક્રમનો અર્થ બાહ્ય નિમિત્ત છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આયુષ્યના અંતિમ કાળમાં જેને બાહ્ય નિમિત્ત આવી પડે તેવું આયુષ્ય પણ સોપક્રમ જ કહેવાય. આવા કોઈ પણ બાહ્ય નિમિત્ત વિના જ જે આયુષ્યનો ક્ષય થાય તે નિરુપક્રમ આયુષ્ય કહેવાય.

હવે જે અનપવર્તનીય આયુષ્ય છે, તેમાં બાહ્ય નિમિત્ત હોય પણ ખરું અને ન પણ હોય, એટલે કે તે સોપક્રમ અને નિરુપક્રમ એમ બંને પ્રકારનું હોય છે અને જે અપવર્તનીય આયુષ્ય હોય છે, એ તો સોપક્રમી જ હોય છે. અહીં એ સ્પષ્ટતા પણ આવશ્યક છે કે સોપક્રમ અપવર્તનીય આયુષ્યમાં અકાળે મરણ નીપજે છે, પણ સોપક્રમ અનપવર્તનીય આયુષ્યમાં તે માત્ર નિમિત્ત રૂપ બને છે, એટલે કે એ ઉપક્રમ આયુષ્યને ન્યૂન કરતો નથી.

બૃહત્સંગ્રહણીમાં કહ્યું છે કે—

उत्तमचरमसरीरा, सुरनेरइया असंखनरतिरिआ ।
हुंति निरुवक्कमाउ, दुए वि सेसा मुणेअव्वा ॥

ઉત્તમ પુરુષો એટલે તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો અને બળદેવો વગેરે ચરમ શરીરી એટલે જેઓ તે જ ભવમાં મોક્ષે જવાના છે, એવા સ્ત્રી પુરુષો, દેવો, નારકો, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તથા તિર્યંચો અનપવર્તનીય નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે, જ્યારે બાકીના સર્વ મનુષ્ય અને તિર્યંચ જીવો બન્ને પ્રકારના એટલે સોપક્રમ અને નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે.

જી. ૨૪

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આયુષ્યનો ક્ષય સાત પ્રકારે થાય છે. તે સંબંધી કહ્યું છે કે-

अज्झवसाणनिमित्ते, आहारे वेयणा पराघाए ।
फासे आणापाणू, सत्तविहं झिज्झए आउं ॥

(૧) પ્રબળ અધ્યવસાયથી.

કોઈ પુરુષ અથવા સ્ત્રીને અત્યંત કામાસક્તિ કે સ્નેહાસક્તિ હોય અને પ્રિયપાત્રનો વિયોગ થાય તો આયુષ્યનો શીઘ્ર ક્ષય થાય છે અને મરણ નીપજે છે.

(૨) નિમિત્તથી.

શસ્ત્રાદિકનો આઘાત થાય, વિષપાન કર્યું હોય કે દંડ-ચાબૂક વગેરેનો સખ્ત પ્રહાર થાય તો આયુષ્યનો શીઘ્ર ક્ષય થાય છે અને મરણ નીપજે છે.

(૩) આહારથી.

અતિ અલ્પ આહાર કરતાં, શરીર કૃશ થતાં, અતિ સ્નિગ્ધ આહાર કરવાથી રોગાદિક થતાં અને બહુ ભારે, ઘણો તથા અહિતકર આહાર કરવાથી પણ આયુષ્યનો શીઘ્ર ક્ષય થાય છે અને મરણ નીપજે છે.

(૪) વેદનાથી.

શૂલ વગેરે ભયંકર વ્યાધિઓની વેદનાથી પણ આયુષ્યનો શીઘ્ર ક્ષય થાય છે અને મરણ નીપજે છે.

(૫) પરાઘાતથી.

અન્ય તરફથી થયેલા આઘાતથી, અથવા ઊંડા ખાડા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરેમાં પડવાથી કે પર્વત પરથી ઝંપાપાત કરવાથી પણ આયુષ્યનો શીઘ્ર ક્ષય થાય છે અને મરણ નીપજે છે.

**(૬) સ્પર્શથી.**

ચામડીને તાલપુટ વિષનો સ્પર્શ થાય, અગ્નિનો સ્પર્શ થાય કે ભયંકર સર્પાદિક ઝેરી વસ્તુનો સ્પર્શ થાય કે વિષકન્યાદિનો સ્પર્શ થાય તો આયુષ્યનો શીઘ્ર ક્ષય થાય છે અને મરણ નીપજે છે.

**(૭) આણપ્રાણથી.**

શ્વાસનું રુંધન થવાથી. કોઈ ગળે ફાંસો ઘાલે તો શ્વાસનું રુંધન થાય છે અથવા ગળા કે નાકમાં કોઈ પ્રકારની આડખીલી ઊભી થાય તો પણ શ્વાસનું રુંધન થાય છે. વળી રોગાદિ કારણોએ પણ શ્વાસનું રુંધન થાય છે અને તેથી આયુષ્યનો શીઘ્ર ક્ષય થતાં મરણ નીપજે છે.

जोगबल—યોગબળ.

આત્મપ્રદેશમાં જે પરિસ્પંદન થાય છે, તેને યોગ કહેવાય છે. આ પરિસ્પંદનને લીધે જ મન, વચન અને કાયાને લગતો વ્યવહાર શક્ય બને છે. તેમાં જે યોગ-ક્રિયાથી મનને લગતો વ્યવહાર શક્ય બને, તે મનોયોગ કહેવાય છે અને તેની ગણના પ્રાણમાં થાય છે. જે યોગ-ક્રિયાથી વચનને લગતો વ્યવહાર શક્ય બને, તે વચનયોગ કહેવાય છે અને તેની ગણના પણ પ્રાણમાં થાય છે. તથા જે યોગક્રિયાથી કાયાને લગતો વ્યવહાર શક્ય બને, તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાયયોગ કહેવાય છે અને તેની ગણના પણ પ્રાણમાં થાય છે. તાત્પર્ય કે ત્રણ પ્રકારનું યોગબળ એ ત્રણ પ્રાણો છે.
रूव—સ્વરૂપ.

एगिंदिएसु—એકેન્દ્રિયોમાં, એક ઇન્દ્રિયવાળા જીવોમાં, સ્થાવરોમાં.

चउरो—ચાર.

विगलेसु—વિકલેન્દ્રિયોમાં, વિકલેન્દ્રિય તરીકે લેખાતા જીવોમાં.

छ—છ.

सत्त—સાત.

अट्ठ—આઠ.

अट्ठ અને एव ની સંધિ થવાથી अट्ठेव એવું પદ બનેલું છે.

एव—જ.

### અન્વય

जीवाण पाणा वसहा, इंदि–उसासाउ–जोगवलरूवा ।
एगिंदिएसु चउरो, विगलेसु छ सत्त अट्ठेव ॥

### ભાવાર્થ

જીવોના પ્રાણ દશ પ્રકારના હોય છે. તે પાંચ ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, આયુ અને ત્રણ પ્રકારના યોગબળ રૂપ જાણવા. તેમાં એકેન્દ્રિય કે સ્થાવર જીવોને ચાર પ્રાણ હોય છે અને વિકલેન્દ્રિય તરીકે ઓળખાતા જીવોને પોતાની યોગ્યતા પ્રમાણે, છ, સાત કે આઠ પ્રાણો હોય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિવેચન

પંચદ્વારમાંથી શરીર-દ્વાર, આયુષ્ય-દ્વાર અને સ્વ-કાયસ્થિતિ-દ્વાર એ ત્રણ દ્વારોની પ્રરૂપણા કરવામાં આવી. હવે ચોથા પ્રાણ-દ્વારની પ્રરૂપણા કરે છે.

કેટલાક એમ માને છે કે જીવ અને પ્રાણ એ બે એકજ વસ્તુ છે, પણ વાસ્તવમાં તેમ નથી. જો જીવ અને પ્રાણ એ બે એકજ વસ્તુ હોત તો પ્રકરણકાર 'जीवाण पाणा' એવો શબ્દપ્રયોગ કરત નહિ. જ્યાં 'ઘોડાની લગામ' એવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે, ત્યાં ઘોડો અને લગામ એ બે વસ્તુ જુદી હોવાનું પ્રતિપાદન આપો-આપ થાય છે, તેમ અહીં પણ સમજવાનું છે. તાત્પર્ય કે જીવ અને પ્રાણ એક નથી, પણ જુદા છે, તેથી જ અહીં 'જીવોના પ્રાણ' એવો શબ્દપ્રયોગ થયેલો છે.

जैन साहित्य JAINSITE .com जैनम् जयति शासनम्

શાસ્ત્રકારોએ કહ્યું છે કે 'प्राणिति जीवति अनेनेति प्राणः —જેના વડે જીવી શકાય, તે પ્રાણ.' આ પ્રાણ એક પ્રકારનો નથી, પણ દશ પ્રકારનો છે અને એ દશેય પ્રકારોની અહીં સ્પષ્ટ ગણના કરવી છે. પાંચ ઇન્દ્રિયો તે પાંચ પ્રાણ, શ્વાસોચ્છ્વાસ એ છઠ્ઠો પ્રાણ, આયુષ્ય એ સાતમો પ્રાણ અને ત્રણ પ્રકારનું યોગબળ એ આઠ, નવ તથા દશમો પ્રાણ.

અહીં એવો પ્રશ્ન થવા સંભવ છે કે 'શું દરેક જીવને દશ પ્રાણો હોય છે?' તેનો ઉત્તર નકારમાં છે. અહીં જે દશ પ્રાણનો નિર્દેશ કર્યો છે, તે ઉત્કૃષ્ટની અપેક્ષાએ કરેલો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, એટલે જે જીવો યોગ્ય વિકાસ પામેલા છે, તેમને દશ પ્રાણો હોય છે અને બાકીનાને ઓછા પ્રાણો હોય છે.

'ઓછા એટલે કેટલા ?' તેનો ખુલાસો અહીં પ્રકરણકારે વ્યવસ્થિત રીતે કર્યો છે. એકેન્દ્રિય જીવો કે સ્થાવરો જેમનો વિકાસ સહુથી ઓછો છે, એટલે કે જેઓ સહુથી નીચા સ્તરના છે, તેમને ચાર પ્રાણો હોય છે. અહીં તેમણે એ પ્રાણોનાં નામ આપ્યાં નથી, પણ અન્ય ગ્રંથોના ઉલ્લેખ પરથી એમ સમજવાનું છે કે તેમને (૧) સ્પર્શનેન્દ્રિય પ્રાણ, (૨) શ્વાસોચ્છ્વાસ પ્રાણ, (૩) આયુષ્ય પ્રાણ અને (૪) કાયબલ પ્રાણ એ ચાર પ્રાણો હોય છે. અહીં સ્પષ્ટતા એટલી કે એકેન્દ્રિયોને નાસિકા હોતી નથી, પણ તેઓ સર્વાંગે શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે અને તેઓ ઔદારિક શરીરથી જ આહાર-ગ્રહણાદિ ક્રિયા કરતા હોવાથી તેમને કાયબલ પણ હોય છે.

વિકલેન્દ્રિય જીવોના ત્રણ પ્રકાર: (૧) બે ઈન્દ્રિયવાળા જીવો, (૨) ત્રણ ઈન્દ્રિયવાળા જીવો અને (૩) ચાર ઈન્દ્રિયોવાળા જીવો. તેમાં બે ઇન્દ્રિય જીવોને ઉપરના ચાર પ્રાણ ઉપરાંત રસનેન્દ્રિય તથા વચનબળ પ્રાણ અધિક હોય છે, એટલે કુલ છ પ્રાણ હોય છે; ત્રણ ઈન્દ્રિયવાળા જીવોને તેથી અધિક એક ઘ્રાણેન્દ્રિય હોય છે, એટલે કુલ સાત પ્રાણ હોય છે; અને ચાર ઈન્દ્રિયવાળા જીવોને તેથી અધિક ચક્ષુરિન્દ્રિય હોય છે, એટલે કુલ આઠ પ્રાણ હોય છે. આ રીતે સામાન્ય તિર્યંચોને ચારથી આઠ સુધીના પ્રાણો હોય છે.

જૈનમ્ જયતિ શાસનમ્

## મૂળ

**असन्नि-सन्नि-पंचिंदिएसु नव दस कमेण बोधव्वा ।**
**तेहिं सह विप्पओगो जीवाणं भण्णए मरणं ॥ ४३ ॥**

## સંસ્કૃત છાયા

असंज्ञि-संज्ञि-पञ्चेन्द्रियेषु नव दश क्रमेण बोधव्याः ।
तैः सह विप्रयोगो जीवानां भण्यते मरणम् ॥ ४३ ॥

## પદાર્થ

**असन्नि**—અસંજ્ઞી.

**असन्नि** અને **सन्नि-पंचिंदिअ** તે **असन्नि-सन्नि-पंचिंदिअ**. જેને સંજ્ઞા ન હોય તે અસંજ્ઞી કહેવાય. અહીં સંજ્ઞા શબ્દથી (૧) હેતુવાદોપદેશિકી, (૨) દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદોપદેશિકી, એ ત્રણ પૈકી દીર્ઘકાલિકી સંજ્ઞા સમજવાની છે. 'શું થઈ ગયું ?' 'શું થશે ?' 'હવે શું કરવું ?' એ પ્રમાણે અતિ દીર્ઘકાલિકી ભૂતકાલ અને ભવિષ્ય કાલ સંબંધી જે વડે ચિંતન થાય, તેને દીર્ઘકાલિકી સંજ્ઞા કહેવાય. આ સંજ્ઞાને સંપ્રધારણ સંજ્ઞા પણ કહેવામાં આવે છે, કારણ કે તેના લીધે ઉચિત-અનુચિતનો વિચાર તથા નિર્ણય થાય છે. અહીં સંજ્ઞાનો અર્થ સામાન્યપણે વિચાર-શક્તિ એમ કરીએ તો પણ ચાલે.

**सन्नि**—સંજ્ઞી, સંજ્ઞાવાળા.

**पंचिंदिएसु**—પંચેન્દ્રિયોમાં, પંચેન્દ્રિય જીવોમાં.

**नव**—નવ.

**दश**—દશ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

कमेण—ક્રમાનુસાર, ક્રમ પ્રમાણે.

बोधव्वा—જાણવા.

तेहिं—તેની.

सह—સાથેનો.

विप्पओगो—વિપ્રયોગ, વિયોગ.

जीवाणं—જીવોનું.

भण्णए—કહેવાય છે.

मरणं—મરણ, મૃત્યુ, અવસાન ( Death ).

## અન્વય

असन्नि-सन्नि-पंचिंदिएसु कमेण नव दस बोधव्वा ।
तेहिं सह विप्पओगो जीवाणं मरणं भण्णए ॥

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ભાવાર્થ

અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને અનુક્રમે નવ અને દશ પ્રાણો હોય છે. તેઓની-પ્રાણોની સાથેનો વિયોગ એ જીવોનું મરણ કહેવાય છે.

## વિવેચન

હવે પંચેન્દ્રિય જીવોમાં કેટલા પ્રાણ હોય છે? તે કહે છે. દીર્ઘકાલિકી સંજ્ઞાની અપેક્ષાએ પંચેન્દ્રિય પ્રાણીઓના અસંજ્ઞી અને સંજ્ઞી એવા બે પ્રકારો છે. તેમાં સંમૂર્ચ્છિમ તિર્યંચ અને સંમૂર્ચ્છિમ મનુષ્યને અસંજ્ઞી ગણવામાં આવે છે, કેમકે તેમનામાં દીર્ઘકાલિકી સંજ્ઞા યાને મન હોતું નથી. આવા જીવોને ચાર ઇન્દ્રિયોવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવો કરતાં શ્રોત્રેન્દ્રિય અધિક હોય છે, એટલે કુલ નવ પ્રાણ હોય છે; પરંતુ દશ પૈકી મનોબળ પ્રાણ તેમને હોતો નથી. કેટલાક સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં વચનબળ હોતું નથી, તેથી આઠ પ્રાણ હોય છે. અને આવા મનુષ્યો શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂરી કર્યા વિના મરી જાય તો તેમને સાત પ્રાણ પણ હોય છે.*

દેવ, નારક તથા ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચને સંજ્ઞી ગણવામાં આવે છે, કેમકે તેમનામાં દીર્ઘકાલિકી સંજ્ઞા યાને મન અવશ્ય હોય છે. આ સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીઓ ઉપર કહેલા દશેય પ્રાણોથી યુક્ત હોય છે.

અહીં એટલો ખુલાસો આવશ્યક છે કે જેને સામાન્ય અથવા ઓઘસંજ્ઞા કહેવામાં આવે છે, એ તો સર્વ સંસારી જીવોને અવશ્ય હોય છે. તેના દશ પ્રકારો આ પ્રમાણે જાણવા : (૧) આહારસંજ્ઞા, (૨) ભયસંજ્ઞા, (૩) મૈથુન-સંજ્ઞા, (૪) પરિગ્રહસંજ્ઞા, (૫) ક્રોધસંજ્ઞા, (૬) માનસંજ્ઞા, (૭) માયાસંજ્ઞા, (૮) લોભસંજ્ઞા, (૯) ઓઘસંજ્ઞા અને (૧૦) લોકસંજ્ઞા.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે 'શું એકેન્દ્રિય જીવોને પણ આહારાદિ દશેય પ્રકારની સંજ્ઞાઓ હોય છે?' તેનો ઉત્તર જૈન શાસ્ત્રોએ હકારમાં આપ્યો છે. તેઓ કહે છે કે 'વનસ્પતિ પાણી પીએ છે, તે **આહારસંજ્ઞા** છે. તે સ્પર્શથી સંકોચ પામે છે, તે **ભયસંજ્ઞા** છે. વેલડીઓ

* નવતત્ત્વ-અવચૂરિકાર ૭ જ પ્રાણ કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૃક્ષને વીંટાય છે, તે **પરિગ્રહસંજ્ઞા** છે. કુરબકવૃક્ષ સ્ત્રીના આલિંગનથી ફળે છે, તે **મૈથુનસંજ્ઞા** છે. કોકનદનો કંદ હુંકાર કરે છે, તે **ક્રોધસંજ્ઞા** છે. રુદંતી રડયા કરે છે (કે મારા હોવા છતાં લોકો દુઃખી કેમ?) એ **માનસંજ્ઞા** છે. દરેક વેલીઓ પોતાનાં ફળને ઢાંકી દે છે, તે **માયાસંજ્ઞા** છે. બિલી તથા પલાશ (ખાખરો) વગેરે વૃક્ષો નિધાન પર પોતાનાં મૂળ સ્થાપે છે, તે **લોભસંજ્ઞા** છે. વળી રાત્રે કમલો સંકોચ પામે છે, તે **લોકસંજ્ઞા** છે અને વેલડીઓ માર્ગ શોધવાને વૃક્ષ ઉપર ચડે છે, તે **ઓઘસંજ્ઞા** છે. આ રીતે એકેન્દ્રિય એવી વનસ્પતિમાં પણ દશે ય સંજ્ઞાઓ જોવામાં આવે છે.'

આ દશ સંજ્ઞાઓ ઉપરાંત મોક્ષ, ધર્મ, સુખ, દુઃખ, જુગુપ્સા અને શોક એ નામની બીજી પણ છ સંજ્ઞાઓ છે, પરંતુ ઉપર જણાવી તે દશ સંજ્ઞાઓની વિશેષ પ્રસિદ્ધિ છે અને તેમાં પણ પ્રથમની ચાર એટલે આહાર, ભય, મૈથુન, પરિગ્રહ એ ચાર સંજ્ઞાઓ વધારે જાણીતી છે.

મનુષ્યોમાં ભય, આહાર, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાવાળા જીવો ઉત્તરોત્તર વધારે હોય છે, એટલે સહુથી થોડા ભય સંજ્ઞાવાળા હોય છે, તેનાથી વધારે આહાર સંજ્ઞાવાળા હોય છે, તેનાથી વધારે પરિગ્રહ સંજ્ઞાવાળા હોય છે અને તેથી વધારે મૈથુન સંજ્ઞાવાળા હોય છે. તાત્પર્ય કે મનુષ્યોમાં મૈથુન સંજ્ઞાવાળા સહુથી અધિક હોય છે. આ રીતે તિર્યંચોમાં પરિગ્રહ, મૈથુન, ભય અને આહાર

જૈન સાઇટ JAINSITE.com જૈનં જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંજ્ઞાવાળા જીવો ઉત્તરોત્તર વધારે હોય છે; નારકોમાં મૈથુન, આહાર, પરિગ્રહ અને ભયસંજ્ઞાવાળા જીવો ઉત્તરોત્તર વધારે હોય છે. અસ્તુ.

'મરણ કોને કહેવાય?' તેનો ઉત્તર જુદા જુદા મનુષ્યો જુદી જુદી રીતે આપે છે. કોઈ કહે છે કે શરીરના માર્મિક ભાગો ( Vital Parts ) કામ કરતાં બંધ થઈ જાય, તેનું નામ મરણ; કોઈક કહે છે કે શ્વાસોચ્છ્વાસનું બંધ થઈ જવું, એ જ મરણ, પરંતુ અમુક સંયોગોમાં શરીરના માર્મિક ભાગો કામ કરતાં બંધ થઈ જાય છે અને પાછા ચાલુ થઈ જાય છે, એટલે તેને વાસ્તવિક મરણ કહી શકાય નહિ. વળી શ્વાસોચ્છ્વાસનું બંધ થઈ જવું એને પણ મરણ કહી શકાય નહિ, કારણ કે યોગ-વિશારદો યોગક્રિયાથી લાંબા વખત સુધી શ્વાસોચ્છ્વાસની ક્રિયા બંધ રાખી શકે છે. વળી હૃદય અમુક વખત બંધ પડીને પાછું ચાલતું થઈ જાય છે. હમણાં જ રશિયન ડૉક્ટરોએ બંધ પડેલા હૃદયને અમુક પ્રકારનું મસાજ કરીને ચાલુ કર્યાના હેવાલો વર્તમાનપત્રોમાં છપાયા હતા, એટલે આ વ્યાખ્યાઓ મરણને યથાર્થપણે લાગુ પડતી નથી; જ્યારે પ્રકરણકારે જૈનસૂત્ર-સિદ્ધાંતોના આધારે મરણની જે વ્યાખ્યા આપી છે, તે મરણને યથાર્થપણે લાગુ પડે છે.

જે જીવોને જેટલા પ્રાણ ધારણ કરવાની મર્યાદા છે, તેનો જીવથી વિયોગ થવો, તેનું નામ મરણ છે. દાખલા:

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરીકે મનુષ્યોને દશ પ્રાણ ધારણ કરવાની મર્યાદા છે. હવે એક મનુષ્યને ગમે તેવો સ્પર્શ કરીએ તો પણ તે કંઈ જાણી શકતો નથી; તેનું મોઢું બંધ છે, એટલે તે કોઈ પણ વસ્તુનો સ્વાદ ચાખી શકતો નથી; તેના નાક આગળ ગમે તે વસ્તુ ધરીએ, તો પણ તેનો ગંધ પારખી શકતો નથી; વળી તેની આંખો બંધ છે, એટલે તે કોઈ વસ્તુ જોઈ શકતો નથી; પરંતુ આપણે અવાજ કરીએ તો તે સાંભળી શકે છે, તો તેને મરણ પામેલો કહી શકાશે નહિ, કારણ કે તેનામાં શ્રોત્રેન્દ્રિય પ્રાણ અવશિષ્ટ છે. આ જ રીતે કોઈ પણ એક ઇન્દ્રિય કામ આપતી હોય, ત્યાં સુધી તેને મરણ પામેલો કહી શકાય નહિ.

હવે માની લો કે તેની પાંચે ઇન્દ્રિયો કામ કરતી બંધ પડી ગઈ છે, પણ તે જરા અંગૂઠો હલાવે છે, તો તેનામાં કાયબળ પ્રાણ અવશિષ્ટ છે, એટલે તેને મરણ પામેલો કહી શકાય નહિ. આ જગતમાં એવા દાખલાઓ જોવામાં આવ્યા છે કે જ્યારે એક માણસને મરેલો માની સ્મશાનમાં લઈ ગયા હોય અને તેને લાકડાની ચેહ પર સૂવાડ્યો હોય, પણ ત્યાં તેના પગનો અંગૂઠો જરા હલવાથી તેને નીચો ઉતાર્યો હોય અને વૈદ્ય-હકીમને બોલાવી ઉપચાર કરતાં પાછો તે જીવંત થયો હોય.

કોઈક વાર માણસની પાંચેય ઇન્દ્રિયો કામ કરતી બંધ પડી જાય છે, શ્વાસોચ્છ્વાસ પણ અટકી જાય છે, તે વિચાર કરતો બંધ પડે છે, મોઢેથી કંઈ પણ બોલી શકતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી કે કાયાનું જરા પણ હલનચલન કરી શકતો નથી, છતાં બ્રહ્મરંધ્રમાં તેની ચેતનાશક્તિ અવશિષ્ટ રહી હોય તો તે પાછો જીવંત થાય છે. આ વખતે માત્ર આયુષ્ય પ્રાણ જ બાકી હોય છે, એટલે આમ બની શકે છે. એટલે જીવથી સર્વ પ્રાણોનું અલગ પડી જવું-ચાલ્યા જવું, નાશ થવો, એ જ સાચા અર્થમાં મરણ, મૃત્યુ કે અવસાન છે.

અહીં એ સ્પષ્ટતા પણ કરવી જોઈએ કે જ્યાં સુધી આત્માને કર્મનું બંધન છે અને તેનાં ફળ ભોગવવા માટે તેને એક યા બીજી ગતિ-યોનિમાં જઈને જીવન ધારણ કરવું પડે છે, ત્યાં સુધી જ તેને આ દશ પ્રાણો કે તે પૈકી કેટલાક ઓછા ધારણ કરવાની ક્રિયામાંથી પસાર થવું પડે છે, પરંતુ તે કર્મબંધનમાંથી મુક્ત થયો કે તેને આવા દ્રવ્યપ્રાણો ધારણ કરવા પડતા નથી. શુદ્ધ થયેલો આત્મા પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ભાવપ્રાણના આધારે જ પોતાના સ્વરૂપમાં સ્થિર રહે છે.

અહીં પ્રકરણકારે એક ઔપદેશિક ગાથા પણ કહી છે, તે આ પ્રમાણે :

### મૂળ

**एवं अणोरपारे, संसारे सायरम्मि भीमम्मि ।**
**पत्तो अणंतखुत्तो, जीवेहिं अपत्तधम्मेहिं ॥४४॥**

### સંસ્કૃત છાયા

**एवमनारपारे संसारे सागरे भीमे ।**
**प्राप्तोऽनन्तकृत्वः जीवैरप्राप्तधर्मैः ॥४४॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પદાર્થ

'एवं-આ પ્રકારે.

' एवं प्राणवियोगलक्षणप्रकारेण.'-આ પ્રકારે એટલે આ પ્રકારના પ્રાણવિયોગથી.

अणोरपारे-આ પાર કે તે પાર વિનાના, આદિ-અંતરહિત.

संसारे सायरम्मि-સંસાર-સાગરમાં.

भीमम्मि-ભયંકર.

पत्तो-પ્રાપ્ત થયો.

અહીં ખરી રીતે पत्तं એવો પાઠ જોઈએ, પણ પ્રાકૃત ભાષાના ધોરણે પુલ્લિંગનો પ્રયોગ છે. કેટલીક પ્રતિઓમાં पत्तं એવો પાઠ મળે છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

अणंतखुत्तो-અનંત વાર.

जीवेहिं-જીવો વડે.

अपत्तधम्मेहिं-અપ્રાપ્ત ધર્મવાળા, જેમણે ધર્મ પ્રાપ્ત કર્યો નથી.

अ-નથી કર્યો, पत्त-પ્રાપ્ત, જેણે કોઈ પ્રકારનો धम्म તે अपत्तधम्म. આ પદ जीवेहिं નું વિશેષણ હોવાથી ત્રીજીના બહુવચનમાં છે.

## અન્વય

अणोरपारे भीमम्मि संसारे सायरम्मि अपत्तधम्मेहिं जीवेहिं एवं अणंतखुत्तो पत्तो ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ભાવાર્થ

આદિ-અંતરહિત ભયંકર સંસારસાગરમાં ધર્મ ન પામેલા જીવો વડે આ પ્રકારનું પ્રાણવિયોગરૂપ મરણ અનંતવાર પ્રાપ્ત થયેલું છે.

## વિવેચન

જેમાં પ્રાણીઓનું નિરંતર સંસરણ થાય, એટલે કે એક ગતિમાંથી બીજી ગતિમાં જવાની ક્રિયા અસ્ખલિત પણે ચાલી રહી છે, તેને સંસાર કહેવાય છે. આ સંસાર અનાદિ કાલનો છે અને અનંતકાલ સુધી ચાલવાનો છે. તે સ્વરૂપે ભયંકર છે, કારણ કે તેમાં ભવરૂપી અગાધ જળ ભરેલું છે અને તે આધિ-વ્યાધિ-ઉપાધિરૂપ અનેક પ્રકારના ભયંકર જલચરોથી ભરેલો છે. તેનો પાર પામવાનું કામ સહેલું નથી. અન્ય શબ્દોમાં કહીએ તો અતિ કઠિન છે.

ધર્મને ન પામેલા જીવો આ ભયંકર સંસારસાગરમાં ભ્રમણ કર્યા જ કરે છે અને પ્રાણ-વિયોગરૂપ મૃત્યુ પામ્યા કરે છે. આવું અનંતવાર બનવા છતાં તેનો છેડો આવતો નથી, કારણ કે સર્વજ્ઞકથિત શુદ્ધ ધર્મ એ જ એને તરવાનો એક માત્ર ઉપાય છે અને તે પ્રાપ્ત થયો નથી. તેથી સુજ્ઞ, શાણા કે સમજુ ગણાતા મનુષ્યોએ અતિ દુર્લભ એવો મનુષ્યજન્મ પામીને પ્રથમ પ્રયત્ન આવા ધર્મની પ્રાપ્તિ માટે કરવો જોઈએ અને તેની ઉત્કૃષ્ટ આરાધનામાં પોતાનો પુરુષાર્થ ફોરવવો જોઈએ.

'ધર્મની શી આવશ્યકતા છે? ધર્મ શો કામનો છે?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ તો વાડાબંધી ઉભી કરે છે' વગેરે ઉદ્ગારો આજે અનેકના મુખમાંથી નીકળતા જણાય છે, એ ભૌતિકવાદથી ભ્રષ્ટ થયેલા વાતાવરણનું પરિણામ છે. પ્રાણીઓને દુર્ગતિમાં પડતા અટકાવી રાખનારો ધર્મ છે અને ઉન્નતિ, પ્રગતિ કે વિકાસના માર્ગે લઈ જનારો પણ ધર્મ છે. જ્યાં ધર્મ નથી, ત્યાં પતન છે અને તે એવું ઊંડું પતન છે કે તેમાંથી બહાર નીકળવું અતિશય કઠિન છે; તેથી જ સુજ્ઞજનો ધર્મની આવશ્યકતા સ્વીકારીને તેના સંગ્રહ માટે પ્રયત્નશીલ રહે છે અને પરિણામે ઉત્તરોત્તર ઉન્નતિનો અનુભવ કરી અભીષ્ટ સ્થાનની પ્રાપ્તિ કરે છે.

ધર્મ હૃદયને વિશાળ બનાવે છે, સહુની સાથે પ્રેમ કરતાં શીખવે છે, સહુની સાથે સમાનતાથી વર્તવાનું શિક્ષણ આપે છે, એટલે વિશ્વમાં સાચી મૈત્રી-સાચી સમાનતા ફેલાવવાનું તે ઉત્તમ સાધન છે. તેના પર વાડાબંધી ઊભી કરવાનો આરોપ મૂકવો, એ નરી પાગલતા છે. વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર તથા વિશ્વનો ઉદ્ધાર ધર્મથી થયો છે અને થાય છે, એટલે તેની મંગલમયતા વિષે કોઈએ કશી શંકા રાખવાનું કારણ નથી.

જ્યાં ધર્મ છે, ત્યાં જય છે. જ્યાં ધર્મ છે, ત્યાં સહુનું સર્વ પ્રકારે કલ્યાણ છે.

卐

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ६ ]

## યોનિ-દ્વાર

મૂળ

तह चोराशी लक्खा, संखा जोणीण होइ जीवाणं ।
पुढवाईण चउण्हं पत्तेयं सत्त सत्तेव ॥४५॥

સંસ્કૃત છાયા

तथा चतुरशीतिर्लक्षाः संख्या योनीनां भवति जीवानाम् ।
पृथिव्यादीनां चतुर्णां प्रत्येकं सप्त सप्तैव ॥४५॥

પદાર્થ

तह—તથા.

चोरासी लक्खा—ચોરાશી લાખ.

संखा—સંખ્યા.

जोणीण—યોનીઓની.

જીવને ઉત્પન્ન થવાનું સ્થાન યોનિ કહેવાય છે. તત્ત્વાર્થ-સૂત્રની બૃહદ્વૃત્તિમાં કહ્યું છે કે ' अयमात्मा पूर्वभवशरीर मोशो तदनु शरीरान्तरप्राप्तिस्थाने यान् पुद्गलान् शरीरार्थ-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

आदत्ते तान् कार्मणेन सह मिश्रयति तप्तायः पिण्डाम्भोग्रहण वच्छरीरनिर्वृत्त्यर्थं बाह्यपुद्गलान् यस्मिन् स्थाने तत्स्थानं योनिः । આ આત્મા પૂર્વભવના શરીરનો નાશ થયા પછી નવું શરીર ધારણ કરવાનાં જે સ્થાને શરીરરચના માટે ગ્રહણ કરેલાં પુદ્ગલોને તપ્ત લોઢાનો ગોળો પાણીને જે રીતે ગ્રહણ કરી લે છે, તે રીતે કાર્મણ શરીરની સાથે ભેળવી દે છે, તે સ્થાનને યોનિ કહેવાય છે.' પ્રજ્ઞાપના-સૂત્રના નવમા પદની ટીકામાં શ્રીમલયગિરિ મહારાજે પણ યોનિ શબ્દની લગભગ આવી જ વ્યાખ્યા કરી છે.

યોનિના મુખ્ય પ્રકારો નવ છે :

(૧) **સચિત્ત યોનિ**—જીવપ્રદેશવાળી યોનિને સચિત્ત યોનિ કહેવામાં આવે છે. દાખલા તરીકે ગાયના શરીરમાં કૃમિ વગેરે ઉત્પન્ન થાય છે, તો ગાયનું શરીર ચૈતન્ય પરિણામવાળું હોઇને તે સચિત્ત યોનિ છે.

(૨) **અચિત્ત યોનિ**—જીવપ્રદેશથી રહિત યોનિને અચિત્ત યોનિ કહેવામાં આવે છે. દાખલા તરીકે સૂકા લાકડામાં કીડા ઉત્પન્ન થાય છે, તો સૂકું લાકડું ચૈતન્ય પરિણામથી રહિત હોઈને અચિત્ત યોનિ છે.

(૩) **સચિત્તાચિત્ત યોનિ**—સચિત્ત અને અચિત્તના મિશ્રણવાળી યોનિને સચિત્તાચિત્ત યોનિ કહેવામાં આવે છે. દાખલા તરીકે ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચોની યોનિમાં શુક્ર અને શોણિતના પુદ્ગલો હોય છે, તેમાં જે પુદ્ગલો આત્મસાત્ કરાયેલા છે, એટલે કે આત્મપ્રદેશો સાથે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબદ્ધ છે, તે સચિત્ત હોય છે અને બાકીના અચિત્ત હોય છે. આ રીતે જ્યાં સચિત્ત અને અચિત્તનું મિશ્રણ હોય ત્યાં સચિત્તાચિત્ત યોનિ ગણાય છે.

(૪) **શીતયોનિ**—જે યોનિનો સ્પર્શ શીત એટલે ઠંડો હોય, તે શીતયોનિ કહેવાય છે.

(૫) **ઉષ્ણયોનિ**—જે યોનિનો સ્પર્શ ઉષ્ણ એટલે ઊનો હોય, તે ઉષ્ણયોનિ કહેવાય છે.

(૬) **શીતોષ્ણયોનિ**—જે યોનિનો સ્પર્શ અતિ શીત કે અતિ ઉષ્ણ ન હોય તે શીતોષ્ણ કહેવાય છે.

(૭) **સંવૃતયોનિ**—જે યોનિ ઢંકાયેલી હોય, તે સંવૃતયોનિ કહેવાય છે. દાખલા તરીકે દેવલોકની દિવ્ય શય્યા કે જ્યાં દેવો ઉત્પન્ન થાય છે, તે વસ્ત્રાદિથી ઢંકાયેલી હોય છે.

(૮) **વિવૃતયોનિ**—જે યોનિ ઉઘાડી હોય, તે વિવૃતયોનિ કહેવાય છે. દાખલા તરીકે જલાશય, તે જીવોને ઉત્પત્તિ થવાનું સ્થાન છે અને ઉઘાડું હોઈ સ્પષ્ટ દેખી શકાય છે.

(૯) **સંવૃત-વિવૃતયોનિ**—જે યોનિ કેટલેક અંશે ઢંકાયેલી અને કેટલેક અંશે ઉઘાડી હોય, તે સંવૃત-વિવૃત કહેવાય છે. ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચની યોનિ આ પ્રકારની હોય છે. તેનો અંદરનો ભાગ ઢંકાયેલો હોય છે અને બહારનો ભાગ દેખાય છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

होइ-હોય છે, છે.
जीवाणं-જીવોની.
पुढवाईण-પૃથ્વીકાય આદિ.
चउण्हं-ચારની, ચારમાં.
पत्तेयं-પ્રત્યેકની.
सत्त सत्तेव--સાત, સાત જ.

## અન્વય

तह जीवाण जोणीण संखा चउरासी लक्खा होइ, पुढवाईण चउण्हं पत्तेय सत्त सत्तेव ।

## ભાવાર્થ

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

તથા જીવોની યોનિઓની સંખ્યા ચોરાશી લાખ છે. તેમાં પૃથ્વીકાય આદિ ચારમાં દરેકને સાત સાત લાખ સમજવાની છે.

## વિવેચન

હવે પાંચમા યોનિદ્વારની પ્રરૂપણા કરે છે. જીવોને ઉત્પન્ન થવાનું જે સ્થાન, તે યોનિ કહેવાય છે. આ યોનિઓ (૧) સચિત્ત, (૨) અચિત્ત, (૩) સચિત્તાચિત્ત, (૪) શીત, (૫) ઉષ્ણ, (૬) શીતોષ્ણ, (૭) સંવૃત, (૮) વિવૃત અને (૯) સંવૃત-વિવૃતના ભેદથી નવ પ્રકારની છે. તેમાં એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના જીવો, તેમજ સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યોની યોનિ સચિત્ત, અચિત્ત અને સચિત્તાચિત્ત એ ત્રણેય પ્રકારની હોય છે. ગર્ભજ તિર્યંચ, પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્યોની યોનિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો મિશ્ર જ હોય છે, કેમકે જે સ્થાનમાં તેઓ ઉત્પન્ન થાય છે, ત્યાં શુક્ર-શોણિતાદિ અચિત્ત પુદ્ગલો હોય છે. પ્રજ્ઞાપનાસૂત્રમાં આ વસ્તુ ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવી છે. 'गब्भवक्कंतियपंचिंदियतिरिक्खजोणियाणं गब्भवक्कंतियमणुस्साण य नो सचित्ता, नो अचित्ता, मीसिया जोणी।'

નૈરયિકોનાં ઉપપાત-ક્ષેત્રો કોઈપણ જીવથી પરિગૃહીત નથી, તેથી તેમની યોનિ અચિત્ત છે. અહીં એવી શંકા થવા સંભવ છે કે 'જ્યારે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સર્વ લોકને વ્યાપીને રહેલા છે, ત્યારે આ વાત કેમ સંભવી શકે?' પરંતુ તેનો ઉત્તર એ છે કે 'યદ્યપિ એ જીવો લોકવ્યાપી છે, છતાં તેમના પ્રદેશોની સાથે ઉપપાત-ક્ષેત્રનાં પુદ્ગલો એકમેક થઈ ગયા નથી, એટલે આ વસ્તુ સંભવી શકે છે.'

આ પ્રમાણે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોની યોનિ પણ અચિત્ત જ હોય છે, કારણકે તેઓ અચિત્ત શય્યામાંથી ઉપપાત દ્વારા જન્મ ધારણ કરે છે. ગર્ભધારણાદિ ક્રિયા વિના સીધા ઉત્પન્ન થવું, એ ઉપપાતક્રિયા છે.

નારક જીવોની યોનિ શીત કે ઉષ્ણ હોય છે; પરંતુ તે શીતોષ્ણ હોતી નથી. રત્નપ્રભા, શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા એ ત્રણ પૃથ્વીઓમાં જે નૈરયિકોનાં ઉપપાતક્ષેત્રો છે, તે બધાં શીત પરિણામે પરિણત છે, એથી ત્યાં રહેલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવો ઉષ્ણ વેદનાનો અનુભવ કરે છે. પંકપ્રભા તથા ધૂમ-પ્રભામાં કેટલાંક ઉપપાતક્ષેત્રો શીત છે અને કેટલાંક ઉપ-પાત ક્ષેત્રો ઉષ્ણ છે. ત્યાં અનુક્રમે ઉષ્ણતા અને શીતની વેદનાનો અનુભવ થાય છે. તમઃપ્રભા અને તમસ્તમઃપ્રભામાં તો બધાં જ ઉપપાતક્ષેત્રો ઉષ્ણસ્પર્શી છે, એટલે ત્યાં ઉત્પન્ન થનાર ઉષ્ણયોનિવાળા નૈરયિકોને ભયંકર શીતવેદનાનો અનુભવ થાય છે.

ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો, તેમજ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્યોની યોનિ શીતોષ્ણ હોય છે.

માનવ-સ્ત્રીની યોનિના ત્રણ પ્રકારો છે: (૧) કૂર્મોન્નત, (૨) વંશીપત્ર અને (૩) શંખાવર્ત. તેમાં કાચબાની પીઠની જેમ જે યોનિ ઊંચી હોય તે કૂર્મોન્નત, વાંસના બે સંયુક્ત પત્ર જેવા આકારની હોય તે વંશીપત્ર અને શંખના જેવા આવર્તવાળી હોય તે શંખાવર્ત.

અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ તથા બલદેવની માતા-ઓની યોનિ કૂર્મોન્નત હોય છે, બાકીની સર્વ સ્ત્રીઓની યોનિ વંશીપત્ર હોય છે અને ચક્રવર્તી જે સ્ત્રીરત્નને પરણે છે, તેની યોનિ શંખાવર્ત હોય છે. આ યોનિથી સંતાન ઉત્પન્ન થતું નથી, કેમકે અત્યંત કામાગ્નિને લીધે તેમાંનો ગર્ભ નાશ પામે છે.

જીવોને ઉત્પન્ન થવાનાં સ્થાનો અસંખ્ય છે, પરંતુ જેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સમાન હોય, તેવાં બધાં સ્થાનોની એક યોનિ ગણીએ તો એવી યોનિઓની સંખ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોરાશી લાખ છે. સમવાયાંગસૂત્ર, જીવાજીવાભિગમસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર તથા પ્રવચનસારોદ્ધાર વગેરેમાં યોનિની સંખ્યા ચોરાશી લાખની જ કહેલી છે. અહીં નોંધપાત્ર વસ્તુ એટલી છે કે આજીવિક સંપ્રદાય પણ યોનિઓની સંખ્યા ચોરાશી લાખ માનતો હતો અને હિંદુ શાસ્ત્રોમાં પણ યોનિઓની સંખ્યા ચોરાશી લાખ જ હોવાનું જણાવેલું છે.

હવે ચોરાશી લાખ યોનિમાંથી કયા વર્ગને કેટલી યોનિ હોય છે? તે અહીં પ્રકરણકારે સ્પષ્ટ કર્યું છે. તેઓ કહે છે કે પૃથ્વીકાય આદિ ચાર એટલે પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય અને વાયુકાય એ ચારમાં દરેકને સાત-સાત લાખ યોનિઓ હોય છે, એટલે કે તેઓ સમાન સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ સમાન હોય તેવી સાત લાખ યોનિઓમાં જન્મ ધારણ કરે છે.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

હવે એક જ યોનિમાં અનેક કુલ હોય છે. જેમકે છાણરૂપ યોનિમાં કૃમિકુલ, કીટકુલ, વૃશ્ચિકકુલ વગેરે. તેને કુલકોટિ કહે છે. આવા કુલકોટિની સંખ્યા એક ક્રોડ અને સાડી સત્તાણુ લાખની કહેલી છે. તે પૃથ્વીકાયાદિ ચારને અનુક્રમે નીચે પ્રમાણે હોય છે:

| કાય | યોનિસંખ્યા | કુલકોટિ સંખ્યા |
|---|---|---|
| પૃથ્વીકાય | ૭ લાખ | ૧૨ લાખ |
| અપ્કાય | ,, | ૭ ,, |
| અગ્નિકાય | ,, | ૩ ,, |
| વાયુકાય | ,, | ૭ ,, |
| | કુલ ૨૮ લાખ | કુલ ૨૯ લાખ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### મૂળ

दस पत्तेय-तरूणं चउद्दस लक्खा हवंति इयरेसु ।
विगलिंदिएसु दो दो चउरो पंचिंदि-तिरियाणं ॥ ४६ ॥

### સંસ્કૃત છાયા

दश प्रत्येक-तरूणां चतुर्दशलक्षा भवन्तीतरेषु ।
विकलेन्द्रियेषु द्वे द्वे चतस्रः पञ्चेन्द्रियतिरश्चाम् ॥४६॥

### પદાર્થ

दस-દશ લાખ.
पत्तेय-तरूणं-પ્રત્યેક વનસ્પતિકાયની.
चउद्दस लक्खा-ચૌદ લાખ.
हवंति-હોય છે.
इयरेसु-સામાન્ય વનસ્પતિકાયની.
પ્રત્યેકથી ઇતર તે સામાન્ય વનસ્પતિકાય.
विगलिंदिएसु-વિકલેન્દ્રિય જીવોમાં.
दो दो-બબ્બે લાખ.
चउरो-ચાર લાખ.
पंचिंदि-तिरियाणं-પંચેન્દ્રિય તિર્યંચોને.

### અન્વય

पत्तेयतरूणं दस, इयरेसु चउद्दस लक्खा हवंति ।
विगलिंदिएसु दो दो पंचिंदि-तिरियाणं चउरो ॥

### ભાવાર્થ

પ્રત્યેક વનસ્પતિકાયની દશ લાખ, સાધારણ વનસ્પતિ-

JAINSITE.com જૈન સાઈટ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાયની ચૌદ લાખ, વિકલેન્દ્રિય જીવોમાં દરેક પ્રકારને બબ્બે લાખ અને પંચેન્દ્રિય તિર્યંચોને ચાર લાખ યોનિઓ હોય છે.

## વિવેચન

નીચેની તાલિકામાં આ વર્ગની યોનિઓની સામેજ કુલકોટિની સંખ્યા દર્શાવેલી છે.

| કાય. | યોનિસંખ્યા | કુલકોટિ સંખ્યા | |
|---|---|---|---|
| પ્રત્યેક વનસ્પતિકાય | ૧૦ લાખ | { ૨૮ લાખ | |
| સાધારણ વનસ્પતિકાય | ૧૪ ,, | | |
| બેઇન્દ્રિયવાળા જીવો | ૨ ,, | | ૭ ,, |
| ત્રણ ઇન્દ્રિયવાળા જીવો | ૨ ,, | | ૮ ,, |
| ચાર ઇન્દ્રિયવાળા જીવો | ૨ ,, | | ૯ ,, |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૪ લાખ | જલચર | ૧૨॥ લાખ |
| | | ખેચર | ૧૨ ,, |
| | | ચતુષ્પદ | ૧૦ ,, |
| | | ઉરઃપરિસર્પ | ૧૦ ,, |
| | | ભુજપરિસર્પ | ૯ ,, |
| આગળના સરવાળા સાથે | કુલ ૬૨ લાખ | | કુલ ૧૩૪॥ લાખ |

### મૂળ

**चउरो चउरो नारय-सुरेसु मणुआण चउदस हवंति ।**
**संपिंडिआ य सव्वे चुलसी लक्खा उ जोणीणं ॥ ४७ ॥**

× જેમ આ બંનેની યોનિઓની સંખ્યાનું પ્રમાણ જુદું જુદું મળે છે, તેમ કુલકોટિનું મળતું નથી. તે સંયુક્ત જ મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સંસ્કૃત છાયા

चतस्रश्चतस्रो नारक-सुरेषु मनुष्याणां चतुर्दश भवन्ति।
संपिण्डिताश्च सर्वे चतुरशीतिर्लक्षास्तु योनीनाम् ॥ ४७ ॥

## પદાર્થ

चउरो-चउरो-ચાર, ચાર.
नारय-देवेसु-નારક અને દેવોમાં.
 नारय અને देव તે नारय-देव.
मणुआण-મનુષ્યોની.
चउदस-ચૌદ લાખ.
हवंति-છે.
संपिंडिआ-સંપિંડિત, બધી એકઠી કરતાં.
य-અને,
सव्वे-સર્વે.
चुलसी लक्खा-ચોરાશી લાખ.
उ-તો.
जोणीणं-યોનિઓની.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## અન્વય

नारय-सुरेसु चउरो चउरो, मणुआण चउदस(लक्खा) हवंति।
सव्वे संपिंडिआ जोणीणं चुलसी लक्खा।

## ભાવાર્થ

નારક અને દેવોને ચાર ચાર લાખ તથા મનુષ્યોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચૌદ લાખ યોનિઓ હોય છે. આ બધી યોનિઓને એકઠી કરીએ તો તેની સંખ્યા ચોરાશી લાખ થાય છે.

## વિવેચન

નીચેની તાલિકામાં આ વર્ગની યોનિઓની તેમ જ કુલકોટિની સંખ્યા જણાવેલી છે.

| કાય | યોનિસંખ્યા | કુલકોટિ સંખ્યા |
|---|---|---|
| નારક | ૪ લાખ | ૨૫ લાખ |
| દેવ | ૪ ,, | ૨૬ ,, |
| મનુષ્ય | ૧૪ ,, | ૧૨ ,, |
| આગળના સરવાળા સાથે | કુલ ૮૪ લાખ | કુલ ૧૯૭॥ લાખ |

જૈન સાઈટ JAINSITE .com

આ રીતે બધી મળીને ચોરાશી લાખ યોનિઓ તથા એક ક્રોડ ને સાડી સત્તાણુ લાખ કુલકોટિ થાય છે.

પ્રતિક્રમણ પ્રસંગે બોલાતાં 'સાત લાખ' સૂત્રમાં ચોરાશી લાખ યોનિઓની ગણના બરાબર આ જ પ્રમાણે બતાવી છે. જેમ કે—

૭ લાખ પૃથ્વીકાય,
૭ લાખ અપ્કાય,
૭ લાખ તેઉકાય (તેજસ્કાય, અગ્નિકાય),
૭ લાખ વાયુકાય,
૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાય,
૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨ લાખ બેઇન્દ્રિય,

૨ લાખ તેઇન્દ્રિય,

૨ લાખ ચઉરિન્દ્રિય,

૪ લાખ દેવતા,

૪ લાખ નારકી,

૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય,

૧૪ લાખ મનુષ્ય,

એવંકારે ચોરાશી લાખ જીવયોનિમાંહે માહરે જીવે જે કોઈ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય, હણતાં પ્રત્યે અનુમોદ્યો હોય, તે સર્વે મને, વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥

जैन साइट JAINSITE.com

મૂળ

सिद्धाणं नत्थि देहो न आउकम्मं न पाण-जोणीओ।
साइ-अणंता तेसिं ठिई जिणिंदागमे भणिया ॥ ४८ ॥

સંસ્કૃત છાયા

सिद्धानां नास्ति देहो नायुःकर्म न प्राण-योनयः।
साद्यनन्ता तेषां स्थितिर्जिनेन्द्रागमे भणिता ॥ ४८ ॥

પદાર્થ

सिद्धाणं-સિદ્ધોને.

नत्थि-નથી.

देहो-શરીર.

न-નથી.

पाण-जोणीओ-પ્રાણ અને યોનિઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાળ અને जोणी તે पाण-जोणी. બહુવચનમાં पाण-
जोणीओ.

साइ-अणंता—સાદિ-અનંત.

આદિ અને અનંતનાં ભંગ કે વિકલ્પો ચાર થાય
છે, તે આ પ્રમાણે :

(૧) **અનાદિ-અનંત**—જેનો આદિ પણ નહિ અને
અંત પણ નહિ.

(૨) **અનાદિ-સાંત**—જેનો આદિ નહિ, પણ અંત
ખરો.

(૩) **સાદિ-સાંત**—જેનો આદિ પણ ખરો, અને
અંત પણ ખરો.

(૪) **સાદિ-અનંત**—જેનો આદિ ખરો, પણ અંત
નહિ.

तेसिं-તેઓની.

ठिई-સ્થિતિ.

जिणिंदागमे-જિનેન્દ્રોના આગમમાં, જિનાગમોમાં.

भणिया-કહેલી છે.

## અન્વય

सिद्धाणं देहो नत्थि, आउकम्मं न, पाण-जोणिओ न,
तेसिं ठिई जिणिंदागमे साइ-अणंता भणिया ॥

## ભાવાર્થ

સિદ્ધોને શરીર નથી, આયુષ્યકર્મ નથી, તેમજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાણુ કે યોનિઓ પણ નથી. જિનાગમોમાં તેમની સ્થિતિ સાદિ-અનંત કહેલી છે.

## વિવેચન

પાંચ દ્વારોની પ્રરૂપણા પૂરી થઈ. હવે તે સંબંધી સિદ્ધોની સ્થિતિ કેવી છે? એ અહીં જણાવ્યું છે. સિદ્ધોને શરીર નથી અને આયુષ્યકર્મ પણ નથી. આ સ્થિતિમાં સ્વકાયસ્થિતિ તો હોય જ ક્યાંથી? વળી તેમને પ્રાણો પણ નથી અને યોનિઓ પણ નથી. તાત્પર્ય કે આ પંચ-દ્વાર સંસારી જીવોને અનુલક્ષીને છે, સિદ્ધ જીવોને તેમાંનું કંઈ પણ હોતું નથી.

'ત્યારે તેમની સ્થિતિ કયા પ્રકારની હોય છે?' તેના ઉત્તરમાં પ્રકરણકાર જણાવે છે કે 'જિનાગમોમાં તેમની સ્થિતિ સાદિ-અનંત કહેલી છે.' એટલે કે એ સ્થિતિની આદિ હોય છે, પણ કદી અંત હોતો નથી. વધારે સ્પષ્ટ કહીએ તો તેઓ સિદ્ધ થતી વખતે જે અવસ્થામાં હોય છે, તે જ અવસ્થામાં બધો કાલ રહે છે. તેમાં કોઈ પણ કારણે કંઇ પણ પરિવર્તન થતું નથી.

## મૂળ

काले अणाइ--निहणे जोणि--गहणम्मि भीसणे इत्थ ।
भमिया भमिहिंति चिरं जीवा जिण--वयणमलहंता ॥४९॥

## સંસ્કૃત છાયા

काले अनादि-निधने योनिगहने भीषणेऽत्र ।
भ्रान्ता भ्रमिष्यन्ति चिरं जीवा जिन-वचनमलभमाना ॥४९॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પદાર્થ

काले-કાળમાં.

अणाइ-निहणे-અનાદિ-અનંત.

' आदि-प्रारम्भः-निधनं नाशः-आदिश्च निधनं च आदि-निधने न विद्यते यस्य सः अनादि-निधनः-तस्मिन् ।' આદિ એટલે આરંભ અને નિધન એટલે નાશ. જેનો આરંભ કે નાશ નથી એવો. તાત્પર્ય કે અનાદિ-અનંત.

जोणि-गहणम्मि-યોનિઓથી અતિ ગહન બનેલા.

' गहने अतिसंकुले.' અહીં ગહનથી અતિ દુઃખદાયક અર્થ ગ્રહણ કરવાનો છે.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

भीसणे-ભીષણ, ભયંકર.

इत्थ-આ સંસારમાં.

भमिया-ભમેલા છે.

भमिहिंति-ભમશે.

चिरं-લાંબા સમય સુધી.

जीवा-જીવો.

जिण-वयणं-જિન વચનને.

અહીં जिणवयणं અને अलहंता એ બે પદોની સંધિથી जिणवयणमलहंता એવો પાઠ બનેલો છે.

जिणनुं वयणं ते जिण-वयणं. जिण-જિન, જિનેશ્વર. वयणं-વચન. તે હિતોપદેશરૂપ સમજવું.

अलहंता-ન પામતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### અન્વય

अणाइ-निहणे काले जोणि-गहणम्मि भीसणे इत्थ जिण-वयणं अलहंता जीवा चिरं भमिया भमिहंति ।

### ભાવાર્થ

શ્રી જિનેશ્વરદેવનાં વચનને નહિ પામેલા જીવો યોનિઓથી ગહન અને ભયંકર આ સંસારમાં અનાદિ-અનંત એવા કાલપ્રવાહમાં લાંબા સમય સુધી ભમ્યા છે અને ભમશે.

### વિવેચન

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

આ સંસારમાં ચોરાશી લાખ યોનિઓ છે, તેમાં વારંવાર ઉત્પન્ન થવું પડે, એ અતિ દુઃખદાયક ઘટના છે. મનુષ્ય માતાના ગર્ભમાં હોય છે, ત્યારે કેવી સ્થિતિમાં હોય છે? તે કોઈથી અજાણ્યું નથી. એનું ચિત્ર જોઈએ છીએ, ત્યારે મનમાં અવશ્ય એવો વિચાર આવે છે કે આ ભવમાં એવી કરણી કરીએ કે જેથી આ પ્રમાણે ફરી કોઈ યોનિમાં અવતરવું ન પડે; પરંતુ મોહ અને અજ્ઞાનથી આવૃત્ત થયેલો આ જીવ એ વિચાર ઘડીકમાં જ ભૂલી જાય છે અને પાછો દુનિયાના રંગરાગમાં ફસાય છે. પરિણામે, તેને આથી પણ અતિ નિકૃષ્ટ એવી યોનિઓમાં વારંવાર અવતરવું પડે છે અને અનેક પ્રકારની યાતનાઓ—વિટંબણાઓ ભોગવવી પડે છે.

આ સ્થિતિમાંથી ઉગરવાનો એક જ ઉપાય છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે શ્રી જિનેશ્વરદેવનાં વચનોનું શરણ. જેમણે એ શરણ સ્વીકાર્યું, તેમનો સંસાર ઝડપથી ઘટી ગયો અને તેઓ જન્મ-મરણની જંજાળમાંથી સદાને માટે મુક્ત થયા.

યોનિઓનું સ્વરૂપ તથા યોનિઓની સંખ્યા જાણવાનો મુખ્ય હેતુ એ છે કે જીવને કર્મવશાત્ કેવા કેવા પ્રકારની અને કેટલી યોનિઓમાં ઉત્પન્ન થવું પડે છે અને ત્યાં તેમની હાલત કેવી થાય છે? તેનું ભાન થાય. એ દૃષ્ટિએ યોનિ-દ્વારમાં વિજ્ઞાન પણ છે અને ઉપદેશ પણ છે.

પંચ-દ્વારની પ્રરૂપણા અહીં પૂરી થાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# [ ૭ ]

## ઉપદેશ અને અંતિમ વચન

### મૂળ

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ता संपइ संपत्ते मणुअत्ते दुल्लहे वि संमत्ते ।
सिरि--संति-सूरि--सिट्ठे करेह भो ! उज्जमं धम्मे ॥५०॥

### સંસ્કૃત-છાયા

सत् सम्प्रति संप्राप्ते मनुष्यत्वे दुर्लभेऽपि सम्यक्त्वे ।
श्री-शान्ति-सूरि-शिष्टे कुरुत भो उद्यमं धर्मे ॥५०॥

### પદાર્થ

ता-તેથી, તો.

संपइ-સંપ્રતિ, વર્તમાન કાલે, હવે.

संपत्ते-પ્રાપ્ત થયે છતે, પ્રાપ્ત થયું છે ત્યારે.

मणुअत्ते-મનુજત્વ, મનુષ્યપણું.

दुल्लहे-દુર્લભ.

दुल्लहे मणुअत्ते संपत्ते-આ ત્રણે પદો સતિ સપ્તમીના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રયોગમાં આવેલા છે. संमत्ते પણ સતિ સપ્તમીના પ્રયોગમાં છે. दुल्लह- દુર્લભ. જે વસ્તુ ઘણા દુઃખે-કષ્ટે પમાય, તે દુર્લભ કહેવાય.

वि-છતાં.

અહીં य એવું પણ પાઠાંતર છે.

संमत्ते-સમ્યક્ત્વ, સમ્યગ્ દર્શન.

જીવાજીવાદિ તત્ત્વોમાં યથાર્થ શ્રદ્ધા ઉત્પન્ન થવી તેને સમ્યક્ત્વ કે સમ્યગ્ દર્શન કહેવામાં આવે છે. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ તેનાં મુખ્ય લક્ષણો છે. તે નૈસર્ગિક અને આધિગમિક એમ બે પ્રકારે ઉત્પન્ન થાય છે. તેમાં જે સમ્યક્ત્વ નિસર્ગથી એટલે કોઈના ઉપદેશ વિના તથાવિધ સામગ્રીના યોગે ઉત્પન્ન થાય છે, તે નૈસર્ગિક કહેવાય છે અને અધિગમ એટલે ગુરુના ઉપદેશ વગેરે નિમિત્તથી ઉત્પન્ન થાય છે, તે આધિગમિક કહેવાય છે. સમ્યક્ત્વ સંબંધી જૈન શાસ્ત્રોમાં ઘણી ઊંડી વિચારણા થયેલી છે. તે બધાનો સાર મહોપાધ્યાય શ્રી માનવિજયજી ગણિવરે ધર્મસંગ્રહ પહેલા ભાગમાં આપેલો છે. × વળી ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે સમકિતના સડસઠ બોલની સજ્ઝાય રચેલી છે, + તે પણ આ વિષયનો સુંદર બોધ કરાવે છે. અમે તેના

× આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર શા. નરોત્તમદાસ મયાભાઈ, હાજા પટેલની પોળ, અમદાવાદ તરફથી પ્રકટ થયેલું છે. + આ પુસ્તક જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા તરફથી પ્રસિદ્ધ થયેલું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આધારે ધર્મબોધ-ગ્રંથમાળાના સાતમા પુષ્પ '**શ્રદ્ધા અને શક્તિ**'માં તેનું સારભૂત વિવેચન કરેલું છે. તે પણ જિજ્ઞાસુઓને આ વિષયમાં સારું માર્ગદર્શન આપી શકે એમ છે. આ ત્રણેય કૃતિઓ જિજ્ઞાસુઓએ અવશ્ય જોવી.

સિરિ-સંતિ-સૂરિ-સિટ્ઠે-જ્ઞાનશ્રી અને ઉપશમાદિ ગુણો વડે વિભૂષિત પૂજ્ય પુરુષોએ ઉપદેશેલા. બીજા અર્થમાં શ્રી શાન્તિ-સૂરિએ કહેલા.

સિરિ અને સંતિ થી યુક્ત સૂરિ વડે સિટ્ઠ તે સિરિ-સંતિ-સૂરિ-સિટ્ઠે. સિરિ-શ્રી. ઉપલક્ષણથી જ્ઞાનશ્રી. સંતિ-શાન્તિ. રાગાદિ દોષોનું શમન થવું તેને શાસ્ત્રીય ભાષામાં શાન્તિ કહેવાય છે. સૂરિ-પૂજ્ય પુરુષ. તે અર્હત, ગણધર કે શાસનપ્રભાવક આચાર્યાદિ સમજવા. સિટ્ઠે-ઉપદેશેલા. તાત્પર્ય કે જ્ઞાનશ્રી અને ઉપશમાદિ ગુણો વડે વિભૂષિત પૂજ્ય પુરુષોએ ઉપદેશેલા. આ પદોમાં પ્રકરણકર્તાનું—'**શ્રી શાન્તિસૂરિ**' એવું નામ પણ સ્પષ્ટ થાય છે.

करेह-કરો.

भो-હે ભવ્યો! હે ભવ્ય જીવો!

उज्जमं-ઉદ્યમ, પ્રયત્ન, પુરુષાર્થ.

धम्मे-ધર્મમાં.

અહીં ધર્મ શબ્દથી સંયમધર્મ કે ચારિત્રધર્મ અભિપ્રેત છે.

**અન્વય**

**भो ! दुल्लहे वि मणुअत्ते संमत्ते संपत्ते,**
**ता संपइ सिरि-संति-सूरि-सिट्ठे धम्मे उज्जमं करेह ।**

[जैन साइट] JAINSITE.com जयम् ज्योति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ભાવાર્થ

હે ભવ્ય જીવો! જ્યારે દુર્લભ એવું મનુષ્યપણું અને સમ્યકત્વ પ્રાપ્ત થયું છે, ત્યારે તો હવે જ્ઞાનશ્રી અને ઉપશમાદિ ગુણો વડે વિભૂષિત એવા પૂજ્ય પુરુષોએ ઉપદેશેલો ધર્મ આચરવામાં પુરુષાર્થ ફોરવો.

## વિવેચન

જ્ઞાની ભગવંતોએ ચાર વસ્તુની પ્રાપ્તિ દુર્લભ કહી છે. તેમાંની પહેલી વસ્તુ છે મનુષ્યપણું—મનુષ્યત્વ—મનુષ્યનો ભવ. તે અનંતકાળ સુધી નિકૃષ્ટ યોનિઓમાં પરિભ્રમણ કર્યા પછી પુણ્યનો સારો એવો સંચય થાય છે, ત્યારે જ પમાય છે. વળી એક વાર મનુષ્યનો ભવ પ્રાપ્ત થયો અને તેને અજ્ઞાન, મોહ કે પ્રમાદવશાત્ ગુમાવી દીધો તો નિકૃષ્ટ યોનિઓમાં પુનઃ અવતાર ધારણ કરવો પડે છે અને એ સ્થિતિમાંથી ઊંચા આવતાં ઘણો દીર્ઘકાળ વ્યતીત થઈ જાય છે.

હાલના ડાર્વીન વગેરે કેટલાક વૈજ્ઞાનિકો એમ માને છે કે સૂક્ષ્મ જંતુમાંથી ઉત્ક્રાન્તિ પામતાં પામતાં વાનરનું અને છેવટે મનુષ્યનું સ્વરૂપ પમાય છે, પછી તેમાંથી અવક્રાન્તિ થતી નથી. વળી થીઓસોફી વગેરે કેટલાક વાદો એમ પણ માને છે કે એક વાર મનુષ્યની ઉત્ક્રાંતિ થઈ, એટલે પીછેહઠ થતી નથી, પરંતુ જૈન દર્શનને આ વાત માન્ય નથી. એ તો સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે 'જે જીવો સારી કરણી કરે તે ક્રમશઃ ઉન્નતિ પામે છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તમ દશા પામ્યા પછી જો બૂરી-ખરાબ-ન ઈચ્છવા યોગ્ય કરણી કરે તો પાછો નિકૃષ્ટ યોનિમાં અવતાર લેવો પડે છે. જેણે 'જ્ઞાનબાજી' અથવા 'સાપ-સીડી' ની રમત જોઈ હશે, તેમને ખ્યાલમાં જ હશે કે આગળ વધતાં વધતાં એવા ખરાબ ઘરમાં પ્રવેશ થાય તો સીધું નીચે ઉતરી પડવું પડે છે અને ત્યાંથી ઊંચે ચડવા માટે ફરી મહેનત-પ્રયત્ન-પુરુષાર્થ કરવો પડે છે.

આવાં જ કારણે શાસ્ત્રકારોએ માનવભવને દશ દૃષ્ટાંતે દુર્લભ કહ્યો છે. તેનો સાર એ છે કે-

(૧) **ચૂલાનું દૃષ્ટાંત**-ચક્રવર્તી રાજા છ ખંડ ધરતીનો ધણી હોય છે. તેના રાજ્યમાં કેટલા ચૂલા હોય છે? હવે કોઈને પ્રથમ ચક્રવર્તીના ચૂલે જમવાનું હોય અને પછી તેની રૈયતના દરેક ચૂલે જમવાનું હોય તો ફરી ચક્રવર્તીના ચૂલે જમવાનું ક્યારે મળે?

(૨) **પાસાનું દૃષ્ટાંત**-કોઈ રમતમાં કળવાળા પાસાનો ઉપયોગ કરીને એક માણસનું બધું ધન પડાવી લીધું હોય અને તે માણસને પાસાની રમત રમીને એ બધું ધન પાછું મેળવવું હોય તો ક્યારે મળે?

(૩) **ધાન્યના ઢગલાનું દૃષ્ટાંત**-લાખો મણ ધાન્યના ઢગલામાં થોડા સરસવના દાણા ભેળવ્યા હોય અને તે પાછા મેળવવા એક ઘરડી ડોસીને બેસાડી હોય, તો તે દાણા પાછા ક્યારે મેળવી રહે?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) જુગારનું દૃષ્ટાંત—એક રાજમહેલને ૧૦૦૮ સ્થંભો હોય અને તે દરેક સ્થંભને ૧૦૮ હાંસો હોય અને તે દરેક હાંસને જુગારમાં જિતવાથી જ રાજ્ય મળે તેમ હોય, તો એ રાજ્ય ક્યારે મળે?

(૫) રત્નનું દૃષ્ટાંત—સાગરમાં સફર કરતાં પોતાની પાસે રહેલાં રત્નો જળમાં પડી ગયાં હોય, તો શોધ કરતાં એ રત્નો પાછાં ક્યારે મળે?

(૬) સ્વપ્નનું દૃષ્ટાંત—કોઇ ભાગ્યશાળીને રાજ્યની પ્રાપ્તિ કરાવે એવું શુભ સ્વપ્ન આવ્યું હોય અને તેથી રાજ્યની પ્રાપ્તિ થઇ હોય, એવું સ્વપ્ન લાવવાનો બીજો નિર્ભાગી મનુષ્ય પ્રયત્ન કરે, તો ક્યારે આવે?

(૭) ચક્રનું દૃષ્ટાંત—સ્થંભના મથાળે ૮ ચક્ર અને ૮ પ્રતિચક્ર ફરતા હોય, તેના ઉપર એક પૂતળી ચક્કર ચક્કર ફરતી હોય, તેનું નામ રાધા. સ્થંભની નીચે તેલની કડાઈ ઉકળતી હોય, સ્થંભના મધ્યમાં ત્રાજવું હોય અને તે ત્રાજવામાં ઊભા રહીને નીચે પડતા રાધાના પ્રતિબિંબના આધારે બાણુ મારીને તેની ડાબી આંખ વીંધવી હોય તો ક્યારે વીંધાય?

(૮) ચર્મનું દૃષ્ટાંત—અહીં ચર્મ શબ્દથી ચામડા જેવી જાડી થઇ ગયેલી શેવાળ સમજવાની છે. કોઈ પૂનમની રાતે પવનનો ઝપાટો આવતાં ચર્મ જેવી શેવાળનો થોડો ભાગ આઘો-પાછો થઈ ગયો હોય અને તેમાં એક છિદ્ર પડ્યું હોય અને તેમાંથી કોઈ કાચબાએ ચંદ્રનું દર્શન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્યું હોય, તેવું જ ચંદ્રદર્શન એ કાચબાને પોતાનાં સગાં-વહાલાંઓને કરાવવું હોય તો ક્યારે કરાવી શકે? પવનના ઝપાટાથી એ જ જગાએ બાકોરું પડવું, એ જ વખતે પૂનમનો યોગ હોવો તથા આકાશ એ જ પ્રમાણે નિર્મળ હોવું, એ બધું કેટલું દુર્લભ છે?

(૯) યુગનું દૃષ્ટાંત—યુગ એટલે ધોંસરી. તે બળદના ખભા પર બરાબર બેસે તે માટે તેના બંને બાજુના કાણામાં સમોલ એટલે લાકડાના નાના દંડુકાઓ ભેરવવામાં આવે છે. હવે ધોંસરી મહાસાગરના એક છેડેથી પાણીમાં તરતી મૂકી હોય અને બીજા છેડેથી એ સમોલને તરતી મૂકી હોય તો તે ધોંસરીમાંનાં કાણામાં ક્યારે પેસે?

(૧૦) પરમાણુનું દૃષ્ટાંત—એક સ્થંભનું બારીક ચૂર્ણ કરીને એક ભૂંગળીમાં ભર્યું હોય અને પર્વતની ટોચ ઉપર ઊભા રહેલા કોઈ બળવાન દેવ દ્વારા તેને ફૂંક વડે હવામાં ઉડાવવામાં આવ્યું હોય, તો એ ચૂર્ણના બધા પરમાણુ ફરી ક્યારે એકત્ર થાય!

આ કામો જેટલાં દુર્લભ છે, તેટલી જ મનુષ્ય-ભવની પુનઃપ્રાપ્તિ દુર્લભ છે.

બીજી દુર્લભ વસ્તુ છે – શાસ્ત્રશ્રવણ. મનુષ્યપણું પામ્યા પછી પણ સર્વજ્ઞ ભગવંતોના કહેલા શાસ્ત્રસિદ્ધાંતોનું શ્રવણ અતિ દુર્લભ છે, કારણ કે આળસ, અવજ્ઞા, પ્રમાદ આદિ અનેક દોષોથી મનુષ્ય ઘેરાયેલો હોય છે અને તે સંસાર-વ્યવહારનાં કાર્યોમાં એટલો રચ્યો-પચ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહે છે કે તે છોડીને સદ્ગુરુનો સમાગમ કરવા માટે પ્રયત્નશીલ થતો નથી કે આતુર બનતો નથી. અને કદાચ તે પ્રયત્નશીલ બને કે આતુર થાય તો સર્વજ્ઞકથિત શાસ્ત્ર–સિદ્ધાંતોનું યથાર્થ પ્રતિપાદન કરનારા સદ્ગુરુઓનો સમાગમ થવો વિરલ હોય છે. કોઈક અનુભવીએ ઠીક જ કહ્યું છે કે–

शैले शैले न माणिक्यं, मौक्तिकं न गजे गजे ।
साधवो न हि सर्वत्र, चन्दनं न वने वने ॥

'બધા પર્વતોમાંથી માણેક મળતાં નથી; એ તો કોઈક પર્વતમાંથી જ મળે છે. વળી બધા હાથીઓના કુંભસ્થળમાંથી મોતી મળતા નથી; એ તો કોઈક જ હાથીના કુંભસ્થળમાંથી મળે છે. અને બધાં વનોમાં ચંદનનાં વૃક્ષો ઉગતાં નથી; એ તો કોઈક જ વનમાં ઉગે છે. તે જ રીતે બધા સ્થળે સાધુઓનો સમાગમ થતો નથી; એ તો કોઈક જ સ્થળે અને કોઈક જ વાર થાય છે.'

ત્રીજી દુર્લભ વસ્તુ છે – શ્રદ્ધા યાને સમ્યક્ત્વ.

કદાચ સદ્ગુરુનો સમાગમ થાય અને તેમના મુખેથી સર્વજ્ઞપ્રણીત શાસ્ત્ર–સિદ્ધાંતો સાંભળવાનો સુયોગ સાંપડે તો તેમાં પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતો કે તત્ત્વો પર શ્રદ્ધા જામવી મુશ્કેલ છે; કારણ કે અનાદિ કાલના મિથ્યાત્વના સંસ્કારોને લીધે તેને સાચું એ ખોટું સમજાય છે અને ખોટું એ સાચું સમજાય છે, અથવા તો સાચા અને ખોટા વચ્ચે વિશેષ તફાવત જણાતો નથી. વળી સદ્ગુરુની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુપમ વાક્છટાથી કદાચ એ વસ્તુ બુદ્ધિને સ્પર્શ કરે તો પણ આંતરિક શ્રદ્ધા જામવી મુશ્કેલ છે. ખરી વાત તો એ છે કે રાગ અને દ્વેષની નિબિડ ગ્રંથિનો ભેદ થયા સિવાય સમ્યક્ત્વનો સ્પર્શ થતો નથી અને એ ગ્રંથિનો ભેદ થવો એ ઘણું કપરું કામ છે. પરંતુ ભવ્ય આત્માઓ એ કપરું કામ પણ પાર પાડે છે અને સમ્યક્ત્વથી વિભૂષિત થાય છે.

ચોથી દુર્લભ વસ્તુ છે – સંયમ માટે પુરુષાર્થ. સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી પણ પાપવિરતિરૂપ સંયમધર્મનો સ્વીકાર કરવો અને તેનું નિરતિચાર પાલન કરવા માટે સદા તત્પરતા રાખવી, એ ઘણું જ દુર્લભ કાર્ય છે. પરંતુ આ જીવ-વિચાર-પ્રકરણ ગ્રંથના કર્તા શ્રી શાન્તિસૂરિજી મહારાજ કહે છે કે 'હે ભવ્ય જીવો ! જ્યારે તમે અતિ દુર્લભ એવું મનુષ્યપણું પ્રાપ્ત કર્યું, વળી સદ્ગુરુના મુખેથી શાસ્ત્રશ્રવણ કરીને કે નૈસર્ગિક રીતે સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી, તો હવે તમારું મુખ્ય કર્તવ્ય એ જ રહે છે કે પૂજ્ય પુરુષોએ ઉપદેશેલા સંયમ-ધર્મને વિષે ઉદ્યમ કરવો, પ્રયત્ન કરવો, પુરુષાર્થ ફોરવવો. જો તમે સંયમધર્મ એટલે કે ચારિત્રધર્મમાં તમારો પુરુષાર્થ ફોરવશો તો તમારું મનુષ્યપણું સફળ થશે.'

સંયમધર્મ કે ચારિત્રધર્મ અધિકારભેદથી બે પ્રકારનો છે. તેમાં સર્વવિરતિરૂપ ચારિત્રધર્મ સાધુઓને હોય છે અને દેશવિરતિરૂપ ચારિત્રધર્મ ગૃહસ્થોને હોય

જૈન સાઇટ JAINSITE .com જ્ઞાનમ્ ... 
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. આ બંને ધર્મનું શાસ્ત્રોમાં વિસ્તારથી નિરૂપણ થયેલું છે, તે જિજ્ઞાસુ આત્માઓએ ગુરુમુખેથી કે શાસ્ત્રો દ્વારા અવશ્ય જાણી લેવું.

### મૂળ

एसो जीव–वियारो संखेव–रुईण जाणणा–हेऊँ ।
संखित्तो उद्धरिओ रुद्दाओ सुय–समुद्दाओ ॥ ५१ ॥

### સંસ્કૃત છાયા

एष जीव–विचारः संक्षेपरुचीनां ज्ञापना–हेतोः ।
संक्षिप्त उद्धृतो रुद्रात् श्रुत–समुद्रात् ॥ ५१ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

### પદાર્થ

एसो––આ.

जीव–वियारो––જીવોનો વિચાર અથવા જીવ–વિચાર નામનો પ્રકરણ ગ્રંથ.

જીવનો વિચાર તે જીવ–વિચાર. જીવ–પ્રાણી. વિચાર વિચાર, તાત્ત્વિક નિર્ણય, ભેદપૂર્વકનું કથન. અહીં જીવ–વિચાર પદથી પ્રસ્તુત પ્રકરણ–ગ્રંથનું વિશિષ્ટ નામ પણ ગ્રહણ કરી શકાય છે.

संखेव–रुईण––સંક્ષેપ રુચિઓના, ટુંકમાં જાણવાની ઇચ્છાવાળાઓના.

संखेव છે रुइ જેની તે संखेव–रुइ. ષષ્ઠીનાં બહુ વચનમાં संखेव–रुइण એવું પદ બનેલું છે. संखेव–સંક્ષેપ, ટૂંકાણ. रुइ–રુચિ, ઇચ્છા. તાત્પર્ય કે જેઓ વસ્તુનું સ્વરૂપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટુંકાણમાં જાણવા ઇચ્છે છે, તે સંક્ષેપ-રુચિ. સામાન્ય માણસો ઘણા ભાગે સંક્ષેપરુચિ હોય છે અને બુદ્ધિમાનો વિસ્તાર રુચિવાળા હોય છે.

जाणणा-हेउं—જ્ઞાપન નિમિત્તે, જણાવવા માટે.

संखित्तो—સંક્ષિપ્ત, સંક્ષેપમાં.

उद्धरिओ—ઉદ્ધર્યો છે, ઉદ્ધૃત કર્યો છે.

रुद्दाओ—જેનો વિસ્તાર ગ્રહણ ન થઈ શકે એવા.

'रुद्रात् अनवग्राह्यविस्तारात्' રુદ્રથી એટલે જેનો વિસ્તાર ગ્રહણ ન થઈ શકે એવાથી.

सुय-समुद्दाओ—શ્રુતસમુદ્રમાંથી, શાસ્ત્રરૂપી સાગરમાંથી, મહાન આગમ-ગ્રંથોમાંથી

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

सुय એ જ समुद्द તે सुय-समुद्द. सुय-શ્રુત, શાસ્ત્ર, આગમ. समुद्द-સમુદ્ર, સાગર. અતિ વિશાળતાને લીધે આગમ-સાહિત્ય કે શાસ્ત્ર-સમુદાયને સમુદ્ર અથવા સાગરની ઉપમા આપવામાં આવે છે. શ્રીમાન્ હરિભદ્રસૂરિજીએ શ્રીમહાવીરસ્તુતિ અપરનામ સંસારદાવાનલ-સ્તુતિમાં 'बोधागाधं सुपदपदवीनीरपूराभिरामं' આદિ પદોથી શ્રી વીર પ્રભુના આગમોની જલનિધિ એટલે સમુદ્ર કે સાગર સાથે તુલના કરી છે.

## અન્વય

एसो जीव-वियारो संखेव-रुईण जाणणा-हेऊं
रुद्दाओ सुय—समुद्दाओ संखित्तो उद्धरिओ ॥

## ભાવાર્થ

આ જીવ–વિચાર નામનો પ્રકરણ–ગ્રંથ સંક્ષેપ–રુચિ જીવોને સમજાવવા માટે મેં અતિ વિસ્તૃત એવા શ્રુત–સમુદ્રમાંથી ઉદ્ધરેલો છે.

## વિવેચન

જેમ ગ્રન્થની આદિમાં મંગલાચરણ કરવામાં આવે છે, તેમ ગ્રન્થની સમાપ્તિમાં ઉપસંહાર કરવામાં આવે છે. અથવા તો અંતિમ વચન રૂપે કંઈક મહત્ત્વનું કથન રજૂ કરવામાં આવે છે. આ રીતે પ્રકરણકારે અહીં અંતિમ વચનરૂપે ત્રણ મહત્ત્વની વસ્તુ રજૂ કરી છે.

પ્રથમ તો 'एसो जीव–वियारो' એ શબ્દ વડે અત્યાર સુધીમાં કહેવાઈ ગયેલા જીવોના જુદા જુદા સ્વરૂપ, તેમનું દેહમાન, તેમનું આયુષ્ય, તેમની સ્વકાય-સ્થિતિ, તેમને કેટલા પ્રાણ હોય છે? અને કેટલી યોનિ-ઓમાં ઉત્પન્ન થવું પડે છે? વગેરે માહિતી તરફ અંગુલિ–નિર્દેશ કર્યો છે અને તે સાથે પોતાને ઇષ્ટ એવું આ પ્રકરણ–ગ્રન્થનું જીવ–વિચાર એવું નામ પણ સૂચવી દીધું છે.

બીજું આ જગતમાં મુખ્યત્વે બે પ્રકારના મનુષ્યો હોય છેઃ એક સંક્ષેપરુચિ અને બીજા વિસ્તારરુચિ. તેમાં સંક્ષેપરુચિ જીવો જે વસ્તુ સંક્ષેપમાં અર્થાત્ ટૂંકાણમાં કહેવામાં આવે તેને બરાબર ગ્રહણ કરી શકે છે, પણ વિસ્તારથી કહેવામાં આવે તો તેને બરાબર ગ્રહણ કરી શકતા નથી; એટલું જ નહીં પણ તેમાં તેમની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મતિ મુંઝાઈ જાય છે અથવા તો તેમને એક પ્રકારનો કંટાળો આવે છે. અલબત્ત, અલ્પમતિ કે વિશેષ નહિ ખેડાયેલી એવી બુદ્ધિનું આ પરિણામ છે, પણ આવો વર્ગ ઘણો મોટો હોય છે, તેથી તેમની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. તેમને તેમની રીતે સમજાવવાની જરૂર રહે છે અને તેથી જ પ્રકરણકારે संखेव-हईण जाणणा-हेउं એ શબ્દો વડે આ ગ્રન્થરચના સંક્ષેપરુચિ જીવોના જ્ઞાપન-નિમિત્તે તેમને અનુરૂપ શૈલિમાં રજૂ કર્યાની સ્પષ્ટતા કરી છે.

ત્રીજું તેમણે આ પ્રકારે એક નૂતન ગ્રંથરચના કરવા છતાં કલ્પનાનો દોર છૂટો મૂક્યો નથી કે મનફાવતાં વિધાનો કર્યાં નથી, પરંતુ શ્રુતસાગર એટલે અતિ ગહન અર્થવાળાં એવાં જિનાગમોનો આશ્રય લીધો છે અને તેમાંથી જે જે વસ્તુઓ ઉપયુક્ત લાગી, તેનો આમાં સંગ્રહ કરી લીધો છે. અન્ય શબ્દોમાં કહીએ તો આ ગ્રંથમાં ભાષા તેમની પોતાની છે, પણ ભાવ પવિત્ર જિનાગમોનો છે અને તે એમણે ખૂબ કાળજીથી ભવભીરુતાની લાગણીપૂર્વક સંચિત કરેલો છે. આવો ગ્રંથ અબુધને બુધ બનાવે અથવા તો અલ્પમતિવાળાને વિશેષજ્ઞ બનાવે, એમાં આશ્ચર્ય શું ? હાલમાં આ ગ્રંથનું પઠન-પાઠન જે રીતે શ્રી સંઘમાં થઈ રહ્યું છે, એ જોતાં તો એમ જ કહી શકાય કે પ્રકરણકારની ભાવના મહદ્ અંશે સાકાર બની છે અને આ કૃતિ સહસ્ર-સહસ્ર વર્ષ સુધી પોતાનું સ્થાન ટકાવી રાખશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ મહત્ત્વપૂર્ણ પ્રકરણ–ગ્રંથ ઉપર એક વિશિષ્ટ વૃત્તિ રચવાની અમારી ભાવના નિર્વિઘ્ને પૂર્ણ થઈ છે અને તેના સંશોધનઆદિમાં પૂજ્ય ગુરુદેવોનો સુંદર સાથ સાંપડ્યો છે, તેને અમે જીવનનું પરમ સૌભાગ્ય માનીએ છીએ.

પર્યાપ્ત સંશોધન કરવા છતાં કોઈ ત્રુટિ રહી ગઈ હોય તો વિશેષજ્ઞો કૃપા કરીને સુધારી લે અને તે બાબતની અમને જાણ કરે તો મહદ્ ઉપકાર થશે.

સર્વે જીવોનું કલ્યાણ થાઓ, જૈન ધર્મનો સદા જય થાઓ.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

સં. ૨૦૨૧ના માગશર સુદિ બીજી
એકમ, વાર શનિ, તા. ૮–૧૨–૬૪
મુંબઈ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# પરિશિષ્ટ

[૧ થી ૧૯]

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ૨ ]

## જીવોનું વર્ગીકરણ

### [ મુખ્ય ભેદો ]

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**૧—જીવોના બે ભેદ.**

(૧) સંસારી-કર્મસહિત.

(૨) મુક્ત કે સિદ્ધ-કર્મરહિત.

**૨—સંસારી જીવોના બે ભેદ.**

(૧) સ્થાવર—જે ઠંડી, તાપ વગેરેથી પીડા પામવા છતાં તેનો પરિહાર કરવાને અસમર્થ હોઈ જેવી હાલતમાં હોય, તેવી હાલતમાં પડયા રહે તે.

(૨) ત્રસ—જે ઠંડી, તાપ, ભય વગેરેથી ત્રાસ પામીને તેનો પ્રતિકાર કરવાની ચેષ્ટા કરે તે.

**૩—સ્થાવર જીવોના પાંચ ભેદ.**

(૧) પૃથ્વીકાય—માટી-પાષાણાદિક રૂપે.

(૨) અપ્કાય—પાણી રૂપે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) અગ્નિકાય—અગ્નિ રૂપે.
(૪) વાયુકાય—વાયુ રૂપે.
(૫) વનસ્પતિકાય—ઝાડપાન રૂપે.

આ પાંચેયને એક સ્પર્શનેન્દ્રિય જ હોય છે.

### ૪—વનસ્પતિકાયના બે ભેદ.

(૧) પ્રત્યેક-જે શરીરમાં એક જીવ હોય તે.
(૨) સાધારણ-જે શરીરમાં અનંત જીવો હોય તે.

### ૫—ત્રસકાયના ચાર ભેદ.

(૧) બેઇન્દ્રિય—સ્પર્શનેન્દ્રિય તથા રસનેન્દ્રિય એ બેઇન્દ્રિયોવાળા. તે પોરા વગેરે.

(૨) તેઇન્દ્રિય—સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, અને ઘ્રાણેન્દ્રિય એ ત્રણ ઇન્દ્રિયોવાળા. તે કીડી-મંકોડા વગેરે.

(૩) ચઉરિન્દ્રિય—સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય એ ચાર ઇન્દ્રિયોવાળા. તે વીંછી-કાનખજૂરા વગેરે.

(૪) પંચેન્દ્રિય—સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ પાંચ ઇન્દ્રિયોવાળા. તે મનુષ્ય, પશુ, પક્ષી વગેરે.

એમાંના પ્રથમના ત્રણ ભેદોને વિકલેન્દ્રિય કહેવાય છે.

### ૬—પંચેન્દ્રિયના ચાર ભેદ.

(૧) નારક—નરકમાં ઉત્પન્ન થનારા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૨) તિર્યંચ—પશુ, પક્ષી વગેરે.
(૩) મનુષ્ય.
(૪) દેવ.

## ૭—નારકના સાત ભેદ.

(૧) રત્નપ્રભામાં ઉત્પન્ન થનાર
(૨) શર્કરા ,, ,, ,,
(૩) વાલુકા ,, ,, ,,
(૪) પંક ,, ,, ,,
(૫) ધૂમ ,, ,, ,,
(૬) તમઃ ,, ,, ,,
(૭) તમસ્તમઃ ,, ,, ,,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ૮—તિર્યંચ પંચેન્દ્રિયના ત્રણ ભેદ.

(૧) જલચર—જલમાં રહેનારા. તે માછલી, કાચબા વગેરે.
(૨) સ્થલચર—જમીન ઉપર રહેનારા. તે ગાય, ભેંસ વગેરે.
(૩) ખેચર—આકાશમાં ઉડનારા. તે કાગડા, કબૂતર, સમળી વગેરે.

## ૯—સ્થલચરના ત્રણ ભેદ.

(૧) ચતુષ્પદ—ચાર પગવાળા. તે હાથી, ઘોડા, ઊંટ વગેરે.
(૨) ઉરઃપરિસર્પ—પેટે ચાલનારા. તે સર્પ વગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) ભુજપરિસર્પ—હાથની મદદથી ચાલનારા. તે નોળિયા, કાચંડા વગેરે.

૧૦—મનુષ્યના ત્રણ ભેદ.

(૧) પંદર કર્મભૂમિમાં જન્મેલા.
(૨) ત્રીશ અકર્મભૂમિમાં જન્મેલા.
(૩) છપ્પન અંતરદ્વીપમાં જન્મેલા.

૧૧—દેવોના ચાર ભેદ.

(૧) ભવનપતિ.
(૨) વ્યંતર-વાણવ્યંતર.
(૩) જ્યોતિષ્ક.
(૪) વૈમાનિક.

તે દરેકના ઉત્તરભેદો અનેક છે.

જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

[૩]

## સંસારી જીવોના ૫૬૩ ભેદો

| | |
|---|---|
| સ્થાવર | ૨૨ |
| વિકલેન્દ્રિય | ૬ |
| નારક | ૧૪ |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૨૦ |
| મનુષ્ય | ૩૦૩ |
| દેવ | ૧૯૮ |
| | ૫૬૩ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પંચ--દ્વારનો યંત્ર

| | શરીરની ઊંચાઈ | આયુષ્ય | સ્વકાયસ્થિતિ | પ્રાણ | યોનિઓ |
|---|---|---|---|---|---|
| **સંસારી જીવો** | | | | | |
| **સ્થાવર—** | | | | | |
| **પૃથ્વીકાય** | | | | | |
| **૧ બાદર** | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | ૨૨૦૦૦ વર્ષ | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોચ્છ્વાસ, કાયબળ | ૭લાખ |
| **૨ સૂક્ષ્મ** | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોચ્છ્વાસ, કાયબળ | |
| **અપ્કાય—** | | | | | |
| **૩ બાદર** | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | ૭૦૦૦ વર્ષ | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોચ્છ્વાસ, કાયબળ | ૭લાખ |
| **૪ સૂક્ષ્મ** | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શેન્દ્રિય, આયુષ્ય શ્વાસોચ્છ્વાસ, કાયબળ | |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | | | |
|---|---|---|---|---|---|
| તેઉકાય— | | | | | |
| ૫ બાદર | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | ત્રણ અહોરાત્ર | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શનેન્દ્રિય, આયુષ્ય શ્વાસોચ્છ્વાસ, કાયબળ | ૭લાખ |
| ૬ સૂક્ષ્મ | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શનેન્દ્રિય, આયુષ્ય શ્વાસોચ્છ્વાસ, કાયબળ | |
| વાયુકાય— | | | | | |
| ૭ બાદર | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | ૩૦૦૦ વર્ષ | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શનેન્દ્રિય, આયુષ્ય શ્વાસોચ્છ્વાસ, કાયબળ | ૭લાખ |
| ૮ સૂક્ષ્મ | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શનેન્દ્રિય, આયુષ્ય શ્વાસોચ્છ્વાસ, કાયબળ | |
| વનસ્પતિકાય. | | | | | |
| સાધારણ— ૯ બાદર | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | અંતર્મુહૂર્ત | અનંત ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શનેન્દ્રિય, આયુષ્ય શ્વાસોચ્છ્વાસ, કાયબળ | ૧૪લા. |
| ૧૦ સૂક્ષ્મ | અંગુલનો અસંખ્યાતમો ભાગ. | અંતર્મુહૂર્ત | અનંત ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શનેન્દ્રિય, આયુષ્ય શ્વાસોચ્છ્વાસ, કાયબળ | |
| પ્રત્યેક— ૧૧ બાદર | ૧૦૦૦ યોજનથી અધિક | ૧૦૦૦૦ વર્ષ | અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી | સ્પર્શનેન્દ્રિય, આયુષ્ય શ્વાસોચ્છ્વાસ, કાયબળ | ૧૦લા. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | | | |
|---|---|---|---|---|---|
| વિકલેન્દ્રિય– | | | | | |
| ૧૨ બેઇંદ્રિય | બાર યોજન | ૧૨ વર્ષ | સંખ્યાત વર્ષ | વચનબળ. રસનેન્દ્રિય વધારે (૬) | ૨ લાખ |
| ૧૩ તેઇંદ્રિય | ત્રણ ગાઉ | ૪૯ દિવસ | સંખ્યાત વર્ષ | ઘ્રાણેન્દ્રિય વધારે (૭) | ૨ લાખ |
| ૧૪ ચઉરિંદ્રિય | ૧ યોજન | ૬ માસ | સંખ્યાત વર્ષ | ચક્ષુરિન્દ્રિય વધારે (૮) | ૨ લાખ |
| પંચેન્દ્રિય– | | | | | |
| નારકો– | | | | | |
| ૧૫. પહેલીના | ૭ાા ધનુષ ૬ અંગુલ | ૧ સાગરોપમ | નથી | કુલ ૧૦. શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | ૪લાખ |
| ૧૬. બીજીના | ૧૫ાા ધનુષ ૧૨ અંગુલ | ૩ સાગરોપમ | | કુલ ૧૦. શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | |
| ૧૭. ત્રીજીના | ૩૧ા ધનુષ | ૭ સાગરોપમ | | કુલ ૧૦. શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | |
| ૧૮. ચોથીના | ૬૨ાા ધનુષ | ૧૦ સાગરોપમ | | કુલ ૧૦. શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | |
| ૧૯. પાંચમીના | ૧૨૫ ધનુષ | ૧૭ સાગરોપમ | | કુલ ૧૦. શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | |
| ૨૦. છઠ્ઠીના | ૨૫૦ ધનુષ | ૨૨ સાગરોપમ | | કુલ ૧૦. શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | |
| ૨૧. સાતમીના | ૫૦૦ ધનુષ | ૩૩ સાગરોપમ | | કુલ ૧૦. શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | | | |
|---|---|---|---|---|---|
| તિર્યંચો– | | | | | |
| ગર્ભજ– | | | | | |
| ૨૨ જલચર | ૧૦૦૦ યોજન | ક્રોડ પૂર્વ વર્ષ | ૭–૮ ભવ | કુલ ૧૦ શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | |
| સ્થલચર– | | | | | |
| ૨૩ ચતુષ્પદ | ૭ ગાઉ | ત્રણ પલ્યોપમ | ૭–૮ ભવ | કુલ ૧૦ શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | |
| ૨૪ ઉરપરિસર્પ | ૧૦૦૦ યોજન | ક્રોડ પૂર્વ વર્ષ | ૭–૮ ભવ | કુલ ૧૦ શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | |
| ૨૫ ભુજપરિસર્પ | ગાઉપૃથક્ત્વ | ક્રોડ પૂર્વ વર્ષ | ૭–૮ ભવ | કુલ ૧૦ શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | ૪ લાખ |
| ૨૬ ખેચર | ધનુષપૃથક્ત્વ | પલ્યોપમનો અ-સંખ્યાતમો ભાગ | ૭–૮ ભવ | કુલ ૧૦ શ્રોત્રેન્દ્રિય મનોબળ સહિત | |
| સંમૂર્ચ્છિમ– | | | | | |
| ૨૭ જલચર— | ૧૦૦૦ યોજન | ક્રોડ પૂર્વ વર્ષ | ૭–૮ ભવ | મનવિના ૯ પ્રાણ | |
| સ્થલચર– | | | | | |
| ૨૮ ચતુષ્પદ | ગાઉપૃથક્ત્વ | ૮૪૦૦૦ વર્ષ | ૭–૮ ભવ | મનવિના ૯ પ્રાણ | |
| ૨૯ ઉરપરિસર્પ | યોજનપૃથક્ત્વ | ૫૩૦૦૦ વર્ષ | ૭–૮ ભવ | મનવિના ૯ પ્રાણ | |
| ૩૦ ભુજપરિસર્પ | ધનુષપૃથક્ત્વ | ૪૨૦૦૦ વર્ષ | ૭–૮ ભવ | મનવિના ૯ પ્રાણ | |
| ૩૧ ખેચર | ધનુષપૃથક્ત્વ | ૭૨૦૦૦ વર્ષ | ૭–૮ ભવ | મનવિના ૯ પ્રાણ | |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | | | |
|---|---|---|---|---|---|
| મનુષ્ય— | | | | | |
| ૩૨ ગર્ભજ | ત્રણ ગાઉ | ત્રણ પલ્યોપમ | ૭–૮ ભવ | ૧૦ પ્રાણ | ૧૪ લાખ |
| ૩૩ સંમૂર્ચ્છિમ | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંતર્મુહૂર્ત | ૭ ભવ | મનવિના ૯ પ્રાણ | |
| દેવો— | | | | | |
| ભવનપતિ— | | | | | |
| ૩૪ અસુરકુમાર | ૭ હાથ | ૧ સાગરોપમથી અધિક | × | ૧૦ પ્રાણ | |
| ૩૫-૪૩બાકીનાહ | ૭ હાથ | કંઈક ઓછા ૨ પલ્યોપમ | × | ૧૦ પ્રાણ | |
| ૪૪-૫૧ વ્યંતરો | ૭ હાથ | ૧ પલ્યોપમ | × | ૧૦ પ્રાણ | |
| જ્યોતિષ્કો— | | | | | |
| ૫૨ ચંદ્ર | ૭ હાથ | ૧ પલ્યોપમ ને ૧ લાખ વર્ષ | × | ૧૦ પ્રાણ | |
| ૫૩ સૂર્ય | ૭ હાથ | ૧ પલ્યોપમ ને ૧ હજાર વર્ષ | × | ૧૦ પ્રાણ | |
| ૫૪ ગ્રહ | ૭ હાથ | એક પલ્યોપમ | × | ૧૦ પ્રાણ | |
| ૫૫ નક્ષત્ર | ૭ હાથ | અર્ધું પલ્યોપમ | × | ૧૦ પ્રાણ | |
| ૫૬ તારા | ૭ હાથ | ૦। પલ્યોપમ | × | ૧૦ પ્રાણ | |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | | | |
|---|---|---|---|---|---|
| વૈમાનિક દેવો– | | | | | |
| ૫૭ કલ્પોપપન્ન- | | | | | |
| (૧) સૌધર્મ | ૭ હાથ | ૨ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | સર્વ દેવોની મળીને ૪ લાખ |
| (૨) ઈશાન | ૭ હાથ | ૨ સાગરોપમ-થી અધિક | × | ૧૦ પ્રાણ | |
| (૩) સનત્કુમાર | ૬ હાથ | ૭ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૪) માહેન્દ્ર | ૬ હાથ | ૭ સાગરોપમ-થી અધિક | × | ૧૦ પ્રાણ | |
| (૫) બ્રહ્મલોક | ૫ હાથ | ૧૦ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૬) લાંતક | ૫ હાથ | ૧૪ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૭) મહાશુક્ર | ૪ હાથ | ૧૭ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૮) સહસ્રાર | ૪ હાથ | ૧૮ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૯) આનત | ૩ હાથ | ૧૯ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૧૦) પ્રાણત | ૩ હાથ | ૨૦ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૧૧) આરણ | ૩ હાથ | ૨૧ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૧૨) અચ્યુત | ૩ હાથ | ૨૨ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| ૫૮ કલ્પાતીત– ગ્રૈવેયક— | | | | | |
| (૧) સુદર્શન | ૨ હાથ | ૨૩ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૨) સુપ્રતિબદ્ધ | ૨ હાથ | ૨૪ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૩) મનોરમ | ૨ હાથ | ૨૫ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૪) સર્વતોભદ્ર | ૨ હાથ | ૨૬ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૫) સુવિશાળ | ૨ હાથ | ૨૭ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૬) સુમનસ | ૨ હાથ | ૨૮ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૭) સૌમનસ્ય | ૨ હાથ | ૨૯ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૮) પ્રિયંકર | ૨ હાથ | ૩૦ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૯) નંદીકર | ૨ હાથ | ૩૧ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| અનુત્તરવૈમાનિક— | | | | | |
| (૧) વિજય | ૧ હાથ | (૩૧ થી) ૩૩ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| (૨) વિજયંત | ૧ હાથ | | × | ૧૦ પ્રાણ | |
| (૩) જયંત | ૧ હાથ | | × | ૧૦ પ્રાણ | |
| (૪) અપરાજિત | ૧ હાથ | | × | ૧૦ પ્રાણ | |
| (૫) સર્વાર્થસિદ્ધ | ૧ હાથ | ૩૩ સાગરોપમ | × | ૧૦ પ્રાણ | |
| સિદ્ધજીવોને | નથી | નથી | સાદિ—અનંત | નથી | નથી |

[ ૫ ]

## પંચ-દ્વારની સંક્ષિપ્ત સમજૂતી

સંકેતો

શ૦ શરીરની ઊંચાઈ.

આ૦ આયુષ્ય.

સ્વ૦ સ્વકાયસ્થિતિ.

પ્રા૦ પ્રાણ.

યો૦ યોનિ.

### ૧–પૃથ્વીકાય

શ૦—અંગુલનો અસંખ્યાતમો ભાગ.

આ૦—બાવીશ હજાર વર્ષ.

સ્વ૦—અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી.

પ્રા૦—૧ સ્પર્શનેન્દ્રિય, ૨ આયુષ્ય, ૩ કાયબળ, ૪ શ્વાસોચ્છ્વાસ.

યો૦—સાત લાખ.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૨–અપ્કાય

શ૦––અંગુલનો અસંખ્યાતમો ભાગ.

આ૦—સાત હજાર વર્ષ.

સ્વ૦––અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી

પ્રા૦—૧ સ્પર્શનેન્દ્રિય, ૨ આયુષ્ય, ૩ શ્વાસોચ્છ્વાસ, ૪ કાયબળ.

ચો૦––સાત લાખ.

## ૩–તેજસ્કાય

શ૦—અંગુલનો અસંખ્યાતમો ભાગ.

આ૦––ત્રણ અહોરાત્રિ.

સ્વ૦—અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી.

પ્રા૦—૧ સ્પર્શનેન્દ્રિય, ૨ આયુષ્ય, ૩ શ્વાસોચ્છ્વાસ, ૪ કાયબળ.

ચો૦––સાત લાખ.

## ૪–વાયુકાય

શ૦––અંગુલનો અસંખ્યાતમો ભાગ.

આ૦—ત્રણ હજાર વર્ષ.

સ્વ૦—અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી.

પ્રા૦—૧ સ્પર્શનેન્દ્રિય, ૨ આયુષ્ય, ૩ શ્વાસોચ્છ્વાસ, ૪ કાયબળ.

ચો૦—સાત લાખ.

## ૫–પ્રત્યેક વનસ્પતિકાય

શ૦—એક હજાર યોજનથી અધિક.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦—દશ હજાર વર્ષ.

સ્વ૦—અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી.

પ્રા૦—૧ સ્પર્શનેન્દ્રિય, ૨ આયુષ્ય, ૩ શ્વાસોચ્છ્વાસ, ૪ કાયબળ.

યો૦—દશ લાખ.

## ૬–સાધારણ વનસ્પતિકાય

શ૦—અંગુલનો અસંખ્યાતમો ભાગ.

આ૦—અંતર્મુહૂર્ત.

સ્વ૦—અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી.

પ્રા૦—૧ સ્પર્શનેન્દ્રિય, ૨ આયુષ્ય, ૩ શ્વાસોચ્છ્વાસ, ૪ કાયબળ.

યો૦—ચૌદ લાખ.

जैन साईट JAINSITE .com जयति शासनम्

## ૭–બેઇન્દ્રિય

શ૦—બાર યોજન.

આ૦—બાર વર્ષ.

સ્વ૦—સંખ્યાત વર્ષ.

પ્રા૦—સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસ, કાયબળ અને વચનબળ. (૬)

યો૦—બે લાખ.

## ૮–તેઇન્દ્રિય

શ૦—ત્રણ ગાઉ.

આ૦—૪૯ દિવસ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વ૦—સંખ્યાત વર્ષ.

પ્રા૦—સ્પર્શન-રસન-ઘ્રાણેન્દ્રિય, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસ, કાયબળ અને વચનબળ. (૭)

યો૦—બે લાખ.

## ૯-ચઉરિન્દ્રિય

શ૦—ચાર ગાઉ.

આ૦—૭ માસ.

સ્વ૦—સંખ્યાત વર્ષ.

પ્રા૦—સ્પર્શન-રસન-ઘ્રાણ અને ચક્ષુરિન્દ્રિય, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસ, કાયબળ અને વચનબળ. (૮).

યો૦—બે લાખ.

## ૧૦-પ્રથમ નરકના જીવો

શ૦—૭ાા ધનુષ ને ૬ અંગુલ.

આ૦—એક સાગરોપમ.

સ્વ૦—નથી.

પ્રા૦—પાંચ ઇન્દ્રિયો, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસ, ત્રણેય બળ. (૧૦)

યો૦—સાતે ય નરકની ચાર લાખ.

## ૧૧-બીજી નરકના જીવો

શ૦—૧૫ાા ધનુષ અને ૧૨ અંગુલ.

આ૦—ત્રણ સાગરોપમ.

સ્વ૦—નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રા૦—પાંચ ઇન્દ્રિયો, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસ, ત્રણેય બળ. ૧૦

ચો૦—

## ૧૨-ત્રીજી નરકના જીવો

શ૦—૩૧। ધનુષ.

આ૦—સાત સાગરોપમ.

સ્વ૦—નથી.

પ્રા૦—પાંચ ઇન્દ્રિયો, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસ, ત્રણેય બળ. (૧૦)

ચો૦—

## ૧૩-ચોથી નરકના જીવો

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

શ૦—૬૨॥ ધનુષ.

આ૦—૧૦ સાગરોપમ.

સ્વ૦—નથી.

પ્રા૦—પાંચ ઇન્દ્રિયો, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસ, ત્રણેય બળ. (૧૦)

ચો૦—

## ૧૪-પાંચમી નરકના જીવો

શ૦—૧૨૫ ધનુષ.

આ૦—૧૭ સાગરોપમ.

સ્વ૦—નથી.

પ્રા૦—પાંચ ઇન્દ્રિયો, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસ, ત્રણેય બળ. (૧૦)

ચો૦—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૫-છઠ્ઠી નરકના જીવો

શ૦—૨૫૦ ધનુષ.

આ૦—૨૨ સાગરોપમ.

સ્વ૦—નથી.

પ્રા૦—પાંચ ઇન્દ્રિયો, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસ, ત્રણેય બળ (૧૦)

યો૦—

## ૧૬-સાતમી નરકના જીવો

શ૦—૫૦૦ ધનુષ્ય.

આ૦—૩૩ સાગરોપમ.

સ્વ૦—નથી.

પ્રા૦—પાંચ ઇન્દ્રિયો, આયુષ્ય, શ્વાસોછવાસ, ત્રણેય બળ. (૧૦)

યો૦—

## ૧૭-ગર્ભજ જલચર

શ૦—એક હજાર યોજન.

આ૦—ક્રોડ પૂર્વ વર્ષ.

સ્વ૦—સાત ભવ.

પ્રા૦—પાંચ ઇન્દ્રિયો, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસ; ત્રણેય બળ. (૧૦)

યો૦—સર્વ તિર્યંચ પંચેન્દ્રિયોની મળીને ચાર લાખ.

## ૧૮-ગર્ભજ સ્થલચર

૧. ચતુષ્પદ-

શ૦—છ ગાઉ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦—ત્રણ પલ્યોપમ.

સ્વ૦—સાત-આઠ ભવ.

પ્રા૦—પાંચ ઇન્દ્રિયો, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસ, ત્રણેય બળ. (૧૦)

યો૦—સર્વ તિર્યંચ પંચેન્દ્રિયોની મળીને ચાર લાખ સમજવી.

૨. ગર્ભજ ભુજપરિસર્પ—

શ૦—બેથી નવ ગાઉ. (ગાઉ પૃથક્ત્વ)

આ૦—ક્રોડપૂર્વ વર્ષ.

સ્વ૦—સાત-આઠ ભવ.

પ્રા૦—યો૦-ઉપર પ્રમાણે.

૩. ગર્ભજ ઉરઃપરિસર્પ—

શ૦—એક હજાર યોજન.

આ૦—ક્રોડ પૂર્વ વર્ષ.

સ્વ૦—સાત ભવ.

પ્રા૦—યો૦-ઉપર પ્રમાણે.

## ૧૯-ગર્ભજ ખેચર

શ૦—બેથી નવ ધનુષ્ય. (ધનુષપૃથક્ત્વ).

આ૦—પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

સ્વ૦—સાત-આઠ ભવ.

પ્રા૦—યો૦-ઉપર પ્રમાણે.

## ૨૦-સંમૂર્ચ્છિમ જલચર

શ૦—એક હજાર યોજન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦—ક્રોડ પૂર્વ વર્ષ.

સ્વ૦—સાત-ભવ.

પ્રા૦—પાંચ ઇન્દ્રિયો, કાયબળ, વચનબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય. (૯.)

યો૦—ઉપર પ્રમાણે.

## ૨૧-સંમૂર્ચ્છિમ સ્થલચર

### ૧. ચતુષ્પદ

શ૦—બેથી નવ ગાઉ (ગાઉપૃથક્ત્વ).

આ૦—૮૪૦૦૦ વર્ષ.

સ્વ૦—પ્રા૦-યો૦-ઉપર પ્રમાણે.

### ૨. ભુજપરિસર્પ

શ૦—બેથી નવ ધનુષ (ધનુષ પૃથક્ત્વ).

આ૦—૪૨૦૦૦ વર્ષ.

સ્વ૦—પ્રા૦-યો૦-ઉપર પ્રમાણે.

## ૨૨-સંમૂર્ચ્છિમ ખેચર

શ૦—બેથી નવ ધનુષ (ધનુષ પૃથક્ત્વ).

આ૦—૭૨૦૦૦ વર્ષ.

સ્વ૦—પ્રા૦ યો૦-ઉપર પ્રમાણે.

## ૨૩-ગર્ભજ મનુષ્ય

શ૦—ત્રણ ગાઉ.

આ૦—ત્રણ પલ્યોપમ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વ૦—સાત-આઠ ભવ.

પ્રા૦—દશ.

યો૦—સર્વ મનુષ્યોની ચૌદ લાખ.

## ૨૪-સંમૂર્ચ્છિમ મનુષ્ય

શ૦—અંગુલનો અસંખ્યાતમો ભાગ.

આ૦—અંતર્મુહૂર્ત.

સ્વ૦—સાત ભવ.

પ્રા૦—મન વિના નવ.

યો૦—સર્વ મનુષ્યોની ચૌદ લાખ.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ૨૫-ભવનપતિ દેવો

શ૦—દરેકનું સાત હાથ.

આ૦—અસુરકુમાર-નિકાયના દેવોનું એક સાગરોપમથી અધિક. બાકીના નવ નિકાયના દેવોનું દેશે ઊણું બે પલ્યોપમ.

સ્વ૦—નથી.

પ્રા૦—દશ.

યો૦—સર્વ દેવોની મળીને ચાર લાખ.

## ૨૬-વ્યંતર દેવો

શ૦—સાત હાથ.

આ૦—એક પલ્યોપમ.

સ્વ૦—પ્રા૦-યો૦-ઉપર પ્રમાણે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૨૭-જ્યોતિષી દેવો

શ૦—સાત હાથ.

આ૦—ચંદ્રમાનું એક પલ્યોપમ અને એક લાખ વર્ષ.

સૂર્યનું૦—એક પલ્યોપમ અને એક હજાર વર્ષ.

ગ્રહોનું૦—એક પલ્યોપમ.

નક્ષત્રોનું૦—અર્ધ પલ્યોપમ.

તારાનું૦—૧ પલ્યોપમનો ચોથો ભાગ.

સ્વ૦—પ્રા૦-ચો૦-ઉપર પ્રમાણે.

## ૨૮-સૌધર્મ દેવલોકના દેવતા

શ૦—સાત હાથ.

આ૦—બે સાગરોપમ.

સ્વ૦—પ્રા૦-ચો૦-ઉપર પ્રમાણે.

## ૨૯-ઈશાન દેવલોકના દેવો

શ૦—સાત હાથ.

આ૦—બે સાગરોપમ.

સ્વ૦—પ્રા૦-ચો૦-ઉપર પ્રમાણે.

## ૩૦-સનત્કુમાર દેવલોકના દેવો

શ૦—છ હાથ.

આ૦—સાત સાગરોપમથી અધિક.

સ્વ૦—પ્રા૦-ચો-ઉપર પ્રમાણે.

## ૩૧-માહેન્દ્ર દેવલોકના દેવો

શ૦—છ હાથ.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦—સાત સાગરોપમથી અધિક.
સ્વ૦—પ્રા૦-યો૦ ઉપર પ્રમાણે.

## ૩૨-બ્રહ્મ દેવલોકના દેવો

શ૦—પાંચ હાથ.
આ૦—દશ સાગરોપમ.
સ્વ૦—પ્રા૦-યો૦-ઉપર પ્રમાણે

## ૩૩-લાંતક દેવલોકના દેવો

શ૦—પાંચ હાથ.
આ૦—ચૌદ સાગરોપમ.
સ્વ૦—પ્રા૦-યો૦-ઉપર પ્રમાણે.

## ૩૪-મહાશુક્ર દેવલોકના દેવો

શ૦—ચાર હાથ.
આ૦—સત્તર સાગરોપમ.
સ્વ૦—પ્રા૦-યો૦-ઉપર પ્રમાણે.

## ૩૫-સહસ્રાર દેવલોકના દેવો

શ૦—ચાર હાથ.
આ૦—અઢાર સાગરોપમ.
સ્વ૦—પ્રા૦-યો૦-ઉપર પ્રમાણે.

## ૩૬-આનત દેવલોકના દેવો

શ૦—ત્રણ હાથ.
આ૦—ઓગણીશ સાગરોપમ.
સ્વ૦—પ્રા૦-યો૦-ઉપર પ્રમાણે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૩૭–પ્રાણત દેવલોકના દેવો

શ૦—ત્રણ હાથ.
આ૦—વીશ સાગરોપમ.
સ્વ૦—પ્રા૦–ચો૦–ઉપર પ્રમાણે.

## ૩૮–આરણ દેવલોકના દેવો

શ૦—ત્રણ હાથ.
આ૦—એક વીશ સાગરોપમ.
સ્વ૦—પ્રા૦–ચો૦–ઉપર પ્રમાણે.

## ૩૯–અચ્યુત દેવલોકના દેવો

શ૦—ત્રણ હાથ.
આ૦—બાવીશ સાગરોપમ.
સ્વ૦—પ્રા૦–ચો૦–ઉપર પ્રમાણે.

## ૪૦–નવ ગ્રૈવેયકના દેવો

શ૦—બે હાથ.
આ૦—નીચે પ્રમાણે.

| | | | |
|---|---|---|---|
| પહેલા | ગ્રૈવેયકે | ૨૩ | સાગરોપમ. |
| બીજા | ,, | ૨૪ | ,, |
| ત્રીજા | ,, | ૨૫ | ,, |
| ચોથા | ,, | ૨૬ | ,, |
| પાંચમા | ,, | ૨૭ | ,, |
| છઠ્ઠા | ,, | ૨૮ | ,, |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| સાતમા ગ્રૈવેયકે | ૨૯ | સાગરોપમ |
| આઠમા ,, | ૩૦ | ,, |
| નવમા ,, | ૩૧ | ,, |

### ૪૧-પાંચ અનુત્તર વિમાનના દેવો

શ૦—એક હાથ.

આ૦—વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત એ ચાર વિમાનના દેવતાઓનું ૩૧ થી ૩૩ સાગરોપમ.
સર્વાર્થસિદ્ધિ વિમાને ૩૩ સાગરોપમ.

સ્વ૦—પ્રા૦—યો૦—ઉપર પ્રમાણે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ६ ]

## શરીરની ઊંચાઇનો ક્રમ

૧—અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી ઊંચાઇ.

સૂક્ષ્મ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય.

સાધારણ વનસ્પતિકાય.

સંમૂર્ચ્છિમ મનુષ્ય.

૨—એક હાથની ઊંચાઇ.

પાંચ અનુત્તર દેવો.

૩—બે હાથની ઊંચાઇ.

નવ ગ્રૈવેયક દેવો.

૪—ત્રણ હાથની ઊંચાઇ.

આઠમાથી બારમા દેવલોક સુધીના દેવો.

૫—ચાર હાથની ઊંચાઇ.

મહાશુક્ર તથા સહસ્રારના દેવો.

૬—પાંચ હાથની ઊંચાઇ.

બ્રહ્મલોક તથા લાંતક દેવલોકના દેવો.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રીજા કિલ્બિષકના દેવો.

૭--છ હાથની ઊંચાઈ.

સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોકના દેવો.

બીજા કિલ્બિષકના દેવો.

૮—સાત હાથની ઊંચાઈ.

દશ ભવનપતિ દેવો.

આઠ વ્યંતર દેવો.

આઠ વાણવ્યંતર દેવો.

દશ તિર્યંગ્જૃંભક દેવો.

પાંચ ચર જ્યોતિષ્ક દેવો.

પાંચ સ્થિર જ્યોતિષ્ક દેવો.

સૌધર્મ દેવલોકના દેવો.

ઈશાન દેવલોકના દેવો.

પહેલા કિલ્બિષકના દેવો.

૯—ધનુષ પૃથક્ત્વ (બેથી નવ ધનુષ)

ગર્ભજ અને સંમૂર્ચ્છિમ ખેચર.

સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ.

૧૦—નારકોની ઊંચાઈ.

પહેલી નરક ૭॥ ધ. ૬. અં.

બીજી નરક ૧૫॥ ધ. ૧૨ અં.

ત્રીજી નરક ૩૧। ધ.

ચોથી નરક ૬૨॥ ધ.

પાંચમી નારક ૧૨૫ ધ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છઠ્ઠી નરક ૨૫૦ ધ.

સાતમી નરક ૫૦૦ ધ.

૧૧—ત્રણ ગાઉ ઊંચાઈ.

તેઇન્દ્રિય.

ગર્ભજ મનુષ્ય.

૧૨—છ ગાઉ ઊંચાઈ.

ગર્ભજ ચતુષ્પદ.

૧૩—ગાઉ પૃથક્ત્વ (બેથી નવ ગાઉ).

ગર્ભજ ભુજપરિસર્પ.

સંમૂર્ચ્છિમ ચતુષ્પદ.

૧૪—એક યોજન ઊંચાઈ.

ચઉરિન્દ્રિય.

૧૫—બાર યોજન ઊંચાઈ.

બેઇન્દ્રિય.

૧૬—યોજન પૃથક્ત્વ.

સંમૂર્ચ્છિમ ઉરઃપરિસર્પ.

૧૭—એક હજાર યોજન ઊંચાઈ.

ગર્ભજ અને સંમૂર્ચ્છિમ જલચર.

ગર્ભજ ઉરઃપરિસર્પ.

૧૮—એક હજાર યોજનથી અધિક ઊંચાઈ.

બાદર પ્રત્યેક વનસ્પતિકાય

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ૭ ]

## આયુષ્યનો ક્રમ

૧—અંતમુર્હૂર્ત.

સૂક્ષ્મ પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય અને વાયુકાય.

સૂક્ષ્મ અને બાદર સાધારણ વનસ્પતિકાય.

૨—ત્રણ અહોરાત્રિ.

તેજસ્કાય.

૩—ઓગણપચાસ દિવસ.

તેઈન્દ્રિય.

૪—છ માસ.

ચતુરિન્દ્રિય.

૫—બાર વર્ષ.

બેઈન્દ્રિય.

૬—ત્રણ હજાર વર્ષ.

બાદર વાયુકાય.

૭—સાત હજાર વર્ષ.

બાદર અપ્કાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૮—દશ હજાર વર્ષ.

બાદર પ્રત્યેક વનસ્પતિકાય.

જઘન્ય આયુષ્યવાળા દેવતા અને નારકી.

૯—બાવીશ હજાર વર્ષ.

બાદર પૃથ્વીકાય.

૧૦—બેંતાલીશ હજાર વર્ષ.

સંમૂર્ચ્છિમ ભૂજપરિસર્પ.

૧૧—ત્રેપન હજાર વર્ષ.

સંમૂર્ચ્છિમ ઉરઃપરિસર્પ.

૧૨—બહોંતેર હજાર વર્ષ.

સંમૂર્ચ્છિમ ખેચર.

૧૩—ચોરાશી હજાર વર્ષ.

સંમૂર્ચ્છિમ ચતુષ્પદ.

૧૪—ક્રોડ પૂર્વ વર્ષ.

સંમૂર્ચ્છિમ અને ગર્ભજ જલચર.

ગર્ભજ ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પ.

૧૫—પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.

ગર્ભજ ખેચર (પક્ષીઓ).

૧૬—ત્રણ પલ્યોપમ.

ગર્ભજ મનુષ્ય.

ગર્ભજ ચતુષ્પદ.

૧૭—તેત્રીશ સાગરોપમ.

નારક અને દેવતાઓ.

જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ૮ ]

## સ્વકાયસ્થિતિ

**૧—સ્વકાયસ્થિતિરહિત.**

નારક અને દેવો.

**૨—સાત-આઠ ભવ.**

પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો.

**૩—સંખ્યાત વર્ષ.**

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય.

**૪—અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી.**

પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને પ્રત્યેક વનસ્પતિકાય.

**૫—અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી.**

સાધારણ વનસ્પતિકાય.

*

[ ૯ ]

## પ્રાણોની સંખ્યા

**૧—ચાર પ્રાણ.**

પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨—છ પ્રાણ.
બેઇન્દ્રિય.

૩—સાત પ્રાણ.
તેઇન્દ્રિય.

૪—આઠ પ્રાણ.
ચઉરિન્દ્રિય.

૫—નવ પ્રાણ.
સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો.

૬—દશ પ્રાણ.
ગર્ભજ તિર્યંચ, મનુષ્યો, નારક અને દેવો.

[૧૦]

## યોનિઓનું પ્રમાણ

૧—બે લાખ.
બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય.

૨—ચાર લાખ.
પંચેન્દ્રિય તિર્યંચ, નારક અને દેવતા :

૩—સાત લાખ.
પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય.

૪—દશ લાખ.
પ્રત્યેક વનસ્પતિકાય.

૫—ચૌદ લાખ.
સાધારણ વનસ્પતિકાય.
મનુષ્યો.



જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ ૧૧ ]

## આધારભૂત સાહિત્યની યાદી


**અભક્ષ્ય અનંતકાય વિચાર.**

લે. પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ.

પ્ર. શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણા.

**અભિધાન-ચિન્તામણિનામમાલા.**

ર. શ્રી હેમચંદ્રાચાર્ય.

પ્ર. શ્રી યશોવિજય જૈન ગ્રંથમાલા, ભાવનગર.

**અર્ધમાગધી કોષ.**

સં. મુનિશ્રી રત્નચંદ્રજી.

પ્ર. સ્થા. જૈન કોન્ફરન્સ, મુંબઈ.

**આર્યભિષક્** (આવૃત્તિ નવમી)

પ્ર. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ.

**આર્હતદર્શનદીપિકા.**

ર. ઉ. શ્રી મંગલવિજયજી મહારાજ.

વિ. પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ.

પ્ર. શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, ભાવનગર.



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આવશ્યકવૃત્તિ.**

ર. શ્રી હરિભદ્રસૂરિ.

**ઉત્તરાધ્યયનસૂત્ર બૃહદ્‌વૃત્તિ.**

ર. શ્રી શાન્ત્યાચાર્ય.

પ્ર. શ્રી દે. લા. જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા, સુરત.

**ઐતિહાસિક લેખસંગ્રહ.**

લે. પં. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી.

પ્ર. પ્રાચ્યવિદ્યામન્દિર, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.

**ગ્રહ અને રત્નો.**

લે. જ્યોતિષાચાર્ય દત્તાત્રેય ગણેશ ટિકલે.

પ્ર. ધી સંદેશ લીમીટેડ, અમદાવાદ.

**ચેઇયવંદણમહાભાસ.**

પ્ર. શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

**જિનરત્નકોષ—ભાગ પહેલો.**

સં. હરિ દામોદર વેલણકર એમ. એ.

પ્ર. ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, પૂના.

**જીવવિચાર અર્થસહિત.** (આવૃત્તિ સાતમી).

પ્ર. શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા.

**जीव-विचार-प्रकरण (हिंदी)**

સં. પં. હીરાલાલ દુગડ, જૈન સ્નાતક.

પ્ર. શ્રી જૈન માર્ગ પ્રભાવક સભા, મદ્રાસ.

જૈન સાઈટ JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**जीव-विचार-प्रकरणम्. (संस्कृत)**

પાઠક રત્નાકરરચિત ટીકાસમેત.

પ્ર. શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા, મહેસાણા.

**જીવ-વિચાર-પ્રકરણ. (અંગ્રેજી)**

સં. મુનિશ્રી રત્નપ્રભવિજયજી.

પ્ર. જૈન સિદ્ધાન્ત સોસાયટી, અમદાવાદ.

**જીવ-વિચાર-વૃત્તિ.**

વૃત્તિકાર-ઉ. શ્રી ક્ષમાકલ્યાણકજી.

પ્ર. શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

**જીવ-વિચાર-પ્રવેશિકા.**

લે. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ,

પ્ર. જ્યોતિ કાર્યાલય, અમદાવાદ.

**જીવ-સમાસ-પ્રકરણ (સંસ્કૃત)**

શ્રી મલધારગચ્છીય હેમચંદ્રસૂરિ નિર્મિત-વૃત્તિયુત.

પ્ર. શ્રી આગમોદય સમિતિ, મુંબઈ.

**જીવાજીવાભિગમસૂત્ર.**

વિવરણ-શ્રી મલયગિરિજી મહારાજ.

પ્ર. દે. લા. જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા, સુરત.

**જૈન ગ્રંથાવલી.**

પ્ર. શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, મુંબઈ.

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન દર્શન ઔર આધુનિક વિજ્ઞાન.
લે. મુનિશ્રી નગરાજજી.
પ્ર. આત્મારામ એન્ડ સન્સ, દિલ્હી.

જૈન પરંપરાનો ઇતિહાસ.
લે. ત્રિપુટી મહારાજ.
પ્ર. શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા, અમદાવાદ.

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ.
લે. શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ.
પ્ર. શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, મુંબઈ.

જૈનાગમશબ્દસંગ્રહ.
સં. મુનિશ્રી રત્નચંદ્રજી.
પ્ર. સંઘવી ગુલાબચંદ જશરાજ, વઢવાણ શહેર.

તત્ત્વાર્થસૂત્ર.
ર. શ્રી ઉમાસ્વાતિ મહારાજ.
વિ. પં. સુખલાલજી.
પ્ર. શ્રી આત્માનંદ જન્મશતાબ્દીસ્મારક
બોર્ડ, મુંબઈ.

દક્ષિણમાં દિવ્ય પ્રકાશ
લે. પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.
પ્ર. શ્રી આત્મ-કમલ-લબ્ધિ-જૈન ગ્રંથમાલા,
મુંબઈ.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દ્રવ્યગુણપર્યાયના રાસ પર વિવેચન**
લે. આ. શ્રી વિજયધર્મધુરન્ધરસૂરિ.
પ્ર. જૈન સાહિત્યવર્ધક સભા, અમદાવાદ.

**નારકી ચિત્રાવલી**
સંયોજક—મુનિશ્રી જિનેન્દ્રવિજયજી.
પ્ર. શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા,
લાખાબાવળ (સૌરાષ્ટ્ર).

**પાઇઅ-સદ્દ-મહણ્ણવો** (પ્રાકૃત શબ્દકોષ)
સં. પં. હરગોવિંદદાસ ત્રિકમચંદ.
પ્ર. ,, ,, કલકત્તા.

**પ્રજ્ઞાપનાસૂત્ર**-ભાગ પહેલો, બીજો, ત્રીજો.
ર. આર્ય શ્યામાચાર્ય.
અનુ. પ્ર. પં. શ્રી ભગવાનદાસ હરખચંદ,
અમદાવાદ.

**બટાકા અને તેનું વિજ્ઞાન**
લે. પ્ર. ડૉ. અમીચંદ છગનલાલ શાહ, સુરત.

**બૃહત્ હિન્દી કોષ**
જ્ઞાનમંડળ લી૦, વારાણસી.

**ભગવતીસૂત્ર**-ભાગ પહેલો, બીજો.
પ્ર. મનસુખલાલ રવજીભાઈ મહેતા, મુંબઈ.

**ભગવતીસૂત્ર**-ભાગ ત્રીજો, ચોથો.
પ્ર. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજપ્રશ્નીય સૂત્ર
વૃ. શ્રી મલયગિરિ મહારાજ.
પ્ર. શ્રી આગમોદય સમિતિ, મુંબઈ.

લઘુપ્રકરણસંગ્રહ
પ્ર. શ્રાવક ભીમશી માણેક, મુંબઈ.

લોકપ્રકાશ
ર. ઉ. શ્રી વિનયવિજયજી મહારાજ.
પ્ર. હીરાલાલ હંસરાજ, જામનગર.

વિશેષાવશ્યક ભાષ્ય–ભાગ પહેલો, બીજો. (ગુ. અનુવાદ)
ર. શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ.
વૃ. શ્રી મલધારી હેમચંદ્રાચાર્ય.
પ્ર. શ્રી આગમોદય સમિતિ, સુરત.

વિશ્વરચનાપ્રબંધ
લે. મુનિશ્રી દર્શનવિજયજી.
પ્ર. મે. એ. એમ. એન્ડ કું, પાલીતાણા.

શબ્દસ્તોમમહાનિધિ (સંસ્કૃત કોષ).
સં. પં. તારાનાથ ભટ્ટાચાર્ય.
પ્ર. પં. આશુબોધ વિદ્યાભૂષણ તથા પં. શ્રી નિત્યબોધ વિદ્યારત્ન, કલકત્તા.

શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રવૃત્તિ
ર. રત્નશેખરસૂરિ.
પ્ર. શ્રી દે. લા. જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા, સુરત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃષ્ઠસંખ્યા ૪૫૬ + ૨૪ = ૪૮૦

---

**શ્રી તપાગચ્છ પટ્ટાવલી**

ર. શ્રી ધર્મસાગરગણિ.

સં. વિ. શ્રી કલ્યાણવિજયજી મહારાજ.

પ્ર. શ્રી વિજયનીતિસૂરીશ્વરજી જૈન લાયબ્રેરી,

અમદાવાદ.

ઉપરાંત

અનેક માસિકો, વર્તમાનપત્રના હેવાલો તથા

પ્રકીર્ણ નોંધો.

जैन साईट JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

—શિક્ષકોએ વિદ્યાર્થીઓને જીવ વિચાર – પ્રકરણનો અભ્યાસ કરાવતાં પહેલાં આ ગ્રંથ ધ્યાનથી વાંચી જવાની જરૂર છે અને ખુદ વિદ્યાર્થીઓએ પણ તેનું પુનઃ પુનઃ વાંચન – મનન કરવા જેવું છે. સંઘો, સંસ્થાઓ તથા પુણ્યશાળી આત્માઓએ આવા સાહિત્યનો પ્રચાર કરવા માટે કટિબદ્ધ થવું જોઈએ.

પ. પૂ. આ. શ્રી વિજયકીર્તિચંદ્ર
સૂરીશ્વરજી મહારાજ

જૈન साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંત્રમનીષી શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ શાહનું રચેલું

# મનનીય સાહિત્ય

| | |
|---|---|
| નમસ્કારમંત્રસિદ્ધિ ( ત્રીજી આવૃત્તિ ) | ૮–૦૦ |
| મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર | ૭–૫૦ |
| હ્રીઁકારકલ્પતરુ | ૭–૫૦ |
| ભક્તામર–રહસ્ય | ૧૦–૦૦ |
| શ્રી ઋષિમંડલ–આરાધના | ૮–૫૦ |
| મંત્રવિજ્ઞાન | ૭–૫૦ |
| મંત્રચિંતામણિ | ૭–૫૦ |
| મંત્રદિવાકર | ૭–૫૦ |
| ગણિત–ચમત્કાર | ૫–૦૦ |
| ગણિત–રહસ્ય | ૫–૦૦ |
| ગણિત–સિદ્ધિ | ૫–૦૦ |
| સંકલ્પસિદ્ધિ યાને ઉન્નતિ સાધવાની અદ્ભુત કલા | ૫-૦૦ |
| સ્મરણકલા | ૫–૦૦ |
| જૈન ચરિત્રમાળા ( ૨૦ પુસ્તકોનો સેટ ) | ૫–૦૦ |
| જીવવિચારપ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન (બી. આ.) | ૮–૦૦ |
| નવતત્ત્વદીપિકા યાને જૈન ધર્મનું અદ્ભુત તત્ત્વજ્ઞાન (બી. આ.) | ૮–૦૦ |

પ્રાપ્તિસ્થાન :

**પ્રજ્ઞા પ્રકાશન મંદિર**
લધાભાઈ ગણપત બોલ્ડીંગ,
ચીંચબંદર, મુંબઈ–૯

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com